રોબિન શર્મા

LEADERSHIP WISDOM

NOW IN GUJARATI

નેતૃત્વનું શાણપણ

સંન્યાસી જેમણે પોતાની સંપત્તિ વેંચી નાખી માંથી

"રોબિન શર્માના પુસ્તકો સમગ્ર દુનિયાના લોકોને મહાન જીવન જીવવામાં મદદ કરે છે."
પાઉલો કોએલ્હો, ધ અલકેમિસ્ટના લેખક



Robin Sharma's books have sold 6 million copies worldwide

6 MILLION COPIES SOLD WORLDWIDE

JAICO

VISIT…

નેતૃત્વનું શાણપણ

સંન્યાસી જેમણે પોતાની સંપત્તિ વેંચી નાખી માંથી

LEADERSHIP WISDOM

NOW IN
GUJARATI

રોબિન શર્મા

જયકો પબ્લિશિંગ હાઉસ

અમદાવાદ બેંગલોર ભોપાલ ભુબનેસ્વર ચેન્નાઇ
દિલ્હી હૈદ્રાબાદ કલકત્તા લખનૌ મુંબઇ

પ્રકાશક
જયકો પબ્લિશિંગ હાઉસ
એ-2, જશ ચેંબર્સ, 7-એ સર ફિરોઝશાહ મહેતા રોડ
ફોર્ટ, મુંબઇ - 400 001
jaicopub@jaicobooks.com
www.jaicobooks.com

© રોબિન શર્મા

હાર્પર કોલિન્સ પબ્લિશર્સ લિમિટેડ
ટોરંટો, કેનેડાના સહયોગથી

LEADERSHIP WISDOM FROM
THE MONK WHO SOLD HIS FERRARI
નેતૃત્વનું શાણપણ
ISBN 978-81-8495-171-4

અનુવાદ: પ્રો. ચેતના હ. શુકલ

પ્રથમ જયકો સંસ્કરણ: 2011
ચોથી જયકો આવૃત્તિ: 2014

પ્રકાશકની લેખિત અનુમતિ વિના આ પુસ્તકના કોઇ પણ
ભાગનો કોઇ પણ પ્રકારે ઉપયોગ કરી નહિ શકાય.
નહિ કૉપી કરી શકાય, ન રેકોર્ડીંગ, ન કમ્પ્યૂટર કે અન્ય કોઇ
માધ્યમ દ્વારા સ્ટોર કરી શકાય.

રોબિન શર્માની વિશ્વના ‘‘નેતૃત્વના અગ્રગણ્ય વિશેષજ્ઞ’ તરીકે ગણના થાય છે. તેઓ સંસ્થાઓ અને નીરસ લોકોને આ પરિવર્તનના સમયમાં ટકાવી રાખવાના કાર્યમાં જોડાયેલા છે. તેમના અસીલોમાં માઇક્રોસોફ્ટ, જીઇ, ફેડેક્સ, આઇબીએમ, નાઇકી, નાસા, યેલ યુનીવર્સીટી અને ધ યંગ પ્રેસિડેન્ટ સંસ્થાનો સમાવેશ થાય છે. શર્માના ‘‘સન્યાસી જેમણે પોતાની સંપતિ વેચી નાખી’ અને ‘‘ધ ગ્રેટનેસ ગાઇડ’ જેવા પુસ્તકો વિશ્વમાં ઉચ્ચ વેચાણની યાદીમાં શિખરે છે અને લાખો પુસ્તકો ૭૦ કરતા વધારે ભાષામાં વેચાયા છે. તેઓ રોક સ્ટારો, નામાંકીત અને કીર્તિવંત સી.ઇ.ઓની પ્રશંસા પામ્યા છે. શર્મા અમેરિકાના વરિષ્ઠોને સફળતાપૂર્વક આધુનિક જીવનશૈલી જીવવા માટેની માહિતીનું નવીન ઓનલાઇન સ્ત્રોત પૂરું પાડતી સાઇટ 960vets.com ના સહસંસ્થાપક પણ છે.

આ વર્ષનું સૌથી સારું ધંધાકિય પુસ્તક છે.

- પ્રોફીટ મેગેઝીન

દરેકે દરેક વ્યક્તિના જીવનને ઉન્નત અને સમૃદ્ધ બનાવનાર ડહાપણનો ખજાનો...

- બ્રાયન ટ્રેસી, મેક્ષીમમ અચીવમેન્ટના લેખક

બુદ્ધિ સુન્ન કરી નાખે તેનાથી કંઇ ઓછું નહી.

- માર્ક વિક્ટર હેનસન, ચીકન સુપ ફોર ધ સૉલ ના સહ-લેખક

સંન્યાસી, જેમણે પોતાની સંપત્તિ વેચી નાખીની આતુરતાપૂર્વક રાહ જોવા સમાંતર પુસ્તક જે દેશમાં ધૂમ વેચાય છે. જેઓ નેતૃત્વના ગુરુ અને વ્યવસાયિક વક્તા છે. રોબિન શર્મા એક એક ધ્યાન દોરે એવી પદ્ધતિથી શ્રધ્ધા ઉત્પન્ન કરે છે. ધ્યેય પ્રત્યે વફાદારી અને આત્મશકિત તમારામાં જ્યારે તમે તમારું વ્યવસ્થાપન અને જીવન બદલવા માંગતા હોવ ત્યારે ઉત્પન્ન કરે છે, જેની સાથે તમે આંતરદષ્ટિ કેળવો છો અને ઉત્તમ સાદાઇ મેળવો છો. આ ઉલટ-પુલટ દુનિયામાં લેખક અમર્યાદિત ડહાપણ દીર્ઘદષ્ટિવાળા નેતાઓ માટે નિસ્યંદિત કરે છે. તેમના સતત અપાતા પ્રયોગાત્મક પાઠો નેતાઓ, સંચાલકો અને વ્યાપારીઓની તરત જ કામ પ્રત્યે સજાગતા, વધારે વફાદારી અને વધતી જતી ઉત્પાદન શકિત આપે છે, જ્યારે વધારે સંતોષકારક વ્યક્તિગત જીવન પણ બક્ષે છે. આ મહાનિબંધ વાંચવામાં સરળ છે અને નેતૃત્વનું શાણપણ એ પુસ્તક તમને ઊંડે ઊંડેથી હચમચાવે છે. જે તમને એવા નેતા બનાવવા પ્રોત્સાહિત કરે છે જે બીજાની જિંદગીને સ્પર્શી શકે અને જીવનના ખરાં મૂલ્યો દુનિયામાં વધારી શકે અને પાછળ અનુવાંશિકતામાં કાયમ માટે છોડી શકે.

રોબિન શર્મા માટે વધારે જાણવું હોય તો મળો www.robinsharma.com

રોબિન શર્મા આખી દુનિયામાં પ્રખ્યાત લેખક છે. જેમણે નેતૃત્વ અને વ્યક્તિગત વિકાસ ઉપર ૧૦ સૌથી વધારે વેચાણ ધરાવતાં પુસ્તકો લખ્યાં છે. તેમના લેખો ૫૦ કરતાં વધારે દેશોમાં છપાયા છે અને લગભગ ૭૦ ભાષામાં ઉપલબ્ધ છે. જેથી કરીને તે દુનિયાના એક સૌથી વધારે વંચાયા હોય તેવા લેખક બને છે. તેઓ સંન્યાસી, જેણે તેની સંપત્તિ વેચી નાખી માટે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામ્યા છે અને લાખો પુસ્તકો વેચાયાં છે. રોબિન શર્મા ઇન્ટરનેશનલ લીડરશીપના પ્રણેતા છે. તેઓ વિશ્રવ કક્ષાના સલાહકાર છે, જેઓ વ્યવસ્થાપનોને દોરવામાં મદદ કરે છે. તેમના ગ્રાહકોમાં માઇક્રોસોફ્ટ, નાઇકી, જીઇ, ફેડએકસ, નાસા અને બીપી

વગેરે. રોબિનની વેબસાઇટ robinsharma.com , Blog, વિડિયો શિક્ષણ અને podcasts.

બુક & મેગેઝિન શ્રેષ્ઠ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, પુસ્તકો વાંચવા માટે એક માત્ર વૉટ્સએપ ગ્રુપ

Only Book & Magazine

આ ગ્રુપ માં જોડાવવા માટે જય હિન્દ લખી ને મેસેજ કરો

વૉટ્સએપ : 9687042373

સંન્યાસી જેમણે પોતાની સંપત્તિ વેચી નાખી માટે પ્રશંસા

“જકડી રાખનારી વાર્તા જે આનંદ સાથે શિક્ષણ આપે છે.” પાઉલો કૉલ્હો, “ધ અલકેમીસ્ટ’ ના લેખક.

“લોકોમાં ઉત્સાહ જગાડનાર આ પુસ્તક તમારા જીવનને આશીર્વાદથી ભરી દેશે.” માર્ક વિક્ટર હેન્સેન “ચીકન સુપ ફોર ધ સૉલ’ ના સહ લેખક.

“રોબિન શર્માએ એક મંત્રમુગ્ધ વાર્તા સર્જી છે. જે પારંપરિક પધ્ધતિઓ ને સાદી જીવનની ફિલસૂફીમાં બદલી નાખે છે. રસપ્રદ પુસ્તક જે તમારા જીવનને બદલી નાંખશે.’ એલેઇન સેંન્ટ જેમ્સ, “સીમ્પલીફાય યૉર લાઇફ એન્ડ ઇનર સીમ્પલીસીટી’ ના લેખક.

“વ્યક્તિગત વિકાસ, વ્યક્તિગત અસરકારકતા અને નિજી આનંદ માટેનું આ મજાનું, મનોગમ્ય અને વિશિષ્ટ સાહસ પૂરનારું સાધન છે. જે ડહાપણના ખજાનાથી ભરેલો છે. તેથી દરેકે દરેક વ્યક્તિનું જીવન વિકસિત અને વ્યાપક બને છે.” બ્રાયન ટ્રેસી, “મેક્સીમમ અચિવમેન્ટ’ ના લેખિકા.

“રોબિન શર્મા પાસે આપણા બધાં માટે એક મહત્વનો સંદેશ છે. જે આપણું જીવન બદલી શકે છે. વ્યસ્તતાના આ યુગમાં તેમણે વ્યક્તિગત સંતોષ માટેની આ એક વિશિષ્ટ પ્રકારની પુસ્તિકા લખી છે.” સ્કોટ ડી’જરમો, “સક્સેસ મેગેઝીન’ ના ભૂતપૂર્વ પ્રકાશક.

“જીવનના અગત્યના પ્રશ્નો ઉપર પ્રકાશ પાડનાર...” ધી એડમોન્ટન જર્નલ.

” સંન્યાસી જેમણે પોતાની સંપત્તિ વેચી નાખી’ એ સાંપ્રત કાળનું ઉપયોગી અને ચોક્કસપણે વાંચવા યોગ્ય છે. ... એ વાંચકોને આજની દોડ સાથે દોડતાં શીખવે છે.” ધ કિંગસ્ટન વ્હીગ- સ્ટાન્ડર્ડ.

“અદ્‌ભુત પુસ્તક. રોબિન શર્મા, ઑગ મેન્ડિનો પછી આવે.” ડોટી વૉલ્ટર્સ, “સ્પીક એન્ડ ગ્રો રીચ’ ના લેખિકા.

“સાદું ડહાપણ જેથી કોઇને પણ ફાયદો થાય.” ધ કેલેગરી હેરોલ્ડ.

“આ પુસ્તકને વ્યક્તિગત વિકાસના સંપત્તિવાળા વાળંદની કક્ષામાં મૂકી શકાય. (જેમાં) ચાવીરૂપ તત્વો પર કોઠાસૂજવાળા સંદેશાઓ છે જે તમારી રોજીંદી જીંદગીને મહદ્‌ અંશે સમતોલ, કાબૂમાં રાખે અને અસરકારક બનાવવામાં મદદ કરે છે.” ઇન્વેસ્ટમેન્ટ એક્ઝીકયુટીવ.

“ખજાનો... જે સફળતા અને આનંદનું સન્માનનીય અને શક્તિશાળી સૂત્ર છે. રોબિન શર્માએ યુગોનું ડહાપણ મેળવ્યું છે, અને તેને આ ઝંઝાવતી સમયને

અનુરૂપ બનાવ્યું છે. હું એને નીચે મૂકી શકું જ નહી.'' જો ટાઇ ''નેવર ફીયર, નેવર ક્વીટ' ના લેખક.

''પોતાની આંતરિક શક્તિઓ ઓળખવાના સાદા નિયમો.....'' ધ હેલીફેક્સ ડેઇલી ન્યુઝ.

''અદ્‌ભુત વાર્તા જે તમારા જીવનને સમૃધ્ધ બનાવવાના પાઠો શીખવે છે.'' કેન વેગોત્સકી ''આ અલ્ટીમેટ પાવર' ના લેખક.

''કલાત્મક રીતે ગૂંથેલું રૂપક કે જે કોઇની પણ જીંદગીની ગુણવત્તા સુધારવાના આશ્ચર્યજનક પણ ગહન અને છતાં સાદા વિચારો આપે છે. હું મારા બધા ગ્રાહકોને આ પુસ્તક વાંચવા માટે આગ્રહ કરું છું.'' જ્યોર્જ વિલિયમ્સમ, પ્રમુખ, કરાટ કન્સલ્ટીગ ઇન્ટરનેશનલ્સ.

''ફિલસૂફીના મહાન રસ્તા પર વ્યક્તિગત સંતોષ રોબિન શર્મા પૂરો પાડે છે.'' ધ ઓટાવા સીટીઝન.

''રોબિન ભૂત અને વર્તમાનને વાચકનો મિત્ર બનીને સંયોજીત કરે છે. તમે જાતે કરોની પુસ્તિકા તમારા વ્યક્તિગત વિજયોને વધારવાની પગથિયાં પધ્ધતિ બનાવે છે. સફળતાનું રહસ્ય શારીરિક તંદુરસ્તી અને માનસિક સંતુલન છે. રોબિન શર્માનો સંદેશો લેઝરના કિરણો જેટલો શક્તિશાળી છે. તેના શબ્દો ચમત્કારિક છે.'' ધ હિન્દુ.

''તેની સંદેશો કહેવાની વિશિષ્ટ આદત રોબિન શર્માને ધંધામાં અને જીવનમાં નેતૃત્વની દુનિયાનો મહાન અને સફળ અગ્રિમ વિચારક બનાવે છે.'' ધ ટાઇમ્સ ઑફ ઇન્ડિયા.

''દરેક નેતા છે... કામ ઉપર નવું નેતૃત્વ દર્શાવતાં તમને વધારે સન્માન મળે છે અને વધારે સકારાત્મક અનુભવ પણ. રોબિન જીવનના દરેક મહત્વના ક્ષેત્રનું સંતુલન કરવામાં માને છે. તેનાં પુસ્તકો જાણીતા ખેલાડીઓ અને હોલીવુડની પ્રખ્યાત હસ્તીઓને ગમે છે.'' ધ ઇકોનોમીક્સ ટાઇમ્સ.

''તેની શિબિરોમાં ઘણા પ્રકારના લોકો જાય છે. એમડી, ફિલ્મસ્ટાર્સ, ડાયરેક્ટર્સ અને કારભારીઓ સુધ્ધાં. દિપક ચોપરા વધારે તત્વજ્ઞાન લખે છે જ્યારે રોબિન વધારે વાસ્તવિક અને ફિલસૂફીને સરળ બનાવવાનો પ્રયત્ન કરે છે.'' ધ ઇન્ડિયન એક્સપ્રેસ.

''રોબિન શર્મા આંતરરાષ્ટ્રિય સૌથી વધારે વેચાણ ધરાવતો લેખક છે. જે વૈચારિક જુસ્સો આપે છે.'' સીટી ઇન્ડિયન એક્સપ્રેસ.

“આનંદ આપે તેવું વ્યક્તિત્વ, હસતો ચહેરો અને વ્યક્તિગત સંબંધો સ્થાપવાની આવડત હોવાથી રોબિન ટ્રેનીગ ગુરુ તરીકે વધારાના સન્માન સાથે પ્રખ્યાત થાય તે અઘરું નહોતું.’’ ધ ફ્રી પ્રેસ જર્નલ.

“આ પુસ્તક સાદું છે પણ એક સફળ વકીલના જીવનના વધારાના સંતોષ માટેની પ્રોત્સાહિત કરે તેવી વાર્તા છે. અહી મહાન અર્થ, આનંદ અને સંતોષ માટેની વધારાની તૃષા છે.’’ ડીએનએ

“રોબિન તેનાં બધાં પુસ્તકો કહે છે તે જ પ્રકારની સકારાત્મક ઉર્જાથી પ્રકાશિત છે. અને તેને ધંધાકીય અને સ્વ માટેની મદદ કરવાનો શોખ છે. રોબિન હકીકતમાં માને છે કે તેનાં અનુભવોએ ઘણાં લોકોને મદદ કરી છે... ખાસ કરીને જ્યારે તે વ્યવસાયિક પ્રવચનો આપે છે.’’ ધ એશીયન એજ.

“રોબિનને મળ્યા પછી આ માણસ પ્રમાણિક છે તેવી સહજ લાગણી થયા વગર રહેતી નથી.’’ ડેક્કન હેરાલ્ડ.

“રોબિન શર્મા એક પ્રખ્યાત સ્વ-મદદ માટેનો ગુરુ છે. ભૂતપૂર્વ ઇઝરાયેલી વડાપ્રધાન અને નોબેલ ઇનામ જીતનાર, સિમોન પેરસ, માઇકલ ગોહ, રીકી માર્ટીન વગેરેએ એના પુસ્તકને ગળે વળગાડયું છે.’’ વિજય ટાઇમ્સ.

“શર્મા વાંચકોને આંતર-પ્રકાશ તરફ દોરે છે.’’ ધ ક્રોનિકલ હેરાલ્ડ.

“પ્રોત્સાહન આપનારા વક્તાઓમાં તે અગત્યનું નામ છે. પણ તેને ગુરુ કહી શકાય નહી. આ જ અર્થઘટન કરી શકાય કારણ તેની દીર્ઘદષ્ટિ અને આવડતથી ભારતીય નેતાઓમાં એનું વ્યવસાયિક દુનિયામાં ટોચનું નામ છે. કારણ તે વિશ્વકક્ષાના વ્યવસ્થાપનનું યોગ્ય સન્માન શીખવે છે.’’ ધ ન્યુ ઇન્ડીયન એક્સપ્રેસ.

“સંન્યાસી જેમણે પોતાની સંપત્તિ વેચી નાખી’ ના નેતૃત્વનું શાણપણ માટે પ્રશંસા

“વર્ષનાં ઉત્તમ ધંધાકીય પુસ્તકોમાંનું એક’’ પ્રોફીટ મેગેઝીન.

“.... માહિતીથી ભરપૂર, વાંચવામાં સરળ અને ઉત્તમ મદદનીશ... અમે આ પુસ્તક અમારા બધા સંચાલકોને અને કોઠારો સંભાળનારાઓને વહેચ્યું છે. તેનો પ્રતિસાદ ખૂબ જ સકારાત્મક છે.’’ ડેવિડ બ્લુમ, સીઇઓ શોપર્સ ડ્રગ માર્ટ.

“આજના કાળના નેતૃત્વને લગતા જટીલ પ્રશ્નોના ઉકેલો ખૂબ જ સ્વચ્છ, સરળતાથી શક્તિશાળી રીતે રોબિન શર્માએ વર્ણવ્યા છે. જ્યારે ધંધાકીય લોકોને

મોટા કૂટપ્રશ્નો ઉકેલવાના હોય ત્યારે આ ખૂબ તાજગી બક્ષે છે.'' ઇઆન ટ્યુનર, મેનેજર, કૉલેસ્ટીકા લર્નીંગ સેન્ટર.

''આ પુસ્તક ડહાપણ અને સામાન્ય બુધ્ધિની ખાણ છે.'' ડીન લારી ટેપ, રીચાર્ડ આઇવરી સ્કૂલ ઓફ બિઝનેસ, યુનિવર્સીટી ઓફ વેસ્ટર્ન ઓન્ટારિયો.

''એક પુસ્તક જે કોઇપણ બીઝનેસમેનને અસરકારક નેતૃત્વ અને જીવન જીવવામાં મદદ કરે છે.'' જિમ ઑ નીલ, ડાયરેકટર ઑફ ઓપરેશનસ, ડિસ્ટ્રીકટ સેલ્સ ડિવિઝન, લંડન લાઇફ.

''સંન્યાસી ધંધામાં સમતોલન જાળવવાનું દર્શાવે છે.... આ પુસ્તકનું કાર્ય...'' ધ ટોરન્ટો સ્ટાર.

''સંન્યાસી જેમણે પોતાની સંપત્તિ વેચી નાખી' ના નેતૃત્વનું શાણપણ સૌથી વધારે વેચાણ ધરાવનારી ચાદીમાં ઉપરની તરફ વધી રહ્યું છે.'' ઇનવેસ્ટમેન્ટ એક્ઝીકયુટીવ.

''વાચકને ધ્યેયનિષ્ઠ નેતા બનાવવા માટે વિચારો આપવાનું શર્માનું ધ્યેય છે. જેથી આ બદલાતા યુગમાં વ્યવસ્થાપનને આમૂલ બદલાવ આણવામાં મદદ કરે છે.'' - સેલ્સ પ્રમોશન મેગેઝીન.

''શર્મા પૂર્વ અને પશ્ચિમના મહાન ફિલસૂફોના ડહાપણને ભેગું કરીને ધંધાકીય દુનિયામાં પ્રયોજે છે.'' ધ લીબરલ.

''શર્મા ભૂતકાળની મહાન વ્યક્તિઓની શીખામણ વાપરીને આ હાઇ-ટેક અને ત્વરીત બદલાતી દુનિયાના તનાવને કેવી રીતે સંભાળવું તેના પર પ્રકાશ પાડે છે.'' ધ રેડ ડીયર એડવોકેટ.

મારી પુત્રી બીઅન્કાને,
ભગવાન તને હંમેશા આનંદનું પ્રતિક બનાવે.

''સંન્યાસી જેમણે પોતાની સંપત્તિ વેચી નાખી'ના અસંખ્ય વાચકોને
જેમણે વ્યસ્ત જીંદગીમાંથી સમય કાઢી મને જણાવ્યું કે
આ સાદું પુસ્તક તેમને સ્પર્શી ગયું છે.
તમે મને લાગણીસભર બનાવી દીધો.

અને એ બધા નેતાઓને જેમને, તેમના અને જે લોકોને દોરવાનું તેમને
સૌભાગ્ય સાંપડયું છે. તેમનામાં ઊંડી શ્રદ્ધા છે. જીંદગીઓને આશીર્વાદ અને
આવડતને સ્વતંત્રતા આપતા રહો.

બુક & મેગેઝિન શ્રેષ્ઠ ગુજરાતી, હિન્દી,
અંગ્રેજી, પુસ્તકો વાંચવા માટે એક માત્ર
વૉટ્સએપ ગ્રુપ
🇮🇳 Only Book & Magazine 🇮🇳
આ ગ્રુપ માં જોડાવવા માટે જય હિન્દ લખી ને
મેસેજ કરો

વૉટ્સએપ : 9687042373

તમે જીવનના જે હેતુને મહત્વનું ગણો તેના માટે કાર્ય કરવું જીવનનો ખરો આનંદ છે. તે નાના દુ:ખો અને દર્દો માટે આપણે ફરિયાદ કરીએ છીએ કે દુનિયા તમને સુખી થવા નહી દે એના કરતાં આ ખરો કુદરતી જુસ્સો છે. હું જ્યારે મરું ત્યારે બધાં ખરેખર મારો પૂરતો ફાયદો ઉઠાવે તેવું હું ઇચ્છું છું કારણ જેટલી હું વધારે મહેનત કરીશ તેટલો હું વધારે જીવવાનો છું. હું જીવનનો આનંદ જીવન દરમ્યાન જ ઉઠાવવા માંગું છું. જીવન મારા માટે એક નાનો દીવડો નથી પણ એક ખર્યાળ મશાલ છે. જે મારે થોડીવાર પકડવાની છે અને હું તે મારા વારસદારોને આપું તે પહેલાં તે વધારે તેજસ્વીતાથી પ્રજ્વલે તેમ હું ઇચ્છું છું.

- જ્યોર્જ બર્નાડ શો

Only Book & Magazine

Join Our WhatsApp group
For Book & Magazine

અનુક્રમણિકા

૧ સફળતાની એ તોફાની સવારી

૨ મારા ગુલાબના બગીચામાં સંન્યાસી

૩ ધંધાના લડવૈયાનું રહસ્યમય પરિવર્તન

૪ નેતૃત્વની દીર્ઘદષ્ટિનું ડહાપણ

૫ દબાણપૂર્વક ભવિષ્યમાં કેન્દ્રિત રહેવાનો નિયમ

૬ માનવ સંબંધોનો નિયમ

૭ સંઘ એકતાનો નિયમ

૮ સ્વીકારવાનો નિયમ અને ૧૩૫ બદલાવનું સંચાલન

૯ વ્યક્તિગત અસરકારકતાનો નિયમ

૧૦ સ્વ-નેતૃત્વનો નિયમ

૧૧ સર્જનાત્મકતા અને સંશોધનનો નિયમ

૧૨ સહકાર્ય અને મહત્વનો નિયમ.

આભાર

''સંન્યાસી જેમણે પોતાની સંપત્તિ વેચી નાખી'ના હજારો વાંચકોને જેઓ તેના બોધથી જાગૃત થયા અને તેમનું ડહાપણ તેમના પરિવાર અને મિત્રો સાથે મળી માણ્યું. જીવનને સુધારવાનો સંદેશો વહેંચવામાં મને મદદ કરવા બદલ આભાર.

મારી જાહેર અને સંસ્થાકીય પ્રવચનિકાઓ, યુનાઇટેડ સ્ટેટસમાં અને કેનેડામાં આવનાર બધા લોકોનો. શર્મા લીડરશીપ ઇન્ટરનેશનલના ધંધાકીય ગ્રાહકોનો વિશિષ્ઠ આભાર. જેમણે વ્યક્તિગત અને ધંધાકીય લીડરશીપ પ્રોગ્રામ તેમના નોકરો માટે પ્રાયોજીત કર્યો. તમારી સફળતામાં કોઇ પણ નાનો ફાળો નોંધાવવા બદલ હું ગર્વ અનુભવું છું.

હાર્પર કૉલીન્સના સમગ્ર સંઘનો. તમે લોકોએ આ પ્રસંગ ઘણો જ આનંદદાયક અને સંતોષકારક અનુભવ બનાવી દીધો. કલાઉડ પ્રીમ્યુનો તેમના માર્ગદર્શન માટે, ઇરીસ ટ્યુફોલ્મનો મારામાં વિશ્વ્વાસ મૂકવા માટે, જ્યુડી બ્રુન્સેક, ટોમ બેસ્ટ, મેરી કેમ્પબેલ, ડેવીડ મીલર, લોઇડ કેલી, ડોર પોટર, વાલેરી એપલવી, નીલ ઇરીકસન અને નીકોલે લેન્ગોઇસનો તેમની આંતરદષ્ટિ અને ઉચ્ચકક્ષાના એટીડીગ માટે વિશિષ્ટ આભાર.

મારી કિંમતી શર્મા લીડરશીપ ઇન્ટરનેશનલની ટૂકડીનો તેમની શકિતઓ, સહકાર અને મારા સતત ધંધાકીય પરિશિષ્ઠો અને મીડીયાનું પત્રક ગોઠવી આપવા માટે.

મારી માતા અને પિતાનો. મને તેમના માટે પુષ્કળ માન અને પ્રેમ છે. મારા ભાઇ સંજયનો અને મને અથાક સહકાર અને શ્રદ્ધા આપનાર મારી પત્ની સુસાનનો.

અને મારા પુત્ર કોલ્બીનો જેણે મને હસ્તપ્રત લખતી વખતે રમતિયાળ બનાવ્યો અને મારી પુત્રી બીઆન્કાનો તેના પ્રકાશન માટે.

પ્રકરણ : ૧

સફળતાની એ તોફાની સવારી

મારા જીવનનો એ સૌથી :ખી દિવસ હતો. ક્યારેક મળતી લાંબી અઠવાડિક રજાઓ ડુંગરા રખડતાં, હસતાં હસતાં મારા બાળકો સાથે વિતાવી જ્યારે હું કામ પર આવ્યો ત્યારે મારા મેહોગની લાકડાના ટેબલની ફરતે બે હટ્ટાકટ્ટા ચોકીદારો ગોઠવાયેલા હતા. દોડીને નજીક જતાં મેં જોયું કે મારા લેપટોપ કોમ્પ્યુટરમાંથી ખૂબ જ કિંમતી દસ્તાવેજો તેઓ ખૂબ ઝડપથી શોધી રહ્યા હતા અને મેં તેમને શોધી કાઢયા છે, તેની તેમને પરવા નહોતી. છેવટે તેમાંના એકે મને ત્યાં ઉભો રહેલો જોયો. મારા ચહેરા પર ગુસ્સાથી લોહી ધસી આવ્યું હતું અને આ માફ ન કરી શકાય એવા સાહસનું દશ્ય જોઇ મારા હાથ ફફડી ઉઠયા. જરાપણ લાગણી દાખવ્યા વગર તેણે મારા સામે જોયું અને તેના બોલાયેલા તે પંદર શબ્દોએ મારી છાતીમાં જોરદાર પાટું વાગ્યું હોય તેવો અનુભવ કરાવ્યો. તે બોલ્યો, ‘‘મિ. ફ્રેંકલીન, તમને નોકરીમાંથી કાઢી નાખવામાં આવ્યા છે. અમારે તમને હમણાં જ આ મકાનની બહાર મૂકી આવવાના છે.’’

આ સાદા સંદેશાથી હું આ ભૂખંડની સૌથી ઝડપી અને પ્રગતિશીલ સોફ્ટવેર કંપનીના સીનિયર વાઇસપ્રેસીડન્ટ બનવાની શક્યતામાંથી, એક ભવિષ્ય વગરનો માણસ બની ગયો. અને તમે માનશો આ જાકારો મને ખૂબ દુ:ખદાયક લાગ્યો. નાપાસ થવું એ મારા માટે વિદેશી શબ્દ હતો. એવા અનુભવમાં કેવી રીતે વર્તવું તેનો મને કોઇ ખ્યાલ નહોતો. કૉલેજમાં હું સુવર્ણચંદ્રકવાળો છોકરો હતો. બાળક તરીકે મને હંમેશા સારામાં સારા માર્ક મળતા. મારી આગળપાછળ સુંદર છોકરીઓ ફરતી અને મારી સામે વિશાળ ભવિષ્ય હતું. મેં યુનિવર્સીટીમાં ટ્રેકીંગ ટીમ બનાવી હતી. અને ક્લાસ પ્રેસીડન્ટ તરીકે ચૂંટાયો હતો. અને એવી તક પણ મળી કે અમારા કેમ્પસ રેડિયો સ્ટેશનના સૌથી પ્રખ્યાત જાઝ શોનો હું યજમાન હતો. લાગતાવળગતા સૌને લાગતું હતું કે હું મહાન સફળતાની ભેટ નસીબમાં લખાવીને આવ્યો છું. એક દિવસ મેં મારા જૈફ પ્રોફેસરને તેમના મિત્રને કહેતાં સાંભળી લીધું હતું કે, ‘‘‘‘જો મારી જીંદગી મને ફરી જીવવાનો મોકો આપે તો મને પીટર ફ્રેંકલીન બનવું ગમશે.’’

તમને કહી દઉં, મારી વિશિષ્ઠ આવડત બધા માનતા હતા તેવી કુદરતી નહોતી. આ બધી પ્રાપ્તિઓનું ઉગમ સ્થાન શોધવા જઇએ તો એ મારી અથાગ કાર્ય કરવાની તમન્ના અને મૃત્યુપર્યંત જીવવાની મહેચ્છામાં હતું. મારા પિતા આ દેશમાં ઘણાં વર્ષો પૂર્વે એકપણ પૈસો લીધા વગર ઇમીગ્રન્ટ બની આવ્યા હતા. સાથે શાંતિ, સમૃદ્ધિ અને સુખી જીવનનાં સપનાં તેમના કુટુંબ માટે લાવ્યા હતા. તેમણે અમારી અટક બદલી નાખી અને શહેરના મધ્યમ વર્ગના ભાગમાં ત્રણ રુમના અપાર્ટમેન્ટમાં અમે સ્થાયી થયા અને એક ફેકટરી મજૂર તરીકે ઓછામાં ઓછા પગારે તેમણે અથાક મજૂરી શરૂ કરી હતી. આ કાર્ય તેમણે બીજા ૪૦ વર્ષ સુધી

કર્યે રાખ્યું હતું. જો કે એમની પાસે કોઇ ચોક્કસ પદવી ન હતી પણ આજ સુધી મેં તેમના કરતાં ડાહ્યો માણસ જોયો નથી. જ્યારે હું સૌથી અસામાન્ય માણસને મળ્યો, જે માણસ વિષે ખરેખર તમારે જાણવું જોઇએ, થોડા સમયમાં તેના માટે વધારે કહેવાનું હું વચન આપું છું, તમે ત્યારે બદલાઇ જશો.

મારા પિતાનું મારા માટેનું સ્વપ્ન ખૂબ જ સાદું હતું. સૌથી સારી શાળામાં સૌથી સારું શિક્ષણ લેવું. ટોચની પ્રાપ્તિનો વ્યવસાય જેમાં સૌથી વધારે મળતરની ખાત્રી હોય અથવા એવું કંઇક તેમણે વિચાર્યું હતું. તેઓ દઢપણે માનતા હતા કે સારી રીતે વિકસિત વ્યક્તિગત જ્ઞાન જીવનની સફળતાનો પાયો છે.

"પીટર, તને કંઇપણ થાય તેનો વાંધો નહી. પણ તારા શિક્ષણને કોઇપણ લઇ શકવાનું નથી. જ્ઞાન હંમેશા તમારો સારામાં સારો મિત્ર છે. પછી તમે ગમે ત્યાં જાવ અને ગમે તે કરો." તેમના જીવનનો મોટો ભાગ જે ફેક્ટરીમાં તેમણે ગાળ્યો ત્યાં ચૌદ કલાકની કમ્મરતોડ મજૂરી કર્યા પછી રાત્રે જમ્યા પછી ઘણીવાર મને તે આવું કહેતા. તેઓ સ્વભાવે શાંત પ્રકૃતિના હતા.

તેઓ સૌથી મહાન કથાકાર હતા. એમના વતનમાં જમાનાઓ થી મોટેરાઓ ડહાપણની વાતો કહેવા માટે બાળકોને વાર્તાઓ કહેતા તેથી આ સમૃદ્ધ રિવાજ તેઓ આ નવા દેશમાં પણ લાવ્યા હતા.

મારા બા ઓચિંતાના અમારા સ્વચ્છ રસોડામાં મારા પિતા માટે જમણ બનાવતાં મૃત્યુ પામ્યા, તે દિવસથી તે, હું અને મારો ભાઇ પુખ્ત વયના થયા ત્યાં સુધી મારા પિતા અમને હંમેશા જીવનના પાઠો શીખવાડતા, આનંદમય વાર્તાઓ કહેતાં, સ્વપ્નભરી નિંદરમાં સુવડાવતા. તેમાંની એક કથા મારા મનમાં ખાસ ઉભરી આવે છે. એક વૃદ્ધ ખેડૂત તેની મરણપથારીએ તેના ત્રણે દીકરાઓને તેની આજુબાજુ ભેગા કરી કહે છે, "દીકરાઓ, મૃત્યુ નજીક છે અને જલ્દીથી હું મારો છેલ્લો શ્વાસ લઇશ. પણ એમ થાય તે પહેલાં મારે તમને એક ગુપ્ત વાત કહેવી છે. પેલા ખેતરમાં આપણા ઘરની પાછળ એક કિંમતી ખજાનો છે. તમે ઊંડુ ખોદશો તો તમને તે મળી જશે. તમારે પૈસા માટે ફરી કદી ચિંતા કરવી નહી પડે."

પછી તે વૃદ્ધ માણસ મરી ગયો. તેના દીકરાઓ દોડીને પેલા ખેતરમાં ગયા અને જંગલીની જેમ ઝનૂનથી તેઓ ખોદવા લાગ્યા. તેમણે ઘણા કલાકો સુધી ખોદે રાખ્યું અને ઘણા દિવસો સુધી ખોદકામ ચાલુ રાખ્યું. ખેતરનો એકપણ ખૂણો ખોદયા વગરનો નહોતો કારણ તેમણે તેમની જુવાનીનું જોર આમાં વાપર્યું હતું. પણ છેવટે કોઇ ખજાનો ન મળ્યો. વખત જતાં તેમણે ખોદવાનું છોડી દીધું અને તેમને આશ્ચર્ય થયું કે તેમના બાપે તેમને મૂર્ખ બનાવવાનું નક્કી કરીને છેતર્યા હતા તેથી તેમણે તેમના બાપને ભાંડવા માંડયું. છતાં વરસાદ થતાં તેમના ખેતરમાં ક્યારેય પહેલાં ન પાક્યો હોય તેટલો મબલખ પાક થયો. ત્રણે છોકરાઓ પૈસાવાળા થઇ ગયા. અને તેઓએ ક્યારેય પૈસા માટે ચિંતા કરવી પડી નહી.

તેથી મારા પિતા પાસેથી હું સમર્પણ, કર્તવ્ય અને સખત કાર્યની શક્તિને ઓળખી શક્યો હતો. મારા કૉલેજના દિવસોમાં હું રાત દિવસ મહેનત કરતો હતો. અને પ્રિન્સિપાલની યાદીમાં રહેવા આતુર રહેતો અને મારા પિતાએ મારા માટે

જોયેલાં સ્વપ્નો પૂરાં કરવાં તત્પર રહેતો. મને એક પછી એક સ્કોલરશીપ મળતી રહી અને કર્તવ્યપરાયણતા સાથે તેમાંથી થોડા પૈસા દરેક મહિને મારા પિતા પર મોકલતો રહ્યો, જે હું પાર્ટ-ટાઇમ નોકરી કરતો તે પગારનો એક નાનો હિસ્સો હતો. આ ફક્ત તેમણે મારા માટે જે કર્યું હતું, તેના આભાર સ્વરુપે હતું. જ્યારે કામે લાગવાનો સમય થયો ત્યારે હાઇ-ટેક કંપનીમાં મારી પસંદગીનું મેનેજમેન્ટના સ્થાન ઉપર સારા પગારનું કાર્ય મને મળી ગયું. કંપનીનું નામ હતું- ડીઝીટેક સોફ્ટવેર સ્ટ્રેટેજીસ અને આ કંપનીમાં દરેકને કામ કરવું ગમતું.

આશ્ચર્યજનક સફળતા જે પંડિતોએ ગ્રહો જોઇને ભાખ્યું હતું. અને જ્યારે કંપનીએ તેમની ઉચ્ચકક્ષાની ટીમનો મને સદસ્ય બનાવ્યો ત્યારે મને ખરેખર ખૂબ મોટું માન મળ્યું હોય તેવું લાગ્યું. મેં આ દરજ્જો તરત જ સ્વીકારી લીધો અને અઠવાડિયાના ૮૦ કલાક કામ કરીને મારે બતાવી આપવું હતું કે કંપની મને જે તગડો પગાર ચૂકવે છે. તેની પાઇ-પાઇનું મૂલ્ય હું ચૂકવું છું. મને લેશમાત્ર શંકા નહોતી કે સાત વરસ પછી આ જ કંપની મને અપમાનિત કરશે કે જેવું હડહડતું અપમાન આજ સુધી મારૂં થયું નથી.

ડીઝીટેકનાં પહેલાં થોડાં વર્ષો સરસ હતા. એ દિવસો ખરેખર સારા હતા. મેં કેટલાક સારા મિત્રો બનાવ્યા અને ખૂબ કામ કરી હું ઝડપથી એકઝીક્યુટીવની પદવી પર પહોંચી ગયો. હું ઝડપથી હીરો બની ગયો. આ જુવાન કે જેની બુદ્ધિ ''બ્લેડ જેટલી તીવ્ર ધારદાર' છે એ રીતે હું ઓળખાવા લાગ્યો. જે જાણતો હતો કે સખત કામ કેમ કરવું અને તે કંપની પ્રત્યે સાચેસાચ વફાદાર હતો. જો કે મને ખરેખર ક્યારેય શીખવવામાં આવ્યું નહોતું કે લોકોને કેવી રીતે દોરવવા અને કામ કરતા કરવા. તેઓ મને જવાબદારીના મોટા મોટા હોદ્દાઓ પર મૂકતા ગયા.

ડીઝીટેક સોફ્ટવેર સ્ટ્રેટેજીસમાં સૌથી સારી વાત એ બની કે હું સમન્થાને મળ્યો જે પાછળથી મારી પત્ની બની તે બાબતમાં કોઇ શક નથી. જે પોતે એક ધ્યાન દોરે એટલી સુંદર અને તેની સાથે સુમેળ થાય તેટલી કુશાગ્ર બુદ્ધિવાળી મેનેજર હતી. ક્રિસમસ પાર્ટીની મીટીંગ પછી અમે ઝડપથી એકબીજાની નજીક આવી ગયા અને જે થોડો ઘણો ફાજલ સમય મળતો તે સાથે ગાળતાં. પહેલે દિવસથી સમન્થા મારી મોટી ચાહક હતી. જે મારી શક્તિઓ અને બુદ્ધિને ખરેખર માનતી હતી. તે મને હંમેશાં ખૂબ જ હળવા હાસ્ય સાથે કહેતી, ''પીટર તું સીઇઓ બનીશ. મને ખબર છે તારામાં એવી શક્તિઓ છે.'' કમનસીબે દરેકને એવું લાગતું નહોતું અથવા કદાચ તેઓ એમ માનતા નહોતા.

ડીઝીટેક સોફ્ટવેરનો સીઇઓ કંપનીને સરમુખત્યારની જેમ ચલાવતો. જાત-મહેનતથી ઉપર આવેલો ખરાબ ચક્કરમાં ફસાયેલો જેનો અહમ તેના પગારના ચેક જેટલો જ મોટો હતો. જ્યારે મેં તેની સાથે કામ કરવાનું શરૂ કર્યું ત્યારે તે મારી સાથે નમ્ર પણ આંતરમુખી રહેતો. પણ જ્યારે મારી આવડત અને મહત્વાકાંક્ષાની લોકોને ખબર પડવા માંડી ત્યારે તેની ઉષ્મા ઓગળી ગઇ અને જ્યારે ધંધાકીય બાબત ન હોય ત્યારે પણ મારી સાથે કાયદાકીય પત્રવ્યવહારથી વાતચીત કરતો. સમન્થા તેને ''અસલામત માણસોમાંનો એક'' એમ કહેતી. પણ હકીકત એ હતી કે તેની પાસે સત્તા હતી. કદાચ એને એમ લાગ્યું હશે કે હું મેનેજમેન્ટના ઉંચા હોદ્

પર ચઢતો જઇશ તેમ તેને ખરાબ ચીતરીશ અથવા કદાચ તેણે મારામાં તેનું પ્રતિબિંબ જોયું હોય અને તેને તે કદાચ ન ગમ્યું હોય.

મારે, છતાં પણ, કબૂલ કરવું જ રહ્યું કે મારે પણ મારી નબળાઇઓ હતી. સૌ પ્રથમ તો નાની બાબતમાં ગુસ્સો કરવાનો મારો સ્વભાવ. જો ક્યારેક ખરાબ સમયે કંઇ ખરાબ થાય તો મારામાં એટલો દ્વેષ જન્મે કે હું તેને સંભાળી ન શકું. મને કોઇ ખ્યાલ નથી કે એ ક્યાંથી આવ્યો પણ એ ગુસ્સો હતો. એ કોઇ ધંધાકીય અસ્ક્યામત તો નહોતી જ. જો કે મુખ્યત્વે હું સભ્ય માણસ હતો, પણ મારે કબુલ કરવું જ રહ્યું કે જયારે માણસોને સંભાળવાની વાત આવે ત્યારે છેવટે હું તોછડો બની જતો. જેમ મેં આગળ કહ્યું તેમ મને નેતૃત્વની આવડત ક્યારેય મળી નહોતી. હું ફક્ત જે થોડી ઘણી મારી કોઠાસૂઝ હતી તેનાથી ચલાવી લેતો હતો. મને ઘણી વખત લાગતું કે મારી ટીમનો દરેક સભ્ય મારા કાર્ય કરવાના વિચારો અને ઉત્તમતા પ્રત્યેના સમર્પણને સ્વીકારતો નહોતો, તેથી ઘણી વખત હું નિરાશા અનુભવતો હતો. હા, હું લોકો પ્રત્યે બરાડા પાડતો હતો. હા, મેં સંબંધો બાંધવામાં અને વફાદારી ઘડવા માટે પૂરતો સમય ફાળવ્યો નહોતો. પણ એકી સાથે ઘણી આગો શાંત કરવામાં જે સંબંધોને મારે સુધારવા જોઇતા હતા તેને હું પૂરતો સમય આપી શક્યો નહોતો. મને લાગે છે કે હું એવો ખલાસી હતો જે તેનો મોટા ભાગનો સમય નાવડીમાંથી ખરાબ પાણી બહાર કાઢવામાં ખર્ચતો હતો. પણ મારે એક કાણું પાડવાની જ જરૂર હતી. સૌથી ટૂંકી દષ્ટિવાળો કહેવાઉં.

અને આથી એ દિવસ આવી ગયો કે મને કાઢી મૂક્યો. એ પછીના મહિનાઓ મારા જીવનમાં સાચા અર્થમાં અંધકારમય હતા. ભગવાનનો આભાર કે સમન્થા અને બાળકો મારી આજુબાજુ હતા. તેમણે મારી દોડતી કારકિર્દીના ટુકડા ભેગા કરવામાં મને ઉત્સાહિત કરવા અને હિંમત આપવા બનતું કર્યું. પણ તે મહિનાઓની નિષ્ક્રિય-તાએ હું સમજી ગયો કે આપણું આત્મસન્માન આપણા કાર્ય સાથે જોડાયેલું છે. દરેક મિત્ર વર્તુળની પાર્ટીમાં અમને પહેલો અચૂક સવાલ પૂછાતો, "હવે તમે જીવન નિર્વાહ માટે શું કરો છો?" જયારે અમે અમારું અઠવાડિક ગોલ્ફ રમવાનું શરૂ કરીએ કે મારો સાથી રમવાવાળો હંમેશાં પૂછે, "પીટર કામના કંઇ સમાચાર?" મારી ગગનચુંબી ઇમારતનો દરવાન, હંમેશાં ટૂંકી વાત કરવાવાળો, પૂછતો ઓફીસમાં બધું ઠીકઠાક છે. અને મારે કામ માટે ક્યાંય જવાનું નહોતું તેથી આના જવાબો મારી પાસે નહોતા.

સવારે વહેલા ઉઠી તૈયાર થઇ સબવે સ્ટેશને જતો. મારા માથામાં વિચારો ઘૂમતા અને લગભગ બપોરે હું અંધારિયા રૂમમાં ઉઠતો જ્યાં હૈનકેનની બાટલીઓ, માર્લબોરોના ખોખાં અને હેગન-ડેઝની પેટીઓનો ગંદો કચરો પડયો રહેતો. મેં વૉલ સ્ટ્રીટ જર્નલ વાંચવાનું છોડીને રસભરી જાસૂસી નવલકથાઓ, જૂની પશ્ચિમી વાર્તાઓ અને નીચલી કક્ષાના ચોપાનિયાં જેઓ ઓપેરા દર્શાવતા તે વાંચતો. એલ્વીસ જે વેસ્ટ કોસ્ટમાં મેકડોનાલ્ડ ચલાવે છે તે હજી જીવે છે. હું હકીકતનો સામનો કરી શકતો નહોતો. મારે વધારે કંઇ વિચારવું નહોતું કે વધારે કંઇ કરવું નહોતું. મારા શરીરની આજુબાજુ એક બહેરાશ આવી જાય તેવું દર્દ ફરી વળ્યું હતું અને મારા ભારેખમ પલંગમાં પડયું રહેતું. આ જગ્યા સૌથી સારી લાગતી.

પછી એક દિવસ મને એક ફોન આવ્યો. તે એક જૂનો કૉલેજનો મિત્ર હતો. જેણે સોફ્ટવેર ઇન્ડસ્ટ્રીસમાં એક ઉત્તમ આવડતની શ્રેષ્ઠ નામના મેળવી હતી. તેણે મને કહ્યું કે તેણે મુખ્ય પ્રોગ્રામર તરીકેની તેની નોકરી હમણાં જ છોડી છે અને તે પોતાની કંપની શરૂ કરવાની તૈયારીમાં છે. મને હજી તેણે કહેલું યાદ છે જેને તેણે એક ''નવું જ અદ્‌ભૂત તત્વ' સોફ્ટવેરની દુનિયાનું કહ્યું હતું અને તેને એક વિશ્વ્વસનીય ભાગીદારની જરૂર હતી. હું તેની પહેલી પસંદગી હતો. ''કંઇક મહાન કરી છૂટવાની આ તક છે પીટર.'' આમ કહી તેણે તેની સહજ જીજ્ઞાસાપૂર્વક કહ્યું હતું, ''ચાલ હવે, બહુ મજા આવશે.''

મારો અડધો આત્મવિશ્વ્વાસ મને હા કહેતાં રોકતો હતો. નવો ધંધો શરૂ કરવો સહેલી વાત નહોતી અને એ પણ ખાસ કરીને હાઇ-ટેકના ક્ષેત્રમાં, આપણે ન કરી શકીએ તો શું? આમ પણ અમારી નાણાકીય પરિસ્થિતિ ખરાબ હતી. ડીઝીટેક સોફ્ટવેરના સીનિયર વાઇસ પ્રેસીડેન્ટ તરીકે મારી જીવનશૈલી મારા પિતા સ્વપ્નમાં પણ વિચાર ન કરી શકે તેવી હતી અને તેટલો પગાર હતો. હું નવી બીએમડબલ્યુ કાર વાપરતો. જ્યારે સમન્થા પાસે મર્સીડીઝ હતી. બાળકો ખાનગી શાળામાં જતાં અને તેમની ઉનાળાની રજાઓ ખૂબ ખર્ચાળ કેમ્પમાં વિતાવતા. મારા ગોલ્ફ કલબની ફી જ ફક્ત મારા ઘણા મિત્રોના વાર્ષિક પગાર જેટલી હતી. હવે નોકરી નહોતી તેથી ઘણા બીલો આપવાના બાકી હતા અને ઘણાં વચનો તૂટી ચૂક્યા હતા. આ સમય મારો પોતાનો ધંધો શરૂ કરવાના સ્વપ્ન માટે યોગ્ય નહોતો.

બીજી બાજુ મારા ડાહ્યા પિતા મને હંમેશાં કહેતા કે, ''કોઇ વસ્તુ તમને હરાવી શકતી નથી જ્યાં સુધી તમે તમારી જાતને ન હરાવો.'' મારા જીવનને ઘેરી વળેલા અંધકારમાંથી બહાર નીકળવા મારે આવી એક તકની જરૂર હતી. સવારે ઉઠવા માટે મારે કોઇ કારણની જરૂર હતી. મારે ધીરજ અને ધ્યેયની સાથે ફરીથી જોડાવાની જરૂર હતી. જે મેં કૉલેજમાં અનુભવેલું કે મને કોઇ અટકાવી શકે તેમ નથી અને આ દુનિયા ચોક્કસપણે અસંખ્ય શકયતાઓથી ભરેલી જગ્યા છે. મારું આંતરમન મને જણાવતું હતું કે સમયે સમયે જીવન આપણને ભેટ મોકલાવે છે. સફળતા તેને મળે છે જે આ તકોને ઓળખે છે અને સ્વીકારે છે. તેથી મેં હા પાડી.

ખૂબ ગર્વથી અમે કંપનીનું નામ ગ્લોબલવ્યુ સોફ્ટવેર સોલ્યુશન્સ પાડયું અને એક નાના ઇન્ડસ્ટ્રીયલ કોમ્પલેક્ષમાં એક નાની દુકાનમાં કામ શરૂ કર્યું. હું સીઇઓ હતો અને મારો ભાગીદાર સ્વેરછાએ નિમાયેલો ચેરમેન હતો. અમારી પાસે નોકરો નહોતા, રાચરચીલું નહોતું અને પૈસા પણ નહોતા. પણ અમારી પાસે મહાન વિચારો હતા. અને તેથી અમે અમારો સોફ્ટવેરનો વિચાર બજારમાં મૂકવાનું શરૂ કર્યું. નસીબજોગે બજારમાં તેનો કુતુહલપૂર્વકનો પ્રભાવ પડયો. તરત જ સમન્થા અમારી સાથે કામ કરવા આવી ગઇ અને અમે બીજા કામદારો પણ રાખ્યા. અમારો નાવીન્યપૂર્ણ સોફ્ટવેરનો માલ ખૂબ જ ઝડપથી વેચાવા લાગ્યો અને અમારો નફો ખૂબ તગડો બનવા લાગ્યો. તે એક વર્ષના કાર્ય પછી ''બીઝનેસ સકસેસ' નામના મેગેઝીનમાં દેશની ખૂબ જ ઝડપથી પ્રગતિ કરતી કંપનીઓમાં અમારું નામ નોંધાયું. મારા પિતાને ખૂબ ગર્વ હતો. જો કે તેઓ એ વખતે છ્યાસી વર્ષના હતા. મને હજી યાદ છે અમારી સફળતાને ઉજવવા તેઓ એક મોટી થેલી ભરીને ફળો

ઓફીસમાં લાવ્યા હતા. તેમની આંખોમાં આંસુ આવી ગયાં, તેમણે મારી સામે જોયું અને બોલ્યા, ''દીકરા આજે તારી મા હોત તો ખૂબ રાજી થઇ હોત.''

આ બધું અગિયાર વર્ષ પૂર્વે બન્યું. આજે અમે વિમાની ઝડપથી પ્રગતિ કરી રહ્યા છીએ. ગ્લોબલ વ્યુ સોફ્ટવેર સોલ્યુશન્સ આજે બે બિલિયન ડોલરની કંપની છે જેમાં ૨૫૦૦ કામદારો દુનિયાની આઠ જગ્યાએ કામ કરે છે. હજી ગયે વર્ષે જ અમે અમારા આંતરરાષ્ટ્રીય મુખ્યાલયમાં આવ્યા છીએ. જે વિશ્વ-કક્ષાનું સંપૂર્ણ કોમ્પલેક્ષ છે. જેમાં ઉત્તમ કલાત્મક ઉત્પાદન કરવાની ક્ષમતા છે. ત્રણ ઓલિમ્પિક સાઇઝના સ્વીમીંગ પુલ છે. ધંધાકીય બનાવો માટેનું એમ્પીથિયેટર મીટીંગો બોલાવવા માટે છે. મારો ભાગીદાર કંપનીના રોજેરોજના કામકાજમાં ભાગ લેતો નથી. એ એનો મોટાભાગનો સમય કેરેબીયનમાં આવેલા તેના ખાનગી ટાપુ પર અથવા નેપાળમાં પર્વતો ચઢવામાં ગાળે છે. સમન્થાએ કંપનીમાં તેનું નેતૃત્વ છોડી દીધું છે. તે હવે તેના લખવાના શોખને પૂરો કરે છે અને સમાજ-સેવાના કાર્યમાં ઓતપ્રોત રહે છે. મારા માટે, હું હજી છું પણ હવે મારે માથે પુષ્કળ જવાબદારીઓ છે, જે મારો ખૂબ સમય લઇ લે છે. પચીસસો માણસો પોતાના જીવન નિર્વાહ માટે મારી સામે જુએ છે. અને લાખો લોકો તેમનું ઉત્પાદન અમારી કંપનીમાં વેચીને અથવા સેવા આપીને તેમની રોજી રોટી કમાય છે.

દુ:ખની વાત એ હતી કે કંપની શરૂ થવાના બે વર્ષ પછી મારા પિતાનું મૃત્યુ થયું. જોકે એમને હંમેશા ખાત્રી હતી કે હું ખૂબ ખૂબ સફળ થઇશ. મને નથી લાગતું કે તેમણે કયારેય કલ્પના કરી હોય કે આજે અમે જ્યાં છીએ ત્યાં હોઇ શકીએ. હું એમને યાદ કરું છું પણ જે બધું મારી થાળીમાં મૂકાયું છે તે પછી મને ભૂતકાળને યાદ કરવાનો સમય ખૂબ ઓછો મળે છે. હું હજી સખત કામ કરું છું. લગભગ એંસી કલાક અઠવાડિયાના. ઘણા વર્ષોથી મેં ખરેખર રજાઓ લીધી નથી. હું હજી પણ સખત કામ કરનારો મહત્વાકાંક્ષી અને ચુસ્ત છું. મેં ત્રેવીસ વર્ષની ઉંમરે જ્યારે ડીઝીટેક સોફ્ટવેર સ્ટ્રટેઝીસમાં કામ શરૂ કર્યું હતું તેવો જ. થોડા સમય પહેલાં મારા સદ્‌ભાગ્યે મને એક ખાસ ગુરુને મળવાનું થયું તે પહેલાં બધું આમ જ હતું. મેં ઘણું બધું કરવાનો પ્રયત્ન કર્યો અને અતિ સૂક્ષ્મ રીતે ધંધાના દરેક પહેલુનું સંચાલન કર્યું. મને ખબર હતી આ નબળાઇ છે પણ આ બધાં છતાં હું સફળ થતો હોઉં એમ લાગતું હતું.

તે યાદગાર મુલાકાત સુધી, મારો સ્વભાવ એટલો જ ખરાબ હતો. તે કામના દબાણ અને ધંધાના ધોરણો સાથે હજી ખરાબ બની ગયો હતો, આ માટે તમને સવિસ્તર કહેવાનો જ છું. અને ઘણો લાંબો સમય વીતી જવા છતાં હજી લોકોનું સંચાલન અને તેમનો ઉત્સાહ પૂરો પાડતાં મને અઘરું પડતું. પણ આ બધું તેઓ કરવા માંગતા હતા એવું નથી, પણ તેમને કરવું પડતું હતું. તેમની મારા પ્રત્યે કોઇ વફાદારી નહોતી અને કંપની તરફ તેમનું કોઇ સમર્પણ પણ નહોતું. મારી અત્યંત આધુનિક ઓફીસમાંથી હું જે હુકમો છોડતો હતો તે લોકો માનથી નહીં પણ ડરથી પાળતા હતા. એવું લાગતું હતું કે મારી બધી સત્તાનું ઉગમ સ્થાન ફક્ત મારું પદ હતું અને મને જાણ હતી કે આ પરિસ્થિતિ ખરાબ છે.

આ ઝંઝાવાતી ફેરફાર ઇચ્છતી દુનિયામાં મારી ખૂબ ઝડપથી પ્રગતિ કરતી કંપનીના નેતા તરીકેની મારી સામે ઉભા થતા પ્રશ્નો વિષે મારે તમને થોડું વધારે કહેવાનું છે. અમારા ધંધાનો ખૂબ ઝડપી વિકાસ થવા છતાં કંપની પ્રત્યેની આસ્થાનો આંક નીચે ગયો હતો. મેં કેટલાક લોકોને એકબીજાને કહેતા સાંભળ્યા છે કે અમારો વિકાસ ખૂબ ઝડપી છે પણ આ બધામાં માણસો કરતાં નફો વધારે મહત્વનો બની ગયો. બીજા કેટલાક ફરિયાદ કરતાં કે તેમને સખત મજૂરી કરવાની ફરજ પડે છે. જ્યારે તેમને સહકાર માટે પૂરતી સગવડ નથી. બીજા લોકોની રાવ એવી હતી કે રોજે રોજના ભયંકર બદલાવનો સામનો કરતાં, પછી ભલે તે બદલાવ ટેકનોલોજીના નવાં સંશોધનો હોય કે નવું બંધારણ નોકરશાહી માટે બનાવ્યું હોય, તેમનાં માથાં ચકરાઇ જાય છે. અને તેમના શરીર તાણથી તૂટી જાય છે. કંપનીમાં ખૂબ ઓછી વિશ્વસનીયતા હતી. ઓછી ઉત્પાદનક્ષમતા હતી અને તેનાથી પણ ઓછી સર્જનાત્મકતા હતી. અને જે માહિતી મને મળતી દરેકે દરેક જણ પાસેથી તેમાં લગભગ બધા કોયડાઓની જવાબદારી એક જ જણના શિરે હતી, મારા પર. સમગ્રપણે બધાં માનતાં હતાં કે મને નેતા બનતા આવડતું નથી.

જો કે ગ્લોબલવ્યુ સોફ્ટવેર વિકસતી રહી પણ આંકડાઓ દર્શાવતા હતા કે કદાચ ઘણાં વર્ષો પછી અમે પહેલા નુકશાન તરફ ધસી રહ્યા છીએ. જો કે અમારા પ્રોગ્રામો હજી બજારમાં વેચાતા હતા પણ અમે અમારો બજાર ભાગ ગુમાવી રહ્યા હતા. પહેલાંના દિવસોની જેમ અમારા લોકો નહોતા રહ્યા સંશોધનાત્મક અને નહોતા રહ્યા ઉત્સાહી. આનું પરિણામ એ આવ્યું કે અમારા પ્રોગ્રામો સરખી કે એકમાત્ર ડિઝાઇનવાળા રહ્યા નહોતા. સાદા શબ્દોમાં કહીએ તો લોકો હવે કામની કાળજી રાખતા જ નહોતા. અને હું જાણતો હતો કે આ બધું ચાલુ રહેશે તો લોકોના મન ધીરે ધીરે કંપની બંધ કરવાની વાતો પણ કરશે.

કંટાળાની નિશાનીઓ દરેક જગ્યાએ દેખાતી હતી. ઓફીસો અવ્યવસ્થિત હતી અને લોકો દરરોજ મોડા આવતા હતા. ક્રિસમસ પાર્ટીમાં ખૂબ ઓછા લોકો આવતા અને સામૂહિક કામ હવે લગભગ થતું જ નહોતું. રોજ વિવાદો સર્જાતા અને આગળ આવીને કામ થતું નહોતું. આમ અમારા નવા ઉત્પાદનની સગવડો પણ નિરાશા અને તરછોડાયેલી હોય તેવી નિશાનીઓ દેખાતી હતી. એક વખતની ચમકતી રહેતી લાદીઓ અત્યારે ઝાંખી અને ગંદી લાગતી હતી.

ધ્યાન ખેંચાય એ રીતે આ બધું બદલાઇ ગયું. ગ્લોબલ વ્યુ સોફ્ટવેર સોલ્યુશન્સ ફરીથી ખરેખર અદ્વિતિય કંપની બની ગઇ. અને મને ખબર છે કે અમે ખૂબ સારી રીતે વિકસી રહ્યા છીએ. અમારૂં વ્યવસ્થાતંત્ર ખૂબ વિશિષ્ટ નેતૃત્વનું સૂત્ર જે મને એક ખૂબ વિશિષ્ટ માણસે આપ્યું હતું, તેના વપરાશથી બદલાઇ ગયું છે. આ સાદી પણ અત્યંત શક્તિશાળી પદ્ધતિથી અમારી આખી કંપનીમાં ઉત્સાહ ફરી વળ્યો છે. અમારા લોકોને નવી ઉંચાઇઓ સર કરવાનો ઉત્સાહ પૂરો પાડયો છે. અમારી ઉત્પાદનક્ષમતા વધી છે. અને અમારો નફો મારા અદ્ભૂત સ્વપ્ન કરતાં પણ વધારે રોકેટની જેમ ઝડપી બન્યો છે. અમારા કામદારો ખૂબ વફાદાર બન્યા છે અને તેઓ અમારા ભવિષ્યની દષ્ટિ પ્રત્યે સમર્પણ રાખે છે. તેઓ બધા એક જૂથમાં બદલાવને સ્વીકારનારા અને આવડતથી સહકાર

આપનારા બન્યા છે. આના કરતાં વિશેષ તેઓને કામ પર આવવું ગમે છે અને મને તેમની સાથે કામ કરવું ગમે છે. અમે બધાં જાણીએ છીએ કે અમે કંઇ ચમત્કારિક શોધી કાઢયું છે અને અમે બધા ખૂબ મોટી ગતિ તરફ વધી રહ્યા છીએ. ગયે અઠવાડિયે જ ''બીઝનેસ સક્સેસ' મેગેઝીને મને પહેલાં પાનાં પર છાપ્યો હતો. મથાળું સાદું હતું ''ગ્લોબલ વ્યુનો ચમત્કાર- કેવી રીતે એક કંપની મહાન રીતે વિકસી.''

તો આ ચમત્કારિક અને સમયે માન પામેલું નેતૃત્વનું સૂત્ર શું છે કે જેણે મને ધંધાકીય દુનિયાનો એક્કો બનાવી દીધો? આ ડાહ્યો મુલાકાતી કોણ હતો જેણે અમારું વ્યવસ્થાપન બદલી નાખ્યું અને આ કાયમ બદલાતા સમયમાં મને દષ્ટિવાળો નેતા બનાવનાર એ કોણ હતું? મને મનોમન ખબર છે આ બધા સવાલોના જવાબો તમે જે રીતે જીવો અને જે રીતે તમે લોકોને દોરવણી આપો તેના પર રહેલા છે. અને તમારા માટે સમય આવી ગયો છે કે તમે તેને શોધી કાઢો.

પ્રકરણ : ૨

મારા ગુલાબના બગીચામાં સંન્યાસી

એ એક અવર્ણનીય દશ્ય હતું. આજે જ્યારે હું વિચારું છું તો હું માની શકતો નથી કે એવું બન્યું હતું. હું મારી હંમેશની સોમવાર સવારની મારા મેનેજરો સાથેની નિયમિત મીટિંગમાં સાંભળીને આવ્યો હતો કે ''ગ્લોબલ વ્યુ'ની સમૃદ્ધિ ખરાબમાંથી બદ્તર થતી ગઇ છે. આ મીટિંગમાં એક મેનેજરે કહ્યું કે આપણા કેટલાક પ્રોગ્રામ અધિકારી- ઓ બીજી નાની કંપનીઓમાં જોડાવા તૈયાર છે. જ્યાં તેમના કામની કદર થાય. તેણે એ પણ કહ્યું કે સંચાલકો અને બીજા કામદારો વચ્ચેના સંબંધો દ્રિવસે દ્રિવસે વણસી રહ્યા છે. ''''તેમને હવે આપણામાં વિશ્વ્વાસ રહ્યો નથી.''

બીજા મેનેજરે કહ્યું, ''''એટલું જ નહી, અહી સંપ જેવું કંઇ રહ્યું નથી. આપણે આટલા મોટા બન્યા તે પહેલાં બધા એકબીજાને મદદ કરતા હતા. લોકોને ખરેખર કામ બરાબર થાય છે કે નહી તેની કાળજી હતી. જૂના દ્રિવસોમાં જો કોઇ વરધી (ઓર્ડર) પૂરી કરવાની છેલ્લી તારીખ હોય તો મને હજી યાદ છે અમારામાંના ઘણાં ભેગાં મળીને મોડી રાત સુધી પણ કામ કરતા. મને યાદ આવે છે કે જ્યારે પ્રોગ્રામ અધિકારીઓ અને મેનેજરો બાંયો ચઢાવીને પેટીઓ પર થપ્પા લગાડતા અને તે બધા પેટીઓ તૈયાર કરીને ટ્રકમાં ચઢાવતા. હવે દરેકે દરેક પોતાની રીતે વર્તે છે. આ ખોટી વિચારધારા છે. હું હવે એને સહન કરી શકતો નથી.''

જો કે મીટિંગ દરમ્યાન હું મારા સ્વભાવ વિરુધ્ધ શાંત રહ્યો પણ બોર્ડરુમમાંથી મારી ઓફીસને જોડતા લાંબા રસ્તાને કાપતાં મને પસીનો છૂટી ગયો. છેલ્લા થોડા મહિનાઓની માનસિક તાણ મને મારી નાખી રહી હતી, અને હું જાણતો હતો કે કંપનીના નીચે જતાં આંકડાઓને અટકાવવા મારે કંઇક કરવું જ રહ્યું. મને સમજણ પડતી નહોતી કે કોને કહું અને શું કરું? ચોક્કસપણે જે સમસ્યાઓએ અમને ઘેર્યા હતા તે માટે હું સલાહકારોની ટુકડીને પૈસા આપી રોકીને આનું ઝડપી નિરાકરણ લાવી શકું તેમ હતો. પણ મને લાગ્યું કે મારી અગ્રિમ કંપની કે જેમાં લોકો ખૂબ શોખથી અને સહાનુભૂતિથી કામ કરતાં ત્યાં મોટી નોકરશાહીની જેમ લોકો સમય પૂરો થયા પછી જરાપણ રોકાતા નથી. આનું કારણ ઊંડો અભ્યાસ કરી શોધી કાઢવું અને તેનું મૂળ પકડવું.

હું મારી ઓફીસ સુધી પહોંચું એટલામાં તો મારા કપાળ પર પસીનાનાં ટીપાં બાજી ગયાં અને મારું શર્ટ ભીજાઇ ગયું. મારી કાર્યકારી મદદનીશ મારી દશા જોઇને મારા તરફ દોડી આવી અને મારો હાથ પકડી લીધો. પછી તે મને મારા નરમ ચામડાના પલંગ, જે મારી શાહી ઓફીસના છતથી તળિયા સુધીના પુસ્તકોના કબાટની નજીક જ હતો તેના તરફ દોરી ગઇ. તેણે મને પૂછયું કે તે

મારા ડોકટરને બોલાવે અથવા એમ્બ્યુલન્સ પણ કદાચ બોલાવી શકાય. તેને જવાબ આપવાની પરવા કર્યા સિવાય હું પલંગમાં સૂઇ ગયો અને મારી આંખો બંધ કરી. મે કયાંક વાંચ્યું હતું કે ખૂબ માનસિક દબાણવાળું કામ કર્યા પછી મનની આંખોથી જો કોઇ ગમે તેવું દશ્ય તાદશ કરો તો તમને શાંત થવામાં મદદ થાય છે અને મેં મારાથી બનતું કર્યું.

જેવો મેં આરામ કરવાની શરૂઆત કરી કે એક મોટા અવાજથી હું થડકી ગયો. એવું લાગ્યું કે મારી ઓફીસની બારી ઉપર કોઇએ પથ્થર ફેંકયો હોય. હું ઊભો થઇ ગયો અને મારી મુખ્ય બારી તરફ ગુનેગારને શોધવા દોડયો. પણ મેં કોઇને જોયા નહી. કદાચ હું જે માનસિક તાણમાંથી પસાર થાઉં છું તે મારી કલ્પનામાં રમત રમી રહ્યું હતું. જેવો ધીરેથી હું મારા પલંગ તરફ ગયો કે પાછું એમ જ થયું. પણ આ વખતે તેનાથી પણ અવાજ મોટો હતો. મને આશ્ચર્ય થયું,""આ કોણ હોઇ શકે?'' વિચારતા જ મેં મારી મદદનીશને તરત જ ચોકીદારને બોલાવવાનું કહ્યું. કદાચ અસંતોષી કોમ્પ્યુટર પ્રોગ્રામ અધિકારી પોતાના અને તેના માલિકના નસીબને કોસતો હશે. એવું વિચારી આ અડચણ માટે હું વધારે ગિન્નાયો. હું બારી તરફ બીજી વખત દોડયો અને આ વખતે મારા બીજા માળની ઓફીસમાંથી મેં એક આકૃતિ મારા ગુલાબના સુંદર બગીચાની વચ્ચે જોઇ. જેવી મેં આંખો પટપટાવી અને ધ્યાનથી જોયું તો મેં જે જોયું તેનાથી મને આઘાત લાગ્યો.

જે પ્રકારના તિબેટીયન સાધુઓ પહેરે તેવા ઘેરા લાલ રંગનાં કપડાં પહેરેલો એક ધ્યાન ખેંચે એવો માણસ મેં જોયો. આ પ્રકારના સાધુઓ એક દસકા પહેલાં જયારે હું એ અદ્‌ભુત પ્રદેશના પ્રવાસે ગયો હતો ત્યારે મેં જોયા હતા. **એમના દેખાવડા શરીર પર સૂર્યના કિરણ જેવાં પડયાં કે જણાયું તેમનો અજાણ્યો ચહેરો એકપણ કરચલી વગરનો હતો, અને તેમના કપડાં મંદ હવામાં લહેરાતા હતા. આ બધું રહસ્યમય રીતે તેમને પ્રશાંત દેખાવ આપતા હતાં.** તેમના ચહેરા પર હાસ્ય હતું અને પગમાં તેમણે સેન્ડલ પહેરેલાં હતાં.

જયારે મારા ધ્યાનામાં આવ્યું કે આ કંપની જે કોઇ ઊંડી ગર્તા તરફ ધસી રહી હતી એ કંપનીના ખૂબ જ કામ કરી થાકી ગયેલા સીઇઓનું દુ:સ્વપ્ન નથી ત્યારે હું ગુસ્સામાં મારી બારી તરફ દોડયો. તે યુવાન માણસ હાલ્યો નહી. તેઓ ત્યાં જ સ્થિર રહ્યા અને હસતા રહ્યા. અને પછી તેમણે મારી તરફ હાથ હલાવી અભિવાદન કર્યું. હું આ અપમાન સહન કરી શકયો નહી. આ વિદુષક મારી સંપત્તિ પર હસતો હતો. અને મારા ગુલાબના બગીચાને બગાડતો હતો તથા ચોક્કસપણે મને મૂર્ખ બનાવવાનો પ્રયત્ન કરતો હતો. મેં મારી કાર્યકારી મદદનીશ એરીલને તરત જ બોલાવી અને ચોકીદારને બોલાવવા કહ્યું. ''તેમને કહો કે હમણાં ને હમણાં પેલા અજાણ્યા મુલાકાતી ને એ જતો રહે તે પહેલાં, મારી ઓફીસમાં લાવે.'' મેં હુકમ છોડયો. ''તે કયારેય ન ભૂલી શકે તેવો પાઠ તેને ભણાવવાની જરૂર છે.''

થોડી જ મિનિટોમાં ચાર ચોકીયાતો મારા દરવાજામાં હાજર થયા, જેમણે આ અજાણ્યા માણસને કાળજીથી પકડયો હતો. જે ચોકીદારોને હાથ પકડી સહકાર

આપી રહ્યો હોય એમ લાગતું હતું. આશ્ચર્યએ હતું કે એ હજી હસતા હતા. અને તેઓ પ્રભાવિત કરે તેવા સામર્થ્ય અને શાંતિથી મારી ઓફીસના દરવાજામાં ઉભા હતા. તેમને ચોકીદારો વડે પકડાવા માટે અને મારી ઓફીસમાં આવવા માટે જરા પણ પરવા નહોતી. અને છતાં તેમણે કંઇ કહ્યું નહી. હું એક વિચિત્ર લાગણીમાં ડૂબી ગયો હતો, કે હું એક મહાન વિદ્વાનની હાજરી અનુભવી રહ્યો. હું જ્યારે મારા પિતા સાથે રહેતો ત્યારે હું આવો જ અનુભવ કરતો. હું એ બધું આના કરતાં વધારે સમજાવી શકું તેમ નથી. મારો અનુભવ મને કહેતો હતો કે આ માણસનો ચહેરો બતાવે છે તેના કરતાં તે ઘણો ડાહ્યો માણસ છે. હું વિચારું છું કે આ બધું મને તેમની આંખોએ સમજાવ્યું.

આટલાં વર્ષો ધંધો કર્યા પછી મેં જાણ્યું હતું કે માણસની આંખો સચ્ચાઇ સામે લાવે છે. આંખો હૂંફ, અસલામતી, છેતરવાની વૃત્તિ અને વફાદારી વર્ણવે છે. જો માણસ ફક્ત આંખોને સમજવાનો પ્રયત્ન કરે તો યુવાન માણસની આંખોએ મને કહ્યું કે તેની પાસે ડહાપણ છે. તે આંખોએ મને એ પણ જણાવ્યું કે તેમની પાસે જીવનનો ઉત્સાહ છે. અને કદાચ થોડી મસ્તી પણ જણાતી હતી. મારી ઓફીસ માં રેલાતાં સૂર્યના કિરણો તેમની આંખોની ચમક બતાવતાં હતાં. નજીકથી જોતાં જણાયું કે એ યુવાન માણસના ''મુંગા મણિ' જેવાં લાલ કપડાં ખૂબ મોંઘા અને સુંદર હતાં અને ઓફીસની અંદર હોવા છતાં તેમનો કુંફાડો એવો જ હતો, જે તેમના ધ્યાન દોરે તેવા દેખાવને રહસ્યમય બનાવતાં હતાં.

''તમે કોણ છો અને મારી બારી ઉપર પથ્થર શા માટે ફેંકતા હતા?'' મારો ચહેરો લાલ થતો જતો હતો અને મારી હથેળીઓ પસીનાથી ભીજાતી જતી હતી છતાં મેં જવાબ માંગ્યો.

તે યુવાન શાંત રહ્યો. અને હસતો રહ્યો. પછી તેણે હાથ હલાવ્યા અને તેમને પ્રણામની મુદ્રામાં ભેગા કર્યા, જે ભારતીય પ્રણાલી મુજબનું અભિવાદન હતું.

''''આ માણસ અસામાન્ય છે!'' મેં વિચાર્યું, ''સૌથી પહેલાં તો એ મારા ગુલાબના બગીચામાં ઘૂસી ગયો છે, આ બગીચો મને જ્યારે ખૂબ ગુસ્સો આવ્યો હોય અથવા નિરાશ થયો હોઉં ત્યારે જોવો ગમે છે, પછી તેણે મારી બારી ઉપર પથરા ફેંકયા અને મારી જાન નીકળી જાય એમ મને ડરાવી દીધો. અને હવે જ્યારે એ ચાર હટ્ટાકટ્ટા અને ચુસ્ત દરવાનો જે તેને ક્ષણમાં જમીન પર પટકી દે એવી રીતે ઘેરાયેલો છે ત્યારે એ મારી સાથે રમત રમે છે.'

''જો, બરચા તું કોણ છે અને તું કયાંથી આવ્યૌ છે તે હું જાણતો નથી અને સાચેસાચ કહું તો તેની મને પડી પણ નથી.'' મેં ઘોષણા કરી, ''તું આ મૂર્ખાઇ ભર્યા કપડાં પહેરી રાખ અને મને મૂર્ખ જેવું હાસ્ય આપે રાખ. તારે જેટલું વિચિત્ર થવું હોય એટલો થા. કારણ મેં પોલીસને બોલાવવાની યોજના કરી લીધી છે. પણ હું તેમ કરું તે પહેલાં તમે સંન્યાસીઓ જે શાંતિની પ્રતિજ્ઞા માટે પ્રખ્યાત છો એ તોડીને શા માટે મને કહેતા નથી કે તમે અહી કેમ આવ્યા છો?''

''પીટર, હું અહી તને મદદ કરવા અને તારા નેતૃત્વને ફરીથી મઠારવા આવ્યો છું,'' તેમણે વિસ્મય પમાડે તેટલા અધિકારપૂર્વકના અવાજમાં કહ્યું, ''હું અહી

તને મદદ કરી તારા વ્યવસ્થાતંત્રને ફરીથી પાટે ચડાવવા આવ્યો છું અને પછી દુનિયાની કક્ષાના ધોરણો અપાવવા આવ્યો છું.''

આ માણસે મારું નામ કેવી રીતે જાણ્યું? કદાચ આ માણસ ખૂબ ખતરનાક છે. ''હું ખુશ છું કે મારી આજુબાજુ સંરક્ષકો હાજર છે.'' મેં મનમાં વિચાર્યું અને અર્થ વગરનું આ બધું શું છે કે મને મદદ કરવી.'' મારા નેતૃત્વને ફરીથી મઠારી કંપનીને પાછી પાટે ચઢાવવી?'' જો આ વિદુષક કોઇ સલાહકાર હોય અને મારું ધ્યાન ખેંચી મોટો ધંધો કરવાની આશા રાખતો હોય તો એ કદાચ ખોટે રસ્તે જઇ રહ્યો હતો. બીજા બધાં વધારે કિંમત લેનારા અને ઓછું કામ કરનારા બદલાવના દલાલો જેમને બધું સજાવી-ધજાવીને દર્શાવવાની એક દંગ કરી નાખનારી આવડત હોય છે અને જેઓ પોતાના જલ્દી કામ છોડવાના ધ્યેયને ચૂકતા નથી એવા લોકોની જેમ તેણે મને તેનો પ્રસ્તાવ શા માટે ન મોકલ્યો.

''પીટર તને જરાપણ ખ્યાલ નથી કે હું કોણ છું ખરું ને?'' તેણે મિત્રતા ભર્યા અવાજે પૂછયું.

''ના, હું ટ્રિલગીર છું પણ મને ખબર નથી. અને જો તમે મને હમણાં કહેશો નહી. તો હું તમને અને તમારી નમ્રતાને લાત મારીને નીચે પાછળના રસ્તા પર અને ત્યાં ગાડીઓ મૂકવાની જગ્યામાં કાઢી મૂકીશ.'' હું ગડબડાહટમાં બરાડયો.

''હું જોઇ રહ્યો છું કે હજી તારો સ્વભાવ એવો જ છે પીટર,'' આપણે એના ઉપર વિચારવું પડશે. હું શરત મારું છું કે એ સ્વભાવ તને તારા કામદારોની વિશ્વ્વસનીયતા જીતવામાં કામ લાગશે નહી. અને હું જાણું છું એ તારી ગોલ્ફની રમતમાં તને દુ:ખ આપશે જે ક્યારેય સારૂં નથી. યુવાને એવું કહ્યું અને જોરથી હસી પડયો.

''તને કંઇ ખબર છે તું કોની સાથે વાત કરી રહ્યો છે, એય, ઉદ્ધત! નાની નાની મુશ્કેલીઓ ઉભી કરનાર.'' હું ચીખી ઉઠયો, એ હકીકતની મેં પરવા ન કરી કે આ રહસ્યમય અજાણ્યો માણસ છ ફૂટ ઉપર ઊંચો હતો અને તેનું શારીરિક સૌષ્ઠવ સારામાં સારૂં હતું.'' તું મને મારા સ્વભાવ ઉપર ઉપદેશ આપવાની હિંમત કેવી રીતે કરી શકે? જો તું મારી પાછળ આવીશ તો હું ચોક્કસ પોલીસને તારી વિરુધ્ધ કાર્ય કરવાનું કહીશ અને આ ખૂબ ભયંકર ગુનો છે તે તું જાણે છે.'' મે નોંધ્યું કે હું મારી જાતને પૂછી રહ્યો હતો અને મને ફરીથી સખત પસીનો છૂટયો હતો.

પછી યુવાને કંઇ કહ્યું જે મને આશ્ચર્યજનક લાગ્યું તેણે હાથ ઊંચો કર્યો અને તેના ઝબ્બાના ખિસ્સામાં ઊંડે સુધી હાથ નાખી તેમાંથી સોનાના પતરાથી મઢેલો ગોલ્ફનો બોલ કાઢયો. પછી તેણે તે દડો હવામાં ઉછાળ્યો જેથી હું પકડી શકું. ''મને લાગ્યું કે કદાચ તારે તે પાછો જોઇશે.' તેમણે સ્મિત સાથે ટીકા કરી.

મારી હથેળીમાં જે વસ્તુ હતી તેનાથી હું દંગ થઇ ગયો. તે ગોલ્ફના દડા પર કોતરેલું હતું કે **''જુલીયનને તેના પચાસમા જન્મ- દિવસે, સોનાનો ગોલ્ફ બોલ કે જે માણસ પાસે બધું જ છે.** ' અને એના પર સહી હતી: **તારો હંમેશનો મિત્ર પીટર.** આ યુવાન પાસે આ ગોલ્ફનો દડો કયાંથી આવ્યો? મેં એ મારા વર્ષો જૂના ગોલ્ફના

ભાગીદાર જુલીયન મેન્ટલેને થોડા વર્ષો પહેલાં આપ્યો હતો. જુલીયન ધંધામાં એક જાણીતું નામ હતું અને ઘણાં વર્ષોમાં હું જે થોડા મિત્રો રાખી શકયો છું તેમાંનો એક હતો. એ માણસ પાસે ઘણી કુશાગ્ર બુદ્ધિ હતી અને અમેરિકામાં તે ખૂબ જ જાણીતા વકીલ તરીકે પ્રખ્યાત હતા. તેના દાદા જાણીતા સંસદ સભ્ય હતા અને પિતા ખૂબ જ માન પામેલા ફેડરલ કોર્ટના જજ હતા. નાની ઉંમરે જ સફળતા મેળવવા માટે તૈયાર જુલીયને હાવર્ડ લૉ સ્કૂલમાં પહેલા નંબરે સ્નાતકની પદવી મેળવી હતી. અને પછી ધ્યાન ખેંચે એવી સફળ કાયદાની કંપનીમાં ખૂબજ અગત્યનું સ્થાન મેળવ્યું હતું.

જુલીયન થોડા જ વર્ષોમાં રાષ્ટ્રીય રીતે મહત્વનો બની ગયો. તેનાં બ્લયુચીપ ઘરાકોમાં અબજો-ડોલરનો ધંધો કરનારી કંપનીઓમાં મુખ્ય સ્પોર્ટસ્ ટીમસ્ અને આગળ પડતી સરકારો પણ હતી. તેનાં ખૂબ જ સારા દ્રિવસોમાં એની પંચ્યાશી બાહોશ વકીલોની ટૂકડીઓ હતી અને તેણે ઘણા કાયદાકીય વિજયો મેળવ્યા હતા જે આજ સુધી મારા માટે ગર્વની વાત છે. સાત આંકડાની આવક સાથે તેની પાસે એક વ્યક્તિને જોઇએ તે બધું જ હતું. જો ગણવા જઇએ તો આ માણસના પાડોશીઓ બધા જાણીતા લોકો છે. તેની પાસે ખાનગી વિમાન છે, તેનું ઉનાળાનું ઘર ટ્રોપીકલ ટાપુ પર અને તેની સૌથી મોંઘી માલિકી એટલે ચમકતી લાલ ફેરારી જે તેના ડ્રાઇવીગના રસ્તાની વચ્ચે પાર્ક કરેલી છે. પણ મારી જેમ જુલીયનની પણ તેની પોતાની ખામીઓ હતી.

એ શેતાનની જેમ કામ કરતો, નિયમિતપણે તે આખી રાત કામ કરતો અને તેની બીજા દિવસની ચક્કી ચાલુ કરતાં પહેલાં તેના રજવાડી ઓફીસના પલંગ પર તે થોડા કલાક ઊંઘ ખેંચી કાઢતો. જો કે મને તેની સાથે ગોલ્ફ રમવું ગમતું હતું પણ એ કયારેક જ મળતો. તેની કાર્યકારી મદદનીશ પાસેથી એક જ બહાનું સાંભળવા મળતું, ''મિ. ફ્રેંકલીન હું દિલગીર છું, આ અઠવાડિયે મિ.માન્ટલે તમારી સાથે ગોલ્ફ રમી શકશે નહી કારણ તેમને એક અત્યંત અગત્યનો કેસ આવી પડયો છે જેને માટે તેમણે માફી માગી છે.' એ માણસ પોતાની જાતને સતત વધારાના કામમાં નાખ્યે રાખતો હતો જેથી તેણે તેના બધા મિત્રો ગુમાવી દીધા હતા અને તેની ખૂબજ સમજુ પત્ની પણ ગુમાવી હતી.

હું ખૂબ જ પ્રમાણિકપણે માનતો હતો કે જુલીયનને અંતિમ ઇચ્છા કે એવું કંઇક હશે. એ અતિશય સખત કામ કરતો હતો એટલું જ નહી તે ખૂબ સખત જીવન પણ જીવતો હતો. તે તેની મોડી રાતની સુંદર યુવાન સ્ત્રીઓ સાથે શહેરની સારામાં સારી રેસ્ટોરન્ટમાં જવાની ટેવ માટે પણ પ્રખ્યાત હતો. અને ગુંડા જેવા લોકો સાથે બેસી અવિરત દારુ ઢીચતાં પરિણમતી મારામારી જે બધું બીજા દ્રિવસના છાપે અચૂક ચઢતું. તેના કાર્યથી તદ્ન વિરુધ્ધ બોલતો જુલીયન તેના પોતાના માટે કબર જરૂર ખરીદતો હતો. હું એ જાણતો હતો. તેની સાથે કામ કરતા વકીલો જાણતા હતા અને મને લાગે છે કે ઊંડે ઊંડે તેનો આત્મા પણ જાણતો હતો.

મેં દુ:ખપૂર્વક જુલીયનની ધીમી પણ સતત થતી પડતી જોઇ હતી. ત્રેપન વર્ષની ઊંમરે એમ લાગતું હતું કે તે પંચોતેર વર્ષનો થઇ ચૂકયો છે. સતત દબાણ અને

તાણની સખત જીવન પદ્ધતિએ તેના શારીરિક બંધારણને તોડી નાખ્યું હતું અને તેનો ચહેરો કરચલીઓના જથ્થા જેવો બની ગયો હતો. મોડી રાતનું ખર્ચાળ ફ્રેંચ રેસ્ટોરન્ટનું જમણ, ક્યુબન જાડી સીગારનું સેવન અને ફ્રેંચ દારુના ખર્ચાળ ઘૂંટ ઉપર ઘૂંટ પીવાથી તે શરમજનક રીતે જાડો બની ગયો હતો. અને એ હંમેશા ફરિયાદ કરતો કે માંદા અને થાકેલા રહેવાથી એ માંદો અને થાકેલો થઇ ગયો હતો. સમય જતાં તેણે તેની એક વખતની હસાવવાની આવડત ગુમાવી હતી અને એ ભાગ્યે જ હસતો. ધીમે ધીમે સમય જતાં તેણે ગોલ્ફ રમવાનું છોડી દીધું, જો કે મને ખબર હતી કે તેને મારી સાથે રમવું અને ફરવું ગમતું હતું. તેની પાસે જે કામ હતું તે બધા પછી જુલીયને મને ફોન કરવાનું બંધ કરી દીધું. હું જાણતો હતો કે તેને મારી મિત્રતાની જરૂર હતી એટલી જ મને તેની મિત્રતા ગમતી હતી. હું ધારું છું કે તેની તેને પરવા નહોતી.

મહાન જુલીયન માન્ટલે ભયંકર હાલતમાં ફસાઇ ગયો. એક સોમવારની સવારે કોર્ટના ખીચોખીચ ભરેલા રૂમની વચ્ચે જુલીયન તેના કોરપોરેટ ગ્રાહક, એર એટલાન્ટીક કંપની માટે કેસ લડતાં લડતાં ઢળી પડયો. તેના અર્ધ કાયદાકીય મદદનીશોની બૂમાબૂમ અને મિડિયાના કેમેરાઓની વચ્ચે જુલીયનને હોસ્પીટલમાં લઇ જવો પડયો. ત્યાં પહોંચતાં જ તેને ખૂબ જ ભયંકર હાર્ટએટેક આવ્યો છે એમ ડોકટરોએ કહ્યું અને હૃદયની સેવા આપવાવાળા યુનિટમાં તેને લઇ જવામાં આવ્યો. ત્યાંના હૃદયના ચિકિત્સકે કહ્યું કે તેણે ક્યારેય ન જોયો હોય તેટલો આ દર્દી મોતની નજીક છે. પણ ગમે તેમ કરીને એ બચી ગયો. ડૉકટરોએ કહ્યું કે જુલીયન એક લડવૈયો છે અને લાગે છે કે તેનામાં "દાદ માગી લે તેટલી જીજીવિષા છે."

તે દુ:ખદાયક બનાવ પછી જુલીયન ઘણો બદલાઇ ગયો હતો. બીજે દિવસે તેણે ઘોષિત કર્યું કે તે કાયદાનો ધંધો કંઇક સારા કાર્ય માટે છોડી રહ્યો છે. મેં એવી અફવા સાંભળી હતી કે જુલીયન કોઇ પ્રકારના ચોક્કસ કામ માટે ભારત ગયો છે. તેણે તેના ભાગીદારને કહ્યું, "તેને કેટલાક જવાબો જોઇએ છે' અને તેને આશા છે કે એ પ્રાચીન દેશમાં સૈકાઓથી ડહાપણ સંગ્રહાયેલું છે. બધું બંધ કરવા માટે જુલીયને તેનું મકાન, તેનું વિમાન અને તેનો માલિકીનો ટાપુ વેચી દીધો. ગમે તેમ પણ છૂટા પડતી વખતે તેના આશા ન કરી હોય તેવા છેલ્લા શબ્દો હતા: " **જુલીયને તેની ફેરારી ગાડી વેચી દીધી જેને તે સૌથી વધારે પ્રેમ કરે છે.** '

મારા વિચારોમાંથી હું જલ્દીથી નિવૃત થઇ સંન્યાસીનાં કપડાં પહેરેલા અજાણ્યા સંન્યાસી તરફ ફર્યો. જે અત્યારે મારી ઓફીસની વચ્ચે ઉભો હતો, હજી હસતો હતો અને હજી તેના જાડા ભૂખરા વાળ ઉપર કપડું વીટાળેલું હતું, "તમને આ સોનાના પતરાથી મઢેલો ગોલ્ફનો બોલ ક્યાંથી મળ્યો?' મેં શાંત અવાજે પૂછયું, "આ મેં મારા પ્રિય મિત્રને થોડા વર્ષો પૂર્વે તેના વિશિષ્ટ જન્મદિવસે ભેટ આપ્યો હતો."

"હું એ જાણું છું' મુલાકાતીએ જવાબ આપ્યો. "અને તે તારા એ વર્તનની ખરેખર કદર કરે છે."

''અને હું એ પૂછી શકું કે તમને એ કેવી રીતે ખબર પડી.'' મેં પૂછયે રાખ્યું.
''કારણ હું જ એ પ્રિય મિત્ર જુલીયન માન્ટલે છું.''

પ્રકરણ : 3

ધંધાના લડવૈયાનું રહસ્યમય પરિવર્તન

મેં જે સાભળ્યું તેનાથી મને આશ્ચર્ય થયું. આ યુવાન જે તંદુરસ્તીની ટોચ પર છે એ ખરેખર જુલીયન માન્ટલે છે. અત્યાર સુધી મારી જાણમાં છે કે એ માણસ મહાનતાના શિખર પરથી એવો ગબડયો હતો, એવો કોઇ નહોતો ગબડયો? અને જો આ એ જ હોય તો તેના દેખાવમાં આટલો ચમત્કારીક બદલાવ કેવી રીતે થઇ શકે? હું જાણતો હતો કે જુલીયને તેનો બંગલો, તેનું ઉનાળામાં રહેવાનું ઘર અને એની લાલ ખૂબ મોંઘી ફેરારી પણ વેચી દીધી હતી. હું જાણતો હતો કે ધંધાકીય પાંજરૂ તેણે ફગાવી દીધું હતું. અને જે પ્રશ્નો સાથે તે ઝઝૂમતો હતો તેના જવાબ મેળવવા જેવા પાગલ ધ્યેય પાછળ તે હિમાલય ખૂંદવા ગયો હતો. પણ જે માણસે પોતાને પ્રયત્નપૂર્વક ઊંડી ગર્તામાં ફેંકી દીધો હોય તે ખાત્રીપૂર્વક ફકત એક પ્રાચીન અને રહસ્યમય પ્રદેશની મુલાકાત માત્રથી આમૂલ બદલાઇ જાય નહી.

આ ધ્યાન દોરે તેવા દશ્યથી વિચલિત થઇને મારું મન બીજી ઘણી બધી શકયતાઓ પર વિચાર કરવા લાગ્યું. કદાચ મારા ઓછી-સમજણવાળા મેનેજરનું તેના બુદ્ધિશાળી મનમાં ઉત્પન્ન થયેલું નાટક પણ હોય. જે આ તાણથી ભરેલા અઠવાડિયા માટે વધારાનું ઇંજેકશન સાબિત થાય? અથવા કદાચ આ યુવાન અમારી હરીફ કંપનીમાંથી મોકલાયેલો હોય જેને જાણવું હોય કે અમારી પરિસ્થિતિ ખરેખર કેટલી ખરાબ છે? કદાચ આ સંન્યાસીના વેશમાં આવેલો કોઇ ભટકેલો રાહદારી હોય જે મને ભયંકર રીતે નુકશાન કરવા આવ્યો હોય. પણ આ બધી શકયતાઓને હું ચકાસું તે પહેલાં તે યુવાન બોલ્યો.

"પીટર હું જાણું છું કે ખરેખર હું છું એ માનવું તારા માટે મુશ્કેલ છે. જો હું તારી જગ્યાએ હોઉં તો મને પણ એમ જ લાગ્યું હોત. આ માટે હું મારામાં તને થોડો વિશ્વાસ રાખવાનું અને જીવનના નાના ચમત્કારોમાં થોડું માનવાનું કહું છું. મારી મુલાકાતનો કોઇ હેતુ છે."

"અને એ હેતુ શું હોઇ શકે?", મેં પૂછયું. હજી હું માની શકતો નહોતો કે મારી સામે કોણ ઊભું છે.

"ખુલીને કહું તો, મેં સાંભળ્યું છે કે તું મોટી મુશ્કેલીમાં છે અને હું તને મદદ કરવા આવ્યો છું. મેં જે ગ્લોબલ વ્યુ વિષે મારા હિમાલયથી પાછા આવ્યા બાદ સાંભળ્યું છે એ સાચું હોય તો હું જે તને કહેવા આવ્યો છું એ ન સાંભળ્યું કરવાનું તને પરવડે એમ નથી. મેં જે માહિતી શોધી છે તેથી તું અને તારો ધંધો ફરીથી સફળતાની ઊંચાઇએ પહોંચી જશો જ્યાં એક વખત તમે હતા. મને જે જ્ઞાન આપવામાં આવ્યું છે તેનાથી તું ચોક્કસ બજારમાં નેતૃત્વ પ્રાપ્ત કરીશ. મેં જે પાઠો ભણ્યા છે તે તને શીખવશે કે તારા ધંધાકીય ક્ષેત્રમાં કોઇપણ કંપનીએ વફાદાર, સમર્પણવૃત્તિવાળા અને ઉત્સાહિત કામદારો કેવી રીતે રાખવા. આ માહિતી મને

ખૂબ વિદ્વાન શિક્ષકે જે હિમાલયની ઊંચાઇ પર મને મળ્યા તેમણે આપી છે. અહી પશ્ચિમમાં તેમણે મને જે શાશ્વત ડહાપણ આપ્યું છે તે એટલું અગત્યનું છે કે મને ખાત્રી છે કે તારા સંપૂર્ણ વ્યવસ્થાપનના પાયામાં તે એક ચમત્કારિક બદલાવ આણશે.''

''ચાલુ રાખો'' મારી જીજ્ઞાસાની ટોચ પર મેં કહ્યું.

''જે ડહાપણ હું તને જણાવવા આવ્યો છું તે તેના પોતામાં એટલી વિશિષ્ટ અને અત્યંત શક્તિશાળી પદ્ધતિ છે. જે નેતૃત્વની રૂપરેખા જેવું જ છે. તે ખરેખર સંપૂર્ણ છે. આ પદ્ધતિને અપનાવ પછી પાછળ બેસીને જો કે તારી કંપની ફરીથી તંદુરસ્ત બની છે કે નહી. ખરેખર કહું તો તેને એવી રીતે ઘડવામાં આવી છે કે તે ધાર્યા કરતાં ઘણું સારૂં પરિણામ લાવી શકે છે. જો પૂરી શ્રદ્ધાથી તું આ સૂત્ર અપનાવે તો તારો ધંધો હતો તેના કરતાં વધારે સફળતા પ્રાપ્ત કરશે. તેં કલ્પના પણ નહી કરી હોય તે રીતે આ બધું સુધરી જશે. કામ કરવાની વૃત્તિ અને ઉત્પાદન ક્ષમતા અનેક ઘણાં વધી જશે. તારા કામદારો કયારેય ન જોયા હોય તેટલા સમર્પણ અને સર્જનાત્મકતાથી કામ કરશે. તેઓ બદલાવ પ્રત્યે સંપૂર્ણ ધ્યાન આપી તેને અપનાવશે. તારી ટીમ ફરીથી એક થઇ કામ કરશે અને તેઓ શું કરે છે, તેના ઉપર સંપૂર્ણ કાળજી રાખશે અને કહેવાની જરૂર નથી કે તારો નફો છપ્પર ફાડ હશે.

''સારું, તેં મારું ધ્યાન ખેંચ્યું છે,'' મેં ઉત્તર આપ્યો. ''પણ પહેલાં મને કંઇક પૂછવા દે. ધારો કે તું જુલીયન છે અને આ માત્ર ધારણા જ છે. તો તેં સંન્યાસીના કપડાં કેમ પહેર્યાં છે? જ્યાં સુધી હું જાણું છું જુલીયન માન્ટલે મરેલો પણ અરમાનીના કપડામાં જ મળે.''

''મારા મિત્ર, તારો સવાલ યોગ્ય છે,'' યુવાને મસ્તીભર્યા સ્મિત સાથે જવાબ આપ્યો. જેનાથી મને તરત જ જણાયું કે જુલીયન તેની યુવાનીનાં વર્ષોમાં જેને માટે પ્રખ્યાત હતો તેવું જ તે હતું. ''જો મેં પહેલાં જ સમજણ પાડી હોત તો તે મન પર લીધું હોત?''

''મારું ચિત્ત મારા કાનમાં છે.'' મારી પાછળ ખસેડવાની ખુરશીમાં આરામથી બેસતાં મેં જવાબ આપ્યો. કારણ મને લાગતું હતું કે આ મજાની કહાની હશે.

યુવાને અતિશય ઝીણવટથી અદ્‌ધિતિય જુલીયન માન્ટલેની ચડતી અને પડતીની વાતની શરૂઆત કરી, હાવર્ડ લો સ્કુલના તેના બાહોશ નાના વિદ્‌યાર્થી જીવનથી માંડીને આખા દેશના અતિશય ગૂંચવડાવાળા ધંધાકીય ખટલાઓને કાયદાકીય રીતે સંભાળતા એક અપ્રતિમ સફળ વકીલ સુધી, તેણે તેના ખરેખરા વિજયોની અને તેની સારી રીતે નોંધાયેલી પડતીની વાત કહી. તેણે તેનાં સપનાંઓ, તેની ભીતિ, તેનું તૂટી ગયેલું લગ્નજીવન અને તેને આવેલા હૃદયના હુમલાની વાત કહી. તેણે મારી ગોલ્ફની રમતની અંતરંગ વાતોને સંભારી અને કહ્યું કે બપોરના તડકામાં વિતાવેલી મજાકીયા વાતો હજી તેને યાદ છે.

''તે દિવસો ખૂબ મજાના હતા,'' હું વચ્ચે બોલ્યો. ગમે તેમ મને લાગતું હતું કે, આ અજાણ્યો યુવાન જે સંતના સ્વાંગમાં છે તે કદાચ સાચેસાચ મારો ખૂબ લાંબા

સમયથી ખોવાયેલો મિત્ર જુલીયન માન્ટલે હોવો જોઇએ. બીજું કોણ આ બધું જાણતું હોય? હું શાંતિથી બેસી રહ્યો કારણ આગળ શું કહેવું તે મને સમજાતું નહોતું. પછી હું ઊઠયો અને તેની પાસે ચાલી ગયો.

''તું સાચેસાચ જુલીયન છે, ખરું ને?'' હું દિલગીરીપૂર્વક બોલ્યો.

''હા, હું જ છું, અને આટલા બધાં વર્ષો પછી તને મળીને સારૂં લાગે છે. પેલો ગોલ્ફનો બોલ જે મને મારા પચાસમાં વર્ષે તેં મને આપ્યો હતો તે મારા માટે ઘણું બધું હતો.''

હું એને જોઇને ગેલમાં આવી ગયો. જૂના મિત્રોની જેમ અમે એકબીજાને ભેટયા અને અમે વિતાવેલાં આનંદમય વર્ષોને વાગોળતાં રહ્યા. પણ મારી ભીતરમાં હજી મને એક પ્રશ્ન મુંઝવતો હતો. મને હજી જુલીયનની દાદ માગી લે તેવી યુવાનીનું, મન માની જાય તેવું કારણ મળતું નહોતું.

મારી અસ્વસ્થતા સમજાતાં જુલીયને તેની મહોર હોય તેવા હાસ્ય સાથે પૂછયું, ''''મારી સુંદરતાનું રહસ્ય જાણવા માટે તું ઉત્સુક છે ને?'' તેના હોઠ પૂર્ણપણે હાસ્યની મુદ્રામાં વંકાયા.

''મારી મજાક ન ઉડાવ જુલીયન પહેલાં તો તું આટલાં વર્ષો પછી મૂર્ખ લાગે તેવા કપડાં પહેરી ઓચિંતાનો દેખાયો. મારી બારી પર પથ્થર ફેંકી મને દિવસે તારા દેખાય તેટલો ડરાવ્યો એ પણ જ્યારે મારો દિવસ ખૂબ જ તાણવાળો હતો ત્યારે. પછી તેં મને તું કોણ છે તે કહીને ચમકાવી દીધો અને મારી લોહીલુહાણ કંપનીને બચાવવા તેં મફતમાં ડહાપણ આપવાનું કહ્યું અને હવે તું મને એ પણ ન સમજાવે કે તારો દેખાવ આટલાં વર્ષે કયાં મૂકી આવ્યો. તું ખરેખર મશ્કરી કરે છે જુલીયન,'' મેં મારા મજાકીયા ગુસ્સાથી કહ્યું.

''મારા હૃદય રોગના હુમલા પછી, મેં જીવનમાં આમૂલ પરિવર્તન કરવાનું નક્કી કર્યું. મને ખાત્રી છે કે તેં સાંભળ્યું હશે કે મેં મારૂં મકાન, મારું ઉનાળાનું ઘર અને મારાં બીજાં રમકડાં વેચી દીધાં હતાં.''

''જુલીયન, તેં ફકત તારી ફેરારી રાખી હોત તો, તે એટલું સારું મશીન હતું. સોનેરી રંગના ફટાકાની આગળપાછળ ઘૂમતા, જેને તું તારી પાછળની સીટ પર બેસાડતો અને તેના લાંબા વાળ હવામાં ઉડતા એ બધું મને હજી યાદ છે.''

જુલીયન તરત હસ્યો, ''પેલી જે ઘેરા ગુલાબી રંગનું મીની સ્કર્ટ પહેરતી તે?''

''તેની જ વાત કરું છું.''

પછી તે ઊંડા વિચારમાં ડૂબી ગંભીર બની ગયો. ''હું આજે છું ત્યાં મારે પહોંચવું હોય તો મારી પહેલી દુનિયાના દરેક બંધનને તોડવાં જ રહ્યા. મને ફેરારી ગમતી હતી પણ હું જાણતો હતો કે તેણે જવું જ રહ્યું. નહિંતર તો એ એવું થાય કે તમે વહાણવટાનું સાહસ કરવાનો યત્ન કરો અને તમારી સલામતી ખાતર કિનારે દોરડું બાંધી રાખો. તે બધું ન ચાલે. તેથી મારા સખત મહેનતી જીવનની બધી નિશાનીઓ મેં વેચી દીધી, ''કોઇપણ બંધન વગર મુકત જીવનશૈલી સાથે હું ભારત

તરફ આગળ વધ્યો. મને હંમેશા સંશય હતો કે એ ધરતી જ્ઞાન અને સત્યથી સમૃદ્ધ છે.'

પછી જુલીયને વર્ણવ્યું કે જે પ્રકારના કાર્ય અને જીવનથી એ ટેવાયેલો હતો તેમાંથી પ્રગતિ કરવાની માહિતીના સંશોધન માટે એ આ વિશાળ દેશના આ છેડેથી પેલે છેડે સુધી ફરી વળ્યો. કેટલીકવાર એણે ટ્રેનની, તો સાયકલની અથવા ચાલીને મુસાફરી કરી. તેણે પ્રાચીન મંદિરોની મુલાકાત લીધી અને આદરણીય શિક્ષકો પાસે ભણ્યો. તે બીજા એવા લોકોને પણ મળ્યો જેઓ જીવનના મુખ્ય સવાલોના જવાબો શોધતા હતા અને તેમની સાથેની મિત્રતા આજ દિવસ સુધી બરકરાર છે. ભારતમાંના તેના થોડા શરૂઆતના મહિનાઓમાં જે ડહાપણ એને મળ્યું તે છેતરામણું હતું. પછી જેમ જેમ એણે ઊંડું સંશોધન કર્યું ત્યારે હિમાલયના શિખરો પર વસતા સંન્યાસીઓના કાફલા માટેનો ગણગણાટ એના કાને પડ્યો.

દંતકથા મુજબ આ સંતો, શિવાનાના મહાન સંતો તરીકે ઓળખાતા. શિવાના એટલે દિવ્ય અનુભવની વીરડીઓ તરીકે તેમની સંસ્કૃતિમાં અને ભાષામાં કહેવાય. તેમણે વ્યક્તિગત અને વ્યવસાયિક હેતુને ઉંચાઇ સિદ્ધ કરવા માટે એ અસામાન્ય પદ્ધતિ વિકસાવી હતી. સમસ્યા ફક્ત એટલી જ હતી કે આ સાધુઓ ક્યાં મળશે તે કોઇ જાણતું નહોતું.

''ઘણાં લોકોએ તેમને શોધવાનો પ્રયત્ન કર્યો હતો.'' જુલીયને કહ્યું, ''વ્યવસાયિક લોકોએ ધંધાકિય જગતનાં નેતૃત્વને લગતાં ઊંડા રહસ્યો ઉકેલવા તેમને શોધ્યા હતાં. બીજાઓએ જીવનમાં નેતૃત્વના પાઠો આપવા તેમને શોધ્યા હતાં. પણ હિમાલયના ઉત્તુંગ શિખરો ખૂબ ભયંકર છે અને આ છેતરામણા સંતોને શોધતાં ઘણાં નિર્દોષ લોકોએ તેમના જાન ગુમાવ્યા હતાં.''

સમસ્યાઓથી ક્યારેય પાછા ન પડેલા જુલીયને આ સ્વીકારી લીધું અને પોતે ચઢવાની શરૂઆત કરી. તે જેને શોધતો હતો તેમને મળવાના નિશ્ચય સાથે ઘણાં દિવસ અને રાત તે ચમત્કારિક શિખરો ચઢતો રહ્યો. તેણે પહેલાં શરૂઆત નાની ટેકરીઓથી કરી અને સીધા અને સીધા ચઢાણ પર તે આગળ વધતો ગયો. તે પ્રાર્થના કરતો રહ્યો કે આ રસ્તો તેને મહાન સંતોના ઘર તરફ દોરી જાય. તેણે મને કહ્યું કે આ એકાકીપણાના સમયમાં તેની વીતી ગયેલી જિંદગી શું હતી અને હવે શું હોઇ શકે એમ વિચારતો રહ્યો.

''ધંધાકિય દુનિયામાં હું એટલો બધો વ્યસ્ત હતો કે હું વ્યસ્તતા બની ગયો હતો. મને જીવન વિષે વિચારવાનો ક્યારેય સમય નહોતો. અને છતાં સૌથી અગત્યની ધંધાકિય આવડત બીજાના વિચારો જાણવા અને વિચારવું એ જ હતી. તેથી મેં જાણ્યું હતું કે આ માહિતીથી દોરવાતું જગત, જેમાં આપણે જીવીએ છીએ ત્યાં વિચારો જ સફળતાની ચાવીરૂપ હતા અને સૌથી અસરકારક લોકો સૌથી અસરકારક વિચારકો હતા.'' જુલીયને જણાવ્યું, ''મારો તે પર્વતોમાં ગાળેલો સમય બદલાવ આણનારો હતો. મારા જીવનમાં પહેલીવાર પીટર, મેં મારી ખરી જાતને જાણી અને હું કોણ છું તે સમજ્યો.''

જેમ જેમ તે તેના ચઢાણ પર આગળ વધ્યો, તેને ચિંતા થવા લાગી અને તેની પહેલાં ગયેલા ઘણા આશાથી ભરેલા સાહસિકો આ દુ:ખદાયક પ્રદેશમાં દટાઇ ગયાં, તેવું તેની સાથે થશે તો, તેવો ડર પણ લાગ્યો. અંતે તે દિવસ પણ આવી પહોંચ્યો. જેવો તે એક ચોક્કસ સીધા રસ્તા પર ચઢી રહ્યો હતો ત્યારે તેને સવારના સૂર્યપ્રકાશમાં એક આકૃતિની ઝાંખી થઇ, જેણે વિચિત્ર લાંબો અને ઉડતો લાલ લાંબો ઝબ્બો એની ઉપર ઘેરા બ્લુ રંગની ટોપી જેવા કપડાં પહેર્યાં હતા. આ સ્થાન પર પહોંચવા માટે તેને ઘણા દિવસ લાગ્યા હતા. અને જુલીયનને બીજા એવા માણસને જોઇને આશ્ચર્ય થયું. તે માનવ સંસ્થાનોથી ઘણા માઇલ દૂર હતો અને તેને હજી ખાત્રી નહોતી કે શિવાના કયાં રહે છે, તેથી તેણે તેના સહપ્રવાસીને બોલાવ્યો.

તે આકૃતિએ જવાબ આપવાની ના પાડી અને રસ્તા પર લગભગ દોડવા લાગ્યો. તેણે જુલીયન સામે પાછું વાળીને જોવાની તસ્દી પણ ન લીધી. તરત જ તે રહસ્યમય મુસાફર પૂરી ઝડપથી દોડવા લાગ્યો. જેથી તેનો લાલ ઝભ્ભો ખૂબ સારી રીતે પાછળ ઉડતો હતો જાણે કડક સુતરાઉ કપડું પવનવાળા શિયાળાના દિવસમાં લટકતું હોય તેમ.

"મિત્ર, મહેરબાની કરીને, મને તમારી શિવાનાને શોધવામાં મદદની જરૂર છે. હું સાધુઓને શોધું છું." જુલીયને બૂમ પાડી, "હું સાત દિવસથી થોડા પાણી અને ખોરાક સાથે મુસાફરી કરી રહ્યો છું, મને લાગે છે કે હું ખોવાઇ ગયો છું!"

તે આકૃતિ ઓચિંતાની અટકી ગઇ. જુલીયન તેની પાસે પહોંચી ગયો. તે મુસાફર, જેનો ચહેરો ટોપીથી ઢંકાતો હતો તે ધ્યાન ખેંચે એટલો સ્થિર રહ્યો. ઓચિંતાનો સૂર્યના પ્રકાશ તેના ચહેરા પર પડવાથી એટલું જાણી શકાયું કે તે મુસાફર પુરુષ હતો. પણ દુન્યવી-ડહાપણવાળા જુલીયન માન્ટલે એ આ પુરુષ જેવો આજ સુધી જોયો નહોતો. જો કે તેણે તારણ બાંધ્યું કે તે તેના પાછળના પચાસમાં હશે. તેનો ઘેરો રંગ ચીકણો અને કરચલી વગરનો હતો. તેનું શરીર શક્તિશાળી અને મજબૂત દેખાતું હતું. અને માણસ મુખ્યત્વે જોશવાળો અને ચમકતો હતો. અને એની આંખોમાં કંઇ ડૂબી જવાય એવું હતું કે જુલીયને તેની આંખો બીજી બાજુ લઇ જવી પડી.

"મને એ ખબર પડતાં વાર ન લાગી કે છેતરામણા શિવાના સંતોને મેં શોધી કાઢયા છે." જુલીયને કહ્યું ચોખ્ખું લાગતું હતું કે આ શોધથી તે હજી ઉત્સાહિત હતો, જો કે તેને ખાસ્સો સમય વીતી ગયો હતો. તેથી પર્વત પર મેં મારા હૃદયને તેની સામે ખુલ્લું કરી નાખ્યું. મેં તેને કહ્યું કે હું શા માટે ત્યાં ગયો હતો અને મને શું શીખવાની આશા હતી. મેં મારી પહેલાંની ધંધાકીય જિંદગીની વાત કરી. મારા હૃદય રોગના હુમલાની અને ધંધામાં અને જીવનમાં ખરા નેતૃત્વના રહસ્યો જાણવાની મારી લગનની વાત કરી. મેં તેને કાકલૂદી ભરી વિનંતી કરી કે મને તમારા લોકો પાસે લઇ જાઓ અને તેમનું ડહાપણ મને મારા માટે શોધવાની પરવાનગી આપો.

જુલીયનની વાતો ધ્યાનથી સાંભળ્યા પછી તે માણસે તેના ખભા પર હાથ મૂકયો અને ખૂબ ધીમેથી કહ્યું, "જો તને સારી રીતે જીવવાનું ડહાપણ શીખવાની

અંતરના ઊંડાણમાંથી ખરી ઇચ્છા હોય તો મારી ફરજ બને છે કે હું તને મદદ કરું. હું ખરેખર તે જ સાધુઓમાંનો એક છું જેની શોધમાં તું અહી સુધી આવ્યો છે. તને ધન્ય છે, તારી તિતિક્ષાને હું વખાણું છું. તું ઘણો સારો વકીલ હોવો જોઇએ. જો તને ગમે તો મારા મહેમાન તરીકે અમારા મંદિરમાં તું આવી શકે છે. જે આ પર્વતીય પ્રદેશમાં ન ઓળખાયેલા પ્રદેશમાં છે. મારા ભાઇઓ અને બહેનો તારૂં હાથ પહોળા કરીને સ્વાગત કરશે. પ્રાચીન સિદ્ધાંતો અને પધ્ધતિઓ જે અમારા વડીલોએ વર્ષોથી અમને શીખવી છે તે અમે બધાં સાથે મળીને તને શીખવશું.''

તેમ છતાં, તે સાધુએ જુલીયન ઉપર એક શરત લાદી. ''હું તને અમારી ખાનગી દુનિયામાં લઇ જાઉં અને અમારૂં સામૂહિક જ્ઞાન તને આપું તે પહેલાં તું મને વચન આપે તેવી વિનંતી કરું છું. જો કે આ ચમત્કારિક પર્વતોમાં અમે એકલવાયા છીએ. પણ અમે તમારી દુનિયામાં જે દુ:ખ-દર્દ છે તેનાથી તીવ્રપણે સભાન છીએ. ધંધાના નવા યુગે તેની સાથે આણેલા મહાન ફેરફારો અને તીવ્ર પીડા સાથે દરેક પ્રકારના નેતાઓ સમન્વય સાધવા લડી રહ્યા છે. હરીફાઇ કયારેય આટલી ડરામણી નહોતી, બદલાવનો દર કયારેય આટલો ઊંચો નહોતો અને જેમ જેમ લોકો બદલાવના યોગ્ય કારણો શોધવા મથી રહ્યા છે તેમ તેમ કામ કરવાની વૃત્તિ આથમતી જાય છે. લોકોમાં તેમની કંપની પ્રત્યે વફાદારીની ભાવના રહી નથી. તેમને તેમના કામ સાથે કોઇ સંબંધ નથી. દુ:ખદાયક છે કે સ્ત્રીઓ અને પુરુષો જે કાર્ય કરે છે તેની સાથે અર્થપૂર્વક જોડાઇ શકતા નથી. તેના પરિણામ રુપે તેમના જીવનમાં સંતોષ રહેતો નથી. તારો હૃદય રોગનો હુમલો એ વ્યકિતગત રીતે આ સાબિત કરે છે. પણ આવા લોકો માટે આશા બાકી છે અને એ આશાનું કિરણ તું બની રહીશ.''

''હું આશા કેવી રીતે આપી શકીશ?'' જુલીયને પૂછયું, ''હું તો અહી તમારી પાસે શીખવા આવ્યો છું.''

''ચિંતા ન કર,'' સાધુએ જવાબ આપ્યો, ''અહી આ રહસ્યમય પર્વતોમાં તું અમારી સાથે હોઇશ ત્યારે તું સાચા નેતૃત્વની નૌધપાત્ર પધ્ધતિ શોધી શકીશ. અમે તને એક સૂત્ર બતાવશું જે ધંધાકીય જગતના નેતાઓ પોતાની કંપનીને અસરકારક રીતે બદલાવવા તરત જ અપનાવશે, જેથી તેઓ સમૃદ્ધિ અને સંપત્તિના નવા શિખરો પામી શકે. અમે તને વ્યકિતગત નેતૃત્વના શાશ્વત પાઠો શીખવશું અને તું જે રીતે જીવન જીવે છે તેમાં ખરો ફરક મહેસુસ કરવા લાગીશ. નેતૃત્વનું ડહાપણ શીખવું એ આ દુનિયાના ઘણાં ઓછાનો અધિકાર છે જે તું થોડા વખતમાં શીખી જઇશ. અને છતાં એ એટલા અગત્યના છે કે તે બધા માટે શકય છે. તેથી, હું તને અમારી સંસ્કૃતિમાં લઇ જઇ અને મારા ભાઇઓ અને બહેનો સાથે તને મેળવીશ પણ તે પહેલાં મારી એક જરૂરિયાત તું સમજી લે.''

પછી સાધુએ જુલીયનને વિનંતી કરીકે શિવાનાના મહાન સાધુઓને શરણે જે પાઠો તું ભણીશ તે તું પશ્ચિમની દુનિયા, જે આ વિષે સાંભળવા આતુર છે તેને જણાવજે. સાધુઓના પ્રાચીન ડહાપણને પશ્ચિમી દુનિયામાં ફેલાવીને લોકોની જિંદગીમાં બદલાવ આણવાની જુલીયનની માનવીય ફરજ હતી. જુલીયને તરત જ

સાધુની શરત સ્વીકારી અને વચન આપ્યું કે તે સાધુઓનો સંદેશો પશ્ચિમમાં ખૂબ આદર અને સમર્પણ સાથે પહોંચાડશે.

મેં વચ્ચેથી આગળનું વિચારતાં તેની વાત કાપી કહ્યું, ""મને કહેતો નહીં કે સાધુઓના સંદેશાને સાંભળવાની જરૂરીયાતવાળા લોકોમાંનો હું એક છું.''

''મારું માન પીટર, જો તું સાંભળીશ તો તું ખુશ થઇશ. તું કે તારી કંપની પહેલાં જેવી નહીં રહે.''

મારી કટાક્ષવૃત્તિને બાજુ પર રાખીને મારા સ્વભાવની વિરુદ્ધ જીજ્ઞાસા બતાવી મેં પુછયું, ''આપણે ક્યારે શરૂ કરીશું?''મને લાગે છે અમે જે અધોગતિ કરી રહ્યા હતા, તેનાથી હું કંટાળી ગયો હતો અને જુલીયન ખરેખર નાવિન્ય આણવા માટેની રૂપરેખા આપે એમ ઇચ્છી રહ્યો અને જે બદલાવ અત્યંત જરૂરી હતો તે આવે. ઘણી જગ્યાએ પાછા પડવા છતાં જે જુલીયન માન્ટલેને ઓળખતા હતાં તે બધા કબૂલ કરશે કે તે ક્યારેય ખોટું બોલતો નહોતો.

''કાલે બપોરે કેમ રહેશે? પાંચ વાગે, બરાબર છે?'' જમણા હાથે તેના કપડાં સંભાળતાં જુલીયને પૂછયું.

''અમારા નીતિજ્ઞ ભાગીદારો સાથે મારી મીટીંગ નક્કી થયેલી છે પણ તે હું બદલી નાખીશ. હા, પાંચ વાગ્યે ઠીક રહેશે. હે પવિત્ર આત્મા,'' મેં મશ્કરી કરતાં જવાબ આપ્યો.'''' આપણે અહી જ મળીશું? લાગે છે તને મારો ગુલાબનો બગીચો ખૂબ ગમે છે. અને ચોકીદારો તને ઓળખે છે.''

''ખરું કહું તો મારા મનમાં બીજી જગ્યા હતી. આપણી જૂની ગોલ્ફક્લબમાં મળીશું. એવું કંઇ છે જે મારે તને બતાવવું છે, અને એ જગ્યા યોગ્ય છે.

પછી તેણે તેના ઝભ્ભામાંથી કંઇક બહાર કાઢયું, જે ચોગઠાં ગોઠવવાની રમતના લાકડાના ટૂકડાં જેવા લાગતા હતા અને પહેલાં જેમ તેણે ગોલ્ફના દડા સાથે કર્યું હતું તેમ તે હું પકડું તે માટે હવામાં ઉછાળ્યા.

મને ઝડપી હાસ્ય આપીને તે ફરી ગયો અને ચોકીદારો જે મારી ઓફીસની બહારની ખુલ્લી જગ્યામાં બેસીને કોફી પીતા હતા તેમને ચાલીને પસાર કરીને હું સાંભળું તેમ જુલીયનનો અવાજ રણક્યો, ""કાલે મળીશું.''

મેં મારા ગોલ્ફ પાર્ટનરનો લાલ લાંબો ઝભ્ભો જેમ જેમ તે બહાર જવાના રસ્તા પર ચાલતો હતો તેમ તેમ બન્ને બાજુથી લહેરાતો જોયો. મેં મારું માથું અસંમતિ સૂચક હલાવ્યું. મને લાગ્યું કે ઘણા લાંબા વખતથી મેં નહોતી અનુભવી તેવી ઉત્તેજના હું અનુભવી રહ્યો. છેવટે ગ્લોબલવ્યુ માટે આશાનું કિરણ દેખાતું હતું. કદાચ હું મારા કામગારોને પુનર્જીવિત કરી ઉત્સાહિત કરી શકું. એક વખતના આ મહાન વ્યવસ્થાપનને હું ભવિષ્યમાં ખરેખર ચોક્કસ દીર્ઘદષ્ટિ આપી શકું. કદાચ જુલીયન હિમાલયમાંથી જે નેતૃત્વની ખાસ પદ્ધતિ શોધી લાવ્યો છે તે અમને માર્કેટમાં ઊભી થતી નવી તકો ઝડપવામાં કામ લાગે અને અમે કયારેય ન જાણી હોય તેવી મહાન સિદ્ધિ મેળવીએ. અને કદાચ છેવટે હું જાણી શકું કે જુલીયનને તેની જાતને કેવી રીતે બદલી.

લગભગ એક ફૂટ ઊંચા કાગળિયાં મારા ટેબલ પર પડેલા હતા અને હું તેમની સામે તાકી રહ્યો હતો, હું ફરી ગયો અને જુલીયને જે લાકડાનાં ચોગઠાં મારી તરફ ફેંકયા હતા તેનો અભ્યાસ કરવા લાગ્યો. મેં નોંધ્યું કે તેની ઉપર કંઇક ચિત્રિત હતું. મેં ઘણું નજીકથી જોયું છતાં હું ઉકેલી શકયો નહી કે એ શું હતું. પણ મેં એ પણ નોંધ લીધી કે તે લાકડામાં અક્ષરો પણ કોતરાયેલા હતા. મેં વિચાર્યું, ''''કેટલું વિચિત્ર.'' શબ્દો લગભગ દેખાતા નહોતા કારણ સમય સાથે તે ઘસાઇ ગયા હતા. હું ઝડપથી મારા ટેબલના ખાના પાસે ગયો અને મેં બિલોરી કાચ શોધી કાઢયો. છેવટે હું શબ્દો વાંચી શકયો. તેમાં ફકત વંચાયું, નિયમ-૧ પૈસા આપતાં તેને ધ્યેય સાથે જોડો.

પ્રકરણ : ૪

નેતૃત્વની દીર્ઘદષ્ટિનું ડહાપણ

આત્માને લગતા સુંદર સત્યો ભેગાં કરી આ યુગમાં પ્રકાશમાં લાવવામાં આવ્યા છે, તેમાંનું સૌથી વધારે આનંદ અથવા દિવ્ય વચન અને વિશ્વાસનું ફળ આપનારું સત્ય એટલે તમે તમારા વિચારોના માલિક છો. તમારા સ્વભાવના ઘડવૈયા છો અને પરિસ્થિતિ, વાતાવરણ અને ભવિષ્યને બનાવનાર અને ઘડનાર છો.

- જેમ્સ એલન

બંને બાજુ ઝાડોથી દોરવાયેલા અંદરના પ્રદેશ તરફ જતા રસ્તા તરફ હું વળ્યો ત્યારે મારું દિલ ધડકતું હતું આ જ રસ્તો છેવટે મને મારી ગોલ્ફ કલબ તરફ દોરી જતો હતો. આખા દેશની અત્યંત પ્રતિષ્ઠિત કલબ તરીકે તે ખૂબ પ્રખ્યાત હતી. જજો, સંસદ સભ્યો, સરાફો અને ફિલ્મી હસ્તીઓ તેના સભ્યપદો શોભાવતા હતા અને જેનું ઉજ્જવળ ભવિષ્ય હોય તેવાઓ દસ વર્ષ પહેલાં સભ્યપદ માટે અરજીઓ કરતા. આ પ્રસ્થાપન સાથે હું જોડાયેલો છું તેથી હું મારી જાતને વધારે નસીબદાર સમજત જો તેમાં મળતી સવલતોનો હું નિયમિતપણે આનંદ ઉઠાવતો હોત. ગ્લોબલવ્યુમાં ચાલતી અંધાધુંધી ને લીધે ગોલ્ફની એક પાળી રમવી પણ પરી જગતમાં રહેવા જેવી હતી.

ખૂબ મોટો લાકડાનો મંચ જેના રાજાશાહી થાંભલા હતા અને શ્વાસ થંભી જાય તેટલી સુંદર રીતે કાપકૂપ કરીને તૈયાર કરેલું ગોલ્ફનું મેદાન અને ઝૂકી જતા ઝાડના પાંદડાથી ઘેરાયેલો બગીચો. જેવો હું કલબના મકાન પાસે પહોંચ્યો કે મેં જુલીયનને શોધી કાઢયો. તે વરંડામાં બેઠો હતો, મોડી સાંજના કિરણોથી બચવા તેના ટેબલ પર છત્રી લગાડેલી હતી. એવું લાગતું હતું કે તે કોઇ પીણાંની ચુસકીઓ લેતાં કોઇ પુસ્તક વાંચી રહ્યો હતો. અને કલબના પોષાક વિષયી કડક નિયમો ન પાળતાં તેણે હજી પણ તેનો રુબી જેવો લાલ ઝભ્ભો પહેર્યો હતો. હું હાસ્ય રોકી શકયો નહી. જુલીયન હંમેશા તેને ગમે તેમ જ વર્તતો હતો. અને તમારે તેને એ માટે પ્રેમ કરવો જ પડે.

''જુલીયન', જેવો હું મારી ગાડીમાંથી ઉતર્યો અને વરંડામાં જવાના પગથિયાં ઉતરતો હતો ત્યાં જ મેં એને બોલાવ્યો.

જેવો એણે મને પાસે આવતાં જોયો કે એ ઉભો થયો અને તેનો હાથ લંબાવ્યો. ''''આવવા માટે આભાર, પીટર, હું તને વચન આપું છું કે તારે નિરાશ થવું નહી પડે.''

જેવા અમે બેઠાં કે તરત મેં નશાકારક પીણું મંગાવ્યું. ઓફીસમાં આજે એવો જ ખરાબ દિવસ હતો અને મને લાગ્યું કે એ બધું ભૂલવામાં આ પીણું મદદ કરશે.

છેલ્લા કેટલાક મહિનાથી હું એટલા બધા કામના દબાણ નીચે હતો કે મારા ચિત્તને શાંત કરે એવું કંઇ પણ મને ચાલશે. ""તું શું વાંચે છે?'' જુલીયન પાસે ચામડાથી મઢેલી ચોપડી હાથમાં હતી. તે જોતા મેં પૂછયું.

''આ પુસ્તક ગાંધીના જીવન પર છે.''

''હું જાણતો નહોતો કે તું પણ ગાંધીમાં માને છે. સાચું કહું તો હું તને જાણું છું ત્યારથી આટલાં વર્ષોમાં મેં તને આવું પુસ્તક લઇને ફરતાં જોયો હોય તેવું યાદ આવતું નથી.''

''તું એક વખત જાણતો હતો તેવો સમય-ભૂખ્યો અને સતત-તાણમાં જીવતા જુલીયન માન્ટલે સાથે મારે કોઇ નિસ્બત નથી. તું કલ્પના પણ ન કરી શકે એટલી બધી રીતે હું બદલાઇ ગયો છું. હિમાલયમાં મેં શીખેલા ઘણા પાઠોમાંનો એક એ છે કે બે તત્વો-જ્ઞાન અને હિંમતથી દરેક વસ્તુ શક્ય બને છે. તેથી હવે ખાત્રીપૂર્વક દરરોજ હું સારા પુસ્તકમાંથી વાંચન કરું છું. તેમ કરવાથી હું મારી જોઇતી બુદ્ધિમતા સાથે જોડાયેલો રહું છું અને તે મને મારે જે કરવું છે તેના તરફ કેન્દ્રિત કરે છે અને મારે શું કરવું છે તેના જ્ઞાનથી દોરવાઇને હું આગળ વધવાની હિંમત ટકાવી શકું છું.

''રસ પડે એવું છે, પણ ગાંધી શા માટે?''

સાધુઓ સાથેના મારા સમાગમ પછી, હું નેતૃત્વનો ગંભીરતા પૂર્વકનો શિષ્ય બની ગયો છું. જ્યારે મોટાભાગના લોકો ''નેતૃત્વ' શબ્દ સાંભળે છે ત્યારે તેઓ તેને ફક્ત ધંધાકિય રીતે જ મૂલવે છે. તેઓ કંપનીના નેતાઓની કલ્પના કરે છે જે વધારે ઉત્પાદન માટે તેમની હાથ નીચે કામ કરનારને પ્રોત્સાહિત કરે છે અને જેઓ ભવિષ્યની તેમની મહાન દીર્ઘદષ્ટિ પ્રત્યે જોડાયેલા હોય છે. પણ સાધુઓએ મને શીખવ્યું કે નેતૃત્વ એ આના કરતાં ખરેખર ખૂબ વધારે અર્થવાળું છે. **નેતૃત્વ એ ખરેખર જીવનનો સિદ્ધાંત છે.** જેમ સીઇઓ અને સંચાલકો સારા નેતાઓ હોઇ શકે તેમ કાળજી રાખનારા શિક્ષકો, પોતાના સંશોધનમાં ખોવાયેલા વૈજ્ઞાનિકો અને પ્રેમાળ માતા પણ નેતા છે. સારા ગુરુઓ રમતની ટૂકડીને દોરે છે અને રાજકીય નેતાઓ સમાજને દોરે છે. અને આ બધું અંદરથી શરૂ થાય છે. જે પોતાને જાણી અને દોરવાની શિસ્તબદ્ધતાથી આવે છે. તમારા જીવનનું સત્વ નેતૃત્વમાં છે એ સમજો. રોબર્ટ લુઇસ સ્ટીવનસને એક વખત કહ્યું હતું કે, ''આપણે શું છીએ અને શું બનવું છે. તે બનવા માટે સક્ષમ થવું ફક્ત એજ જીવનનો ધ્યેય છે.

ખરા ડાહ્યા માણસો તેમના ધંધાઓનું તેમજ તેમના જીવનનું પણ નેતૃત્વ કરે છે. અને તેથી જ્યારથી હું હિમાલયથી આવ્યો છું. મેં ગાંધીના જીવનનો અભ્યાસ કરવાનું શરુ કર્યું છે. હું માનું છું કે આ માણસ આ પૃથ્વીને શોભાવનાર સર્વ શ્રેષ્ઠ નેતાઓમાંનો એક છે. આ માણસમાં પોતાના લોકોને તેણે જોયેલા ભવિષ્ય તરફ દોરવાનું જ નહી, પણ તેની પાસે પોતાની જાતને દોરવાનું ડહાપણ પણ હતું અને તે મહાન વ્યક્તિત્વ તરીકે જીવ્યો. તેઓ દિવ્ય અને અસરકારક નેતૃત્વનું ઉદાહરણ હતા.''

''આની સાથે અસમંત થવું મુશ્કેલ છે.''

“એક દિવસ ગાંધી ગાડીમાં ચઢતા હતા ત્યારે તેમનું એક બૂટ નીકળી ગયું અને સીધું પાટામાં પડયું. જ્યારે ગાડી ચાલવા લાગી ત્યારે તેમને તે મળ્યું નહી તેથી તેમણે એવું કંઇ કર્યું કે તેમના સાથીઓ ગભરાઇ ગયા.”

“શું કર્યું?”

“તેમણે બીજું બૂટ કાઢીને પહેલું જ્યાં પડયું હતું ત્યાં ફેંકયું. તેમના સાથીઓએ તરત જ તેમ કરવાનું કારણ પૂછયું. ત્યારે તેઓ પ્લેટફોર્મ પર બૂટ વગર ચાલતા હતા, તેઓ ધીમેથી હસ્યા અને બોલ્યા, ””હવે ગાડીના પાટામાં પડેલું બૂટ જે ગરીબ માણસને મળશે તેની પાસે જોડી હશે જે તે વાપરી શકશે.”

“સરસ’

ખરેખર મહાન નેતૃત્વમાં જોઇતો એક ગુણ નમ્રતા ગાંધીમાં ઠાંસી ઠાંસીને ભરેલો હતો.

“ખરેખર? મેં કયારેય વિચાર્યું નહોતું કે નમ્રતા આટલી મહત્વની હોઇ શકે.’

“અરે, પણ એ મહત્વની છે,” જુલીયને નજીકથી પસાર થતા નોકરને બોલાવી એક કપ હર્બલ-ચા મંગાવતાં ખૂબ નરમાશથી જવાબ આપ્યો. થોડી મિનિટમાં નોકર ચાના જગ અને સુંદર ચાઇનાના કપરકાબી જુલીયન માટે લઇને પાછો આવ્યો. તેણે કપ પૂરો ભરાયો ત્યાં સુધી ચા રેડી, પણ પછી એ ચા રેડતો જ રહ્યો! તરત જ ચા કપમાંથી ઢળીને ટેબલ પર પડી અને વરંડામાં રાખેલા બાકડા સુધી પહોંચી. અને છતાં તે ચા રેડતો જ રહ્યો.

“જુલીયન, તું શું સાબિત કરવા માંગે છે?” મેં ઉશ્કેરાતાં પૂછયું.

“નેતૃત્વનો સૌથી જરૂરી પાઠ,” તેણે શાંતિથી જવાબ આપ્યો. ””મોટાભાગના નેતાઓ આ ચાના કપ જેવા હોય છે.”

“એ કેવી રીતે?”

“જો, આ કપની જેમ જ તેઓ આ કંઠ સુધી ભરેલા હોય છે. તેમણે તેમના માથાં સૂચનો, નવા વિચારો અને પૂર્વગ્રહોથી એટલાં ભર્યાં હોય છે કે તેમાં નવું કંઇ જતું નથી. અને આ ઝડપથી બદલાતી દુનિયામાં નેતાઓએ સતત નવા તત્વો શીખવા જોઇએ અને તેમની જાતને નવી આવડતથી સજાવવા જોઇએ, નિંહ તો તે પાત્રની મોટી ઉણપ છે.”

“તો તેનો ઉકેલ શું છે?”

””એ સહેલું છે. તેમણે તેમના **કપ ખાલી કરવાના** . તેઓ હંમેશા નવા જ્ઞાનને સમજવા તૈયાર હોવા જોઇએ. તેમણે તેમની જાતને આજીવન વિદ્યાર્થી માનવી અને જાણવી જોઇએ. તેમના વધતા જતા ધંધામાં તેમના નામની પાછળ કેટલા શબ્દો અને ઉપાધિઓ હોય, તેમ છતાં પૂર્વના સાધુઓ જેને અભ્યાસુ મન કહે છે તેવું થવું જોઇએ. જો કોઇપણ નેતાએ સફળ બનવાનો નિર્ધાર કર્યો હોય તો આવું વર્તન જરૂરી છે. અને તેમણે નમ્ર બનવું જ રહ્યું. તેથી મેં કહ્યું કે નમ્રતા એ નેતૃત્વના શિસ્તનો મુખ્ય નિયમ છે. અને તેથી હું ગાંધીને વખાણું છું.”

ગોલ્ફનો એક દોર પૂરો કરીને વરંડામાં આરામ કરવા આવેલા બીજા સભ્યોનું ધ્યાન ખેંચતા અને તેના તરફ એકીટસે જોતાં લોકો હોવા છતાં જુલીયને ચાલું રાખ્યું. ""જે સાધુઓ માટે મેં તને કાલે વાત કરી હતી, તે શિવાનાના મહાન સાધુઓમાંનો એક સામાન્ય નેતા હતો જેને હું પર્વત ચઢતાં મળ્યો હતો તે મેં તેમની શરત સ્વીકારી અને વચન આપ્યું કે હું તેમના નેતૃત્વની પદ્ધતિનો પશ્ચિમની દુનિયામાં પ્રચાર અને પ્રસાર કરીશ. પછી તેમણે મને યોગી રમણ તરીકે તેમનો પરિચય આપ્યો અને મને પર્વતની અંદરના એક પછી એક આવતા રસ્તા પર દોરી ગયા અને છેવટે તે રસ્તો મને લીલીછમ ખીણ તરફ દોરી ગયો. આ ખીણની એક બાજુ ગગનચૂંબી હિમાચ્છાદિત હિમાલયના શિખરો હતાં જે આશ્ચર્યજનક રીતે ચોખ્ખા ભૂરાં આકાશને આંબતા હતા, બીજી બાજુ ગાઢું દેવદારના વૃક્ષોનું જંગલ તેની રક્ષા કરતું હતું, જે આખી ખીણમાં સુગંધ ફેલાવતું હતું. યોગી રમણ મારી સામે હસ્યા અને કહ્યું, "શિવાનાના નિર્વાણમાં તમારું સ્વાગત છે.'

"પછી અમે બીજા એક સાંકડા રસ્તાથી નીચે ઉતર્યા જે અમને જંગલમાં ઊંડે સુધી લઇ ગયો. મને હજી દેવદાર અને ચંદનની તીવ્ર સુગંધની હવા, જે બીજી જ દુનિયામાંથી આવતી હોય એમ યાદ છે.

ઓચિંતાના, જેવા અમે પહોંચવા આવ્યા તેવો સ્પષ્ટ અવાજ સંભળાવો શરૂ થયો. જેવા અમે નજીક ગયા કે જે દશ્ય મારી નજરે જોયું તે મને ખાત્રી છે કે જ્યાં સુધી હું જીવીશ ત્યાં સુધી ભૂલીશ નહી."

"તેં શું જોયું?," મેં પૂછયું.

"મારી સામે આખું ગામ હતું જે એકલાં ગુલાબ જેવા ફૂલોથી બનેલું લાગતું હતું. ગામની મધ્યમાં એક નાનું મંદિર હતું, જે મેં નેપાળ અને થાઇલેન્ડની મારી મુલાકાત વખતે જોયેલું તે પ્રકારનું હતું. પણ આ મંદિર લાલ, સફેદ અને ગુલાબી ફૂલોનું બનેલું હતું. જે પંચરંગી લાંબી શાખા અને ઉપશાખાઓથી બંધાયેલું હતું. મંદિરની આજુબાજુ નાની ઝૂંપડીઓની હારમાળા હતી, જે આ સાધુઓના સાદાં ઘર હોય એમ લાગતું હતું.

"વધારે નવાઇની વાત એ હતી કે રહેવાસીઓ તેઓ જ હતા." જુલીયને ઉમેર્યું, "" યોગી રમણે પહેર્યો હતો તેવો જ લાલ ઝભ્ભો બધા પુરુષોએ પહેર્યો હતો અને અમે પસાર થતાં બધાં હળવું હસતા હતા. તેમના હાવભાવ અત્યંત શાંત અને પવિત્ર હતા અને તેમની આંખો ઊંડું ડહાપણ દર્શાવતા હતા. જેણે તેમના પર્વતીય છૂપા રહેઠાણની પવિત્રતાના નિયમનો ભંગ કર્યો હતો તેવા મુલાકતી ને ઓચિંતાનો આવતો જોઇને ગુસ્સે થવાને બદલે તેઓએ શાંતિથી તેમના મસ્તક નમાવ્યા અને તેઓ જે કામ કરતા હતા તે કરવાનું ચાલું રાખ્યું. સ્ત્રીઓ પણ તેટલી જ જાજરમાન હતી. સ્ત્રીઓએ સુંદર ગુલાબી રંગની સાડી પહેરી હતી જેનો છેડો જમીન સુધી લટકતો હતો અને તેમના ચમકતા કાળા વાળ તેજસ્વી સફેદ કમળથી શોભતા હતા. જેઓ ગામમાં સન્માનપૂર્વક ફરતી હતી. મેં આના પહેલાં આવા લોકો કયારેય જોયા નહોતા. જો કે તેઓ પુખ્તવયના માણસો હતાં, તેમની આંખોમાં આનંદ ઉભરાતો હતો અને તેમની તેજ ભરી આંખો જોશ અને જીવનના જુસ્સાનો હાવભાવ

દર્શાવતી ચમકતી હતી. કોઇના પણ ચહેરા કરચલીવાળા નહોતા. કોઇના પણ વાળ સફેદ નહોતા. કોઇ વૃદ્ધ લાગતું નહોતું. હું અવાક્ બની ગયો.''

જુલીયને મને કહ્યું કે યોગી રમણે તેને તેનું રહેણાક બતાવ્યું, જે એક નાની ઝૂંપડી હતી અને આગલા થોડા મહિનાઓ સુધી તે ઝૂંપડી તેના ઘરની ફરજ બજાવવાની હતી.

''ચાલ, આપણે નીચેની તરફ જઇએ,'' જુલીયને ઊભાં થતાં કહ્યું, ''''હું મારી વાત ચાલતાં ચાલતાં ચાલુ રાખીશ અને સાથે ગોલ્ફનો સરંજામ લેતો આવજે.'' કોઇથી કદાચ ભૂલાઇ ગયેલા વરંડામાં પડેલા અને સારી રીતે વપરાયેલા ગોલ્ફના સાધનો બતાવતાં તેણે વિનંતી કરી.

''તું સાચેસાચ રમવાનો છે અને આ ઝભ્ભામાં તને ગોલ્ફ રમવું છે?''

''ના, તેના કરતાં વધારે મહત્વનું મારે તને કંઇ બતાવવાનું છે.''

જેવા અમે ગોલ્ફના મેદાન તરફ ચાલવા લાગ્યા કે જુલીયને તેની અદ્ભૂત કહાની કહેવાનું ચાલું રાખ્યું. સાધુઓના નેતૃત્વના ડહાપણને જાણવાની તેની તાલાવેલીને ધ્યાનમાં રાખી યોગી રમણ જુલીયનને તેમના નાના જ્ઞાનખંડમાં લઇ ગયા. તેમણે તેમનો દરેક જાગૃત કલાક તેમના જીજ્ઞાસુ વિદ્યાર્થી સાથે ગાળ્યો, તેમણે સંગ્રહેલું જ્ઞાન તેમણે જુલીયનને આનંદથી આપ્યું અને તેને કેવી રીતે જીંદગીમાં વાપરવું તે શીખવ્યું. કેટલાક દિવસ તેઓ સૂર્ય ઉગતાં ઉઠી જતા અને યોગી રમણે સનાતન સત્યો ઉપર ચર્ચા કરતાં કલાકો તેની સાથે ગાળ્યા. જુલીયનની ઝડપી કાયદાકીય બુદ્ધિ આ શક્તિશાળી માહિતી થી ખુશ હતી એ જાણતો હતો કે આ માહિતી તેનું અને તેના વતનમાં રહેતા અનેક લોકોનું જીવન બદલી શકે તેમ હતી. થોડા બીજા દિવસોમાં તેઓ દેવદારના જંગલોમાં તેઓ જે આધ્યાત્મવાદની ચર્ચા કરતા તેના પરિવર્તનોને મેળવવાની તક મળતાં, એકબીજાની હાજરીની ભગવાને આપેલી ભેટનો આનંદ ઉઠાવતાં શાંતિથી ચાલતા.

વખત જતાં સંન્યાસી જુલીયન માટે શિક્ષક કરતાં વધારે પિતા જેવા બની ગયા. તેમણે જુલીયનને તેનું જીવન સંપૂર્ણ રીતે નવા દષ્ટિકોણથી જીવવાનું અને તેની વ્યક્તિગત આંતરશક્તિઓને પૂર્ણપણે સાચી રીતે કેમ વાપરવી તે શીખવ્યું. ઘણાં વર્ષો સુધી પોતાની તંદુરસ્તી- થી બેપરવા રહી જુલીયન મૃત્યુ સાથે બાખડીને આવ્યો છે તે જાણ્યા પછી યોગી રમણે જુલીયનને અતિશય શક્તિશાળી સ્વયં-સંચાલિત અને જીવનને ઉન્નત કરવાની પદ્ધતિ શીખવવા ઉપર પ્રાથમિકતા આપી જેથી આજે જુલીયન જેવો દેખાય છે અને અનુભવે છે તેમાં તે બદલાઇ શકે.

સંન્યાસીએ જુલીયનને કહ્યું, ''''બહારના નેતૃત્વ કરતાં આંતરિક નેતૃત્વને પ્રાધાન્ય આપવું જોઇએ.'' અને જુલીયને નેતૃત્વના બદલાતા સમયના સિદ્ધાંતો બીજાને સમજાવે તે પહેલાં પોતાની જાતનું નેતૃત્વ કેવી રીતે કરવું એ તેણે સમજવું જરૂરી છે. તેથી યોગી રમણે તેને કેટલીક જાણીતી કળાઓ જેવી કે તાણનું સંચાલન કરવા, ચિંતા કરવાની ટેવ તોડવા અને જીવનને સરળ બનાવવા માટે શીખવી. તેમણે તેને તેની શક્તિઓ ની માત્રા કેમ વધારવી, તેની સર્જનાત્મકતાના બંધનો કેમ તોડવાં અને તેની આંતરિક શક્તિઓને કેવી રીતે વાપરવી તે પણ

શીખવ્યું. થોડાં અઠવાડિયામાં તો જુલીયનનું આંતર-બાહ્ય બંધારણ તદ્ન બદલાઇ ગયું.

તે ઘણો યુવાન અને શક્તિથી ભરપૂર લાગતો હતો અને ઘણાં વર્ષોથી ન અનુભવેલી ભવિષ્ય પ્રત્યેની સકારત્મકતા અને સજાગતા તેણે અનુભવી. જેની કિંમત ન આંકી શકાય તેવા ડહાપણને તેણે શોધ્યું છે જેનો દુનિયામાં ફેલાવો કરીને તે ખરેખર બદલાવ આણવા કંઇપણ કરી શકે અને કંઇપણ બની શકે એમ તે હકીકતમાં માનવા લાગ્યો. શિવાનાના મહાન સંન્યાસીઓના પ્રાચીન પાઠોએ તેમનો ચમત્કાર બતાવવાનું શરૂ કર્યું હતું.

જેવો તેમનો વિદ્યાર્થી અદ્વિતિય શારીરિક અને માનસિક તંદુરસ્તીમાં પાછો આવ્યો કે યોગી રમણે નેતૃત્વની પદ્ધતિ શીખવવાનું શરૂ કર્યું. જેને લીધે જુલીયને વચન આપ્યું હતું કે ગ્લોબલ વ્યુમાં આમૂલ પરિવર્તન આવશે અને જેથી તે કંપની દુનિયાની ઉચ્ચકક્ષાની અસરકારકતા અને પરિણામો મેળવી શકશે.

"શિવાનાના મહાન સંન્યાસીઓના આ ડાહ્યા નેતા માનતા હતા કે ધંધાકીય દુનિયાની અથવા માણસની વ્યક્તિગત જીવનની બધી હાર છેવટે તો નેતૃત્વની હારનું પરિણામ છે. જ્યારે કંપનીઓના નેતાઓ આવડત અને શાણપણ વગરના હોય ત્યારે કંપનીઓ ટોચના પરિણામો આપી શકતી નથી. જ્યારે લોકો પાસે તેમની જાત ઉપર પ્રભુત્વ હોતું નથી ત્યારે તેઓ તેમની સારામાં સારી કાબેલિયત બતાવી શકતા નથી. તેમણે મને કહ્યું કે તેઓ દુનિયાના એકાંતવાળા ભાગમાં રહે છે છતાં તેમને આપણી દુનિયામાં """નેતૃત્વની અછત" છે તેની ખબર હતી. યોગી રમણે કહ્યું તેમની પાસે આનો ઉપાય છે."

"મેં મારું જીવન દિવ્ય નેતૃત્વના તત્વને શોધવામાં પસાર કર્યું છે," એક બપોરે એ કાલ્પનિક જગ્યામાં ચઢાણ અને સંશોધન કર્યા પછી પર્વતીય મેદાનમાં આરામ કરતાં સંન્યાસીએ તેને કહ્યું હતું તે જુલીયને યાદ કર્યું, """મેં ઘણાં વર્ષો મૂક સંશોધનમાં ગાળ્યા છે કે મહાન નેતાઓને આટલા મહાન કઇ વસ્તુએ બનાવ્યા. એક સાધુ તરીકે મેં વફાદારીપૂર્વક સત્ય શોધવાના શપથ લીધા હતા. તેથી મારૂં જીવન નેતૃત્વનાં સત્યો શોધવા માટે સમર્પિત છે.

સમય જતાં મને સમજાયું કે લોકો પર સૌથી વધારે વર્ચસ્વ ધરાવતા અને માન પામનારા નેતાઓના નેતૃત્વ કેટલાક પ્રાચીન નિયમો સાથે સુમેળ સાધે છે. તેથી મેં બદલાતા નેતૃત્વ માટે અત્યંત અસરકારક પદ્ધતિથી આ નિયમો ઘડયા છે, જેની રૂપરેખા સ્ત્રી કે પુરૂષને તેના વ્યવસાયિક અને વ્યક્તિગત છૂપાયેલી શક્તિઓને ઓળખવામાં મદદ કરી શકે છે. હવે મેં જે શીખ્યું છે તે હું તને આપીશ."

"અને યોગી રમણે તને શું કહ્યું?" જેવા અમે ખુલ્લા ગોલ્ફના મેદાનમાં પહોંચ્યા કે તરત મેં આતુરતાથી પુછયું.

"તેમણે મને કહ્યું કે મોટાભાગના દિવ્યાનુભવવાળા, હમેશાં બદલાવ માટે ઉત્સુક અને અસરકારક બધા નેતાઓ પાસે એક ગુણ હોય છે. જે ગુણ વધતે ઓછે અંશે દરેક વ્યક્તિમાં હોતો નથી."

''અને એ ગુણ કયો છે?''

''મને લાગે છે કે જો હું કરી બતાવીશ તો વધારે સારું રહેશે.'' પછી મેં જે ચામડાની ગોલ્ફ બેગ પકડી હતી તેની પાસે પહોંચી જુલીયને તેમાંથી એક ક્લબ (ગોલ્ફની લાકડી) બહાર કાઢયું.

''તું જ્યારે સંન્યાસીઓ પાસે અભ્યાસ કરતો હતો ત્યારે તે ગોલ્ફની રમત પર પણ સંશોધન કર્યા છે એવું મને કહેતો નહી.''

''ખરું કહું તો મેં સંશોધન કર્યું છે. હું દરેકે દરેક દિવસ ગોલ્ફ રમ્યો છું. જેણે મારી તંદુરસ્તી ખૂબ પદ્ધતિસર અને જલ્દીથી પાછી મેળવવામાં મોટો ભાગ ભજવ્યો છે.''

''ખરેખર'' મેં ન માનતા પૂછયું, ''''હું ધારું છું કે આ ચમત્કારિક સાધુઓએ તેમના પર્વતીય છૂપા રહેણાકની વચ્ચે વિશ્વ કક્ષાનું ગોલ્ફનું મેદાન બનાવ્યું હશે. જેથી તેમના કંટાળાજનક દિવસોમાં થોડા દાવ રમીને આનંદ લઇ શકે? કદાચ તેમની પાસે વાંસની બનાવેલી નાની ગોલ્ફની ગાડી હોય જે તેમને એક ગલથી બીજી ગલ સુધી જલ્દીથી પહોંચાડી શકે ખરુંને?''

''ખૂબ મજાક કરી,'' મારા વ્યંગને ગંભીરતાથી લેતાં જુલીયને કહ્યું. બીજી એ શું અપેક્ષા રાખી શકે? એની વાત અદ્‌ભૂતતામાંથી અદ્‌વિતિય બનતી જતી હતી. ''''ના હકીકતમાં હું ગોલ્ફ મારા મનમાં રમતો હતો, પીટર.''

''મેં આવું પહેલાં સાંભળ્યું નથી.''

''થોડા વર્ષો પહેલાં, એક વિયેટનામી લશ્કરી અધિકારી તેના એકલવાયા જેલના દિવસોમાં કાલ્પનિક ચેસ રમીને જીવી શકયો હતો. એવું એક મેગેઝીનના લેખમાં વાંચેલું મને યાદ છે. આ ક્રિયાથી તે તેનો સમય તો વિતાવી જ શકયો પણ સાથે તેની રમત રમવાની આવડત પણ નાટયાત્મક રીતે ઉત્કૃષ્ટ બની ગઇ. એ આ પરિસ્થિતિ માંથી બહાર નીકળ્યો અને તેને સાચેસાચ કોઇ સાથે ખરા ચેસના પાટીયા પર રમવાની તક મળી ત્યારે તેની ચેસ રમવાની આવડત કોઇ અતિ બુદ્‌ધિશાળી કરતાં જરા પણ ઓછી નહોતી.''

''નવાઇ લાગે એવી વાત છે.''

''પીટર, મેં એ વાર્તા સાંભળી ત્યારે મને પણ એવું જ લાગ્યું હતું. તેથી આ સંન્યાસીઓની વચ્ચેની મારી શાંત ક્ષણોમાં મને લાગવા માંડયું કે મારી યુવાનીના દિવસોમાં મને ગોલ્ફ રમવું કેટલું બધું ગમતું હતું. તેથી મેં નક્કી કર્યું કે હું તે લશ્કરી યોદ્ધાને મારી નજર સામે રાખીને તેની જેમ મારા મનમાં ગોલ્ફની રમત રમવાનો અભ્યાસ કરીશ. બાળક તરીકે મેં આ રમત એટલી આનંદથી રમી હતી તેથી મેં વિચાર્યું કે મારી તંદુરસ્તી પાછી મેળવવામાં એ મને મોટા પાયે મદદ કરશે.''

''આથી તારી ગોલ્ફની રમતમાં સુધારો થયો?'

''મને ખબર નથી. ઘણાં વર્ષો પછી આ ગોલ્ફના મેદાનમાં પહેલી વાર આવ્યો છું. મને લાગે છે કે છેલ્લી વાર હું તારી સાથે જ રમ્યો હતો. પણ કદાચ હજાર વાર

હું મારા મનમાં આ રમત રમ્યો હોઇશ. તેથી મને ખરેખર એવું લાગતું નથી કે આ રમતથી હું દૂર રહ્યો હોઉં. ભલે ત્યારે, ધ્યાનથી જો, મને લાગે છે તું જે જોવાનો છે તેથી કદાચ તને આશ્ચર્ય થાય.''

પછી જુલીયને તેના ઝભ્ભામાં હાથ નાખ્યો અને સોનાથી મઢેલો ગોલ્ફનો દડો બહાર કાઢયો જે મેં તેને પાછો સોંપ્યો હતો.

''તું એ દડો વાપરાવાનો નથી, ખરુંને? તને કાંઇ ખ્યાલ છે કે તે કેટલો મોંઘો છે, જુલીયન?'' મેં કહ્યું. જ્યારે હું થોડો ગુસ્સે થયો હતો કે મારો મિત્ર મેં આપેલી જન્મદિવસની ભેટ એક અખતરો કરવામાં વાપરતો હતો.

''ધ્યાનથી જો,'' એટલો જ જવાબ મેં સાંભળ્યો. જ્યારે તેનું સમગ્ર ધ્યાન પૂર્ણપણે તે મેદાનને બીજે છેડે આવેલા ગલ ઉપર હતું. જે તેનું એક માત્ર છેલ્લું ધ્યેય હતું. પછી એક ધુરંધર વ્યવસાયિક ખેલાડીની જેમ ખૂબ જ સહજતાથી અને જાજરમાન રીતે તેણે હાથમાંની ક્લબ હવામાં ઉછાળી અને દડાને સ્વસ્થતાથી ફટકાર્યો જેથી તે દડો હવામાં અંતર કાપતો ઊંચે ઉછળ્યો. મેં જુલીયનને આ રીતે બોલને ફટકારતાં ક્યારેય જોયો ન હોતો. છતાં પણ આવા ફટકા પછી પણ એવું લાગતું હતું કે બોલ ગલ કરતાં થોડો આગળ પડશે. મેં તેની તરફ જોયું અને તેને મારી રીતે, ''''સરસ પ્રયત્ન'' એવો હાવભાવ આપ્યો.

પછી ન માની શકાય એવું કંઇ બન્યું. એવું લાગ્યું કે દડાએ હવામાં ઝડપ પકડી, જાણે તે દડાને સાથે દોડતી હવાનો આધાર સાંપડયો અને તે દડા માટે આશીર્વાદરૂપ બન્યો. હવે તે દડો તેના નિર્ધારિત ધ્યેય તરફ ન થોડો ઓછો ન થોડો વધારે એ રીતે ત્યાં જ પહોંચી શકે. બેત્રણ મેદાન સાફ રાખવાવાળા ને આ દશ્ય જોવું હતું તેથી તેમણે ઝડપથી તેમની ટોપી કાઢી દડો ક્યાં જમીન પર પડે છે તે જોવા ઉભા રહ્યા. અરે થોડા ગોલ્ફ રમવાવાળા જે ક્લબના મકાનમાં વરંડામાં આરામ કરી રહ્યા હતા તેઓ પણ કઠેડા પર ઝૂકીને જોવા લાગ્યા કે હવે શું થશે?

દડો આકાશમાંથી પહેલા ગલની નજીકના લીલા ઘાસના મેદાનમાં પડયો ધીમેથી પણ સીધો ગલ તરફ દોડવા લાગ્યો. ખૂબ વખત ગયો, આ મેદાનમાં કોઇ ગોલ્ફવાળાએ તેનો ફટકો સીધો ગલમાં માર્યો નહોતો. પણ પરંપરાગત સાધુના ઝબ્ભામાં શોભતો અને તેના પગમાં તેના વફાદાર સેન્ડલ સિવાય બીજું કંઇ પહેર્યું નહોતું. એવા મારા મિત્રએ આ દુકાળનો અંત આણ્યો હતો. તસુએ તસુ દડો ગલ તરફ આગળ વધતો હતો અને દડો ત્યાં અટકી ગયો.

''ઓહ, જુલીયન,'' મેં ભારોભાર નિરાશા સાથે કહ્યું, ''''કેટલો નજીક પણ છતાં કેટલો દૂર.''

''ધીરજ રાખ, પીટર. નેતૃત્વના જે પાઠ મેં શીખ્યા છે તેમાંનો એક એ છે કે, **મહાન જીત મેળવતા પહેલાં વ્યક્તિ હંમેશા કોઇપણ મુશ્કેલીનો સામનો કરે છે. એનો જવાબ એ છે કે તમારું ધ્યાન કેન્દ્રિત રાખો અને ઇચ્છિત થશે તેમાં શ્રદ્ધા રાખો.** ''

પછી, જ્યારે એમ લાગતું હતું કે દડો અટકી ગયો છે, ત્યારે એ વધારાના બે તસુ આગળ વધ્યો અને ગલમાં જઇ પડયો.

"વાહ!" આ અસામાન્ય બનાવ નરી આંખે જોનારા એક મેદાન સાફ કરવાવાળા માણસે તેનાં ફેફસાં ફાડી નાખે તેવા અવાજે કહ્યું. જુલીયને તેની મુઠ્ઠી હવામાં ઉછાળી અને ધીમેથી નાચવા લાગ્યો, હકીકતમાં તે તેની સિદ્ધિથી ખુશ થઇ ગયો હતો.

હું માત્ર હસ્યો અને મારું માથું હલાવ્યું, ""સરસ, જુલીયન. તું મને અચંબામાં મૂકવાનું ક્યારેય નહી છોડે? અભિનંદન!."

મારી સ્વસ્થતા પાછી મેળવ્યા પછી મેં જુલીયનને પૂછયું તેણે એ કેવી રીતે કર્યું, ""હકીકતમાં તે પહેલે ફટકે દડો ગલમાં નાખવાનો નિર્ધાર કર્યો હતો?"

"મેં એમ ધાર્યું હતું પણ પ્રમાણિકપણે કહું તો મને ખાત્રી નહોતી કે આમ થશે. જ્યારે હું હિમાલયમાં હતો ત્યારે આ ફટકો આ મેદાનમાં જ મારા મનમાં હજારોવાર માર્યો હતો. હું રમું એવી રમત એ બનતી હતી, માત્ર મારી કલ્પનાશક્તિ કુશાગ્ર રાખવા માટે જ એમ કરવામાં મને ઘણો આનંદ આવતો હતો. મારે કબૂલ કરવું જ રહ્યું કે મારો માનસિક અભ્યાસ આટલું ઉત્તમ પરિણામ લાવી શકે તેનાથી હું પોતે પણ થોડો સ્તંભિત છું. પણ તથ્ય એ છે કે જે અગત્યનો નિયમ સાબિત કરવા હું તને અહી લાવ્યો તે હું સાબિત કરી શક્યો." એમ કહી જુલીયને એક રહસ્ય ઉભું કર્યું.

"તેં મને ગઇકાલે જે લાકડાના ચોગઠાં આપ્યા હતા તેની સાથે આને કંઇ લાગે વળગે છે શું?"

"હા, એમ જ છે. પીટર મને તને સવાલ પૂછવા દે. આટલાં વર્ષો પછી ગોલ્ફના મેદાનમાં પગ મૂક્યા પછી સીધો ગલમાં ફટકો મારવાની મારી હિંમત ક્યાંથી આવી, એ માટે તું શું વિચારે છે?"

"જો, જુલીયન, હું વિચારું છું કે તારા સવાલનો જવાબ તેં જાતે આપ્યો છે. તું જ્યારે હિમાલયમાં હતો ત્યારે તેં કરેલા માનસિક અભ્યાસનું આ પરિણામ છે. તારા મનમાં જે રૂપરેખા તેં સતત અભ્યાસ કરીને દોરી એનો અભ્યાસ કર્યો હતો. પછી તું આજે અહી આવ્યો અને બધી અસામાન્યતાઓ સામે તારી માનસિક રૂપરેખા તેં હકીકતમાં બદલી નાંખી."

"પીટર, બહોત ખૂબ, હંમેશા તારું ત્વરિત મન અને સ્વચ્છ સમજણ, હું જે કરું તે સમજે છે. મને તારા પર માન છે."

"તને જાણ છે કે મને ગોલ્ફની રમત ગમે છે અને મારી રમતના એક કે બે ફટકા બચાવવા હું કંઇ પણ કરી શકું છું. તેથી, છેલ્લા થોડા મહિનાઓમાં, ગોલ્ફની રમતના પાઠો અને મહાન ગોલ્ફ રમતવીરોના જીવન પર હું પુસ્તકો વાંચું છું અને એક વસ્તુ તેમાં બધાએ સ્વીકારી હોય તો એ છે કે ગોલ્ફ માનસિક રમત છે. ઉદાહરણાર્થે જેક નિકલસે લખ્યું છે કે જે મેદાન પર એ રમવાનો હોય તે

હજારો વખત મનની આંખોથી જોતો હતો. આ તેના ફાયદાનું રહસ્ય છે. તેથી તેં મને જે કહ્યું તે એ જ હતું. આ ફટકો ખરેખર એક આશ્ચર્યજનક નહોતો.''

''અને ધંધાકિય વિશ્વના મહાન નેતાઓ પણ આ જ કિરચા કરે છે.'' જુલીયને કહ્યું.

''તેઓ પણ તેમના ગોલ્ફના ફટકાઓ પહેલેથી જોતા હોય છે?'' મેં મજાકમાં હસતાં જવાબ આપ્યો.

''ના, પીટર. તેઓ વર્તમાનમાં જીવતાં ભવિષ્યનો રસ્તો પૂરેપૂરો જોઇ શકે છે. તેઓ આવતાં વર્ષોમાં તેમની કંપની કેવી હશે તેની સ્પષ્ટ રૂપરેખા અથવા ચિત્ર દોરી શકે છે. તેઓ આંતરમનથી પારખી લે છે કે તેમને અને તેમના લોકોને કેવા ચોક્કસ પ્રકારની સફળતાની ઇચ્છા છે. અને તેમના દ્વારા લેવાયેલું દરેક પગલું તેમણે તેમની જુદી જુદી ઇચ્છા શક્તિથી બનેલા ચિત્રની વધારેને વધારે નજીક લઇ જાય છે. એક શબ્દમાં કહીએ તો મિત્ર, તેમની પાસે આર્ષદષ્ટિ છે જે તેમને ગગન તરફ પહોંચવા માટે ઉત્સાહિત કરે છે. નેતા તરીકેની મહાનતાનું તેમનું અંતિમ સત્ય એ જ છે.''

''આ કેટલું સરળ લાગે છે. જો હું મારી કંપનીનું ભવિષ્ય સ્પષ્ટપણે જોઇ શકું તો હું મહાન નેતા બની જાઉં?'' મેં પ્રશ્ન પૂછયો.

''હું આ બધું આટલું સરળ છે એવું સૂચન કરવા માંગતો નહોતો. નેતૃત્વને લગતા ઘણા બધા પ્રયોગો અને સિદ્ધાંતો છે જે દિવ્યાનુભવવાળા, ઉચ્ચ કક્ષાનું કાર્ય કરનારા નેતાઓને તેમને જેમ કરાવવું હોય તેમ બીજા પાસે કરાવી શકે છે. યોગી રમણે તે સિદ્ધાંતો મને શીખવ્યા છે અને હું ખાત્રી આપું છું કે ખૂબ જલ્દીથી હું તને શીખવીશ.''

''પણ હમણાં એટલું યાદ રાખ કે મહાન વ્યવસ્થાપનો **મહાન નેતાઓથી શરૂ થાય છે. અને દરેક મહાન નેતાને ખૂબ મોટાં સ્વપ્નો હોય છે. અસરકારક નેતાઓ આર્ષદષ્ટા હોય છે.** જેઓ તેમની કંપનીના ભવિષ્યનું સ્પષ્ટ ચિત્ર ઉપસાવે છે અને તેઓ જે લોકોને દોરવે છે. તેમના વર્તમાન કાર્ય સાથે તેને જોડે છે. આમ, દરેક કાર્યનો અર્થ હોય છે. વ્યવસ્થાપનોને તેમના નેતાઓએ કલ્પેલા પરિણામો નજીક લઇ જવા માટે વુડ્રો વિલ્સને કહ્યું હતું તેમ, ''તમે અહી જીવન જીવવા માટે નથી. બહોળી દષ્ટિ, આશાવાદી શુદ્ધ આત્મા અને સિદ્ધિઓથી તમે અહી વિશ્વને વધારે જીવવા લાયક બનાવવા માટે છો. તમે અહી વિશ્વને સમૃદ્ધ બનાવવા છો અને તમે જો આ સંદેશો ભૂલી જાઓ છો તો તમે ગરીબ બની જાઓ છો.''

''કેટલું સારી રીતે કહ્યું છે.''

''અને યાદ રાખ, એક વખત તમે તમારી આર્ષદષ્ટિને શરણે જાઓ છો કે સફળતા તમને શોધતી આવશે. છેવટે, ખરેખર તો તમે સફળતા મેળવતા નથી. સફળતા આવે છે. તમારો અસરકારક પ્રયત્ન યોગ્ય ધ્યેયની દિશામાં એકત્રિત થાય તો સફળતા તેની આડ-પેદાશરૂપે ન સમજાતાં તમારા તરફ વહે છે.''

“યોગી રમણ જે હિમાલયના ઉચ્ચ પ્રદેશમાં રહેતા સાધુ છે, તેમણે તને આ શીખવ્યું કે?”મેં પ્રશ્ન પૂછયો.

“યોગી રમણે ઇતિહાસના મહાન નેતાઓનાં જીવનનો અભ્યાસ કરીને નેતૃત્વના મૂળભૂત સિદ્ધાંતોનો અભ્યાસ ઘણાં વર્ષો સુધી કર્યો છે. તેમણે મને શાશ્વત પધ્ધતિ શીખવી છે જેથી કોઇપણ નેતૃત્વવાળા પદ પરથી તેની ટૂકડીને શકિત અને ઉત્સાહ પૂરો પાડી કાર્યરત કરી શકે છે અને પોતાના વ્યવસ્થાપનનો પહેલાં ન કલ્પેલી ઊંચાઇ પર ઉઠાવી શકે છે. યોગી રમણે અહી પશ્ચિમમાં રહેલા આધુનિક વિશ્વના ધંધાની વિષમતાઓ કદાચ જાણી નહી હોય, પણ તેમ કરવાની જરૂર પણ નથી. જે ડહાપણ તેમણે મને શીખવ્યું છે તે પ્રાચીન નેતૃત્વના સત્યો પર આધારિત છે અને તેને સૈકાઓથી એકબીજાને શીખવતાં શીખવતાં આપવામાં આવે છે. આ સત્યોને બદલી ન શકાય તેવા નિયમોમાં ઢાળવામાં આવ્યાં છે જેમ કે કુદરતી નિયમો, જેઓ સમયની પરીક્ષામાં પાર ઉતર્યા છે અને ઉતરતા રહેશે. અને જ્યારે ધંધાકિય વિશ્વ બદલાવના દરિયામાં ડૂબતું હશે ત્યારે પણ દોરવણી આપનાર લોકો માટે આ સત્યો બદલાશે નહી.”

“તેથી દરેક મહાન નેતા આર્ષદષ્ટા છે. તેઓએ જુદી જુદી કલ્પનાવાળા પરિણામોથી ભવિષ્ય સાથે સ્પષ્ટ સાંકળ જોડેલી છે. આ હેનરી કીસીજરે થોડા વર્ષો પૂર્વે છાપામાં કહ્યું હતું તેના જેવું જ છે. “નેતાનું એ કાર્ય છે કે જે તેના લોકોને ત્યાં લઇ જાય જ્યાં તેના લોકો પહેલાં ક્યારેય નહોતા. તું મને જે કહે છે તેનો સાચો સારાંશ આ જ છે ને?”

“હા એ જ છે, પીટર. તે તત્વને સારી રીતે પકડયું હોય એમ લાગે છે. હકીકતમાં સંપૂર્ણ રીતે સમજાયું છે. પણ હું તને બીજું દષ્ટાંત આપીને પણ સમજાવીશ. તને પેલો પ્રખ્યાત આંખોનો ડૉકટર યાદ છે જેની સાથે ઘણી વખત આપણે ગોલ્ફ રમતા?”

“યાદ છે, મને તે માણસ ખરેખર ગમતો હતો. તેની પાસે અદ્‌ભૂત વિનોદવૃત્તિ હતી.”

“તેની જ વાત કરું છું. તે વાર્ષિક ઉત્તમ સાંજનું જમણ અને નૃત્યનો પ્રોગ્રામ શહેરના દરેકે દરેક આંખના ડૉકટરો માટે ગોઠવતો. યાદ છે તે જમણનું શીર્ષક શું હતું?”

“હું કેવી રીતે ભૂલી શકું?’ મેં મજાક કરતાં હસીને કહ્યું, ””આંખની કીકી.”

“સારું, એક બપોરે, અમે રમવા માટે મેદાનમાં આવ્યા હતા, ત્યારે તેણે મને કહ્યું હતું કે તેનો એક ખૂબ નાનો દર્દી જે વૈદકીય શાસ્ત્રમાં એમ્બ્લ્યોપીયા કહેવાય તેવી પરિસ્થિતિથી દુ:ખી હતો. એવું લાગતું હતું કે બીજા કોઇ ડૉકટરે બાળકની સારી આંખનું ઓપરેશન કર્યું અને જે આંખને ખરેખર રક્ષણ જોઇતું હતું તે રહેવા દીધી. જ્યારે આંખ ખોલી ત્યારે બધા લાગતાવળગતાના આશ્ચર્ય અને દુ:ખ વચ્ચે સમજાયું કે તે નાના છોકરાએ તેની સારી આંખની દષ્ટિ સંપૂર્ણપણે ગુમાવી દીધી હતી. આથી બીજી આંખે ધીમે ધીમે તેની દષ્ટિ ઝાંખી કરી

અને તે આંધળો થયો. આ પરિસ્થિતિને એમ્બ્લ્યોપીઆ તરીકે વર્ણવવામાં આવે છે.''

''જાણવા જેવું છે.''

''હું આ વાત ક્યારેય ભૂલી શક્યો નથી, પીટર. મને લાગે છે કે હું તને જે નેતૃત્વના પાઠો શીખવવા માંગું છું તેને પણ આ લાગુ પડે છે. આજના ધંધાકિય વિશ્વમાં ઘણા બધા નેતાઓ એક જંતુની ટેવની જેમ કામ કરે છે. તેઓ એક સરખું કામ, એક સરખી રીતે એકસરખા લોકો પાસેથી દરરોજ કરાવે છે. ભાગ્યે જ તેમની પાસે નવા વિચારો, તાજા વિચારો ઉત્પન્ન કરવાની શક્તિ અથવા ગણતરીપૂર્વકનું નુકશાન ઉઠાવવાની શક્તિ છે. આના કરતાં તેમનું નેતૃત્વ સલામત અને આરામદાયક હોય છે. અને એને તેઓ છોડતા નથી. આવા નેતાઓ પાછળથી એમ્બ્લયોપીયાના દર્દી બની જાય છે.''

''તે કેવી રીતે?''

''દિવસો સુધી તેઓ જૂની વાતો કરે છે. જાણે કે તેમણે તેમની સારી આંખનું ઓપરેશન કરાવ્યું હોય. આ સતત અને ત્વરિત બદલાતા સમયમાં ઉભી થતી અનેક તકો તેઓ જોઇ શકતા નથી. અને પાછળથી તેમની કુદરતી દષ્ટિ ન વાપરીને તેઓ તક ચૂકી જાય છે અને આંધળા થઇ જાય છે. મારા મિત્ર આ તારી સાથે ક્યારેય થવા દેતો નહિ. તમારું આંધળાપણું દૂર કરો અને નવી તકો માટે ચારેબાજુ નજર કરો. ભવિષ્યમાં સફળ થવાનો સૌથી ઉત્તમ ઉપાય એટલે ભવિષ્યને ઘડો. જેમ કે હેલન કેલરે એકવખત કહ્યું હતું કે હું આંધળા બનવાનું પસંદ કરીશ પણ દષ્ટિ વગરની આંખો મારે નથી જોઇતી.''

જુલીયને ચાલુ રાખ્યું, ''''હવે તું સમજયો કે મોટાભાગના દિવ્યભાવવાળા અને અસરકારક નેતાઓ ''આર્ષદષ્ટા' હોય છે. મારી ફરજ એ છે કે તને એવા નેતા બનાવવા માટે સાધનો અને આવડત આપું. અને અહી યોગી રમણની નેતૃત્વ પદ્ધતિની ચર્ચા કરવી જોઇએ.''

''પહેલાં હું તને એક સવાલ પૂછી શકું?''

''ચોક્કસ''. જેવા અમે ફરતાં ફરતાં કલબના મકાનમાં પાછા ફર્યા એવો જુલીયને જવાબ આપ્યો.

''મારે, ખરેખર, તું મને જે શીખવવાનો છે તે શીખવું જ છે. તને જાણ છે કે ગ્લોબલવ્યુ મોટી આપદામાં ફસાયેલી છે. મારા સારામાં સારા પ્રોગ્રામર્સ ફક્ત ઉછળતા ઘેટાં જેવા છે, કામ કરવાની હોંશ મરી પરવારી છે, સંચાલકોમાં કોઇને વિશ્વાસ નથી અને હળીમળીને કામ કરવું તો ભૂતકાળ બની ગયો છે. જેના ઉત્પાદનમાં સતત નવાં નવાં ધંધાકિય સંશોધનોની જરૂર છે. એવામાં અમે અમારી સર્જનાત્મક વૃત્તિ ગુમાવી દીધી છે. અને જે બદલાવ અમે બળજબરી- પૂર્વક કરીએ છીએ તે મારા કામદારોને ગોઠણભેર કરી મૂકે છે. ટેકનોલોજી બદલાય છે. ઉત્પાદન બદલાય છે અને અમારા ગ્રાહકોની અપેક્ષાઓ પણ બદલાય છે. આ

બધા ઉપરાંત મને સમજણ પડતી નથી કે મારી કંપનીએ કઇ દિશામાં પગલાં ભરવાં જોઇએ.''

મેં જુલીયનને મારા અસંતોષની વાત કહેવાનું ચાલું રાખ્યું ''''હું તને ખરેખર એ કહેવાનો પ્રયત્ન કરું છું કે મને જાણ છે કે મારે મારી નેતૃત્વની આવડત સુધારવી જોઇએ. ડીઝીટેકમાં ઉંચામાં ઉંચા સંચાલનના પદે નીમવામાં આવ્યો હતો. જો કે ત્યારે હું થોડા નેતૃત્વને વિકસાવવાના કોર્સમાં એ વર્ષોમાં અહી તહી ગયો હતો. પણ કોઇએ મને હાથ પકડીને ખરેખર શીખવ્યું નહી કે લોકોને દોરવણી કેવી રીતે આપવી. કોઇએ મને ક્યારેય બતાવ્યું નહી કે મારી ટુકડીને ખરેખર મનથી કામ કરતી કરવા શું કરવું અથવા અસરકારક રીતે વક્તવ્ય કેમ આપવું. કામદારોની કામ કરવાની વૃત્તિને વધારી, વધારે ઉત્પાદકતા કેમ વધારવી તે મને કોઇએ સમજાવ્યું નહી. મેં ક્યારેય મારા સમયનું સંચાલન અને કામ કેવી રીતે કરાવી લેવું એના પાયાના સિદ્ધાંતો શીખ્યા જ નહી.

''અને આજે જ્યારે હું મારી પોતાની કંપની ચલાવી રહ્યો છું ત્યારે બધું પહેલાંથી પણ ખરાબ થઇ રહ્યું છે. મને હંમેશા એમ લાગે છે કે મારે ઘણાં કામ કરવાનાં છે અને ખૂબ ઓછો સમય બચ્યો છે. દરેક મારી પાસેથી તેમના બધા સવાલોના બધા જવાબોની અપેક્ષા રાખે છે. હું હંમેશા તાણ અનુભવું છું અને મારા અસંતોષને મારા કામદારો પર ગુસ્સો કરી કાઢું છું જેથી એકંદરે પરિસ્થિતિ વધારે ખરાબ થાય છે. મારા વ્યવસાયિક અને વ્યક્તિગત જીવનમાં સમતોલ- પણું લાવવાની વાત તો એક સ્વપ્ન જ લાગે છે.

હું મારી જાતને કહું છું, આવતે વર્ષે હું બધું બરાબર ગોઠવી નાખીશ અને મારા કુટુંબ સાથે વધારે સમય વ્યતીત કરીશ. પણ કંઇપણ ગોઠવાતું નથી. તેથી જો તને વાંધો ન હોય તો, હું સાચેસાચ આપણા સહવાસનો ફાયદો ઉઠાવવા માંગું છું અને મહાન નેતૃત્વના પાયાના સિદ્ધાંતોમાં ઊંડો ઉતરવા માંગું છું. મારે તને કેટલાક મૂળભૂત સવાલો પૂછવા છે જે હું હંમેશા પૂછવા માંગતો હતો પણ ક્યારેય પૂછયા નહી. કારણ હું મૂર્ખ દેખાઉં એવો મને ભય લાગતો હતો.''

''મહેરબાની કરીને કહેતો રહે,'' જુલીયને ખૂબ નરમાશથી કહ્યું.

''ભલે, સૌથી પહેલાં તો ''નેતૃત્વ' શબ્દનો ખરો અર્થ શું છે? એ ખરેખર શું દર્શાવે છે? જો કે હું ૨,૫૦૦ કામગારોથી વધારે માણસોની મોટી કંપની ચલાવું છું પણ આ શબ્દનો ખરો અર્થ હું કરી શકયો નથી.''

''જેમ મેં પહેલાં કહ્યું તેમ, નેતૃત્વ એટલે યોગ્ય ધ્યેયની દિશામાં એક ધ્યાન થઇને કરેલું કાર્ય. નેતૃત્વ એટલે સામાન્ય રીતે જે કોઇએ કર્યું નથી એવું અશકય કાર્ય સાક્ષાત્કાર કરવું. ઘણાં લોકોને લાગે છે કે પુરુષ અથવા સ્ત્રી જેને સીઇઓ અથવા પ્રેસીડેન્ટની પદવી હોય તે નેતા છે. ખરેખર તો, નેતૃત્વ એટલે કોઇ પદવી નહી પણ તે કાર્ય છે. તારા અધિકારીઓ મહાન નેતાઓ હોઇ શકે. તારા પ્રોગ્રામર્સ મહાન નેતાઓ થઇ શકે. પીટર, તું સમજ, દોરવવું એટલે ઉત્સાહિત કરવું, શકિત પૂરી પાડવી અને અસરકારક બનવું. '' **નેતૃત્વ એ વસ્તુઓના સંચાલન વિષે નથી પણ લોકોનો વિકાસ કરવો એ છે.** ' દીર્ઘદષ્ટિવાળા નેતાઓ

એ છે જે વ્યવસ્થાપનની અસ્કયામતોના ખરા વિકાસના દર્શકો સવારે ઉપર જતા અને દરરોજ રાતે તેને નીચે જતા જુએ. સરળતાથી કહીએ તો લોકોને તેમની આવડત અને હોશિયારીની પૂર્ણતા સુધી પહોંચાડવામાં મદદ કરવી અને જ્યારે તેમને સમજાય કે તમે એમને આમ કરવામાં મદદ કરી છે એ જ યોગ્ય અને અર્થપૂર્ણ નેતૃત્વ છે. તું આ કરી શકે છે. તારા અધિકારીઓ આ કરી શકે છે. અરે, તારા પ્રગતિશીલ કામદારો પણ પોતે જે કામ કરે છે તેમાં નેતૃત્વ દર્શાવી શકે છે. અને સાચા અર્થમાં અસરકારક નેતા બે અસ્તિત્વો એક સાથે જીવે છે.''

''મને નથી લાગતું કે હું તને સમજયો હોઉં.''

''સૌથી સારા નેતાઓને ખબર હોય છે કે નેતૃત્વ એ કૌશલ (આવડત) છે, નહી કે ભગવાને આપેલી ભેટ અને તેમની તે કલાને તેઓ સતત સંવારતા રહે છે. અને સૌથી વધારે મહેનત તેઓ વર્તમાનમાં રહીને ભવિષ્યમાં ધ્યાન કેન્દ્રિત કરવાની આવડતને વિકસાવવામાં કરે છે. મહાન નેતાઓ વર્તમાનનું સંચાલન કરતાં કરતાં, તે જ સમયે ભવિષ્યનું સંશોધન કરવું એમ બે કામગીરીને બજાવવામાં માહીર હોય છે. આટલા માટે જ હું કહું છું કે એક જ સમયે તેમના બે અસ્તિત્વો હોય છે. તેમના માટે વર્તમાનમાં રહી અને ગુણવત્તામાં વધારો કરી ચાલુ કામકાજમાં સુધારો આણવો, બધી કાર્ય-પદ્ધતિઓને સરખી ગોઠવવી અને ગ્રાહકને સાચવવાનાં સ્તરો ઉંચા આણવામાં માર્ગદર્શક બનવું જરૂરી છે. પણ એ જ વખતે તેમણે ભવિષ્યની ચોક્કસ રૂપરેખા બનાવી તેને ઘાટ આપવો અને તેની માવજત કરવી જોઇએ.''

યોગી રમણે આ ખૂબ જ ચોકસાઇ પૂર્વક સમજાવ્યું જ્યારે તેમણે કહ્યું, '' **આર્ષદષ્ટા નેતાઓ જ છે જે પોતાનો રસ્તો સાફ કરતી વખતે પર્વતના શિખર પર પોતાનું ધ્યાન કેન્દ્રિત રાખવાનું શીખી લે.** '' જે કંપનીમાં તેના કામકાજને સતર્ક રાખવા માટેના સમર્પણનું ઝનૂન નથી હોતું. તેનાથી હરીફો આગળ નીકળી જાય છે. પણ જે કંપનીમાં સતત ધ્યાનમાં રહે તેવા મૂલ્યો નથી હોતા તે જલ્દીથી ધંધાથી બહાર થઇ જાય છે.

''અને અહી જ તેં ગઇકાલે મને આપેલો લાકડાના ચોગઠાંની રમતના ટુકડાની વાત આવે છે, ખરું ને?''

''હા, તને તેના પર કોતરાયેલા શબ્દો યાદ આવે છે?'' જુલીયને પૂછયું.

ઇશ્વરની કૃપાથી એ ટુકડો હું મારી સાથે લાવ્યો હતો અને મેં જે શર્ટ પહેર્યું હતું તે મારા પીળા ગોલ્ફ શર્ટના આગળના ખીસ્સામાંથી તે મેં બહાર કાઢયો.

''તેના પર દોરેલું ચિત્ર હું ઓળખી શકયો નથી પણ શબ્દો હું વાંચી શકયો છું.''

''સરસ, તો એ શબ્દો શું કહે છે?''

'' **નિયમ-૧: ધ્યેયને વળતર સાથે જોડો.** '' મેં શિષ્યભાવે કહ્યું, ''જુલીયન આનો શું અર્થ છે તે મને ચોક્કસ ખબર નથી.''

''ખૂબ મોડું થાય તે પહેલાં તું જાણી જઇશ.''

નિયમ ૧

ધ્યેયને વળતર સાથે જોડો.

પ્રકરણ : ૫

દબાણપૂર્વક ભવિષ્યમાં કેન્દ્રિત રહેવાનો નિયમ

જીવન, સફળતાના એક સોપાનમાંથી બીજા સોપાનમાં જતાં ઉભી થતી ઇચ્છાઓ અને એ ઇચ્છાઓના વ્યાપને વધતો જોતાં, વધતી જતી મુશ્કેલીઓના દબાણને, જીરવી શકે તેમ નથી. જે વ્યક્તિ મોટી અને ધ્યાન દોરે એવી સંસ્થામાં કામ કરે છે તે પહેલાં તેની આશાઓના સહારાથી અને પછી આનંદના સહારાથી કંટાળી જાય છે.

- સેમ્યુઅલ જોન્સન

જ્યારે જુલીયન અને હું વરંડામાં બેસીને વાતો કરતાં હતા ત્યારે સૂર્ય અસ્તાચળ પર હતો જે ઉનાળાની સાંજની હુંફ પણ શાંતિથી બક્ષી જતો હતો. આટલી ગરમી હોવા છતાં તેણે તેનો ઝભ્ભો કાઢવાની ચોખ્ખી ના પાડી દીધી. જુલીયનને ખૂબ નમ્રતાપૂર્વક કહ્યું, ""હું મજામાં છું પણ એક ગ્લાસ બરફનું ઠંડું પાણી મળે તો મને ગમશે.''

''ચોક્કસ આનંદ સાથે,'' મેં જવાબ આપ્યો, અને જલ્દીથી ઇશારો કરીને વેઇટરને ફરીથી આવવા જણાવ્યું અને મારા વિચિત્ર વેષવાળા મહેમાનની સાદી વિનંતી તેને જણાવી. મારા ધ્યાનમાં આવ્યું કે સખત મહેનત કરતો, ધંધાકીય તાણથી પરેશાન યોધ્ધો જે એ હતો તેના કરતાં જુદો માણસ જુલીયન લાગતો હતો. તેના સ્વભાવ મુજબની બેફીકર જીવન પદ્ધતિ જેમાં તેનો દારૂ તથા બેફામ અને રખડૂ જીવન પ્રત્યેનો મોહ ભૂતકાળ બની ગયો હતો. તે ઉમદા શારીરિક તંદુરસ્તી, સમતોલ વિચારો અને અફર સિદ્ધાંતો દર્શાવતો એક દર્શનીય પાત્ર હોય, એવું લાગતું હતું.

''તને ખબર છે, પીટર સંચાલનના નિયમોના ગુરુ બનીને ઘણાં લોકો બેસી ગયા છે. તેઓ એક શહેરથી બીજા શહેરમાં સેમીનાર આપતા ફરે છે અને એક પછી એક પુસ્તકો લખ્યા કરે છે. જેમાં ઘણાંએ તેમના અસ્તિત્વને યોગ્ય ઠેરવવા અર્થવગરના ગણગણાટ કરતા શબ્દો અને પ્રયોગો શોધી કાઢયા છે. પણ આમાંના ખરેખર ઉત્તમ લોકો એ વ્યવસ્થાપનને મઠારવા માટે મદદ કરે એવા અમૂલ્ય વિચારો આપ્યા છે. મુશ્કેલી હું જેને ''કાર્યાત્મક રિકતતા' કહું છું તેની છે. તે જ ઘણા ધંધાઓને તેની મહાનતાના સ્તર પર પહોંચતા અટકાવે છે.''

''કાર્યાત્મક રિકતતા?''

''આ એક થીયરી છે જે મોટે ભાગે જ્ઞાન અંતિમ પરિણામમાં ફેરવી શકાતું નથી તે સમજાવે છે. ધ્યાનમાં રાખ, લગભગ આપણને જાણ હોય છે કે આપણે શું કરવું

જોઇએ પણ આપણે જે જાણતા હોઇએ તે આપણે કરતા હોતા નથી. આપણે માનવ છીએ અને આપણે માનવીય કાર્યો કરવાં જોઇએ. ઘણા નેતાઓને તેમના ભવિષ્ય-ના દષ્ટિકોણની પૂરેપૂરી જાણ હોય છે અને તેઓને જેમને દોરવાનો અધિકાર હોય છે તેને ખૂબ પ્રભાવશાળી રીતે વ્યકત કરી સમજાવે છે. તેમને જાણ હોય છે કે તેમના નેતૃત્વ નીચે કામ કરનારા સાથે ઊંડા સંબંધો વિકસાવવા માટે તેમણે પગલાં ભરવા જરૂરી છે. પણ મુશ્કેલી એ છે કે તેના માટે કાર્ય કરવાની આદત વિકસાવવામાં તેઓ નાસીપાસ થાય છે. અને તેથી તેમની આંતરશકિતથી તેમણે શું કરવું તે જાણતા હોવા છતાં તેઓ તેમ કરવાનું ટાળે છે. તેઓ તેમના નાના કામને મોટું કરવામાં સમય ગાળે છે. અને આમ અઠવાડિયાં, મહિનાઓ અને વર્ષો પસાર થઇ જાય છે. આ પ્રકારના નેતાઓ કયારેય પૂરેપૂરો અનુભવ લઇ શકતા નથી કે ૯૦ ટકા નેતૃત્વની સફળતા અનુસરવામાં આવે છે, કે જેમાં તમારૂં ભેગું કરેલું જ્ઞાન હકીકતમાં કાર્ય કરી પાર પાડી શકાય છે. બધા કહે છે કે આ માહિતીના યુગમાં જીવવા માટે આપણે ખૂબ ભાગ્યશાળી છીએ. પણ ઘણા લોકો એ જાણી શકતા નથી કે ફકત માહિતી એ શકિત નથી. શકિત અને હરિફાઇથી ફાયદો ત્યારે જ મળે છે, જયારે માહિતી મેળવીને તેના ઉપર નિર્ણયો લેવામાં આવે.''

''આ વાત ખૂબ સાચી છે. જુલીયન, મારી કંપનીમાં અમે ઘણાં ખરા લોકો જાણીએ છીએ કે અઠવાડિયા જેટલા સમયમાં કદાચ કેટલાંક કાર્યો કરવાથી પરિસ્થિતિ સુધારી શકાય. અને છતાં અમે રોજેરોજ ઉભી થતી આકસ્મિક અગત્યતાઓ પૂરી કરતાં એટલા કાર્યરત રહીએ છીએ કે અમે અમારાં કામ બીજા ત્રિમાસિક પર ટાળીએ છીએ અને પછીના ત્રિમાસિક પર એમ ચાલ્યા કરે છે.''

''ખરું છે, માટે યાદ રાખ, યોગી રમણના નેતૃત્વના ડહાપણ ની જે વાત હું તને કહું તે તારી નેતૃત્વશકિત સુધારવા માટે તું તેના પર ખંતથી કાર્ય કરજે. મનમાં ડંખ રાખવો નહી કે તું આગળ જતાં તેનો શાંતિથી અભ્યાસ કરીશ અને પછી તેના પર નાટયાત્મક રીતે કામ કરીશ. તેની શકિતને ઓળખજે અને તારા દૈનિક કાર્યમાં ઊંડો ઉતરજે જેથી તેના સિદ્ધાંતો તું દરરોજના કાર્યમાં ઉતારી શકે.

તેને તારા નેતૃત્વ અને જીવનનો એક ભાગ આજે જ બનાવ. ફકત ત્યારે જ તું તારા નેતા તરીકે અને ગ્લોબલવ્યુની ઉત્પાદકતા અને કાર્યત્મકતામાં મહત્વનો સુધારો જોઇ શકીશ. હેરોડોટસે ઘણાં વર્ષો પૂર્વે નોંધ્યું છે કે ''''મનુષ્યમાં સૌથી કષ્ટદાયક એ જ છે કે તેની પાસે જ્ઞાન હોય પણ શકિત ન હોય.''

''મારે ''ડહાપણને મારા નેતૃત્વ અને મારા જીવનનો આજે હિસ્સો કેવી રીતે બનાવવો' તેના પર તું શું સલાહ આપીશ. તારૂં સૂચન શું છે?''

''સૌથી મહત્વનું એ છે કે તમે ડહાપણનો નિયમ બનાવવાની શરૂઆત કરો જે તમે શોધવાની તૈયારીમાં હોવ.'' જુલીયને કહ્યું.

''હં?''

''નેતૃત્વના આ પાઠો ખાત્રીપૂર્વક તમારા અસ્તિત્વનો હિસ્સો બને અને તેના રચનાત્મક નિયમો તમારી આજુબાજુ ફરતા રહે તે જ રસ્તો ઉત્તમ છે. આ એક

શાશ્વત અને નેતૃત્વના સત્યોના જરૂરી તત્વો હું જે તને કહેવાનો છું તેમાંનો એક છે.''

''શું તું મને આવા નિયમનો એક દાખલો આપી શકે, જેથી તું કઇ તરફ આગળ વધી રહ્યો છે તેની મને સમજ પડે?''

''ચોક્કસ, એક સાદો નિયમ આ સંન્યાસીઓ લગભગ ગાંડપણની હદ સુધી પાળે છે તે છે સવારે વહેલા ઊઠવું. તેમને લાગ્યું છે કે તેમને દિવસો સુધી પાળેલી આ ટેવ ભયંકર માનસિક સ્ફૂર્તિ અને પોતાના માટે શિસ્ત પાળવાની શક્તિ આપે છે. આ સાદી ટેવ એ લોકો દરરોજ પાળે છે. અને એ તેમના અસ્તિત્વનો હિસ્સો બની ગયો છે. એવો સમય આવે છે કે તેઓ થાકી ગયા હોય તો પણ તેઓ સૂઇ શકતા નથી.''

''મારો એક અધિકારી આવો જ છે, જુલીયન. તેના પિતાએ એ જ્યારે નાનો હતો ત્યારે અઠવાડિયાના સાતે દિવસ તેને ૫ વાગ્યે સવારે ઉઠવાનું ફરજીયાત રાખ્યું હતું. તેમણે તેને કહ્યું હતું કે એ તેના કલ્યાણ માટે છે. ''જેથી તારી સારી પાત્રતા બને.' હવે જ્યારે એ રજાઓ ઉપર હોય ત્યારે પણ તે દિવસના દૈવિક સમયે હજી પણ ઉઠી જાય છે. કદાચ તેથી જ અમારી કંપનીનો તે સૌથી વધારે ઉત્પાદકતા ધરાવનાર માણસ છે.''

''વ્યક્તિગત ઉત્પાદકતા ઘણી રીતે વધારી શકાય, સવારે વહેલું ઉઠવું એ ચોક્કસ એમાંનો એક રસ્તો છે. પણ હું એ સાબિત કરવા માંગું છું કે શિવાનાના મહાન સંન્યાસીઓ અને તારો ઉચ્ચકક્ષાનો અધિકારી બંનેએ સવારે વહેલા ઉઠી જવાના શિસ્તનો નિયમ બનાવ્યો છે. કેટલાક લોકો બપોરના જમણ સમયે કસરત કરવાના શિસ્તનો નિયમ બનાવે છે જ્યારે કેટલાક બીજા લોકો રાતે સૂતી વખતે વાંચન કરવાનો નિયમ બનાવે છે. હું ખરેખર એ કહેવા માંગું છું અને આ સમજવું તારે ખૂબજ મહત્વનું છે, કે તારે જો દીર્ઘદષ્ટિવાળા નેતા બનવું હોય અને તારી નેતૃત્વની આવડત પૂર્ણપણે વિકસિત કરવી હોય તો હું તારી સામે જે સત્યો ખોલવાનો છું તે તારા રોજેરોજના કાર્યના એક ભાગરૂપ બનાવવા પડશે. તારી પહેલાં દરેક દીર્ઘદષ્ટિ- વાળા નેતાઓએ કર્યું છે તેમ તે સત્યોને તારે પથ્થરની લકીર જેવા નિયમો બનાવવા પડશે. એવી રીતે તું ખૂબ સરળતાથી જાણવામાંથી કરવામાં પ્રવેશી શકીશ.''

''શું તારા દાંત સાફ કરવા નિયમ બની શકે?''

મેં ખૂબ પ્રમાણિકતાથી પૂછયું.

''ચોક્કસ તેં ઓફીસમાં તારા દાંત સાફ કર્યા વગર જવાનું સ્વપ્ન સુધ્ધાં જોયું છે?''

''જુલીયન, હું મારા કામદારોને આવું દુ:ખ આપવાનું સાહસ ન જ કરી શકું,'' મેં લાંબા વખતે પહેલીવાર દિલ ખોલીને હસતાં હસતાં જવાબ આપ્યો. ''''તું ભૂલી ગયો હોય તો યાદ કરાવું કે ઘાતકી અને અસામાન્ય શિક્ષા દુનિયાના આ ભાગમાં વર્જ્ય છે!''

જુલીયનને મજા આવી પણ પછી જલ્દીથી તે જે વાત કહેતો હતો તેના પર આવી ગયો. ""તું તારા દાંત દરેક સવારે સાફ કરે છે અને એ કામ ભૂલી જવાનું સ્વપ્ને પણ વિચારતો નથી. તેથી હું જે નિયમની વાત કરું છું તેનું તે ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. જો તું નેતૃત્વને લગતા યોગી રમણની પધ્ધતિના સત્યો એટલી હદે તારા જીવનમાં અપનાવી શકે તો દીર્ઘદષ્ટિવાળા નેતા બનવાની ખાત્રીપૂર્વક સફળતા મળે. આનું હું તને વચન આપું છું.''

''અદ્‌ભૂત, હું અત્યારે જ ઉત્સાહિત થયો છું. અત્યાર સુધી તેં સમજાવ્યું કે દિવ્યાનુભવવાળા અને અસરકારક નેતાઓ જુદી જુદી દષ્ટિથી ભવિષ્યની કલ્પના કરે છે. તેમને ટૂંકમાં ખબર હોય છે કે તેમને ક્યાં પહોંચવું છે અને તેઓ તેમની સમગ્ર શક્તિઓ ત્યાં પહોંચાડવામાં વાપરે છે. તેં મને એ પણ સમજાવ્યું કે યોગી રમણે બનાવેલી શાશ્વત અને સફળ પધ્ધતિથી નેતૃત્વના સત્યોના નિયમો એવી રીતે બનાવ્યા છે જે મારે, લગભગ અભાનપણે, હું ગમે તેટલો કામમાં વ્યસ્ત હોઉં છતાં પાળવા. શું હવે તારા માટે એ શક્ય છે આ પ્રાચીન પધ્ધતિના તત્વો તું મને સમજાવી શકે?'' પૂર્ણ જીજ્ઞાસાથી ભરેલો પ્રશ્ન મેં પૂછયો.

જુલીયને ઉપર આકાશમાં જોયું, જે હવે ઘેરું અને તારા મઢયું બન્યું હતું. તેમાંના એક ચોક્કસ પ્રકારના તારા સામે સમયની પેલે પાર જોતો હોય તેમ તેણે તાકયે રાખ્યું. તેણે તેની આંખો ઝીણી કરી વધારે ચોકસાઇ પૂર્વક જોવાનો પ્રયત્ન કર્યો પછી તેના શ્વાસોશ્વાસ સાથે તે કંઇક બડબડયો. તેણે કહ્યું તેમાંનું હું કંઇ પણ સમજી શકયો નહી. પણ મેં એટલું સાંભળ્યું કે ""મારા મિત્ર તો તું ત્યાં છે. થોડીવાર માટે મને તું તીવ્રતાથી યાદ આવ્યો હતો.''

પછી તે પ્રવાહમાં ખેંચાયેલો છે તે સમજતાં તે ઝડપથી સામાન્ય બન્યો અને એનું ધ્યાન ફરી મારા તરફ ખેંચાયું. તે થોડો ઝંખવાયો. ""પીટર, આને માટે દિલગીર છું. જો કોઇ મેં જેટલો સમય એકલતામાં ગાળ્યો છે તેટલો સમય એકલતામાં ગાળે તો તેની સામાજીક પ્રવૃત્તિઓ ખલાસ થઇ જાય. મારું મન એ રીતે ભટકી જાય છે. તેને માટે હું તારી માફી માંગું છું એવું બન્યું કે થોડા અઠવાડિયાથી હું જેને શોધતો હતો તેવું કંઇક મને મળી ગયું.''

એક ક્ષણ પછી, તેણે ચાલુ રાખ્યું. ""દીર્ઘદષ્ટિવાળા નેતાઓ સાધવા જેવા ચોક્કસ નિયમોનો અનુક્રમ યોગી રમણે મને શીખવ્યો છે. ચોક્કસપણે તે આઠ નિયમો છે. નેતૃત્વના ડહાપણની નિસ્યંદિત પધ્ધતિ આ આઠ નિયમો દ્વારા એક વિશિષ્ઠ વિચાર-સરણી દર્શાવે છે. જે દુનિયામાં લોકોના મહાનમાં મહાન નેતાઓએ વર્ષોથી એકબીજા ને કહ્યા છે અને પાળ્યા છે. આજની વ્યવસાયિક દુનિયામાં ચલિત છે તેવી ત્વરિત રીતે બનાવેલી અને મહિનાઓ સુધી ચાલતી પધ્ધતિના નિયમો નથી. ઉલટું આ સમયથી ન બંધાયેલા સત્યો દર્શાવે છે કે કેવી રીતે સ્ત્રીઓ અને પુરુષોને ઊંઘમાંથી ઉઠાડી કાર્ય કરવા દોરવા. કેવી રીતે લોકોમાં પ્રામાણિકતા અને માન ઉભાં કરવા, અને જે લોકોને તમે દોરવણી આપો છો તેમનામાંથી ઉત્તમતા બહાર આણવી. યોગી રમણે તેમની સંપૂર્ણ તેજસ્વિતાથી નેતૃત્વની પધ્ધતિને આ આઠ નિયમોથી શણગારી છે. અને થોડા સમય પહેલાં મેં તેમને વચન આપેલું કે હું તને એ નિયમો શીખવીશ. તું ધીરજ અને ગંભીરતાથી

યોગ્ય દોરવણીના પાઠ શીખવામાં રસ દાખવી રહ્યો છે. અને તેથી તને આ પધ્ધતિ શીખવવાનો સમય મારા માટે પાકી ગયો છે.

"શું એ ધારવું યોગ્ય રહેશે કે ગઇકાલે મારી ઓફીસની અચાનક મુલાકાત લીધા પછી તે મારી પાસે મૂકેલા લાકડાની રમતના ચોકઠાંનો યોગી રમણની નેતૃત્વની પધ્ધતિના પહેલા નિયમ સાથે સંબંધ છે?"

"ચોક્કસ સંબંધ છે, પીટર. દીર્ઘદષ્ટિવાળા નેતાઓનો પહેલો નિયમ છે. વળતરને ધ્યેય સાથે જોડો. સાદા શબ્દોમાં કહીએ તો આ નિયમ તમને ભવિષ્યમાં ધ્યાન કેન્દ્રિત કરવા ફરજ પાડે છે. જેમ મેં તને કહ્યું છે તેમ બધા દિવ્યાનુભવવાળા નેતાઓ તેમના વ્યવવસ્થાપન- ના ભવિષ્યને સમૃદ્ધ કલ્પના દષ્ટિથી જુએ છે. પણ ફક્ત દષ્ટિ હોવી પૂરતું નથી. આ દષ્ટિથી તમારા વ્યવસ્થાપનના સ્ત્રી અને પુરુષોના મન ઉત્તેજીત થવાં જોઇએ અને તેમનાં હૃદય લાગણીથી ભીજાવા જોઇએ. જ્યારે નેતા લોકોને ફરજીયાત અને મહત્વનું ભવિષ્ય રંગીન કરી બતાવે છે. ત્યારે તેઓ તેમની ફરજો બજાવવા કરતાં આગળ નીકળી જાય છે. **દુનિયામાં ધ્યેય સૌથી શક્તિશાળી ઉત્સાહ વધારવાનું સાધન છે.** "

"યોગી રમણે મને કહ્યું કે બીજા લોકોના જીવનમાં પ્રગતિકારક ફેરફાર કરવાની જરૂરિયાત એ માનવની સૌથી મોટી ભૂખ છે. લોકોને તેમના પોતાના કરતાં કંઇક મોટાનો ભાગ બનવાની મનનાં ઊંડાણમાં એક જરૂરીયાત હોય છે. આપણે સીઇઓ અથવા સામાન્ય ક્લાર્કની વાત કરીએ. દરેક માનવને એ સ્ત્રી હોય કે પુરુષ એવી ઇચ્છા હોય છે કે તેઓ કોઇ પ્રકારની સેવા આપી રહ્યા છે. મહાન નેતાઓ આ જરૂરીયાતને ઓળખે છે અને તેમના અનુયાયીઓને સતત કહેતા રહે છે કે કેવી રીતે તેમનું રોજનું કામ આખી દુનિયાને સકારાત્મક રીતે અસર કરે છે. તેઓ સતત તેમના લોકોને દર્શાવે છે કે તેમનું કામ કેવી રીતે તેમને તેમના દબાણવાળા ધ્યેય પ્રત્યે દોરી જાય છે. આમ તેમના વ્યવસ્થાપનમાં ઉત્સાહની જ્વાલાને હવા આપતા રહે છે. સાવ સાદી રીતે કહીએ તો આ નેતાઓ તેમના અનુયાયીઓને બીજી સવારે ઉઠવાનું કારણ પૂરું પાડે છે."

"ખૂબ રસમય છે. તને કંઇ ખ્યાલ આવે છે કે આ વાતને હું મારી પરિસ્થિતિમાં કેવી રીતે લાગું કરી શકું?"

"પહેલાં તે કહ્યું હતું કે ઓછો ઉત્સાહ ગ્લોબલવ્યુની પ્રગતિને અવરોધી રહ્યો છે."

"સાચી વાત છે."

"તો આ યાદ રાખ, પીટર. ઉત્સાહ વગરનો માણસ કે ઉત્સાહ વગરનો કામદાર એવું કંઇ હોતું નથી. તું તારી સાથેના કોઇપણ સભ્યની વાત કર જેને તું માનતો હોય કે ઉત્સાહ અને ધગશ વગરનો છે. અને તેની વ્યક્તિગત જીવનનું પૃથ્થકરણ કર અને તને કલ્પના છે તું શું શું અનુભવીશ?"

"મારી કલ્પના કરવાની હિંમત છે?"

“તું જોઇશ કે તે માણસને શોખ હશે, તે શોખને તે પ્રેમ કરતો હશે. તું જોઇશ કે તેના કેટલાંક રસના વિષયો છે જે તેને ઉત્સાહિત કરે છે. તું અનુભવીશ કે તે સ્ટેમ્પ ભેગા કરવા માટે રાતભર જાગતો હશે અથવા કોઇ નવી ભાષા શીખવા કલાકો બગાડતો હશે. અથવા ખૂબ ધીરજ અને શોખથી સંગીતનું કોઇ સાધન વગાડતો હશે. પૃથ્વી પર દરેકે દરેક વ્યકિત પાસે ઉત્સાહિત થવાની અને કોઇ વસ્તુથી ઉત્સાહમાં આવી જવાની આવડત હોય છે. નેતાનું સૌ પ્રથમ કાર્ય એ છે કે તેના સાથીઓને ઉત્સાહિત કરી તેણે જોયેલા સ્વપ્ન તરફ ફરજિયાતપણે તેમને કાર્યાન્વિત કરવા. તમે વિકસિત કરેલા ભવિષ્ય તરફ કામ કરવા માટે લોકોને સતત આદેશ આપવા કરતાં તેમને તેમ કરવા માટે કારણો શા માટે પૂરાં ન પાડવાં? અને આમ કરવા છતાં જો તેઓ નિરુત્સાહિત રહે તો સમજવું કે તમારા ભવિષ્યના ચિત્રમાં તેમનો સમાવેશ કરવાના પૂરતાં કારણો તમે પૂરાં પાડયાં નથી. યાદ રાખ, ઘણાં વર્ષોથી મનોચિકિત્સકો શું કહે છે; માનવ કુદરતી રીતે જ દુ:ખથી દૂર જાય છે અને આનંદની નજીક જાય છે. દીર્ઘદષ્ટિવાળા નેતાઓ કામદારોના રોજીંદા કામને આનંદ સાથે અને તેઓ શેના માટે કામ કરે છે તેની સાથે જોડવાની રીતો શોધી કાઢે છે. **તેઓ વળતરને ધ્યેય સાથે જોડે છે.** ”

જુલીયને ચાલુ રાખ્યું, ””””તારા વ્યવસાયના અત્યારના ધ્યેયનું વાકય શું છે?”

””””ચાલ હવે, હું મારા ધ્યેય વાકયને સાંભળીને થાકી ગયો છું. મને લાગે છે કે એ આખો વિચાર જ મૃત્યુ પામ્યો છે. જો તું મને એમ કહેતાં ન રોકે તો, મારે એમ જ કહેવું છે.”

“મને કબૂલ છે. પણ હકીકત એ છે કે તારા વ્યવસ્થાપનના ભવિષ્યનું કથન બનાવવું અને લોકોને જેમાં વિશ્વ્વાસ છે તેવી શકિતઓને ફરી એકત્રિત કરી શકાય છે. તેથી મહેરબાની કરીને મારી સાથે સહનશીલ બન.”

“અમારા ગ્રાહકોના સૌથી માનવંતા બનવું, સારી ગુણવત્તા- વાળો માલ બનાવવો અને પાંચ વર્ષમાં પાંચ બીલીયન ડૉલરની કંપનીમાં પ્રગતિ સાધવી.” મેં ગર્વથી બયાન કર્યું.

“તને ખરેખર લાગે છે કે ધ્યેયલક્ષી આવું વાકય કંપનીમાં લોકોને તેમની સૌથી સારી શકિતઓ વાપરવા ઉત્સાહિત કરશે? તું ગંભીરતાથી માને છે કે તેં તારા લોકોને સવારે પથારીમાંથી ઉઠવાનું પૂરતું કારણ પૂરું પાડયું છે? તેં ખરેખર તેમને કામ કરવા માટે જોર કરે તેવું કારણ પૂરું પાડયું છે? દરેક કંપનીને ગ્રાહકના માનવંતા બનવું હોય છે. અને પાંચ બીલીયન □□□લર વિષે હું તને એક અંદરનું રહસ્ય કહું. આખી કંપનીમાં ફકત તું એકલો જ એવો હોઇશ જેને આ કારણ પ્રત્યે ઉત્સાહ આવતો હોય. આ ધ્યેયની વ્યવસ્થાપનના સામાન્ય માનવી ઉપર કોઇ સંવેદનશીલ અસર થતી નથી. કારણ ખૂબ મહેનત કરીને તેને લોન ભરવાની હોય છે. અને પોતાનાં બાળકોને સ્કૂલમાં ભણાવવાના હોય છે.”

જુલીયનના શબ્દો મને વાગ્યા. હું જાણતો હતો કે હું નવા રસ્તાઓ શોધું એ માટે તે મને તૈયાર કરતો હતો. પણ તે ઘરની ખૂબ નજીક ઘા કરતો હતો. એ ધ્યેય

વાક્ય મેં જાતે બનાવ્યું હતું. અને તે મારા માટે ખૂબ મહત્વનું હતું.

"ચાલ, તારે જેને દોરવવાના છે તેમના પર વજન આવે એ રીતે તારું ભવિષ્ય ફરીથી ગોઠવીએ. તું શેનો ધંધો કરે છે?"

"અમે સોફ્ટ-વેર બનાવીએ છીએ."

"અને તમારી પ્રાથમિક બજાર કઇ છે?"

"તંદુરસ્તીની જાળવણીનું ક્ષેત્ર. અમારું સોફ્ટ-વેર મોટી હોસ્પીટલો અને તંદુરસ્તીની જાળવણી આપનારા પોતાના દર્દીઓને સારી સગવડ પૂરી પાડી શકે તેની માટે પ્રાથમિક રીતે વાપરે છે."

"અરે, હવે આપણે ચોક્કસ રસ્તે જઇ રહ્યા છીએ." જુલીયને જવાબ આપ્યો.""અને તમારું સોફ્ટવેર તમારા ગ્રાહકોને ચોક્કસ શું પૂરું પાડે છે?"

"ખરું કહું તો અમારો સૌથી વધારે વેચાતો પ્રોગ્રામ ડૉકટરોને અને નર્સોને ખૂબ ગંભીર હાલતના દર્દીઓની ધ્યાન રાખવામાં મદદ કરે છે. જો કે આને અમે ગયે વર્ષે જ વિકસાવ્યો છે. પણ અમારી ઇન્ડસ્ટ્રીના મેગેઝીને હમણાં જ લેખ લખ્યો હતો કે આ સોફ્ટવેરના ટુકડાએ જ ફક્ત ૧,૦૦,૦૦૦ જીંદગી બચાવી છે."

"હવે, અહી દબાણ કરે તેવું કારણ મને મળી રહ્યું છે," જુલીયને અતિ-ઉત્સાહ સાથે કહ્યું, ""અને જો તમે એક લાખ જિંદગી બચાવી અને કેટલો નફો ગ્લોબલવ્યુએ કર્યો હશે?"

"એ કહેવું ખરેખર મુશ્કેલ છે, કેટલી બધી બાબતોને ધ્યાનમાં રાખી અને ..."

"હું જે વસ્તુ કહેવા માંગું છું તે હેતુસર, આપણે આંકડાઓ સાથે બાંધછોડ કરી શકીએ." જુલીયન વચ્ચે બોલ્યો, "ફક્ત મને કહે, જે સોફ્ટવેર પ્રોગ્રામ તમે વેચો છો તે દરેક વર્ષે લાખો ને લાખો જીંદગીઓ બચાવે, એ શક્ય છે કે તારી કંપનીનું વેચાણ પાંચ બીલીયનનું થઇ જાય?"

"હા, એ શક્ય છે," મેં કબૂલ કર્યું.

"તો પછી સારું, કલ્પના કર કે તારું ધ્યેય વાક્ય સુધારીને આમ વાંચી શકાય કે ગ્લોબલવ્યુએ ગર્વ સાથે પુરુષો, સ્ત્રીઓ અને બાળકોની જીંદગીઓ બચાવવાનું નક્કી કર્યું છે. જે માટે અમારા માનવંતા ગ્રાહકો માટે ઓછા ભાવે, વધારે-કિંમતી સોફ્ટવેર આપી, તેમના દર્દીઓની જરૂરીયાત ખૂબ બાહોશીથી પૂરી કરી શકાય. અમારો પાંચ વર્ષનો ધ્યેય છે કે અમે પાંચ લાખથી વધુ લોકોનાં જીવન બચાવવામાં મદદ કરી તંદુરસ્તીની કાળજી લઇ ઇન્ટસ્ટ્રીમાં મહત્વનું અને કાયમી યોગદાન આપીએ.

"સરસ", જુલીયન જે વસ્તુ મારી સામે મૂકી રહ્યો હતો તેની શક્તિને તરત જ સમજી જતાં મેં જવાબ આપ્યો.

“તું સમજ, પીટર. **પોતાના લોકો માટે હકીકતનું બયાન કરવું તે જ દરેક નેતાનું કામ છે.** તેનાં લોકોને તે વધારે સારી, પ્રભાવશાળી અને સ્વચ્છ અનુભવવાળી દુનિયાનો રસ્તો તે બતાવે છે. તેઓએ સહન કરવી પડતી મુશ્કેલીઓ એ સમજે છે અને તેને પ્રગતિ, વિકાસ અને સફળતા માટેની તક તરીકે મઠારી આપે છે. તે લોકોને બતાવવા કરતાં વધારે કરે છે, કે યોગ્ય કામ કેવી રીતે કરવું. જે અધિકારીઓનું કામ છે. સ્વયં પ્રકાશિત નેતા સાચી રીતે કામ કેમ કરવું તેની ચોખવટ કરે છે. જેથી તેમના લોકોને એક ફરજીયાત કારણ મળે છે કે આજ સુધી તેમણે ક્યારેય ન કર્યું હોય તેટલું સારૂં કામ કરવું. તે સતત દરેકને હકારાત્મક યાદ આપે છે કે દરેકે દરેક જે ધ્યેય પ્રત્યે આગળ વધી રહ્યા છે તે સારો છે, યોગ્ય છે અને માન આપવા લાયક છે. તે સમજે છે કે સંશોધિત અને અસામાન્ય કાર્યક્ષમતા યોગ્ય કામમાંથી મળે છે જે સૌથી મોટો ઉત્સાહ પૂરો પાડે છે.

“અને ખરો ધ્યેયબદ્ધ નેતા તેના અનુયાયીઓને આશા પૂરી પાડે છે, કે જો તેઓ તેમના નેતાએ દર્શાવેલી દિશામાં કાર્ય કર્યે રાખશે તો તેમને માટે વધુ ઉંચા આયામો ખુલ્લા છે. આને બીજી રીતે કહીએ તો, નેતા તેના લોકોના હૃદય અને મન, તેના ધ્યેયની શક્તિથી રોકાયેલા રાખી તેના માણસોમાં જોશ અને જોમ પૂરું પાડે છે. નેપોલિયન હીલે લોકોનાં હૃદય જીતી લીધાં હતાં. જ્યારે તેણે કહ્યું, ””””તમારી દીર્ઘદષ્ટિ અને તમારા સપનાંને વધવા દો. કારણ એ તમારા આત્માનાં બાળકો છે; એ તમારા અંતિમ ધ્યેયની રૂપરેખા છે.” જ્યારે ઓરીસન સ્વેટ મોર્ડને લખ્યું કે ””””આશા જેવી કોઇ દવા નથી, એના જેવી મહાન કોઇ પ્રેરણા નથી, અને તેનાથી શક્તિશાળી કોઇ પથ્થ નથી; જ્યારે માણસ કાલે વધારે સારું થવાની અપેક્ષા રાખે છે. તારું ધ્યેય શોધવા માટે તારામાંનું તસુએ તસુ તું વાપરી શકે છે. જે તને કાર્ય કરતો રાખવાની તાકાત બને છે. જે તારું અસ્તિત્વ છે. જે તારું જીવન-કાર્ય છે. જે ઉત્સાહ અને સકારાત્મક ઉર્જા તું પેદા કરીશ તે આખા વ્યવસ્થાપનમાં ફેલાશે.

“આ ઘણું બધું કહી જાય છે. જુલીયન જો હું ગ્લોબલવ્યુના ભવિષ્ય માટે યોગ્ય ધ્યેય અને ખરું દબાણ લાવે તેવા કારણની કલ્પના કરી શકું અને તે કારણને અસરકારક રીતે મારા કામદારોને કહી શકું, જેથી કરીને તેઓને દુનિયાને કંઇ આપ્યાનો સંતોષ મળે અને તેમને લાગે કે તેઓ જ ખરો ફેરફાર કરી શકે છે તો તેઓ તેમના કામ માટે ઉત્સાહ જરૂર દાખવશે.”

””””હા એમ જ, અને હા, ભૂલતો નહી કે, તને તારૂં ધ્યેય પ્રાપ્ત થતું હોય ત્યારે તને શું મળશે, તેના પર ધ્યાન કેન્દ્રિત રાખતો નહી, અને જે તું કરી રહ્યો છે તે શા માટે કરી રહ્યો છે તેના પર ધ્યાન આપજે. તું જે કરી રહ્યો છે તેની પાછળના યોગ્ય હેતુ માટે તારી શક્તિઓને સમર્પણ કરીશ અને પરિણામો પરથી તારું ધ્યાન હટાવીશ તો તું તારા ધ્યેય પર ખૂબ જલ્દીથી પહોંચીશ.”

“એમ શા માટે?”

“યોગી રમણે મને કહેલી વાર્તા હું તને કહીશ જે તારા સવાલનો યોગ્ય જવાબ આપશે. એક વખત એક યુવાન વિદ્યાર્થીએ પોતાના પ્રખ્યાત આધ્યાત્મિક

ગુરુને મળવા ઘણી લાંબી મજલ કાપી. છેવટે જ્યારે તે તેના ગુરુને મળ્યો ત્યારે તેણે કહ્યું મારા જીવનનો મુખ્ય હેતુ આ પ્રદેશના સૌથી ડાહ્યા માણસ બનવાનો છે. જેથી તેને યોગ્ય શિક્ષકની જરૂર છે. આ યુવાન બાળકનો ઉત્સાહ જોઇને ગુરુએ તેને જ્ઞાન આપવાનું કબૂલ કર્યું. અને તેને તેમણે પોતાને શરણે લીધો. ""મને જ્ઞાન મળે તે માટે કેટલો સમય લાગશે?'' તે છોકરાએ તરત જ પૂછયું. ''પાંચ વર્ષ' ગુરુએ કહ્યું. એ ઘણો લાંબો સમય છે છોકરાએ કહ્યું. ""પાંચ વર્ષ માટે રાહ જોઇ શકું તેમ નથી! જો તમારા બીજા શિષ્યો કરતાં હું બમણી મહેનત કરું તો શું?'' ''દસ વર્ષ' જવાબ મળ્યો. ''દસ વર્ષ! સારું પછી જો હું રાત અને દિવસ મારી સમગ્ર માનસિક એકાગ્રતા સાથે ભણું તો મને ડાહ્યો માણસ બનતાં કેટલો સમય લાગશે. કારણ મેં હમેશાં એનું સ્વપ્ન જોયું છે?' ''પંદર વર્ષ,' ગુરુએ જવાબ આપ્યો. છોકરાને ખૂબ નિરાશા થઇ. ''દરેક વખતે હું તમને કહું છું કે હું મારા ધ્યેય પર પહોંચવા વધારે મહેનત કરીશ ત્યારે તમે વધારે સમય લાગશે એમ કહો છો?' ''જવાબ બહુ ચોખ્ખો છે', શિક્ષકે કહ્યું, ""તારી એક આંખ તું બદલા ઉપર કેન્દ્રિત કરે તો તારા ધ્યેય માટે કેન્દ્રિત કરવા એક જ આંખ બચે છે!'' ''

''હું આ ભૂલીશ નહી, જુલીયન.''

''આ વાત સાચી છે, ખરુંને? તેનું અંતિમ ધ્યેય મેળવવા માટે તે શું કરશે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવાની બદલે છોકરાનું મન એને શું મળશે તેના પર જ એકાગ્ર હતું. અને તેથી તેને ધ્યેય સુધી પહોંચતા વધારે સમય લાગે તેમ હતું. પીટર, હું શું કહેવાનો પ્રયત્ન કરું છું. તારે, '' **તું શું કરી શકે' તેના પર ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે. આપવું એ મળવાની શરૂઆત છે, તે વિચિત્રતા છે.** યોગ્ય કારણની આજુબાજુ મંડરાવાથી અને ''હું કેવી રીતે કાર્ય કરું?' એમ સતત પૂછવાથી વળતર તમે કલ્પના નહી કરી હોય તેટલી વધારે માત્રામાં તમારી તરફ આવશે. પૂર્વમાં લોકો કહે છે, હમેશાં હાથ પર ચોટેલી થોડી સુવાસ તમને ગુલાબ આપી જાય છે.

''જો કોઇ આ વિષે ખરેખર વિચારે તો એ કેટલું સાચું છે.'' મેં કબૂલ કર્યું.

''એક મોટું ઉદાહરણ છે. સાઉથ વેસ્ટ એરલાઇન્સ સતત ઘણી સફળ મોટી એરલાઇન્સ છે. હર્બ કેલેહર, જે તેનો જોશદાર અને નવા વિચારોવાળો નેતા છે, તેણે સહેલાઇથી તેની કંપનીના ધ્યેયની વ્યાખ્યા, ''મહાન એરલાઇન્સ બનવું.' એમ કરી હોત અથવા ગ્રાહકોના સંતોષ ખાતર અથવા નફાનો સ્તર દર્શાવીને કરી હોત. પણ તેણે એમ કર્યું નહી. તેણે ડહાપણ વાપરી એ સમજી લીધું કે તેના લોકોને સંવેદનશીલ દબાણ આપે એવા કારણની આગળ પાછળ ફરતા રાખવાથી સાઉથવેસ્ટ મહાન એરલાઇન્સ બનવાની જ છે. ઘણો મોટો નફો મળવાનો જ છે અને સંતોષી ગ્રાહકોની મોટી ફોજ તૈયાર થઇ જશે. તેથી તેણે તેની કંપનીના કામને અને તેની સચ્ચાઇને એક રીતે કહીએ તો લોકો સાથે ખરેખર જોડી દીધાં.''

''તેણે એ કેવી રીતે કર્યું?''

"તેણે સમજાવ્યું કે સાઉથવેસ્ટ એ ખૂબ જુદા પ્રકારની એરલાઇન્સ છે, જે ખૂબ ખાસ લોકો ચલાવે છે. તેણે તેના સાથીઓને બતાવ્યું કે કંપની જાહેરાત માટે ઘટાડેલા ટિકિટના દરો કેવી રીતે પહેલાં કોઇ દિવસ હવાઇ મુસાફરી ન કરી શકતા લોકોને નિયમિતપણે વિમાનમાં ઉડતાં કરી શકશે. આનો અર્થ એ કે દાદા-દાદીઓ તેમના પોતા-પોતીઓને વારંવાર મળી શકશે અને નાના ધંધાવાળા લોકો તેમણે કોઇ દિવસ ન કરેલા બજારમાં ધંધો કરી શકશે. તેણે તેના લોકોને એ પણ સમજાવ્યું કે તેમનું કામ કેવી રીતે બીજાંઓનાં સપનાં પૂરાં કરવામાં ખરા અર્થમાં મદદ કરી શકે અને તેમનું જીવન સુગમ કરી શકે. તેણે સમજાવ્યું હતું કે **દીર્ઘદષ્ટિવાળા નેતાનું એક ચાવીરૂપ કામ એ હતું કે લોકોના હૃદયને રોકી રાખવા.** "

"અને એક વખત તેણે એ કર્યું અને બીજું બધું તેને અનુસર્યું. તેથી તારા અને તારા અધિકારીઓ માટે એવી કોઇ રીત શોધી કાઢ. જેથી સીધી કે આડકતરી રીતે લોકોના જીવનને તારા કામદારો પોતાના કામથી શી રીતે બદલી શકે એમ છે. તેમને દર્શાવવું જરૂરી છે કે તેમનું મહત્વ છે અને તેઓની કંઇ કરી છૂટવાની વૃત્તિ સંતોષાય એમ છે. દીર્ઘદષ્ટિવાળા નેતાઓ માટેના પહેલા નિયમમાં આ બધું છે. **કારણકે જ્યારે તમે વળતર ને ધ્યેય સાથે જોડો ત્યારે તમે લોકોને તેમના પોતાના કરતાં ઉંચા હેતુ સાથે જોડો છો. તારા લોકોને તેઓ જે કામ કરે છે તેનાથી સારૂં લાગવા માંડશે. અને જ્યારે તારા લોકો જે કામ કરે છે તેનાથી સારૂં અનુભવશે ત્યારે ત્યારે તેમને પોતે સારા લોકો છે એવું લાગશે. ત્યારે જ ખરો ફેરફાર થવાનું શરૂ થાય છે.** જેમ હેન્રી ફોર્ડે એક વખત કહ્યું હતું, "જેઓ બીજા કોઇના ધ્યેયના ઘેરામાં હોય તેના સિવાય કોઇ તટસ્થ હોતું નથી.' તમારા હેતુની માલિકીમાંથી તમારા લોકોને એક ટૂકડો આપો. તેઓ તમારા નેતૃત્વની પ્રસંશા કરી ભેટનો બદલો તમને આપશે.

"ચાલ આપણે તેનો વિચાર કરીએ." મેં વચ્ચે ઝંપલાવ્યું, ""હમણાં જ મેં આવા જ દબાણવાળા કારણને જોડતું ઉદાહરણ સાંભળ્યું હતું. બીજા વિશ્વયુધ્ધ દરમ્યાન જે કામદારો સહયોગી દેશો માટે પેરેશૂટ બનાવતા હતા, તેઓ તેમના કામ માટે પૂરતો ઉત્સાહ બતાવતા નહોતા. જે કામને સૌથી કંટાળાજનક ગણતા હતા. એક જ કામ ફરી ફરીને કરતાં તેમણે તેમના દિવસો કાઢી નાખ્યા અને વખત જતાં તેઓ કામ માટે અવળચંડાઇ કરતા થઇ ગયા. પછી એક દિવસ તેમના વ્યવસ્થાપનના નેતાઓમાંના એક તેમને લઇને બેસી ગયા અને તેમને તેઓના કાર્યની કિંમતની યાદ અપાવી. તેમણે કહ્યું કે આ પેરેશૂટ તેમના પોતાના પિતા, પુત્ર, ભાઇઓ અને સગાંવહાલાંની જિંદગી બચાવી શકે છે. તેમણે યાદ અપાવ્યું કે તેમના કામે ઘણી જિંદગીઓ બચાવી છે. તેમને મોટા ચિત્ર સાથે જોડતાંની સાથે જ તેમની ઉત્પાદનક્ષમતા આકાશને આંબી ગઇ."

પછી જુલીયને અમારા ટેબલની બાજુમાં કોઇ છાપું મૂકીને ગયેલું, તે છાપું લઇને તેણે મારી સામે મૂક્યું. અગાસીમાં પડતા ઝાંખા અજવાળામાં પહેલા પાનાંનું ચિત્ર જોવા જેવો હું વાંકો વળ્યો કે જુલીયને કહ્યું, ""આજે છાપું મેં વહેલું વાંચ્યું હતું અને એક આંતરસૂઝ સાથે તારણ કાઢયું હતું. જે હું તને કહેવા માંગું છું આ પાના પર અહી તને શું દેખાય છે?"

“પૃથ્વીના ફોટા જેવું લાગે છે. જે ફોટો અંતરીક્ષયાનમાંથી અંતરીક્ષ યાત્રીઓ લે છે.”

“સાચું છે, આજે બપોરે, ખરા તડકામાં, મેં આ છાપામાંનો ફોટો મારા બીલોરી કાચથી જોયો અને ધારણા કર મેં શું જોયું?”

“હું વિચારી શકતો નથી.”

“મેં જોયું કે તે ચિત્ર ખરેખર હજારો નાનાં કાળાં ટપકાંથી બનેલું છે. કાલે સવારે કોફી પીતાં આના ઉપર વિચાર કરી જોજે. તને ખ્યાલ આવશે કે આખા પાનાં ઉપર દરેકે દરેક ચિત્રમાં શાહીના ટપકાં ભેગાં કર્યા હોય છે, એના કરતાં વધારે કંઇ નથી.”

””””ભલે, એટલે તું શું કહેવા માંગે છે, જુલીયન?”

“મારો મુદ્દો એ છે કે તું કોઇને પણ આ ફોટા વિશે પૂછીશ તો તે ઝડપથી તને કહેશે કે આ તો પૃથ્વી છે. કોઇપણ તને ક્યારેય એમ નહી કહે કે તેણે દસ હજાર ટપકાં ભેગાં થયેલાં જોયા. જ્યારે આપણે છાપામાં ચિત્રો જોઇએ છીએ ત્યારે આપણે મોટા ચિત્ર ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનું શીખ્યા છીએ. આપણે વિષયને ખૂબ મોટા ફલક પર જોઇએ છીએ. છતાં ઘણી વખત ધંધામાં નેતાઓ અને અધિકારીઓ મોટું ફલક ભૂલી જઇને નાની વસ્તુઓ ઉપર ધ્યાન કેન્દ્રિત રાખીને દિવસો પસાર કરી નાંખે છે.”

“ટપકાં ઉપર”, જુલીયનની અદ્‌ભૂત વિશ્લેષણ શક્તિને સમજતાં જ હું વચ્ચે કુદી પડયો.

“તું સમજી ગયો. જેમ ટપકાં ઉપર ધ્યાન કેન્દ્રિત કરતાં માણસ આ ચિત્રમાં રહેલો આપણા વિશ્વનો જોવા જેવો નઝારો ચૂકી જાય છે તેમ જ આમ વિચાર કરતાં લોકો વિશ્વની તકો ગુમાવે છે. દીર્ઘ દષ્ટિવાળા નેતા બનવું હોય તો મોટા ચિત્ર ઉપર ધ્યાન કેન્દ્રિત રહેવું જોઇએ. જેથી દબાણવાળાં કારણો તમારા ધ્યેયની મધ્યમાં રહે. તમારે તમારા લોકોને અન્ય સમૂહોને મદદ કરતા રાખવાના છે અને જેના જીવનને તેઓ અસર કરતા હોય તેને મદદ કરતા રહે. આજ તેમને જરૂરી ઉત્સાહ પૂરો પાડે છે.”

“પણ, તારા શબ્દોને અર્થ આપવા, તને નથી લાગતું કે પોતાની કંપની માટે મહેનત કરવા તૈયાર હોય તેવા ચોક્કસ પ્રકારના માણસની જરૂર પડે કારણ આ બધું સદ્‌કાર્ય છે અને સંવેદનશીલ દબાણવાળા કારણથી શરૂ થાય છે? પ્રમાણિકપણે કહું તો મારા લોકોને પોતાનું વળતર મેળવવામાં ઘણો રસ છે. તેમને કંપનીમાં કે કંપનીના ધ્યેયમાં કોઇ રસ નથી.”

“એ તારી ખામી છે.”

“તું શું કહેવા માંગે છે.”

“તારા નેતૃત્વની ખામી માટે તારા લોકોને દોષ દેવાનું બંધ કર. બદલાતી અર્થવ્યવસ્થા, વધતા જતા કાયદાકીય બંધનો અને હરીફના દબાણોને દોષ

દેવાનું બંધ કર. જો લોકો તારા ધ્યેયમાં માનતા નથી તો તેનું કારણ તેઓ તારા નેતૃત્વમાં પણ માનતા નથી. જો તેઓ વફાદાર નથી તો એનું કારણ છે કે તે એ લોકોને વફાદાર બનવા માટે પૂરતાં કારણો આપ્યાં નથી. જો તેઓ તેમના કામ માટે જુસ્સો અનુભવતા નથી, કારણ જુસ્સાના વિષયમાં કંઇ પણ કરવામાં તું અસમર્થ રહ્યો છે. સંપૂર્ણ જવાબદારી લે, પીટર. સમજ કે **મહાન નેતૃત્વ લેતાં પહેલાં મહાન અનુયાયી બનવું પડે.** ''

જુલીયને હમણાં જે કહ્યું એ સત્યએ મને હચમચાવી નાખ્યો. સંચાલનના ઘણા સેમિનાર મેં ભર્યા છે અને ઘણાં સલાહકારો સાથે કામ કર્યું છે. પણ એમાંના કોઇએ મને આટલું ઊંડું જ્ઞાન આપ્યું નથી. અને છતાં હું જાણતો હતો કે એ સાચો છે. મારા અંદર કોઇકે મને, કદાચ અંતરાત્માએ, કબૂલ કરાવ્યું કે આ યુવાન અને તરવરિયો લાગતો માણસ જે સાધુના વેષમાં મારી સાથે જે ડહાપણની વાતો કરતો હતો તે મૂળભૂત રીતે મારા નેતૃત્વ અને મારા જીવનને અસર કરશે. હું જાણતો હતો કે ભવિષ્યની સ્પષ્ટ દષ્ટિ મારી પાસે નહોતી અને જેઓ મારી આજુબાજુ હતા તેઓ મારી હારને અનુભવી શકતા હતા. હું જાણતો હતો કે મારી ભવિષ્યની અનિશ્ચિતતા, મારા સ્વભાવ નાં નખરાં અને આત્મવિશ્વાસના અભાવને કારણે આખી કંપનીમાં ફેલાઇ ગયાં હતાં. અને હું જાણતો હતો કે મારા લોકો મને માન આપતા નહોતા કે નહોતો તેમને વિશ્વાસ. પૂર્ણપણે જુલીયન સાચો હતો. તેઓ મારા નેતૃત્વને સ્વીકારતા નહોતા.''

''જે દિવસે લોકોને સાચી શ્રદ્ધા બેસશે કે તારા મનમાં તેમની ભલાઇની વાત છે ત્યારે તેઓ તારા અનુયાયીઓ બનશે.'' જુલીયને ચાલુ રાખ્યું. ''ફક્ત જ્યારે તેમને જાણ થશે કે તે લોકોની તને કાળજી છે ત્યારે તેઓ તારા માટે બધું કરી છૂટશે. જ્યારથી તું તારા નફા કરતાં તારા લોકોને વધારે ગણીશ ત્યારે તું તેમના હૃદય જીતવા કરતાં પણ વધારે શક્તિશાળી કામ કરીશ. તેં તેમનો વિશ્વાસ જીત્યો હશે. ક્યારેય ભૂલતો નહી કે સાચું રહસ્ય એ છે કે વિશ્વાસપાત્ર બનવા માટે વિશ્વાસને લાયક બનવું પડે છે.''

અત્યારે રાત્રે ૧૦ વાગ્યા હતા. જુલીયન અને હું ફક્ત બે જ જણા ગોલ્ફ કલબના વરંડામાં બાકી રહ્યા હતા. મેં મારા મિત્રને સૂચન કરવાનું વિચાર્યું કે બાકીની વાત આપણે મારે ઘેર જઇને કરશું પણ નિર્ણય કર્યો તેના વિરુધ્ધ. આ રાત બધી રીતે પૂર્ણ હતી. આકાશ ધ્યાન દોરે એટલું ચોખ્ખું હતું અને હજારો તારાઓ તેમાં ચમકતા હતા. જ્યાં અમે બેઠા હતા ત્યાંથી પૂર્ણ ચંદ્ર દેખાતો હતો. અને આજના અસામાન્ય દિવસની રહસ્યમય લાગણી ઉપજાવતો હતો. જુલીયન અમારી વાતોમાં ઊંડો ઉતરી ગયો હતો અને તેમાં નેતૃત્વના ડહાપણનો અવિરત સુંદર પ્રવાહ વહ્યે જતો હતો. હિમાલયની કંદરાઓમાં રહીને આટલું બધું શીખેલા આ માણસને હું તીવ્ર એકાગ્રતાથી ન સાંભળું તો મૂર્ખ કહેવાઉં. મારી કંપનીના લોકો માટે મારે આટલું તો કરવું જ રહ્યું.

''જો હું તને બીજો મૂળભૂત સવાલ પૂછું તો ખરાબ ન લગાડતો, જુલીયન?''

''નહી લગાડું, એટલા માટે તો હું અહી આવ્યો છું,'', તેણે કહ્યું.

"દીર્ઘ-દષ્ટિવાળા નેતાઓ તેમના અનુયાયીઓને કેવી રીતે ખાત્રી આપી શકે કે તેમનું ભલું જ તેમના મનમાં છે?"

"ખૂબ સારો સવાલ છે, પીટર. સૌથી પહેલાં તારે સંબંધોની સરળતાનો સિધ્ધાંત સાધવો પડશે."

"મેં આ સાંભળ્યું નથી."

"સંબંધોની સરળતાનો સિધ્ધાંત એટલે જ્યારે તું સંવેદનશીલ દબાણવાળા કારણને સાદા શબ્દોમાં જેને આપણે "ધ્યેય' કહીએ છીએ તેને તારા નેતૃત્વ હેઠળ લોકોના ભલા માટે જોડે તો તું પ્રચંડ કક્ષાનો વિશ્વાસ, વફાદારી અને કામ પ્રત્યે સમર્પણ ઉભું કરી શકે છે. એટલી ખાત્રી રાખજે કે તારા ભવિષ્યના ધ્યેયને, તું જેનો નેતા છે તે બધાંને વહેંચવાનો છે. **ઘણા બધા ધ્યેયના વાક્યો ઓફીસની દિવાલ પર લટકતાં હોય તેના કરતાં તે બધાં માનવ હૃદયમાં રહેવા જોઇએ.** તારા લોકોને ઉચ્ચ અધિકારીઓથી માંડીને કામદારો સુધી બધાને તારું વ્યવસ્થાપન જે હેતુથી ચાલી રહ્યું હોય તે હેતુમાં માલિકીનો હક્ક આપ. દરેક વિશ્રવ કક્ષાના વ્યવસ્થાપનના લોકોના હૃદયમાં વહેંચાયેલું ધ્યેય હોવું જોઇએ."

"અને આ કામ હું કેવી રીતે પૂરું કરીશ?"

"તારે તેમને જણાવવું જ રહ્યું કે તારા ભવિષ્યના ધ્યેયને પૂરું કરવામાં તેઓ મદદ કરશે તો એ લોકો પણ તેમનો ધ્યેય પૂરો કરી શકશે. તારા માટે જે અર્થપૂર્ણ છે તેનું સંયોજન કરી તેમને જણાવ કે તે તેમના માટે પણ અર્થપૂર્ણ છે. અથવા છેવટે તેમને દર્શાવે કે કંપની માટેનું તારું ધ્યેય પરિપૂર્ણ થતાં તેમને પણ પૂર્ણતાની લાગણી થાય. તેમને સમજાશે કે તેમની આશાઓ અને સ્વપ્નો પૂરાં કરવાની તને કેટલી કાળજી છે. તેઓ પર વિશ્રવાસ મૂકજે. આ વિશ્રવાસની અસર નીચેની ધંધાકીય કામકાજની રીત, જે એક વખત અશક્ય લાગતું હતું, તે મેળવવામાં કદાચ મદદ કરે.

જુલીયને ઉમેર્યું, """તને જે લોકોના નેતા બનવાનું સૌભાગ્ય સાંપડયું છે તેમનું માન અને વફાદારી મેળવવાની બીજી રીત પણ છે. અને એ છે મુક્ત કરવાવાળા બની જવું."

મને ખબર ન પડી કે એ શું કહે છે. પણ બહુ બધા મૂર્ખ સવાલો પૂછવા કરતાં મેં ફક્ત માથું હલાવ્યું.

"પીટર, હું જે કહી રહ્યો છું તે બાબત તને કોઇ ખ્યાલ નથી ખરું ને?" જુલીયને નોંધ્યું.

"ના, ખરેખર ખબર નથી." સ્કૂલમાં જતું બાળક એક નાનું જુઠાણું બોલતાં પકડાઇ જાય એવું અનુભવતાં મેં કબૂલ કર્યું.

"તો પછી તે શા માટે માથું હલાવ્યું." તેણે જવાબ માંગ્યો. હું આટલે દૂર તારા ઉપર કડક બનવા નથી આવ્યો, કારણ તેના માટે હું અહી નથી આવ્યો. હું આજે સાંજે અહી મિત્ર તરીકે તથા શિક્ષક તરીકે તને જ્ઞાન આપવા આવ્યો છું. જેથી તું તારી મરતી કંપનીને બચાવી શકે અને તારું નેતૃત્વ સુધારી શકે. પણ પ્રમાણિક

બન. પ્રામાણિકતા નેતૃત્વની ખૂબ મહત્વની આવડત છે. યાદ રાખ, વિશ્વાસ પહેલાં સત્ય આવે છે. અને લોકો માણલો દૂરથી ગંભીરતા સૂંઘી લે છે. તેના વગર ગ્લોબલવ્યુ કયારેય મહાન નહી બને.''

''ભલે, હું દિલગીર છું, મારે મૂર્ખ દેખાવું નહોતું.''

'' **ધ્યેયનિષ્ઠ નેતાઓ જે સત્ય છે તે કરવામાં માને છે. નહી કે હોંશિયાર દેખાવામાં.** આ કયારેય ભૂલતો નહી. નેતૃત્વ એટલે લોકપ્રિયતા નહી નેતૃત્વ સત્યપ્રિયતામાં છે. એ શકિતમાં નથી એ હેતુમાં છે. અને એ કોઇ પદમાં નથી એ હોંશિયારીમાં છે. આમ હું જે કહેવા માંગતો હતો તે મુદ્દા પર હું પાછો વળું.''

''હું કાન માંડીને સાંભળું છું.'' મેં આદરપૂર્વક કહ્યું.

''ધ્યેયનિષ્ઠ નેતાઓ માનવ હોંશિયારીને બાંધવા કરતા મુકત કરવામાં માને છે. તેમની પ્રાથમિક પસંદગી તેમના લોકોની શકિતઓ ને સંપૂર્ણ વિકસીત કરવી તે છે. દરેક નેતાનું કામ છે કે કામ કરવાની જગ્યાને પોતાની શકિતઓને જાણતા લોકોની દષ્ટિમાં બદલાવવાનું છે તે તેમણે જાણવું જોઇએ. દીર્ઘદષ્ટિવાળા નેતાએ સમજવું જ રહ્યું કે બધાંથી પહેલાં કંપનીએ સ્વ-વિકાસ અને વ્યકિતગત સંતોષ પૂરો પાડે એની તક આપતી જગ્યા બનવું પડે. તેણે ડહાપણથી જાણવું જોઇએ કે તેના અનુયાયીઓ તેના ધ્યેયને સંપૂર્ણ સમર્પણ કરે અને તેમની કાર્યક્ષમતા પૂરેપૂરી વાપરે તો નેતાની ફરજ બને છે કે તેણે તેમને મુશ્કેલ કામ આપવું. તેણે તેમના કાર્ય દ્વારા લોકોને પ્રગતિ કરવાની તક આપવી. સાંભળ, પીટર, યોગી રમણે મને કહ્યું હતું કે માનવની બીજી ભૂખ છે પ્રગતિ અને ''સ્વ'ને ઓળખવાની જરૂરીયાત. અને ધ્યેયનિષ્ઠ નેતાઓ લોકોની શકિતઓને તેમનામાં વિકસાવીને આ ભૂખ પૂરી કરે છે.''

''આ ગ્રહ ઉપર દરેક વ્યકિતને એક ઊંડી ઇચ્છા હોય છે કે તે માણસ તરીકે મૂલવાય અને વિકસિત થાય. તારા નેતૃત્વ નીચે જયારે તું નેતા તરીકે લોકોની શકિતઓને બાંધવાની બદલે મુકત કરવામાં તારી જાતનું સમર્પણ કરે, ત્યારે તારા પરિણામોનો જથ્થો વફાદારી, ઉત્પાદનક્ષમતા, રચનાત્મકતા અને તારા ધ્યેયને સમર્પણના રૂપમાં હશે. છેલ્લે મારે કહેવું છે કે : **જે લોકો પોતા વિષે ઉચ્ચ અભિપ્રાય રાખે છે તે લોકો ઉચ્ચ પરિણામો આપે છે. નેતૃત્વનું આ સત્ય દરેક સમયે પરીક્ષા આપી ચૂકયું છે.** તેથી તેને ભૂલતો નહી.

''દુ:ખની વાત એ છે કે મોટા ભાગના લોકોને ખ્યાલ હોતો નથી કે કેટલી હોંશિયારી અને અંદરની શકિત તેમનામાં ઠાંસીઠાંસીને ભરેલી છે. વિલિયમ જેમ્સ, જેમણે અદ્યતન મનોવિજ્ઞાનનો પાયો નાખ્યો. તેમણે એક વખત કહ્યું, ''''મોટા ભાગના લોકો જીવે છે. ભલે તે શારીરિક, બુધ્ધિગમ્ય અથવા નૈતિક હોય તેમની અંદરની શકિતઓના અંદરના વર્તુળમાં પોતાને બાંધીને જીવે છે. આપણી પાસે જીવનમાં અનામત શકિતઓ પુષ્કળ છે જેનો આપણને સ્વપ્ને પણ ખ્યાલ હોતો નથી.'' અને તે સાચા હતા. જો સાધારણ માનવને તે કેટલો શકિતશાળી છે તેની ઝાંખી પણ થાય તો તે વ્યકિત આશ્ચર્યમાં પડી જશે. અને છતાં મોટા ભાગના

લોકોએ પોતાની અંદર જોવા માટે સમય કાઢયો હોતો નથી કે ખરેખર તે કોણ છે.''

''શું સન્યાસીઓએ તને આ સિધ્ધાંત શીખવ્યો?''

''હા, તેમણે શીખવ્યું. હકીકતમાં કહું તો, આ મુદ્ પર યોગી રમણે ખૂબ પ્રેમથી મને એક વાર્તા કહી હતી. ભારતીય દંતકથા મુજબ આ પૃથ્વી પરના બધા લોકો એક વખત ભગવાન હતા. ગમે તેમ પણ તેમણે આ શક્તિનો ગેરફાયદો લીધો તેથી સૌથી મોટા ભગવાન બ્રહ્મા એ નક્કી કર્યું કે લોકો પાસેથી આ ભેટ લઇ લેવી અને આ મનુષ્ય ભગવાનનું મસ્તક એવી જગ્યાએ મૂકવું કે તેમને ક્યારેય ન મળે. એક સલાહકારે કહ્યું આ માથાને જમીનમાં ઊંડે દાટી દો. પણ બ્રહ્માને આ વિચાર ન ગમ્યો. તેમણે કહ્યું માનવજાત ખૂબ ઊંડે ખોદીને તેને શોધી કાઢશે. બીજા સલાહકારે કહ્યું દરિયાના ઊંડા ભાગમાં સંતાડી દો. ''ના' બ્રહ્માએ કહ્યું. એક દિવસ માનવ ખૂબ ઊંડે ડૂબકી લગાવીને તેને શોધી કાઢશે. હજી બીજા એક સલાહકારે કહ્યું આ ભગવાનનું મસ્તક સૌથી ઉંચા પર્વતના સૌથી ઉંચા શિખર પર મૂકી આવીએ. પણ બ્રહ્માએ કહ્યું, ના માનવજાત વખત જતાં પર્વતના શિખર પર ચઢવાનો રસ્તો શોધીને મસ્તક લઇ લેશે. થોડીવાર શાંતિથી વિચાર કર્યો. પછી સૌથી મોટા ભગવાને છેવટે સૌથી મહાન ભેટને મૂકવાની ઉત્તમ જગ્યા શોધી કાઢી. જવાબ મળી ગયો; આપણે માણસની અંદર જ એને છુપાવી દઇએ. ત્યાં જોવાનો એને વિચાર જ નહી આવે.''

''સુંદર વાર્તા છે.'' મેં આદર આપતાં કહ્યું.

''હું તને સાચેસાચ શું કહેવાનો પ્રયત્ન કરું છું, પીટર, એ સમજ કે બધા લોકોમાં તેઓ કલ્પના કરે તેનાથી વધારે શક્તિ અને આવડત હોય છે. નેતા તરીકે તારું કાર્ય એટલું જ છે કે તારે આ સત્ય બધાને કહી તારા લોકોને ફાયદો કરી આપવાનો છે.''

''તું શું કહે છે તે હું સાંભળું છું, જુલીયન. પણ શું તું ખરેખર માને છે કે દરેકે દરેકમાં બુધ્ધિશાળી બનવાની શક્તિ તેમના પોતાનામાં રહેલી હોય છે?''

''અદ્વિતીય બનવું એટલે બધામાં ન હોય તેવી કુદરતી શક્તિ હોવી. આપણા બધા પાસે આપણી ખાસ પ્રકારની ભેટ અને શક્તિઓ હોય છે. મુશ્કેલીએ છે કે મોટાભાગના નેતાઓએ તેમના લોકોને આવી ભેટો પરખવાની અને અનુભવવાની તક આપી હોતી નથી. તેમને સફળતા કેવી હોય તે બતાવીને તેમની સર્જનાત્મકતા અને સમૃદ્ધશક્તિઓનો ઉપયોગ કરી તેનો અનુભવ કરાવવા કરતાં મોટાભાગના નેતાઓ સૂક્ષ્મ સંચાલન કરીને તેમણે દરકે દરેક પગલું કેવી રીતે ભરવું તેનો રસ્તો બનાવી આપે છે. તેઓ તેમના સાથીઓને નાના છોકરાં ગણે છે, જેમકે તેઓ સ્વતંત્ર્ય રીતે વિચારવા માટે સંપૂર્ણપણે અયોગ્ય હોય. વખત જતાં આવા પ્રકારનું નેતૃત્વ, કલ્પના શક્તિ, ઉર્જા અને આત્માને કુંઠીત કરી નાખે છે. નેતાઓએ તેમનાથી શક્ય હોય ત્યાં સુધી દોરવણી આપવી પછી અદશ્ય થઇ જવું. એચ.જી.વેલ્સે લખ્યું છે. ''તેમની રાખ તેમણે સળગાવેલા અગ્નિને અવરોધે નહી.''

"તમે કહેલા ધ્યેય માટે કામ કરતાં તમારા લોકોને ખીલવા દો. તેમને તેમની હોંશિયારીની સચ્ચાઇ દર્શાવો અને નવા વિશ્વમાં ઉભી થતી તકોની તેમને ઝાંખી કરાવો. તેમને નવી વસ્તુઓ કરવા દો અને નવી આવડતો શીખવા દો. સમય સમયે તેમને હારવા દો. કારણ હાર એ બીજું કંઇ નથી પણ જીતવું કેમ તે શીખવે છે. તમે ઇચ્છો તો બજાર સંશોધન માટે ખુલ્લું છે. **અસફળતાએ સફળતાનો મહામાર્ગ છે.** સમજ કે, ધ્યેયનિષ્ઠ નેતા પોતાના ડહાપણથી તેના લોકોને ઉપર તરફ ધકેલે છે, નીચે નહી. તેને ખબર છે કે જ્યારે તેના લોકો સફળ થશે, ત્યારે એ સફળતા પામશે. તે નેતા બર્નાર્ડ જીમબેલે જે કહ્યું છે તે સમજે છે.' બે વસ્તુ તમારા હૃદયને નુકસાન કરે છે. પર્વત પર દોડવું અને લોકોને નીચે પછાડવા."

જુલીયનનો ચહેરો અને તેના હાથ તે જે કહેતો હતો તેના જુસ્સાની મુદ્રામાં જોડાયેલા હતા. યોગી રમણે હું કરી શકું તેના કરતાં ખૂબ સરળતાથી આ દાખવ્યું છે. જુલીયને ચાલુ રાખ્યું, """ખૂબ મોડી રાતે, ઊંચા પર્વતોની કંદરામાં નિરભ્ર આકાશ નીચે તેમણે એક રૂઢી પ્રયોગ કર્યો હતો તે હમેશાં મારી પાસે સચવાઇ રહેશે. તે ધ્યેયનિષ્ઠ નેતાઓના સત્વ માટે ગ્રંથો ભરાય એટલું કહી જાય છે."

"એ રૂઢી પ્રયોગ શું હતો?" મેં અધીરતાથી પૂછયું.

તેમણે મને કહ્યું કે, **"ધ્યેયનિષ્ઠ નેતાનું છેવટનું કાર્ય એ છે કે તેઓ જેને દોરે છે તેમના જીવનનો આદર કરી સન્માન આપવું. આ કાર્ય માટે તેઓ જે કામ કરે છે તેના થકી તેમની સૌથી વધારે શક્તિઓને તેમનામાં સ્વયંભૂ ઉત્પન્ન થવા દેવી.** "

"શક્તિશાળી વાક્ય છે." મેં ધીમેથી કહ્યું, શબ્દો આકાશમાં સમાય તેવા પ્રયત્નમાં મેં ઉપર જોયું.

"અને એ સાચું છે. સ્વપ્નમાં જવાબદારીઓ શરૂ થાય છે." એવું કવિ યીટ્સે જાહેર કર્યું છે. દીર્ઘદષ્ટિવાળો નેતા તેના લોકોને પ્રગતિ સાધવામાં અને વિકસિત થવામાં મદદ કરવાની જવાબદારી લે છે. તે નેતાને ખબર છે કે **નેતાગીરીનો સૌથી મોટો ફાયદો એ છે કે તેમને જીવનોનો ઉધ્ધાર કરવાનો મોકો મળે છે.** તમારે છૂપી શક્તિઓ તેમનામાં છે એ સત્યને તેમને બતાવવાનું છે, જેથી તેમને ખબર પડે કે તેઓ કોણ છે અને તેઓ ખરેખર શું સિધ્ધ કરી શકે છે. મહાન મનોવિજ્ઞાની અબ્રાહમ માસ્તો એ કહ્યું છે કે, "આ વિશ્વમાં આજે જે દુ:ખ, અસ્વસ્થતા અને અસંતોષ છે તે બધું જે લોકો તેમની આવડતથી ઘણા નીચા સ્તરે જીવે છે તેઓ તેનું નિમિત્ત છે.' અને મને ખબર છે કે એ સાચા છે."

"વારુ. બીજો એક સવાલ જો દીર્ઘદષ્ટિવાળા નેતાઓ સૌથી વધારે કાળજીવાળા કારણોને માને જ નહી તો પણ ચોક્કસ તેઓ એટલું સમજે છે કે જો તેની કંપનીએ પ્રગતિ સાધી હશે તો નફો થવો જ જોઇએ. ઉત્પાદનક્ષમતા ગ્રાહકનો સંતોષ અને ગુણવત્તા આ જરૂરી મુદ્દાઓ તેનું ધ્યાન રોકી રાખે છે. પણ સૌથી પહેલું અને મહત્વનું એ છે કે તમારા લોકોના વિકાસ અને તેમની સમૃદ્ધિ ખરેખર તો તે તેના લોકોને માનવીય ઉર્જાના પોટલાં તરીકે જુએ છે. જે કોઇ યોગ્ય ધ્યેય માટે છૂટા થવાની રાહ જુએ છે. અને તે જાણે છે કે જ્યારે કામદારો કામ કરે

અને તેમના જીવનને ઉત્તમ કક્ષાનું બનાવે તો નફો તો ચોક્કસ થવાનો જ છે. તેથી તારા પ્રશ્નનો જવાબ એ છે કે ધ્યેયનિષ્ઠ નેતા તે કેટલાના જીવનને સ્પર્શ કરે છે અને કેટલા લોકોને બદલી શકે છે તેમાંથી માપી લે છે. તે પોતાની સફળતા તેની શક્તિઓના વધારામાં નથી મળતો પણ કેટલા લોકોને તે શક્તિ આપી શક્યો તેમાં તેની સરળતા છે. કંઇ સમજાય છે?''

''સમજાય છે. જુલીયન ખરેખર સમજાય છે. સારું હવે પછી શું?''

''જો એક વખત તું અને તારા અધિકારીઓ તારા માણસોની ઉચ્ચતમ શક્તિઓ બહાર લાવવાનું શરૂ કરો. પછી તારા ભવિષ્યના મહાન ધ્યેયને સમજાવ્યે રાખ અને તેના વિષે કહ્યે રાખ. જે સ્ત્રીઓ અને પુરુષો સંવેદનશીલ દબાણવાળા કારણ માટે કામ કરે છે. તેમને માટે ઉત્પાદનક્ષમતા અને જોશ, વધારાના ઉત્પાદનની જેમ સાથે આવે છે જે અનિવાર્ય છે. તેમની શક્તિઓ અને જુસ્સાનું રોકાણ કરવા તેમને ઉકસાવો. તે બધું તેમનું છે એવું તેમને લાગવા દો અને તેની સિદ્ધિઓની અસરને સમજો.

ભવિષ્યના મૂલ્યો જે હૃદયને હચમચાવે છે એના કરતાં સારી રીતે મન ક્યાંય કેન્દ્રિત થતું નથી. અબ્રાહમ લિંકન આ જાણતા હતા, ગાંધીજી જાણતા હતા, માન્ડેલા જાણતા હતા અને મધર ટેરેસા પણ જાણતા હતા.

''હું સંપૂર્ણપણે પ્રામાણિક બનીશ. તું જેને ભવિષ્યનું ધ્યેય અથવા ''સંવેદનશીલ દબાણવાળું કારણ' કહે છે. તે મને હજી સ્પષ્ટ થયું નથી કે જેની આગળપાછળ મારા સાથીઓને ફરતા રાખું. પાંચ લાખ લોકોના જીવન બચાવવાનું તે પહેલાં આપેલું દષ્ટાંત મને ખરેખર ગમ્યું હતું. એ ખ્યાલથી હું ઉત્સાહિત થયો હતો અને મને ખાત્રી છે કે મારા માણસો પણ ઉત્સાહિત થશે. મને લાગે છે કે શરૂઆત કરવા માટે આ મુદ્દો ઘણો સારો છે. એક નેતાએ હકીકતમાં તેના ભવિષ્યનું ધ્યેય કેવી રીતે વિકસાવવું એના વિષે તારી શું સલાહ છે?''

''હું પુરાણો દેખાવા માંગતો નથી, પીટર. પણ તેના માટે ઘણું કાર્ય કરવું પડે. કઇ વસ્તુ તારા માટે અર્થ પૂર્ણ છે અને ગ્લોબલવ્યુ ક્યાં સૌથી વધારે રળી શકે છે અને અસર છોડી જાય એમ છે, તેના માટે તારે દિવસો અને અઠવાડિયાઓ કામ કરવાની જરૂર છે. શાંત થવાનો સમય લે અને તારી કલ્પના શક્તિને ધારદાર બનાવ. આજથી પાંચ, દસ કે પંદર વર્ષ પછી તારું વ્યવસ્થાપન કેવું દેખાવું જોઇએ તેના પર દષ્ટિ કર. બદલાવ પહેલાં સજાગતા આવે છે. તેથી ભવિષ્ય તને જે કંઇ આપી શકે તેવી દરેક શક્યતા પ્રત્યે સજાગ બન.

''બીજી પ્રયુક્તિ એ છે કે જે કારણ તને રાત્રે ઊંઘમાંથી ઉઠાડી દે તેનું પૃથકરણ કર અને તેમાંથી તારા ભવિષ્યના ધ્યેયની વ્યાખ્યા બનાવ. તને અને તારા ગ્રાહકોને કઇ વસ્તુ હેરાન કરે છે. ફકત ગ્રાહકોની જરૂરિયાત સંતોષવાથી આગળ વિચાર. દરેક સારી કંપની આમ જ કરે છે. તેમના જીવનમાંથી નૈરાશ્ય દૂર કરવાનો પ્રયત્ન કર. અગત્યના વફાદાર સંતોષ પામેલા ગ્રાહકોનું ખરું રહસ્ય આ જ છે. તેમને કઇ વસ્તુ નડતરરૂપ છે તે વિચાર અને તેની આજુબાજુ તારા ભવિષ્યના ધ્યેયની વ્યાખ્યા બનાવ. અને પછી એક મૂળભૂત

વસ્તુ કરવાની જરૂર છે; એક વખત ભવિષ્યનું કેન્દ્ર સ્પષ્ટ થઇ જાય તેની સામે તારા વર્તમાનના કાર્યો સતત તપાસવા જોઇએ. જો તારું ધ્યેય પ્રેરણારૂપ હશે, તો ખાલી જગ્યા તારા ધ્યાનમાં આવશે. તું અત્યારે ક્યાં છે અને તારે ક્યાં જવું છે તેના વચ્ચેની ખાલી જગ્યા તને બદલાવના નિયમો બનાવવા મજબૂર કરશે. (યાદ રાખ, ૯૦ ટકા સફળતા કામની અમલ બજાવણીમાં અને પૂરું કરવામાં છે.) પછી તારી નેતાગીરીના અમલની અસર ઊભી કરી ખાત્રી કર કે ભવિષ્ય માટેની તારી રૂપરેખા જલ્દીથી તારી કંપનીની સરચાઇ બની જાય. **ધ્યેયનિષ્ઠ નેતાની અસરકારક છાપ છે સકારાત્મકતા. ઇચ્છાઓ ને જોઇ શકાય, તેવી ઇચ્છાઓ હકીકતમાં પરિણમે તે રીતે કામ કરવું.**

"તેથી ધ્યેયનિષ્ઠ નેતાઓ કાર્ય કરનારા છે. તેઓ સારી અને ઝડપી રીતે વર્તમાનને અને ભવિષ્યને ભેગાં કરવા માટે પ્રયત્નશીલ હોય છે. અને તેમના ધ્યેયને મેળવે છે. શું આ બરાબર છે?"

"હા, એમ જ તેઓ પ્રાચીન ઘટતી જતી ઇચ્છાઓના નિયમને સમજે છે અને તે નિયમ તેમને લાગુ ન પડે તેની ખાત્રી કરે છે."

"મેં આ વિષે કયારેય સાંભળ્યું નથી."

"ઘટતી જતી ઇચ્છાઓનો નિયમ એટલે નવા ખ્યાલને અથવા નિયમને કાર્યાન્વિત કરવા, તમે જેમ વધારે રાહ જુઓ એમ તેના માટેનો જુસ્સો ઓછો થાય છે.

"મને લાગે છે કે જેણે પણ ધંધાકીય વિશ્વમાં કામ કર્યું હશે તે જાણતું હશે કે મહાન વિચારોવાળા પ્રેરણાત્મક સેમીનાર જે વ્યક્તિના જીવનના દરેક પાસાને બદલી શકે છે. અને લાગણીનાં પૂર ઉમટે છે. પણ પછી રોજેરોજનું કામ આપણી એકાગ્રતા અને ઘણી બધી સારી ભાવનાઓ સાથે હરીફાઇ કરે છે અને બદલાવ માટેનું વ્યક્તિગત

વચન ક્યાંય બાજુમાં ફેંકાઇ જાય છે. અને આપણે લાંબા સમય સુધી તેને ટાળીએ તો તે વચનની પૂર્તિની શક્યતા ઘટતી જાય છે. તેથી બોધ એ લેવાનો છે કે તમારા ભવિષ્યના ધ્યેયને દફનાવતાં કોઇ બદલાવ જલ્દીથી મૃત્યુ પામે તે પહેલાં તમારા બદલાવના નિયમો પર કામ કરો. ઘણાં ઘણાં વર્ષો પહેલાં જર્મન ફિલસૂફે કહ્યું છે તેમ "જ્યારે તમે કરી શકતા હોવ અને જ્યારે તમે કરવાનું સ્વપ્ન જુઓ ત્યારે શરૂઆત કરો. કડકાઇમાં જ મહાનતા, શક્તિ અને ચમત્કાર છે.' "

"કેટલું સહેલું પણ કેટલું અગત્યનું છે, જુલીયન" આ ડહાપણના શબ્દોને સંપૂર્ણપણે પચાવવાની કોશીષ કરતાં મેં જવાબ આપ્યો.

થોડા કલાકોમાં આજે સાંજે હું જુલીયન સાથે હોઇશ. મારા આટલાં વર્ષો ધંધામાં ગાળ્યા પછી હું નેતૃત્વની કળા વિષે વધારે શીખીશ. આમાંનું ઘણું સામાન્ય જ્ઞાન છે. પણ જેમ વોલ્ટરે નોંધ્યું છે, "સામાન્ય જ્ઞાન સામાન્ય સિવાય બીજું કંઇપણ હોય શકે." મને વિચાર આવે છે કે નેતૃત્વના તત્વોને ઊંડેથી વિચારવા માટે મેં

ક્યારેય સમય કાઢયો નથી, તો એને અમારી કંપનીમાં અમલમાં હું કેવી રીતે મૂકીશ. મારા દિવસો અત્યારે જ ઉભી થઇ હોય તેવી દેખીતી અગત્યની મુશ્કેલીઓનો સામનો કરતાં કરીને અસરકારક નેતૃત્વના મૂળભૂત સિદ્ધાંતોને હું નકારતો રહ્યો.

કરુણાજનક એ છે, મારા આમ નકારવાથી, પરિસ્થિતિ બદમાંથી બદતર બની ગઇ. આથી મારા દાદા જે દીવાદાંડીનું રખવાળું કરનારની વાર્તા મને કહેતા તેનો મને વિચાર આવ્યો. દીવાદાંડીના રખવાળ પાસે તેની મશાલ જલતી રાખી પસાર થતાં વહાણોને કિનારાના ખડકોને દૂર રાખવા માટે પૂરતું તેલ હતું. એક રાત્રે નજીકમાં રહેતા વૃધ્ધ માણસને પોતાના ઘરનો દીવો જલતો રાખવા માટે તેલ ઉછીનું લેવાની ફરજ પડી. તેથી પેલા દીવાદાંડીના રખવાળે થોડું તેલ તેને આપ્યું. બીજી એક રાત્રે એક મુસાફરે તેની મુસાફરી ચાલુ રાખવા માટે તેના દીવાને જલતો રાખવા તેલ માંગ્યું. દીવાદાંડીના રખવાળે તેની વિનંતીને માન આપી તેને જરૂરિયાત પૂરતું તેલ આપ્યું. એના પછીની રાતે એક માએ દીવાદાંડીના રખેવાળને તેનાં બારણાં ખખડા- વી ઉઠાડયો. તેણે રખેવાળને પ્રાર્થના કરી કે જો તેને થોડું તેલ મળે તો તેણી તેના ઘરને હુંફાળું રાખે અને તેના કુટુંબને ખવડાવી શકે. ફરી રખેવાળે તેલ આપવાનું કબૂલ્યું. આથી તેનું તેલ જલ્દી ખલાસ થઇ ગયું અને મશાલ બૂઝાઇ ગઇ. ઘણાં વહાણો અથડાયાં અને ઘણાંએ જીવ ખોયા કારણ દીવાદાંડીનો રખેવાળ તેની પ્રાથમિકતા ઉપર ધ્યાન કેન્દ્રિત રાખવાનું ભૂલી ગયો. તે તેની મહત્વની ફરજ ભૂલી ગયો અને તેણે તેની કિંમત ચૂકવી.

મને સમજાયું કે હું દીવાદાંડીના રખવાળના રસ્તા પર જ ચાલી રહ્યો છું. જુલીયને મને શીખવેલી નેતૃત્વના સ્વયં પ્રકાશિત, અસરકારક અને ધ્યેયનિષ્ઠ શાશ્વત સિધ્ધાંતો ઉપર મારું ધ્યાન કેન્દ્રિત કરતો નહોતો. જ્યાં સુધી હું નેતૃત્વને સાદું બનાવીશ, અને ઓછી અગત્યતાવાળાં કામ પહેલા કરવાનું બંધ નહી કરું, તો મને લાગ્યું કે મારે પણ મોટા અકસ્માતના ભોગ બનવું પડશે અને ખાસ પ્રકારની ખૂબ મોટી કિંમત ચૂકવવી પડશે.

આખી રાતમાં પહેલીવાર જુલીયન થાકેલો દેખાયો. જુલીયને મને તેના ચમત્કારિક દેખાવ સાથે ચોંકાવ્યો અને અમે વરંડામાં મળ્યા તેને ઘણાં કલાકો વીતી ગયા હતા. જો કે નેતૃત્વના જે સત્યો તેણે મને શીખવ્યા. તે ઉપરાંત તેના વ્યક્તિગત બદલાવના ઘણાં રહસ્યો તેણે સ્પષ્ટપણે શોધ્યા હતાં. છતાં છેવટે એ પણ માનવ હતો અને તેને થાકવાનો અધિકાર હતો.

"જુલીયન, તું જે પણ કંઇ કરે છે તે માટે હું તારો ઘણો આભારી છું. ભગવાન જ જાણે છે કે મારે શીખવાની જરૂર હતી. તે આખી સાંજ ખૂબ જ જોશ અને જોમ સાથે મને ઘણા શક્તિશાળી પાઠો ભણાવ્યા, મને જાણ છે કે તેથી હું મારા વ્યવસ્થાપનમાં ત્વરિત સુધારો લાવી શકીશ, જો એક વખત તેનો અમલ કરવાની હિંમત દાખવીશ તો. હું તને આખી રાત સાંભળી શકું તેમ છું. પણ મારે તારી સાથે સદ્વ્યવહાર કરવો જોઇએ. આપણે હવે રાત્રિને કામ કરવા દઇએ અને કાલે સવારે મારી ઓફીસમાં સૌથી પહેલાં મળીએ. મેં મારી આખી સવાર આપણે સાથે

સમય પસાર કરી શકીએ એમ સમજીને કંઇ કામ રાખ્યું નથી. ચાલ, હું તને હવે ઘરે મૂકી જાઉં.''

''એ માટે ધન્યવાદ પીટર. મારે કબૂલ કરવું જોઇએ કે મને થોડી ઊંઘ આવવાની શરૂઆત થઇ છે. હું જાણું છું કે હું યુવાન દેખાઉં છું પણ તને ખબર છે કે ખરેખર હું કેટલો વૃધ્ધ છું જો કે હમણાં હું વધારે જીવંત અને શક્તિશાળી હોઉં એવું અનુભવું છું. જે હું વીસ વર્ષનો હતો ત્યારે પણ નહોતો અનુભવતો. છતાં મારે થોડા કલાકની ઊંઘ મારા મનને તાજું કરવા અને શરીરને ફરી ઉર્જા આપવા જરૂરી છે. જો તને વાંધો ન હોય તો મને લાગે છે કે હું જ્યાં રહું છું ત્યાં ચાલીને જઇશ. તે અહીથી ઘણું દૂર નથી.''

''પણ આપણે આ પ્રદેશની મધ્યમાં છીએ, જુલીયન. માઇલો સુધી અહી જંગલો અને ખેતરો સિવાય કંઇ નથી.'' મેં ખરી લાગણીથી તેને ફરી મૂકવા જવા કહ્યું.

''મારી ચિંતા ન કર.'' જુલીયને કહ્યું. સ્પષ્ટ જણાતું હતું કે તેની રહેવાની જગ્યા રહસ્ય રાખવા માંગતો હતો. ''''મને કંઇ નહી થાય.''

''તો આપણે કાલે સવારે મળીએ, ખરું?''

''ખરેખર કાલે સવારે હું કામમાં છું. અને આવતા થોડા દિવસો માટે મારે બીજા કામ છે. જે કામ પર ધ્યાન આપવું પડે એમ છે.''

''તું નવી ફરારી તો નથી શોધી રહ્યો ને?'' મેં મશ્કરી કરી મને ખાત્રી હતી કે તેનો જવાબ હું આપી શકું તેમ હતો.

''ના, પીટર. મારા ફેરારીના દિવસો ગયા. હું સાવ સાદો માણસ છું અને સાદા સત્યો જાણું છું. જે આપણી દુનિયાએ સાંભળવા જરૂરી છે. મેં યોગી રમણ અને બીજા સંન્યાસીઓને વચન આપ્યું છે કે તેમના નેતૃત્વના ડહાપણને જેમને જરૂર હશે તેમને શીખવવામાં હું મારી બાકીની જિંદગી પૂરી કરીશ. અને એમ જ કરવાની મારી ઇચ્છા છે. આપણે આવતા શુક્રવારે મળીએ તો કેમ રહેશે? આમ તને આત્મસંશોધન માટે થોડો સમય મળી રહેશે અને આમાંથી થોડા વિચારો તું વ્યવહારમાં પણ મૂકી શકીશ.''

''ચોક્કસ, જુલીયન, જો તને આવતો શુક્રવાર મળવા માટે યોગ્ય હોય તો આવતા શુક્રવારે આ જ સમયે અને આ જ સ્થળે ફાવશે ને?''

''હકીકતમાં મને જુદા જુદા સ્થળે તને મળવું ગમશે. આપણે સીટી હૉલની પાછળના નાના બગીચામાં મળીએ. ત્યાં કંઇક ખાસ છે જે તું જુએ એમ હું ઇચ્છું છું.'' તેણે કહ્યું. તેણે રહસ્ય ઉભું કર્યું. ''ચાલ, હું તને તારી ગાડી સુધી મૂકી જાઉં. હજી થોડા ત્વરિત નેતૃત્વના સિધ્ધાંતો તને આપવા મને ગમશે.''

અમે ઉભા થયા અને જ્યાં મેં ગાડી પાર્ક કરી હતી તે જગ્યા પર જવા માટેના પગથિયાં તરફ ચાલવા લાગ્યા. ઓચિંતાનો જુલીયન ઊભો રહી ગયો.

''કલબના મકાનમાં હજી તેમની પાસે ટીવીની મોટી સ્ક્રીન છે.''

''હા, તેમની પાસે છે. તું શા માટે પૂછે છે?''

"ફક્ત મારી પાછળ આવ. એક મુદ્દો તને પ્રત્યક્ષ બતાડવો છે." એ અંધારીયા વરંડામાં આ છેડેથી પેલે છેડે જઇ શાહી ફર્નિચરથી શણગારેલા કલબના મકાનમાં જતાં બોલ્યો.

"આ સદ્‌ગૃહસ્થ તારી સાથે છે, પીટર?" જેવા અમે પસાર થયા કે કલબના અધિકારીએ પૂછયું, ચોક્કસપણે તે જુલીયનના વસ્ત્રોથી હેરાની અનુભવતો હતો. મેં હા પાડી અને જુલીયનની પાછળ જવાનું ચાલું રાખ્યું. જે હમણાં જ ખાલી લોઉન્જમાં પ્રવેશ્યો. જેમાં મોટી સ્ક્રીનવાળો ટેલિવિઝન સેટ રાખ્યો હતો. થોડીવારમાં અમે એની સામે બેસીને સાંજના સમાચાર જોતા હતા.

"આખા દિવસમાં શું બન્યું એ જુએ છે?" મારા મિત્રના ઇરાદાથી બેખબર મેં પૂછયું.

"ના, રે ના" એવો જવાબ આવ્યો અને તેણે અમારી સામે પડેલા ટેબલ પરથી રીમોટ કન્ટ્રોલ ઉઠાવ્યું અને "રેડિઓ' લખેલું બટન દબાવ્યું. હવે સ્ક્રીન હજી સમાચાર દર્શાવતી હતી. પણ સમાચાર વાંચવાવાળાનો અવાજ અહીના એક રેડિઓ સ્ટેશન પરથી મનને આનંદ આપે તેવા શાસ્ત્રીય સંગીતના ટુકડાએ લીધો હતો. આ ફેર- બદલ ધ્યાન ખેંચે એવો સાબિત થયો. સ્ક્રીન ઉપર હિંસાનું ચિત્ર દેખાતું હતું જેણે અમારા શહેરોમાં ઘણાંને ઘેરી લીધાં છે. અને સ્પીકર્સ ઉપર વિવાલ્ડીનો મનને શાંત કરતો સૂર રેલાતો હતો.

"જુલીયન, તું શું કરે છે?"

"હું દિલગીર છું." જાણી જોઇને હસતાં તેણે જવાબ આપ્યો. """શું કંઇ ખોટું થઇ રહ્યું છે?"

"હાસ્તો, વિડિઓ અને ઑડિયો વચ્ચે તાલબધ્ધતા નથી."

"આપણી ધંધાકીય દુનિયાના ઘણાં બધા નેતાઓની જેમ જ તેઓ તેમના ગ્રાહકોને કંઇ કરવાનું કહેશે અને પછી કરશે કંઇ બીજું જ. તેઓ તેમના નોકરોને નાણાકીય અછતનો ઉપદેશ આપશે. જ્યારે છૂપી રીતે તેઓ સોનાનું પેરેશૂટ ખરીદવાની વાતો કરતા હશે. તેઓ તેમની ચાવીરૂપ કારભારી, જ્યારે તેમની સામે ઉભી હશે ત્યારે તેનાં વખાણ કરશે અને દયામાયા દર્શાવશે જ્યારે તે એ રૂમ છોડીને જશે ત્યારે તરત જ તેને ખૂબ ભાંડશે. તેમનામાં પ્રામાણિકતા નથી, તેમનામાં પાત્રતા નથી, તેમનામાં સંયોગીતાની સચ્ચાઇ નથી. **તેમનો વિડિયો તેમના ઑડિઓ સાથે તાલ મેળવતો નથી હોતો.** "

મેં કયારેય સંયોજનની સચ્ચાઇની શકિતને નેતૃત્વનો મુદ્દો ગણ્યો જ નહોતો. "પરિણામ-વળતરને ન્યાય આપે છે' એવા નેતૃત્વના સિધ્ધાંતમાં હું હમેશાં માનતો હતો અને કયારેક ઇચ્છિત પરિણામ મેળવવા આડુંઅવળું કરવું પડે એમ પણ માનતો હતો. જેમ હું એના પર વધારે વિચાર કરતો ગયો તેમ મને વધારે ને વધારે સમજાયું કે અમારા કાર્યોમાં સચ્ચાઇ ને કંઇ લાગતું વળગતું નથી અને એમ જ વર્તતો હતો. હું મારા વર્તનથી બીજાઓને સંદેશો મોકલતો હતો કે થોડું ખોટું કરીએ અને લૂંટી લઇએ તો કંઇ વાંધો નહી. અધિકારીઓ જે મુશ્કેલીઓનો સામનો કરી

શકતા તે હું શા માટે નહોતો કરી શકતો તેને માટે હું મારો લંગડો બચાવ કરતો. જ્યારે મહત્વના ગ્રાહકોને ખાસ કરીને વધારે નફો આપતાં હોય તો તે વચનો હું તોડી નાખતો. ચોક્કસ આ બધાંની મારા કામદારો ઉપર અને જે રીતે તેઓ ધંધો કરતા તેના પર પણ અસર થઇ.

" **ધ્યેયનિષ્ઠ નેતાઓ સાચા દેખાવા કરતાં સાચું કરવામાં વધારે કાળજી દર્શાવે છે.** " જુલીયને ઉમેર્યું. """તેઓ તેમના નેતૃત્વને લોકપ્રિયતા જીતવાની હરિફાઇ ન બનાવી શકે. જ્યાં તેમને તેમના બધા સ્ટોક-હોલ્ડર્સને સંતોષવા પડે છે. જ્યાં તેમની પાસે સ્પષ્ટ રીતે કેન્દ્રિત થયેલું ભવિષ્ય હોય છે. જે બધાના ફાયદાને ધ્યાનમાં રાખી તેના તરફ ધીમેથી આગળ વધે છે. તેમનું ધ્યેય તેમને માટે દીવાદાંડીનું કામ કરે છે. જે તેમની આજુબાજુ ઉભા થયેલા અવરોધો વચ્ચે તેમનો રસ્તો પ્રકાશમય કરવાનું કામ કરે છે. તેમનું નેતૃત્વ ઊંડા આદર્શોવાળું હોય છે. જે આદર્શો તેમના ધ્યેયને અને તેમની અંદરની આગને ઇંધણ પૂરું પાડે છે. "અમારે પારદર્શકતાની એકરૂપતા છે' કહી તેઓ જે કરે છે અને કહે છે તેનું સંયોજન કરે છે. નેતા તેની સાંયોગિક સચ્ચાઇથી બોલબોલ કરીને તેના હૃદયને છેતરશે નહી અને હમેશાં તેના આદર્શોને તેના કાર્યના માર્ગદર્શક બનાવે છે. આદર્શવાળો નેતા બન, પીટર. તારી જાત કરતાં કંઇ વધારે માટે ઉપર ઉઠ. તું માન પામીશ. કદાચ, લોકો નમસ્કાર પણ કરશે."

"તું કયા પ્રકારના આદર્શોની વાત કરે છે?"

"સામૂહિક રીતે હું તેને ગાંધી ફેક્ટર કહું છું કારણ આ ગુણોએ જ મહાત્મા ગાંધીનું જીવન અને નેતૃત્વ ઘડયું હતું. આ ગુણો એટલે પ્રામાણિકતા, ઉદ્યમ, ધીરજ, વફાદારી, હિંમત અને સૌથી ઉપર નમ્રતા. આ ગુણોનો અભ્યાસ કરીને અને તારી નેતૃત્વની સાધનાને તેનાથી ઘડી તું તારી કંપનીને અસરકારક રીતે બદલી શકીશ. જ્યારે તારું નેતૃત્વ નૈતિક અને ધ્યેયપૂર્ણ બનશે ત્યારે ગ્લોબલવ્યુને એક એવો તારણહાર મળશે જે કંપનીને ખરાબ દરિયામાંથી પણ ઉગારી લેશે. જ્યારે તું અસામાન્ય સંજોગોનો સામનો કરતો હોઇશ ત્યારે તું જરાપણ ગભરાટ અનુભવીશ નહી અને સારી એવી શાંતિ જાળવી રાખીશ. લોકો કોઇપણ ડર વગર કામ કરશે, વધારે સમજણથી અને વધારે સન્માનથી કરશે. ઓગણીસમી સદીમાં સ્પેનીશ ફીલસૂફ કાર્લો રેલેસે એક મુદ્દો વારંવાર ચર્ચ્યો છે. જ્યારે એણે લખ્યું, "મૂળિયાં ઝાડ માટે અને આદર્શો લોકો માટે મહત્વના છે. મૂળિયાં વગર ઝાડ વાવાઝોડું આવે ત્યારે પડી જાય છે. જ્યારે અસ્તિત્વનાં તોફાનો ઉઠે ત્યારે લોકો આદર્શો વગર તૂટી જાય છે.'

"ગાંધી ફેક્ટર હું અમારા વ્યવસ્થાપનમાં કેવી રીતે આણી શકું? મારો મતલબ છે કે અત્યારે પરિસ્થિતિ ઘણી ખરાબ છે અને કંઇપણ નવું કરવા માટે કોઇ તૈયાર થશે નહી. અમારામાંથી ઘણાંને લાગે છે કે ગયે વર્ષે અમે પૂરતા બદલાવનો સામનો કર્યો છે જેની અસર ઘણાં વર્ષો સુધી ચાલશે."

"""તું દષ્ટાંત બન," સાવ સાદો જવાબ આવ્યો.

''મેં થોડા વખત પહેલાં વાંચ્યું હતું કે એક વખત એક અનુયાયીએ આ મહાન માણસને પૂછયું કે તમે તમારી આજુબાજુના લોકોને કેવી રીતે બદલો છો. એક મિનિટ ગાંધીજીએ વિચાર્યું પછી જવાબ આપ્યો, ''તમારે બદલાવું પડે.' અને ગ્લોબલવ્યુમાં સાંયોગિક સચ્ચાઇ અને પાત્રતા ઊભી કરવાનું રહસ્ય આ જ છે. તું જે બદલાવ ઇચ્છે છે તે માટે તારે બદલાવું પડે. **તું પોતે જે બનવા તૈયાર હોય તેના કરતાં વધારે બીજાઓ બનશે તેવી અપેક્ષા ન રાખ.** તારે દષ્ટાંતરૂપ બનવાનું જેને તારા અનુયાયીઓ અનુસરશે. લોકો એ જ કરે છે જે તેઓ જુએ છે. સેનેકાએ આ મુદ્દો નોંધ્યો હતો જ્યારે તેણે લખ્યું, ''''હું મારા જીવન અને વિચારોને એવી રીતે હંકારીશ કે આખી દુનિયા એકને જુએ અને બીજાને વાંચે.''

''ખૂબ જ સુંદર વાક્ય છે. આ વાક્ય ચોક્કસ અમારા જમણના રૂમમાં સમાચારના પાટિયા ઉપર લખવા જેવું છે.''

''અથવા આ વાક્ય કારભારીઓ જ્યાં એકઠા થાય છે ત્યાં મૂકાય'', જુલીયને ખૂબ ભાર મૂકીને કહ્યું. ''ધ્યેયનિષ્ઠ નેતાઓ પોતે જ પોતાની જાહેરખબર કરે છે. તેઓ તેમના લોકો પાસેથી જે અપેક્ષા રાખે છે તેનું જ્વલંત ઉદાહરણ બને છે. જ્યારે તું એક વધારાની બપોરે ગોલ્ફ રમવા માટે રજા લેતો હોય ત્યારે તારા લોકોને ઓછા સાધન-સરંજામથી વધારે કામ તરફ ન ધકેલવા. જો તું ઓફીસનું ફર્નિચર બદલાવતો હોય એ જ સમયે તારા નોકરોને મળતા ફાયદાઓ પર કાપ ન મૂક. તું જ્યારે કંપની છોડવાની છૂપી યોજના બનાવતો હોય ત્યારે તારા લોકોને તારા ભવિષ્યના ધ્યેયમાં ભાગ લેવાનું ન કહે. લોકો મૂર્ખ નથી. તેઓ ચોક્કસ કહેશે તમે માનને લાયક છો કે નહી. તમારા નેતૃત્વને જીવો. આદર્શ નેતા બનો જેના વ્યક્તિત્વમાં એટલી શક્તિ છે કે તેઓ જાણી શકે કે સાચું શું છે, સાચેસાચ શું કરવું જોઇએ અને સાચું અસ્તિત્વ શું છે. યાદ રાખ સોક્રેટીસે શું કહ્યું છે. ''''હકીકતમાં છીએ તેવા દેખાવું તે મહાનતાની પહેલી ચાવી છે.''

મારું મન મારી બધી નબળાઇઓને શોધવા લાગ્યું જેમાં કામ પર મારું વ્યક્તિત્વ છતું થતું હતું. નિયમિતપણે હું કહેતો હું એક કામ કરીશ અને કરું કંઇ બીજું જ. મોટે ભાગે મારા માણસોના ફાયદા કરતાં હું મારા પોતાના ફાયદાની વધારે કાળજી કરતો. હું ગુસ્સાવાળા સ્વભાવનો હતો. હું મારા નોકરો સાથે તોછડાઇથી વર્તતો, હું સ્વાર્થી હતો, હું કોઇને સાંભળી શકતો નહી અને ઘણીવખત મારા કામ પ્રત્યે પૂરતો ગંભીર નહોતો. મને લાગતું કે આ ખામીઓની ખરેખર કોઇને ખબર નથી પણ હવે મને સમજાયું કે તેમને ખબર હતી. મારા સંપૂર્ણ અધિકારી તરીકેના મારા કાર્યભારમાં પહેલીવાર મને સમજાયું કે નેતા તરીકેની મારી નબળાઇઓમાંથી કંપની નબળાઇ- ઓથી ઘેરાઇ ગઇ છે. સારા અનુયાયી ન બનવાના કેન્દ્રમાં મારા નેતૃત્વનો અભાવ જ હતો. ગ્લોબલવ્યુ જે મુશ્કેલીઓમાંથી પસાર થતી હતી તેના માટે બીજા લોકોને અને બીજા બનાવોને વગોવવાનું બંધ કરવાનો સમય આવી ગયો છે. આજ સમય છે જ્યારે મારે ''બદલાવ બનવાનું છે.''

''તારા વ્યક્તિત્વની ખામીઓ તું જેને દોરે છે તે બધાને ખામીઓ બક્ષે છે.'' જુલીયને ચાલુ રાખ્યું, ''''જ્યારે તું નોકર પ્રત્યે ઉધ્ધત બને તેનાથી આડકતરી

રીતે તું તેને કોઇ બીજા પ્રત્યે ઉધ્ધત બનવાની પરવાનગી આપે છે. જ્યારે તું પોતે મીટિંગ માટે મોડો પડે તો, શાંતિથી તું લોકોને કહે છે કે સમયબદ્ધતા મહત્વની નથી. અને આ બધા સંદેશાઓ ધંધાકીય રીત-રિવાજોને મહત્વનો આકાર આપે છે આ ચોકઠું જ તું જે કરે તે અને તારા અનુયાયીઓ કરે તે માટે સેવા આપે છે.''

''હું દષ્ટાંત બનવાની શરૂઆત કેવી રીતે કરું, જુલીયન?'' મેં એટલા બધા વખત સુધી મારી આ જ નેતૃત્વ પધ્ધતિ ચલાવી છે કે મને સમજાતું નથી કે બદલાવ ક્યાંથી શરૂ કરવો.

''પહેલાં હું તને નેતૃત્વનું સરવૈયું તપાસવાનું સૂચન કરીશ. તું તારા હૃદયના ઊંડાણમાં ડોકીયું કરીને તપાસ. એક નેતા તરીકે તારી શક્તિઓ કઇ છે અને એથી પણ મહત્વનું કે તારી નબળાઇઓ કઇ છે. તારી જાતને ઓખળવાનું શરૂ કર. જેમ મેં પહેલાં કહ્યું તેમ **બદલાવ પહેલા સજાગતા આવે છે.** પછી બધા બદલાવની પ્રેરણારૂપ, પછી તે વ્યક્તિગત હોય કે વ્યવસ્થાપન માટે, એક નાના બદલાવની શરૂઆત કર. હમણાં જ મેં એક સ્થાનિક કંપની માટે વાંચ્યું જે ગ્લોબલવ્યુ જેવી જ મુશ્કેલીઓનો અનુભવ કરતી હતી. કામ કરવાની તમન્ના નહોતી. ઉત્પાદનક્ષમતા નબળી પડી ગઇ હતી. સર્જનાત્મકતા સૂકાઇ ગઇ હતી અને નફો ક્યાંય દેખાતો નહોતો.

''તેની નેતા એક સાદો વિચાર લઇને આવી. તેણીના જાણમાં આવ્યું કે તેના મુખ્ય કામદારો તેને કંપનીમાં ભાગ્યે જ જોતા હતા અને તે જ કંપનીના ખરાબ પરિણામોનું કારણ હતું. તેણે કંપનીના કામકાજી વિભાગમાં નિયમિતપણે આંટો મારવાનો એવું સાદું શિસ્ત પાળવું શરૂ કર્યું. આમ કરતાં તેણે નોંધ્યું કે ઉપર આવેલી તેની કાર્યકારી ઓફીસની સ્વચ્છતાની વિરુધ્ધમાં ફેકટરી તદ્ન ગંદી અવસ્થામાં હતી. કચરો જ્યાં ત્યાં ચાલવાના રસ્તામાં પડયો હતો, દિવાલો થૂંક અને ગંદકીથી ભરપૂર હતી. અને બધી જગ્યાએ મેલના થર બાઝી ગયા હતા. ચોખ્ખી વાત હતી કે કોઇને પોતાના કામની જગ્યાની કાળજી નહોતી.

''જ્યારે નેતા તેનો નિયમિત આંટો મારતી હોય, લોકો સાથે ચાલતાં અને વાતો કરતાં, ત્યારે તે શાંતિથી કચરો ઉપાડી લેતી, તેને આશા હતી કે આ સૂચક મુદ્રાથી કદાચ તેના લોકોમાં વૈચારિક અસર ઉત્પન્ન થાય. જલ્દીથી કામદારો આ દષ્ટાંતને અનુસરવા લાગ્યા. તેણી સાથે ચાલતાં ચાલતાં તેઓ પણ કચરો જે જમીનને ગંદી બનાવતો હતો તે ઉપાડીને નજીકની કચરાપેટીમાં નાખી દેતા. પછી તે કામદારોએ નોંધ્યું કે તે જગ્યા પહેલાં કરતાં સારી દેખાવા લાગી હતી. તેથી તેમણે તેમના નેતાને પૂછયું કે તેણી તેમને મનપસંદ રંગ દિવાલ ઉપર કરાવી આપશે. તેણીએ તરત જ હા પાડી. હવે બધા કામદારો સ્વચ્છતા રાખવાનો પ્રયત્ન કરવા લાગ્યા. ફેકટરીના કામદારો ગર્વથી માથું ઊંચું કરીને કામ કરતા. જેઓએ પોતાની કામની જગ્યા માટે ગર્વ લેવાની શરૂઆત કરી. આથી, બદલામાં, કામ કરવાનો ઉત્સાહ વધ્યો, ઉત્પાદનક્ષમતા વધી અને બધા કામદારોના મનમાં મારાપણાની લાગણી ઉભી થઇ. તેઓએ તેમના કામમાં અને વ્યવસ્થાપનમાં ખરેખર રસ લેવા માંડયો. આ સકારાત્મક બદલાવની ઉર્જા આખી કંપનીમાં ફેલાઇ ગઇ અને આ કંપની જલ્દીથી તંદુરસ્ત બની ગઇ.''

''અને આ બધું તેના નેતાના એક નાના કામથી શરૂ થયું.''

''નાના કામ મહાન પરિણામો આપે છે, પીટર. ક્યારેય ભૂલતો નહીં કે તારા લોકો તને જુએ છે. તેઓ તને જોઇને કયું વર્તન સ્વીકાર્ય છે અને કયું નહીં તે નક્કી કરે છે. તેથી તારે તારા લોકો કેવા જોઇએ છે, તેવું દષ્ટાંત બન. અને વાર્તામાં કહ્યા મુજબ સ્વાનુભાવ- વાળા નેતાની યુક્તિઓ ઉધાર લે. તારી સમૃદ્ધ ઓફીસ જેમાં તે તારી જાતને પૂરી રાખી છે તેમાંથી બહાર નીકળ અને જે સ્ત્રીઓ અને પુરુષોને તારા નેતૃત્વની જરૂરિયાત છે તે લોકોને મળ અને વાત કર. તેમને સાંભળ, તેમને શું સ્પર્શે છે તે શોધી કાઢ. તેમની આશાઓ, તેમનાં સપનાંઓ અને તેમની નૈરાશ્યવાળી ફરિયાદોને સાંભળ. ખરેખર તારી કંપનીનું વાતાવરણ શું છે તેને જાણ. મોટાભાગના નેતાઓ જાણી શકતા નથી કયાંથી શરૂ કરવું. જેમ યોગી રમણે મને એક વખત કહ્યું હતું ''જે પાણીમાં તરતી હોય છે તે પાણીને માછલી સૌથી છેલ્લે ઓળખે છે.''

સંન્યાસીની એ સલાહ સાથે જુલીયને મારી સાથે હાથ મેળવ્યો અને અંધારામાં ચાલવાનું શરૂ કર્યું પછી તે ઉભો રહ્યો અને પાછળ ફર્યો.

''અરે, હું તને કંઇક આપવાનું ભૂલી ગયો છું. આપણે આવતા અઠવાડિયે મળીએ ત્યાં સુધી એ તને કંઇક વિચાર કરતો રાખશે.'' એણે એના લાંબા ઝભ્ભામાં હાથ નાંખ્યો જે ઝભ્ભો આખી સાંજ સખત ગરમી હોવા છતાં તેણે કાઢી નાખવાની ના પાડી હતી. તેણે તેમાંથી કોઇક વસ્તુ કાઢી જે અંધારામાં હું જોઇ ન શક્યો અને તેને ખૂબ નરમાશથી મારા હાથમાં દબાવી. પછી તે રાતના અંધકારમાં ઝડપથી અદશ્ય થઇ ગયો.

જેવો હું મારી ગાડીમાં બેઠો કે તરત રેરવ્યુ મીરરના ઝાંખા અજવાળામાં મેં જુલીયને આપેલી ભેટ જોઇ. આ પેલાં લાકડાનાં ચોગઠાંની રમતનો બીજો ટુકડો હતો. જે તેણે પહેલાં આપ્યો તેવો જ. તેના પર પણ કંઇ ચિતરામણ હતું અને પહેલાંની જેમ જ તે લાકડા ઉપર શબ્દો કોતરાયેલા હતા. તે શબ્દો હતા. **નિયમ-૨ ''મનથી સંચાલન કરો અને હૃદયથી દોરવણી આપો.** '

પ્રકરણ : ૫ જ્ઞાનનો સારાંશ શ્ર્ જુલીયનનું ડહાપણ ટૂંકમાં

નિયમ

તત્ત્વ દબાણપૂર્વક ભવિષ્યમાં કેન્દ્રિત રહેવાનો નિયમ.

ડહાપણ

- ધ્યેય વિશ્વમાં સૌથી વધારે શક્તિશાળી ઉત્સાહવર્ધક છે.
- નેતાનું પ્રાથમિક કાર્ય તેના માણસોને દબાણવાળા કારણ માટે પ્રોત્સાહિત કરવા જે બીજાના જીવનને કંઇ આપી જાય છે.
- મહાન નેતૃત્વ પહેલાં મહાન અનુસરણ આવે છે. તમે કામદારોને દર્શાવો કે તમારા મનમાં તેમના ભલાની વાત હમેશાં છે.
- ધ્યેયનિષ્ઠ નેતાઓ માણસની હોંશિયારીને મોકળો માર્ગ આપે છે અને લોકોની છૂપી શક્તિઓને બહાર આણવામાં મદદ કરે છે.
- સચ્ચાઇથી સંયોજન, વ્યક્તિત્વ અને હિંમતથી લોકોને દોરવણી આપો.

સાધના

- ડહાપણને નિયમબદ્ધ કરો જેથી તમારી સકારાત્મક ઇચ્છાઓ ભૌતિક સચ્ચાઇમાં ફેરવી શકાય.
- તમારા દબાણવાળા કારણને લોકોને કહો જેથી તે તેમના હૃદય બાંધી રાખે.
- તમારા વિડિઓ અને ઓડિઓ સાથે સુમેળ રાખો.

સદ્‌વિચાર

- ધ્યેયનિષ્ઠ નેતાનું મહત્વનું કાર્ય એ છે કે જે લોકોનો એ નેતા છે એ લોકોને માન અને સન્માન આપવું અને તેમનામાં રહેલી શક્તિઓને તેમના કાર્ય દ્વારા બહાર આણવી.

સંન્યાસી જેમણે પોતાની સંપત્તિ વેચી નાખી

નિયમ ૨

મનથી સંચાલન કરો,
હૃદયથી દોરવણી આપો.

પ્રકરણ : ૬

માનવ સંબંધોનો નિયમ

વ્યક્તિ, જે પોતાના સાથીઓ જેઓના જીવન ઘણી મુશ્કેલીમાં હોય તેમાં રસ લેતી નથી અને બીજાઓને ઘણાં દુ:ખી કરે છે. આવી વ્યક્તિઓ જ માનવ જીવનના નાસીપાસ થવાનું કારણ બને છે.

- આલ્ફ્રેડ એડલર

જેવો હું ઘેર પહોંચ્યો, મારું મન જુલીયને મને શીખવેલા વિચારોથી ઉભરાતું હતું. આ વિચારો એટલા અર્થપૂર્ણ હતા કે મને લાગ્યું કે ઘણાં વર્ષો પહેલાં મેં મારી જાતે એને શોધી કાઢયા હોત તો સારૂં હતું. તેનાથી હું ઘણા બધા ગુસ્સાથી અને તાણથી બચી શક્યો હોત. આમ જો મેં નેતૃત્વના ડહાપણને પહેલેથી વાપર્યું હોત તો કોને ખબર છે ગ્લોબલવ્યુ કયાંની કયાં પહોંચી ગઇ હોત? અને મારું મન દસ વર્ષ પછી આ કંપની કેવી હોવી જોઇએ એના વમળોમાં ઘુમવા લાગ્યું. હું કલ્પના કરવા લાગ્યો કે અમારા કાર્ય ક્ષેત્રમાં અમારી કંપની આખી પૃથ્વી પર સૌથી મોટી અને સૌથી સારી કંપની બની જાય તો કેવું? મેં ભવિષ્યમાં દષ્ટિ કરી વિચાર્યું મારા કેટલાં બધાં લોકોને હું પ્રગતિ સાધવામાં મદદ કરી શકું અને કેટલા બધાના જીવનને સ્પર્શ કરી શકું. એક હાસ્ય મારા ચહેરા પર આવી ગયું.

ફરી સ્વપ્ન જોવાથી મને ઘણું સારૂં લાગ્યું. જોનાસ સોકે એક વખત કહ્યું હતું, ""મને સપનાં આવે છે અને મને દુ:સ્વપ્ન પણ આવે છે. હું મારા દુ:સ્વપ્નમાંથી મારા સ્વપ્નોને લીધે બહાર આવી જાઉં છું.'' બધા સફળ ધંધો કરવાવાળા મને ખબર હતી કે સ્વપ્નો જુએ છે. તેમણે સંવેદનશીલ દબાણવાળા કારણો તેમના ઉંડા આત્મસંશોધન પછી શોધી કાઢયા હતા અને તેમનામાં તેના માટે ફના થવાની હિંમત હતી. જ્યારે અમે નાના વ્યાપારી હતા અને ગ્લોબલવ્યુને ઊભું કરવાનો પ્રયત્ન કરતા હતા ત્યારે હું કલાકો સુધી શાંતિથી બેસી રહેતો. પણ વિચારતો રહેતો કે અમારું ભવિષ્ય કેવું હશે એ સિવાય કંઇ ન કરતો. પણ જેમ જેમ વ્યાપાર વધ્યો તેમ માથાનો દુ:ખાવો પણ વધ્યો અને મારી શાંતિની ક્ષણો ઘણી થોડી અને મારાથી દૂર થતી ગઇ. જે માણસે પોતાની જાતને આમૂલ બદલાતી અનુભવી છે. એવા જુલીયન સાથેની મુલાકાત મને કાયમ માટે બદલી નાખશે. હું જાણતો હતો મારે ધ્યેયનિષ્ઠ નેતા બનવાનું હતું. શું કરવું તે પણ મારે જાણવાનું હતું. અને જુલીયને શીખવેલી ધ્યાન ખેંચે તેવી નેતૃત્વની પધ્ધતિ મને તે દર્શાવતી હતી. મને ભવિષ્ય માટે ઘણી આશા બંધાઇ અને અનિશ્ચિતતાના વાદળો વિખરાવા લાગ્યા. મને પ્રેરણા, નાવિન્ય અને જોમ મળ્યું.

તે રાતે મારા રૂમના ટેબલ પર પડેલા કોરા કાગળના પેડમાંથી એક કાગળ મેં ફાડયો. જો કે ત્યારે વહેલી સવારના બે વાગ્યા હતા પણ મેં જે શીખ્યું હતું તે બધું લખવા માંડયું. મને દીર્ઘ દષ્ટિવાળા નેતાઓનો પહેલો નિયમ: ધ્યેયને વળતર સાથે

જોડો, આ નિયમ સમજાયો હતો, અને ઘણાં શાશ્વત નેતૃત્વના સત્યો એ પાઠની આજુબાજુ હતા. આઠ નિયમોમાંથી જુલીયને મને બીજા નિયમની ઝાંખી પણ કરાવી હતી. આ નિયમ મારે કામનો હતો, મનથી સંચાલન કરો. હૃદયથી દોરવણી આપો. અને હું જાણતો હતો કે હજી ઘણું શીખવાનું બાકી છે.

મેં જે શીખ્યું હતું તે કાગળ ઉપર ઉતાર્યા પછી આ જ્ઞાન કેવી રીતે અમલમાં મૂકવું તેનું લિસ્ટ બનાવવાની મેં શરૂઆત કરી. જુલીયને મને "કાર્યાન્વિત ખાલી જગ્યા' કહીને ચેતવ્યો જ હતો. નેતૃત્વની રીતમાં ઘણી વખત આવતી મુશ્કેલી એ છે કે જ્યારે નેતા તેની સુઇચ્છાઓને કાર્યમાં મૂકી ન શકે. મારા પોતાના ધંધાકિય અનુભવથી હું જાણતો હતો. ઘણાં લોકો પાસે પોતા પાસે શિસ્ત ન હોવાની તેમને જાણ હોય છે અને તેઓ જાણતા હોય છે કે તેમણે શું કરવું અને કયારે કામ કરવું પણ અસરકારક રીતે તેઓ કરી શકતા નથી. તેઓ મહત્વના ધંધાના જીવનના કાર્યો સરળતાથી તરત જ કરતા નથી. મૂળ મોડા મોડા એક દિવસ તેઓ જીવનમાં જાગે છે. અને તેમને લાગે છે કે તેમણે તેમના જીવનમાં ઘણું કર્યું હોત. તેઓ ગુમાવેલી તકો માટે દુ:ખ કરે છે. પણ દુ:ખની વાત એ છે કે ત્યારે ખૂબ મોડું થઇ ગયું હોય છે. પેલી કહેવત છે કે "યુવાનીમાં ફક્ત જાણો અને વૃધ્ધાવસ્થામાં ફક્ત કરો.'

મેં ગ્લોબલવ્યુના ભવિષ્યના ધ્યેય માટે ખૂબ વિચાર્યું. મેં મારા હૃદયમાં ખૂબ ઊંડે સુધી વિચાર્યું અને મારી જાતને પૂછયું કે મારી કંપનીમાં શું કરવાથી સૌથી વધારે અસર ઉપજાવી શકાય. જે ધ્યેય બની રહ્યું હતું. તેને માટે હું મારા લોકોને કેવી રીતે સમજાવીશ તે માટે હું વિચારવા લાગ્યો અને મારું સ્વપ્ન પૂરું કરવામાં મદદ કરવાથી કેવી રીતે તેમનાં સપના પૂરા થશે તે હું કેવી રીતે દર્શાવીશ તે મેં વિચાર્યું. મારું નવું ધ્યેય ભવિષ્યમાં કેવી રીતે લોકોના જીવન બદલી શકે અને તેઓએ જે કાર્ય કર્યું તે ખરેખર મહત્વનું છે તે વિષે મંથન કરવા લાગ્યો.

હું મુક્તિદાતા ખરેખર કેવી રીતે બની શકું તેની રીતો ઉપર મેં મારું મન કેન્દ્રિત કર્યું. જેમ જુલીયને કહ્યું હતું. નેતા તરીકે હું મારી જાતને મુક્તિદાતા તરીકે ગોઠવવા લાગ્યો અને લોકોની હોંશિયારીનો બંધનકર્તા નહી. મારે વ્યક્તિગત સંચાલન બંધ કરવું જોઇએ અને લોકોને પરિણામો મેળવવા માટે વધારે જવાબદારી સોંપવી જોઇએ. મારે લોકોને વિશિષ્ઠ પ્રકારના હેતુ દર્શાવવા જોઇએ જેથી લોકો વધારે રચનાત્મક અને કામનું સંયોગીકરણ કરતાં શીખે. મારે લોકોને તેઓ જે કામ કરી શકે તે કરવા દેવું જરૂરી હતું, એમાં મારે ધ્યાન રાખવાની કે સતત દોરતા રહેવાની જરૂર નથી. અને મારે મારા નેતૃત્વને યોગ્ય પાત્રતા અને સચ્ચાઇથી અર્થપૂર્ણ બનાવવી જોઇએ.

હવે બૂમો પાડવી અને રાડો પાડવાનું બંધ, લોકોની પીઠ પાછળ બોલવાનું અથવા બધાથી છૂપું રાખવાનું બંધ, છેતરપીડી અને આડાઅવળાં કામ બંધ. ખાત્રીપૂર્વક જ્યારે સમય આવે ત્યારે મારે મજબૂત અને કડક બનવું જરૂરી છે. એમ કહેવાની જરૂર નથી. પણ મારે "કોઇ ધ્યેય માટે ઉભા થવાનું છે.' જેમ જુલીયને કહ્યું હતું. તેણે બતાવેલા સાંપ્રત કાળના સિધ્ધાંતોથી મારે મારી જાતનું

અને મારા નેતૃત્વનું સંચાલન કરવાનું છે. ગ્લોબલવ્યુના સ્ત્રીઓ અને પુરુષોને માટે આટલું તો કરવું જ રહ્યું.

જુલીયન સાથેની મારી બીજી મીટિંગ માટેના દિવસો પસાર થતા ગયા. હું તેને મળવા માટે એટલો આતુર હતો કે તે રાત્રે હું ઉંઘી શકયો નથી. હિમાલયમાં તેણે શીખેલા ડહાપણને મારા જીવનનો ભાગ બનાવવાથી મારી શકિતઓ વધી ગઇ. હું સમજાવી શકું તેમ નથી કે આમ શા માટે થયું. મને લાગે છે કે જ્યારે માતા-પિતાને પહેલું બાળક જન્મે ત્યારે તેઓ જેવું અનુભવે લગભગ એવું જ મને લાગે છે કે હું અનુભવતો હતો. ઉત્સાહ, જોશ અને ધ્યેયને નવો અર્થ મળ્યો. બધી મળીને નવી લાગણી ઉભી થતી હતી. તમે આ લાગણીની એક પણ ક્ષણ ગુમાવવા તૈયાર ન થાવ અને આ લાગણી છેવટે તમે અનુભવી તેનો ગર્વ અનુભવો.

જુલીયને મને શીખવેલા સત્યો અમલમાં મૂકયા પછી થોડા દિવસમાં કંપનીની અંદર નોંધપાત્ર પ્રગતિ શરૂ થઇ. હું વધારે ખુલ્લો, પ્રામાણિક અને કામમાં રસ લેનાર બન્યો. મેં કંપનીના વાતાવરણમાં ઉત્સાહ ફેલાવવાનું શરૂ કર્યું. હું જે લોકો સાથે કામ કરતો હતો. તેમની કાળજી લેવાનું શરૂ કર્યું. મારી કાર્યકારી મદદનીશ એરીલે, જે ભાગ્યે જ તેની મારી આજુબાજુની ચોકી ઓછી કરતી અને જે ખૂબ હોંશિયાર હતી તેણે મસ્તી કરતાં કહ્યું કે, ""કોઇ દયાળુ અને ડાહી વસાહતમાંથી મારું કલોન, મેં બદલીમાં મૂકયું છે કે શું?''પછી તેણે થોડા ગંભીર સૂરમાં કહ્યું. દરેકને તમે કરી રહેલા ફેરફારો ગમે છે અને આશા રાખે છે કે તમે આમ કરતા રહેશો. ગઇકાલે સવારે પાર્કીંગ લોટના મધ્યમાં લટકતા જૂના ધ્યેયના વાકયને તમે આગ લગાડી તે કોઇ માની શકતું નથી. આ ગ્લોબલવ્યુના ઇતિહાસમાં લખાશે તેટલું ચોક્કસ છે!

છેવટે શુક્રવાર આવ્યો. જેવો હું મારા મુખ્યાલયમાંથી ગાડી હંકારી જુલીયને મને સૂચવેલા સીટી હૉલની પાછળ આવેલા બગીચા તરફ તેને મળવા ઉપડયો કે મારા હાથમાં જુલીયને મને આપેલા લાકડાનાં ચોગઠાંની રમતનો બીજો ટુકડો મારી આંગળીઓમાં રમતો હતો. નિયમ ૨: મનથી સંચાલન કરો, હૃદયથી દોરવણી આપો. ""આનો ખરો અર્થ શું હશે?'' મને નવાઇ લાગી. અત્યાર સુધી જુલીયને મને ઘણી ઉપયોગી માહિતી પૂરી પાડી હતી. એ શકિતશાળી છતાં પ્રયોગાત્મક હતી. પણ આ શબ્દ ""હૃદયથી દોરવણી આપો' વિષે મને થોડી ચિંતા થઇ. મેં આશા કરી કે જુલીયન મારી સાથે નરમાઇ બતાવવાનો નથી.

જેમ જુલીયને વચન આપ્યું હતું તેમ જ તે બગીચામાં મારી રાહ જોતો હતો. જોકે આજે પણ સખત તડકાવાળો ઉનાળાનો દિવસ હતો. છતાં જે પારંપારિક સાધુઓ પહેરે તેવો ઝભ્ભો તેણે ફરી પહેર્યો હતો. જેમના સમયથી પર જ્ઞાનથી તેની જીંદગી બદલાઇ ગઇ હતી. પણ એમાં એક વિચિત્ર ફેરફાર એ હતો કે આજે તેણે ઘેરા રંગના ફેશનેબલ સનગ્લાસ પહેર્યા હતા, જે રોક સ્ટાર્સ અને ફિલ્મના અભિનેતાઓ પહેરે તે પ્રકારના હતા. આ ભેદ ધ્યાન ખેંચતો હતો.

''જુલીયન, મને છાંયડો ગમે છે.'' મેં મારા મિત્રને ફરીથી જોતાં ખુશ થઇને તેના ખભાને થપથપાવતાં કહ્યું.

''મેં વિચાર્યું કે તને આ ગમશે. તે દિવસે આ મેં ગલીમાં નાના ફેરિયા પાસેથી ખરીદ્યા. તેણે કહ્યું કે મારે મારો દેખાવ સુધારવાની જરૂર છે. તેથી મેં આમ કર્યું.'' તે હસ્યો. ''''ગમે તેમ સૂર્યપ્રકાશથી મારી આંખોના રક્ષણ માટે મારે તેની જરૂર હતી.'' એક ક્ષણ માટે ઉપર આકાશમાં જોતાં તેણે કહ્યું.

''તારી દષ્ટિ ખોવા માંગતો નથી ખરૂંને?'' મેં એક શિષ્ય બનતાં કહ્યું.

''સારી રીતે કહ્યું, પીટર લાગે છે કે તું વિચારતો થયો છે.''

''ખરું છે. હકીકતમાં તેં શીખવેલા નેતૃત્વના ડહાપણ વિશે વિચારવા કરતાં તારી સલાહ મુજબ વધારે કરવાનું શરૂ કર્યું છે. મેં તેના પર કામ કરવાનું શરૂ કર્યું છે.''

''સરસ, હું જાણતો હતો કે તને મળવા આવીને મેં કોઇ ભૂલ કરી નથી. સંન્યાસીઓના આશીર્વાદરૂપ મળેલી અમૂલ્ય માહિતીનો તું સારો ઉપયોગ કરીશ એમ હું જાણતો હતો. અને સંન્યાસીઓ પ્રેમથી કહેતા કે, ''''જ્યારે શિષ્ય તૈયાર થાય ત્યારે ગુરુ સામેથી આવે છે.''

''અને તું એક દિવસ પણ વહેલો નથી આવ્યો, જુલીયન. કંપનીમાં વાત ગાંડપણની હદ સુધી બગડી હતી. મને એ હવે સમજાય છે. તેં જે પાઠો મને ભણાવ્યા હતા તેને થોડા દિવસથી જ અમલમાં મૂકવા છતાં મેં કેટલીક સકારાત્મક પ્રગતિ કંપનીમાં નોંધી છે.'' અમારી પ્રગતિની વાત તેને કહેતાં ખુશ થતાં મેં કહ્યું. હું જાણું છું કે હજી શરૂઆત છે અને ખરો બદલાવ આવતાં સમય જશે પણ કંઇક કાર્ય થવાનું શરૂ થયું છે. મેં તારા નેતૃત્વના ડહાપણ વિષે મારી સંચાલક ટુકડીમાંના દરેકને અને મારી કંપનીના દરેક મુકાદમને કહ્યું છે. બદલામાં મેં તેમને કહ્યું કે આ ડહાપણના પાઠો બીજાઓને શીખવો અને આ કંપનીમાં બધા સાથે ડાહ્યા થઇએ. જેમકે તે મને પહેલાં કહ્યું હતું કે હકીકતમાં નેતૃત્વ એ કોઇ પદ અથવા પદવી નથી પણ એ એક કાર્ય છે. અને કંપનીમાં કોઇપણ મારા સિનિયર વાઇસ-પ્રેસિડેન્ટ, ફેકટરીનો કે દુકાનનો ઝાડુવાળો, ટપાલ વિભાગમાં કામ કરનારો નાનો છોકરો દરેક નેતૃત્વ દર્શાવી શકે છે. મને હવે સમજાયું છે કે ગ્લોબલવ્યુના દરેકે દરેક નોકરે નેતૃત્વને શીખવું જરૂરી છે. જો અમારે હકીકતમાં વિશ્વકક્ષાના વ્યવસ્થાપન બનવું હોય તો. દરેકે ધ્યેયનિષ્ઠ નેતા બનવું એટલે શું એ જાણવું જ જોઇએ અને પછી આ જ્ઞાન તેઓ જે કામ કરતા હોય તેમાં ખાસ પ્રકારે વાપરવું. અમારામાંના દરેકે કામ ઉપર નેતૃત્વ દર્શાવવા તત્પર રહેવું જોઇએ.

''યાદ રાખજે, તારી સફળતાની વાત મને કહેતો રહેજે અને આવી ઘણી વાતો હશે.'', જુલીયને કહ્યું.

''સારું, ખરેખર હું કહી શકું તેવી એક વાત મારી પાસે છે. ગયે અઠવાડિયે આપણી ગોલ્ફ કલબની મુલાકાત પછી હું ઘેર ગયો અને મારા નેતૃત્વ નીચે મારે જે ફેરફારો કરવાના હતા તેની યાદી બનાવી. મેં નેતૃત્વનું સરવૈયુ તપાસ્યું, જેમ તેં સૂચન કર્યું હતું. મેં શકય એટલી અને હું વિચારી શકું, એટલી નબળાઇઓ સાધી

છે. અને દરેકે દરેકને નેસ્તનાબૂત કરવા માં એક કાર્યક્રમ બનાવ્યો છે. તેની સાથે સમય પણ ફાળવ્યો છે.

એટલું કર્યા પછી મેં એક જરા વ્યક્તિગત બ્રેનસ્ટોર્મીંગ સેશન રાખ્યું હતું. જેમાં છેલ્લે આપણે મળ્યા હતા ત્યારે તેં જે મુદ્દા માંડયા હતા. તેના અમલમાં મૂકવા હજારો નવી નવી રીતો મેં શોધી કાઢી છે. આ બધા ખ્યાલોમાંનો એક વિચાર એવો પણ હતો કે મારા દરેક નોકરને એક હજાર ડૉલરનો વાર્ષિક અંદાજ આપીને કહું કે આ પૈસા તેઓ તેમના વ્યવસાયિક અને વ્યક્તિગત અસરકારકતાને વિકસાવવા માં વાપરી શકે છે. તેં મને કહ્યું હતું કે મારા માણસોની તેમના કામ પર માવજત કરવાની મારી ફરજ છે.

તેથી આ ફરક માં ગંભીરતાથી લઇ નક્કી કર્યું કે ખરેખર મારે વ્યક્તિગત વિકાસને અનુમોદન આપવું જોઇએ. જ્યારે તેમણે આ યોજના સાંભળી ત્યારે તારે જોવું હતું કે તેઓ કેટલા ખુશ હતા. હું જાણું છું કે આ મોટી રકમ છે પણ હું આને ખર્ચ કરતાં રોકાણ માનું છું. જેમ તેં કહ્યું, જુલીયન કે જે નોકરો પોતાના માટે ઊંચો અભિપ્રાય રાખશે તેઓ ખરેખર ઉત્તમ પરિણામો આપશે.

"હવે આ પૈસાથી તેઓએ શું કરવાનું શરૂ કર્યું?"

"આ યોજનાને અમલમાં મૂકવાનું કામ હજી ચાલુ છે. પણ અમારી ટીમના થોડા સભ્યોને તેમના ચેક મળી ચૂક્યા છે. મેં સાંભળ્યું છે કે તેમાંના થોડા લોકોએ આયોજન માટેના સાધનો ખરીદવાનું નક્કી કર્યું છે કારણ તેમને હમેશાં લાગતું હતું કે તેમના કામ અને સમયનું અસરકારક સંચાલન કરવા માટે આ સાધન જરૂરી છે. બીજા થોડા લોકો તેમને મળેલા અંદાજીત પૈસા ઉત્સાહવર્ધક પુસ્તકો અને કામ પર આવતાં તેમની કારમાં સાંભળવા માટે અભ્યાસક્રમની ઓડીઓ કેસેટ ખરીદવાના છે. અને એક માણસે આમાંની થોડી રકમ ખૂબ વ્યક્તિગત રીતે ખર્ચ કરી. એ ઠીગણો છે અને અમારા ઉત્પાદન કક્ષમાં કામ કરતાં તેને થોડી મુશ્કેલી પડતી હતી. કારણ હમેશાં તેને ઉંચી જગ્યાઓ પર પહોંચવું જરૂરી હતું. પણ તેને તેના મુકાદમને આ કહેવામાં શરમ આવતી હતી. તેને લાગ્યું બધા તેના પર હસશે. તેની પાસે જ્યારે પોતાના પૈસા, જેમ ખર્ચવા હોય તેમ ખર્ચી શકાય, આવ્યા જેથી તેનું કામ સારી રીતે કરી શકાય ત્યારે તે એક સાદું સ્ટુલ લઇ આવ્યો. તેના મુકાદમે મને કહ્યું કે તેની ઉત્પાદન ક્ષમતા બમણી થઇ ગઇ અને મુકાદમે તેના કરતાં ખુશ માણસ જોયો નથી."

"હિમાલયમાં મેં શોધેલા સત્યોની શક્તિ તું અનુભવવા લાગ્યો છે. કારણ ખૂબ સાદું સીધું છે કે આ સિદ્ધાંતો દરેક સમયની પરીક્ષામાં ખરા ઉતર્યા છે. કારણ તેઓ કાર્ય કરે છે."

"જ્યારથી તારા નેતૃત્વના ડહાપણને મેં જાણ્યું છે. ત્યારથી મેં બીજું કાર્ય કરવાનું શરૂ કર્યું છે, જુલીયન."

"એ શું છે?"

“નેતા તરીકે મેં ઘણું જોખમ લેવાનું શરૂ કર્યું છે. હું મારી જાતને નવા વિચારોનો સંશોધનકર્તા અને રચયિતા તરીકે જોઉં છું. જો હું મારા મનને સતત કામમાં ન રાખું અને વિચારવાના નવા રસ્તાઓ ન શોધતો હોઉં તો હું મારા લોકો પાસેથી એ જ કાર્ય કરવાની અપેક્ષા કેવી રીતે રાખું? હું ફરીથી વાંચવા લાગ્યો છું. ફરીથી હું વિચારવા માટે સમય ફાળવી રહ્યો છું. તેં મને કહેલા નેતાની જેમ લોકોને જાણવા અને ઓળખવા માટે મેં પણ દરરોજ ઓફીસમાં આંટો મારવાનું શરૂ કર્યું છે. તું જાણે છે કે લગભગ માછલીને જે પાણીમાં તે તરે છે તેની સૌથી છેલ્લે ખબર પડે છે.”

મારી પ્રગતિથી સંતોષ પામેલો જુલીયન હસ્યો અને કહ્યું, ””””જોખમ લેવું એ ખૂબ શક્તિશાળી સફળતા માટેની આવડત છે. છતાં મોટાભાગના લોકો નેતૃત્વનો મહત્વનો આ સિધ્ધાંત પાળી શકતા નથી. આપણામાંથી ઘણા સલામતીની ચાદર ફેંકી શકતા નથી અને અજાણ્યા પ્રદેશમાં જવાનું સાહસ કરતા નથી. યોગી રમણે એને આમ વર્ણવ્યું છે. “તમે ઝાડની પાતળી ડાળી ઉપર ચઢો ત્યારે શક્ય છે તમે પડી જાઓ, પણ આ પાતળી ડાળી પર જ ફળો લટકેલાં હોય છે.’ ધ્યેયનિષ્ઠ નેતાઓ તક ઝડપે છે. તેઓ હમેશાં નવી વસ્તુઓ કરવાનો પ્રયત્ન કરે છે. અને તેની તેમને આદત પડી જાય છે. જેમ ઘણાં વર્ષો પૂર્વે સેનેકાએ કહ્યું છે, “કોઇપણ કામ ઘણું મુશ્કેલ છે એટલે આપણે એ કરવાની હિંમત કરતા નથી એવું નથી આપણે જે કામ કરવાની હિંમત દાખવતા નથી તે ઘણું મુશ્કેલ બની જાય છે.’

“અમારા વ્યવસ્થાપનના કરોળિયાનાં જાળાં દૂર કરવા માટે મેં બીજું એક જોખમ પણ ઉઠાવ્યું છે. સિંગાપુરની સૌથી વધારે કાર્યાન્વિત કંપનીના એક અસામાન્ય નિયમ માટે મેં વાંચ્યું. દરેક શુક્રવારે બે કલાક માટે તેઓ ફેકટરી બંધ રાખે છે અને બધી જુદા જુદા ક્ષેત્રની ટુકડીઓ ભેગી મળીને સૌથી વધારે વેચાણ ધરાવતા આધુનિક પુસ્તક માટે ચર્ચા કરે છે. આથી તેમના સાથીઓ સાથે તેમના સંબંધો વધારે મજબૂત તો થાય જ અને તેમાં રોજીંદા જીવનમાં એક નાનો બદલાવ આવે છે. તેઓ તેમના વ્યક્તિગત અને વ્યવસ્થાપનની ગુણવત્તા માટેના તેમના વિચારો વધારે સફાઇદાર બનાવી શકે છે.

“ખૂબ જ સરસ ખ્યાલ છે,” જુલીયને જવાબ આપ્યો અને એક છાંયડાવાળી જગ્યામાં ઘાસ ઉપર બેસી ગયો.

“મેં ગ્લોબલવ્યુમાં આ જ પધ્ધતિ શરૂ કરી છે. મારા અધિકારીઓ આ બાબતે ખૂબ ઉત્સાહ અનુભવી રહ્યા છે. તેઓ હમેશાં ફરિયાદ કરતા કે તેમને સારાં વ્યવસાયિક પુસ્તકો વાંચવાનો સમય મળતો નથી. અને તેના સંચાલનના અત્યારે ચાલતા ફેરફારોની તેમને ખબર હોતી નથી. અને હવે આમ કરવા માટે તેમને પગાર મળવાનો હતો.” મેં ગર્વપૂર્વક કહ્યું.

“મારું માન,” જુલીયને કહ્યું, ””””લાંબા સમયે આ વિચાર તારા પૈસા બચાવશે. મોટા ભાગે કંપનીમાં અરાજકતા જૂનવાણી વિચારો અને લાંબા સમય સુધી ચાલુ રહેતી નુકસાનકારક કાર્યપદ્ધતિથી સર્જાય છે. જે લાંબા સમયે ખૂબ મોંઘી પડે છે. વિનાશકર્તા પણ બને છે. તેં અત્યાર સુધીમાં જે શીખ્યું છે તેમાં તારા માણસોને સૌથી પહેલા મૂકવા એ નેતૃત્વનો સૌથી ડહાપણ ભર્યો પાઠ છે. જે મને

યોગી રમણની પ્રાચીન પદ્ધતિના બીજા તત્વ પર લાવી મૂકે છે. અને ધ્યેયનિષ્ઠ નેતાનો બીજો નિયમ છે. મનથી સંચાલન કરો, હૃદયથી દોરવણી આપો.''

''''હું આ બધું શું હશે તે વિષે વિચારીને આશ્ચર્ય અનુભવતો હતો.''

''આ નિયમ માનવ સંબંધો અને વ્યક્તવ્યની તૈયારી અને આવડતનો છે. ખરા અર્થમાં દષ્ટિવાળો દરેક નેતા તેના અનુયાયીઓ સાથે ઊંડા સંબંધો કેળવવામાં ઉસ્તાદ હોય છે. તે પોતાના દષ્ટિકોણને કલાત્મક રીતે લોકો સામે મૂકે છે, કે જેથી કરીને લોકોને પૂર્ણપણે પોતાનો ફાયદો સમજાય અને તેમને કામ કરતા કરે. આવા નેતાઓ તેમના અસરકારક વ્યક્તવ્યની આવડત અને હોંશિયારીથી તેમના સાથીઓના હૃદય જીતે છે. અને કાયમની તેમની વફાદારી મેળવે છે. સાદા શબ્દોમાં કહીએ તો **જ્યારે તમે તમારા સંબંધો સમૃદ્ધ કરો ત્યારે તમારું નેતૃત્વ વિકસે છે.** ''

''શું સંબંધો ખરેખર આટલા મહત્વના છે? મારો કહેવાનો અર્થ એ છે કે હું ઘણા નેતાઓને ઓળખું છું જેઓ તેમના માણસો સાથે સંબંધો બાંધવાની કાળજી રાખતા નથી. તેઓનું ધ્યેય ફક્ત એટલું જ હોય છે: નફો કરો અને તમારા રોકાણકારોને ખુશ રાખો. બીજું બધું કંઇ મહત્વનું નથી.''

''આ કહેવાતા નેતાઓ ધ્યેયનિષ્ઠ નેતાઓ નથી હોતા અને મારું માન એમાં મોટો ફરક છે. ધ્યેયનિષ્ઠ નેતાઓ આમાંના નથી હોતા. જેઓ થોડા વખતમાં જેટલો શક્ય હોય તેટલો નફો નીચોવી લઇ તેઓ આમાંથી નીકળવા માટે બહામામાં વહેલી નિવૃત્તિ લઇ બેસી જાય છે અને પાછળ તેમની કંપનીને ભયંકર ખાડામાં ઉતારી જાય છે. જ્યારે ધ્યેયનિષ્ઠ નેતા માટે ઓછા વખતનો નફો મહત્વનો છે. પણ તેઓ સતત લાંબો સમય લઇ લોકોને તેમની પૂરી આવડત સુધી વિકાસ કરવા દઇને ખૂબ મજબૂત પદ્ધતિ બનાવી કંપનીને મોટો નફો રળતી કરે છે. તું જેમની વાત કરે છે તે નેતાઓ મેરેથોનમાં દોડતી કુંવારી સ્ત્રીઓ જેવા હોય છે. જેઓ પહેલો માઇલ દોડીને છોડી દે છે પણ આમ કરવાથી બાકીના દોડવા માટે શક્તિ બચતી જ નથી. છેવટે તેઓને મોટી હાર સહન કરવી પડે છે.

''પીટર, તને ખબર છે. પોતાના લોકોને દિવસ-રાત કામ કરાવીને નફો કરવો એવી રીતે તો કંપની કોઇપણ ચલાવી શકે છે. પણ ખૂબ જલ્દી લોકો થાકી જાય છે અને સાધનો તૂટી જાય છે. કારણ બંનેની સાર-સંભાળ લેવામાં આવતી નથી. યાદ રાખ, બચ્ચાં હમેશાં ઘરમાં હુંફ મેળવવા આવે છે. તું જીવનના કુદરતી નિયમોને ઉલ્લંગી શકે નહી.''

''આ મુદ્દે હું સમજયો છું, જુલીયન. તો નિયમ બેનો અમલ કરવા માટે મારે શું કરવું જોઇએ''

''હું તને બતાવતો જ હતો'' તેણે જવાબ આપ્યો. જ્યારે તેણે નજીકના ઝાડ નીચે બેઠેલા મોટી ઉંમરના જોડકાં સામે જોયું. જેઓ શાળાએ જતાં બચ્ચાંઓ તેની પિકનિક પર મજા કરતા હોય તેમ જોર જોરથી હસતા હતા.'' તને ત્યાં પેલાં બે જણ બેઠેલા દેખાય છે? હું તેમને છેલ્લા થોડા અઠવાડિયાઓથી જોઉં છું. ક્યારેક હું તેમને પેલા તળાવમાં બતકોને દાણા ખવડાવતા જોઉં છું. ક્યારેક હું તેમને તેમની સાયકલ બગીચાની આગળપાછળ ફેરવતાં જોઉં છું. ક્યારેક અહી ઘાસમાં આરામ

કરતાં હું તેમની વાતચીત સાંભળી લઉં છું. જુલીયને શરમાવાનો દેખાવ કરતાં કહ્યું, """"એક વાત હું ખાત્રીપૂર્વક કહી શકું કે તે બંનેના સંબંધો અદ્‌ભૂત છે.''

''મને લાગે છે કે તેઓએ ઘણાં લાંબા સમયથી લગ્ન કરેલાં હશે? એમ ખરેખર જણાય છે કે તેઓ એકબીજાના પ્રેમમાં છે.''

""""મેં જે સાંભળ્યું હતું તે મુજબ તેતાલીસ વર્ષ,'' જુલીયને કહ્યું. """"ગયે અઠવાડિયે આ બગીચામાં જ તેમણે તેમની લગ્નતિથિ ઉજવી હતી. ત્યાં તેમણે ખૂબ મોટી કેક તેમના ઘણા બધા મિત્રોને વહેંચી હતી. તેમની ઉજવણી ઘણી જીવંત હતી.'' પાંચ પીકનીક ટેબલ અને ઘેરા લાલ રંગના ફૂલો તરફ આંગળી દર્શાવતા તેણે કહ્યું.

''તેતાલીસ વર્ષ, આ સમયમાં અને આજના દિવસોમાં આ ઘણું વખાણવા લાયક છે.''

''તેઓ આટલાં વર્ષો કેવી રીતે સાથે રહ્યા તે જાણવું બહુ મુશ્કેલ નથી.'' જુલીયને તેના સનગ્લાસીસ ઉતારતાં કહ્યું અને તેના ચહેરા પરનો પસીનો લૂછયો. """"આશ્ચર્ય નથી કે તેઓ યોગી રમણે મને કહેલા ધ્યેયનિષ્ઠ નેતાઓના માનવ સંબંધોના શાશ્વત સિદ્ધાંતોને અનુસરે છે. જેમાં તેઓ તેમના અનુયાયીને માન આપે છે અને કાયમી શ્રદ્ધા રાખે છે. એક વસ્તુ મેં શીખી છે કે વિશ્વકક્ષાનું વ્યવસ્થાપન પણ અતિશય શ્રદ્ધાનું વ્યવસ્થાપન છે. શ્રદ્ધા એ દરેક ઉંચા પરિમાણો દર્શાવતી કંપનીનું શાશ્વત તત્વ છે. જો તમારા લોકો એટલે અધિકારીઓ અને સાથી કામદારોને તમારામાં શ્રદ્ધા વગર, વચનો અપાતાં નથી. અને વચનો ન હોય તો કંપની ન હોય.''

''તો આ જોડકાંએ કયા પ્રકારનું વર્તન કરતાં તે તેમને જોયાં?'' મેં તીવ્ર ઉત્સાહથી પૂછયું.

''પીટર, કહેવા જોઓ તો ચાર વસ્તુઓ: વચન પાળવું, ખૂબ ધ્યાનથી સાંભળવું, સતત માયાળુ અને પ્રેમાળ બનવું અને છેવટે કદાચ સૌથી મહત્વનું સાચું બોલવું.''

''તેમનાં વખાણવા લાયક સંબંધોનું રહસ્ય આ ચાર વસ્તુઓ છે શું?''

''યોગી રમણે મને કહ્યું કે દરેક મહાન સંબંધનું રહસ્ય આ ચાર વસ્તુઓ છે. તેમણે મને કહ્યું કે કોઇને પણ જો ધ્યેયનિષ્ઠ નેતા બનવાની ઇચ્છા હોય, જે પોતાના લોકોને અસામાન્ય પરિમાણો મેળવવા ઉત્સાહિત કરવા માંગતું હોય, તો તેણે આ ચાર વસ્તુઓને તેમની નેતૃત્વની રીતના એક ભાગરૂપ ચારેય વસ્તુની સાધના કરવી જોઇએ. તેઓ અસરકારક માનવ સંબંધોના મહત્વના પથ્થર છે. તેમનાથી તમે નિયમ ૨ નો રોજે રોજ ઉપયોગ કરી શકો.''

''આ ચાર તત્વો ખૂબ સાદાં છે તું જે સૂચન કરે છે તે મારા કામદારોની ટૂકડી પર ખરેખર અસર કરશે?''

''નેતૃત્વના સિદ્ધાંતો પર કામ કરતા ઘણાં સાથે આ જ મુશ્કેલી છે. તે નિયમો એટલા બધા સાદા અને સીધા લાગે છે કે દરેક તેમનો અમલ કરવાનું ટાળે છે. આ

ફેશનવાળા સિદ્ધાંતો નથી. તેથી વધારે ધ્યાન ખેંચનારા અને તમારી લાગણીઓને અસર કરનાર સિદ્ધાંતો માટે આ સિદ્ધાંતોને જમીનમાં દાટી દેવામાં આવે છે. પીટર, હું તને પૂછું છું આ ચાર વસ્તુમાંથી તું બધી વસ્તુઓ દરરોજ કરે છે?''

''અરે, ના.''

''ઓછામાં ઓછું આપણે પહેલી વસ્તુ ચકાસીએ. તું જે વચનો આપે છે તેમાંથી ઘણાં વચનો પાળે છે?''

આ પ્રશ્નોના જવાબ હું તરત જ જાણતો હતો. હું ઘણીવાર મેં આપેલા વચનો તોડતો હતો. હું મારા નોકરોને કહેતો હતો કે જ્યારે તેમને જરૂર હોય ત્યારે હમેશાં હું મળીશ પણ જ્યારે હકીકતમાં જો કોઇ સ્ત્રી અથવા પુરુષ તેમની મુશ્કેલીઓ મારી સાથે ચર્ચવા માંગે તો હું એ મળવાનું ટાળવા માટે સગવડિયું બહાનું શોધી લેતો. કેટલીકવાર હું મારી સૌથી મોટી મુકાદમને કહેતો કે -તેને સોંપ્યું છે તેના કરતાં વધારે જવાબદારી તેણે ઉઠાવવી જોઇએ. પણ પછી હું તેને પૂછવાનું ભૂલી જતો અને ખાત્રીપૂર્વક તેને જે કરવું હોય તે કરતી. હું વચનો તોડવામાં ઉસ્તાદ હતો.

''દરેક વચન જે તું તોડે છે, ભલે પછી તે ગમે તેટલું નાનું હોય અથવા અર્થ વગરનું લાગતું હોય પણ તે હમેશાં તારા વ્યક્તિત્વમાં એક તિરાડ પાડી જાય છે.'' જુલીયને શાંતિ તોડતાં કહ્યું.'''' દરેક વખતે તેં કહ્યું હોય કે હું ફોન કરીશ અને ન કરે અથવા તેં મીટિંગમાં જવાનું વચન આપ્યું હોય અને ન જાય ત્યારે તું તારામાં રહેલી લોકોની શ્રદ્ધા ધુએ છે. દરેક વખતે તું તારા કહેલા કામને ન કરે ત્યારે તું તારા અને જે લોકોને દોરવાનો તારો અધિકાર છે તેમના સંબંધમાં તડ પાડે છે. જેમ યોગી રમણ કહેતા, **દરેક વખતે તું સાચું કાર્ય કરવાનું ટાળે છે, તું ખોટું કાર્ય કરવાની ટેવને ઉત્તેજન આપે છે.** ''

''અને પેલાં વૃદ્ધ પ્રેમીજનો એકબીજાને આપેલાં વચનો પાળતા હતાં?'' મેં આશ્ચર્ય પામતાં મોટેથી કહ્યું.

''તેઓ ખાત્રીપૂર્વક વચનો પાળતાં હતાં. જ્યારે પતિએ તેની પત્નીને બપોરે જમણના સમયે હોટડોગની દુકાનમાં મળવાનું કહ્યું હોય ત્યારે તું શરત મારી શકે કે તે સમયસર ત્યાં પહોંચી જતો. જ્યારે પત્નીએ કોઇ દિવસ કહ્યું હોય કે તેને તેમની સાયકલ ચલાવવી ગમશે તો ખાત્રીપૂર્વક તેમની મોટી ગાડી પાર્કીંગમાં હશે અને પતિ બાઇકના પૈડાં બંધ કરી દેશે. પીટર, તું સમજ જ્યારે લોકો પોતાનાં વચનો પાળે છે ત્યારે તે ખૂબ વફાદારી ઉત્પન્ન કરે છે. પત્નીને ખબર છે કે તે તેના પતિ પર વિશ્વાસ મૂકી શકે છે અને પતિને ખબર છે કે તે તેની પત્ની પર વિશ્વાસ મૂકી શકે છે. આનાથી સાતત્ય આવે છે જે માનવીય સંબંધોનો ખૂબ ઉમદા ગુણ છે. તેઓ એકબીજા પર આધાર રાખી શકે છે. મને જાણ છે કે તને તેના પરિણામોથી આનંદ થશે.''

''જુલીયન, તું જાણે છે, તું પહેલો માણસ છે જેણે મને વચન પાળવું અને માનવીય સંબંધો સાથેનું જોડાણ સમજાવ્યું.'

"મારા મિત્ર, હું તને તેના પર પકડીશ." જુલીયને હસતાં કહ્યું.

હજી સૂર્ય તપતો હતો તે ઉભો થયો અને ચાલવા લાગ્યો. જુલીયને આટલાં વર્ષો પૂરાં કર્યાં હોવા છતાં ધ્યાન દોરે તેવી ઝડપી તેની ગતિ હતી. તેના યુવાન ચહેરા પર હાસ્ય હતું. નિયમ ૨ ના ઉપર તેનું ભાષણ આપતાં તે બગીચામાં આંટા મારવા લાગ્યો અને હૃદયથી અને માનવીય સંબંધોથી સમૃદ્ધ નેતૃત્વની શક્તિ વિષે બોલવા લાગ્યો.

"નિયમ ૨ નો બીજો સિદ્ધાંત જેના ઉપર તારે પકડ જમાવાની છે, તે છે ધ્યાનથી સાંભળવું. **ધ્યેયનિષ્ઠ નેતાઓ તેમના લોકોના હૃદયને ધ્યાનથી સાંભળીને જુવે છે.** ઘણા નેતાઓ માને છે કે અસરકારક રીતે દોરવવા માટે તેમણે ઘણું બોલવાની જરૂર હોય છે. તેમને એમ માનવા માટે મજબૂર કરવામાં આવ્યા હોય છે કે નેતાઓ બોલે અને અનુયાયીઓ તેમને સાંભળે. દીર્ઘદષ્ટિવાળા નેતાઓ બીજી ભૂખને ઓળખે છે અને એ ભૂખ છે કે તેમને લાગે કે તેઓ સમજ્યા છે. દરેકને પોતાના વિચારોને મહત્વ અપાય એવી ઊંડી ઇચ્છા હોય છે. અને લોકો તે ઇચ્છાને માન આપે તેમ પણ. તેથી દીર્ઘદષ્ટિવાળા નેતાઓ ખૂબ સારા શ્રોતા હોય છે. અને વિચિત્રતા એમ કરવામાં છે, કારણ તેઓ સારા વક્તા તરીકે પ્રખ્યાત હોય છે."

"જુલીયન, મને સાચી રીતે સમજવા દે. હકીકતમાં તું મને એમ કહેવા માંગે છે કે ખૂબ સારા શ્રોતા બનવાથી શું હું મારો સંદેશો ખૂબ સારી રીતે વ્યક્ત કરી શકીશ? મારું કહેવું એમ છે કે એ કેવી રીતે શક્ય છે?" મેં પૂછયું.

"તું ઇચ્છે છે કે તારા લોકો તારામાં વિશ્વાસ મૂકે, ખરું ને?"

"ખરું છે."

"તારી ઇચ્છા છે કે તારા લોકો તને અને ગ્લોબલવ્યુને વફાદાર રહે. ખરું ને?"

"ખરું છે."

"તો આ યાદ રાખ. બીજાને શું કહેવું છે તેને સાંભળવું, તે તેને માન આપવાની નિશાની છે. તે બતાવે છે કે તું તારા માણસોની કિંમત કરે છે અને તેમનામાં તને વિશ્વાસ છે. હું ખરેખર એ કહેવાનો પ્રયત્ન કરું છું કે તારે તેમના સ્થાને તારી જાતને મૂકીને વિચારવું જોઇએ. તારે તેમનો દષ્ટિકોણ સમજવો જોઇએ. તારી સાથે જે વાતચીત કરે છે તેનામાં **તારી જાતનું રોકાણ કર.** હકીકતમાં તેમના કહેવાનો ભાવાર્થ સમજ અને તેઓ શું વિચારે છે તે શોધી કાઢ. એમ કરવાથી તેઓને તું સમજી શકીશ અને તેમને પણ લાગશે કે તું તેમને સમજે છે. અને જે માણસને લાગશે કે તું તેમને સમજે છે તે લોકો જ્યારે તું બોલીશ ત્યારે ધ્યાનથી સાંભળશે. યાદ રાખ, પીટર, કોઇને પણ ૧૦૦ ટકા ધ્યાન આપવું તે તેની સૌથી મોટી ભેટ છે. **સચ્ચાઇથી સાંભળવું તે સૌથી મોટું સન્માન છે.** "

"મારા ધ્યાનમાં આવ્યું છે કે હું એક સારો શ્રોતા નથી." મેં વચ્ચે જ કહ્યું." જેમ જેમ હું વધારે વિચાર કરું છું તેમ તેમ મારા ધ્યાનમાં આવે છે કે મારી શ્રવણશક્તિ ખૂબ નબળી છે જેથી જેમની સાથે હું કામ કરું છું તેમને બોલતા બંધ

કરી દઉં છું. તેઓ જે કહે છે અથવા અનુભવે છે તે પ્રત્યે ધ્યાન ન આપીને, હું તેમને કહું છું કે મને તમારી પડી નથી. તેઓ જે કહે છે તે ખરેખર મારા માટે કોઇ મહત્વ નથી. અને આ હવે ચોખ્ખે ચોખ્ખું ધ્યાનમાં આવે છે. અને હું શરત મારીને કહી શકું કે અમારી કામ કરવાની ઇચ્છા જ નિમ્ન કક્ષાની અવિશ્વાસના વાતાવરણનું મૂળ કારણ છે. હું ધારું છું કે આટલી મહત્વની સાંભળવાની આવડત વિષે મેં ક્યારેય વિચાર્યું નથી.''

''એ મહત્વનું છે,'' જુલીયને જવાબ આપ્યો,'' ચાલ, આપણે વિચારીએ કે આપણે કેટલાં નબળાં છીએ. આપણે ખૂબ ઝડપથી ચકાસી જોઇએ.''

''આપણે એમ ચકાસી શકશું?''

''મેં પહેલાં કહ્યું તેમ, પીટર, બદલવાની પહેલાં સજાગતા આવે છે. તું તારી નેતૃત્વશક્તિ સુધારે તે માટે ચોક્કસપણે તારે જાણવું જોઇએ કે કઇ આવડત સુધારવાની જરૂર છે. **તમે જાણતા ન હોવ તેવી નબળાઇ ક્યારેય તમારી તાકાતમાં બદલી શકાતી નથી.** તેથી હું તને પૂછું છું કે તું ઘણી વખત લોકો બોલતા હોય તો વચ્ચે બોલે છે?''

''હું ગુનેગાર છું''

''તું લોકોના વાક્યો તેમના બદલે પૂરાં કરે છે?''

''ક્યારેક ક્યારેક,'' હું ખોટું બોલ્યો.

''જ્યારે બીજા લોકો બોલતા હોય ત્યારે તું શું બોલીશ તે મનમાં વિચારે છે?''

''કદાચ હા,'' મેં મારો બચાવ કરતાં જવાબ આપ્યો.

''સારું તો પછી, આપણે બંને જાણીએ છીએ કે સાંભળવાના વિભાગમાં થોડું ગંભીર કાર્ય કરવાની તારે જરૂર છે. જો તારે ખરેખર નિયમ ૨ માં પ્રભુત્વ હોય અને લોકોનાં દિલ જીતવાં હોય તો તારે જવાબ આપવાની તૈયારી સાથે સાંભળવાનું બંધ કરવું પડશે. તેના બદલે **સમજવા માટે સાંભળવું જરૂરી છે.** ''

''વાહ, કહેવાની શું શક્તિશાળી રીત છે. જુલીયન. પણ મને પૂછવા દે, જો અસરકારક સાંભળવું નેતૃત્વના અમલ માટે આટલું મહત્વનું છે તો શા માટે અમે થોડા ઘણાં લોકો આમ કરીએ છીએ?''

''સવાલ ઘણો સારો છે. પહેલું કારણ એ છે કે માનવ જોઇ શકે છે. ૮૩ ટકા આપણી જ્ઞાનેન્દ્રિઓની જાણકારી આપણી આંખો આપે છે. જેથી ઘણીવાર આપણે સાંભળવામાં ધ્યાન આપતા નથી. એક દષ્ટાંત આપું. તને કોકટેલ પાર્ટીમાં આમંત્રિત કર્યો હોય. તું ફરતો હોય અને ત્યારે તારી કોઇ સાથે ઓળખાણ થઇ. તું તે માણસ સાથે વાતો કરવાનું શરૂ કરે છે અને થોડીવાર પછી તને સમજાય છે કે તું કંઇ ભૂલી ગયો છે.''

''શું ડ્રીંક લેવાનું?'' હું રમતિયાળ થઇ બોલ્યો.

''ના, એ માણસનું નામ.''

“એવું મારી સાથે હમેશાં બને છે?”

અને ફક્ત તારી સાથે જ નહી ૯૦ ટકા કરતાં વધારે વ્યાપારીઓ તેમને જેની ઓળખાણ કરાવી હોય તેનું નામ તેમણે સાંભળ્યું હોય પછી આઠ સેકન્ડમાં ભૂલી જાય છે. એનું કારણ એ છે કે જેવા આપણે કોઇ નવી વ્યક્તિને મળીએ કે આપણું મગજ તેના માટે દેખીતી અને ખાસ બાબતોનું પૃથ્થકરણ કરવા લાગી જાય છે. દા.ત. ઊંચાઇ, વજન, લિંગ, હાથ મેળવતી વખતની હૂંફ અને તાકાત અને તેના ચહેરા પરના હાવભાવ. આ પ્રક્રિયામાં નામ આપણા ધ્યાનમાંથી નીકળી જાય છે.

“તેથી આપણે જે સાંભળીએ છીએ તેના ઉપર ધ્યાન આપવું જરૂરી છે.” જુલીયને ચાલુ રાખ્યું. ””””મોટાભાગના નેતાઓ સારા શ્રોતા નથી તેનું બીજું કારણ એ છે કે માનવ એક મિનિટના ૫૦૦ શબ્દ સાંભળવાની શક્તિ ધરાવે છે, છતાં આપણે બોલીએ છીએ એક મિનિટમાં ૧૦૦ થી ૧૨૫ શબ્દો. આ તફાવતથી ખાલી પડેલી જગ્યા ભરવા આપણું મન ભટકવા માંડે છે.”

“રસ પડે તેવી વાત છે. પ્રામાણિકપણે કહું તો મારું મન સતત વિચારોમાં ડૂબી જાય છે જ્યારે હું બીજાઓને સાંભળતો હોઉં ત્યારે, જ્યારે હું મીટિંગમાં હોઉં ત્યારે, જે વક્તા હોય તેને સાંભળવાને બદલે મારું મન જે અગત્યના કામો કરવાના હોય તેમાં ફરવા માંડે છે. અરે, જ્યારે હું કોઇ સાથે આમને-સામને વાત કરતો હોઉં ત્યારે

હું દિવાસ્વપ્નો જોવા લાગું છું. તને કોઇ ખ્યાલ છે કે હું મારું ધ્યાન બીજાઓને સાંભળવામાં કેવી રીતે કેન્દ્રિત કરું અને તેના વક્તવ્યને સમજી શકું.?”

“સારા શ્રોતા બનવું એ એક ટેવ છે જે થોડી મહેનત અને સમય માંગે છે. પણ મારું માનતો હોય તો આ રોકાણ કરવા જેવું છે. તાજેતરમાં મેં સાંભળ્યું કે સાંભળવાથી તમારું બ્લડપ્રેશર નીચે લાવી શકાય. તમારા ધબકારા નિયમિત કરી શકાય અને તમે વધારે શાંતિ અનુભવી શકો તમારી તંદુરસ્તી સુધારી શકાય. આટલું કહ્યા પછી રમણ યોગીએ જે નામ પાડયું છે તેમ “જોરદાર શ્રોતા’ બનવાનો હેતુ રાખો. આ બે વિપરીત શબ્દો છે તે હું જાણું છું, પણ એમ નથી.

“મહાન શ્રોતા બનવાનો ઉત્સાહ કેળવો. લોકોને સમજવાનો શોખ કેળવો. તું આ કેવી રીતે કરીશ. આ સાદા વિચારને કેળવ. પહેલાં, તમારા નોકરોને સારા ખુલ્લા જવાબોવાળા સવાલો પૂછવાની આવડત કેળવ અને પછી તેમના જવાબો ખરેખર સાંભળ. એક ઊંચા પરિમાણોવાળી કંપનીનો નેતા આના કરતાં સાદા અને અસરકારક વિચારો લાવ્યો છે. જેથી આ પ્રક્રિયા હજી સારી બની છે. તેણે આખા વ્યવસ્થાપનમાંથી થોડા કામદારોની પસંદગી કરી અને કંપનીના વિકાસ માટે ખરેખર ઉપયોગમાં લઇ શકાય તેવા સૂચનો માટે તેણે તેમને ખૂબ ઊંડાણમાં પૂછયું. આ કાર્યની શરૂઆતથી બે ત્વરિત ફાયદા થયા. પહેલો ફાયદો એ કે કામદારોને લાગ્યું કે તેમને કોઇ સાંભળે છે. જેથી કામ કરવાની તમન્ના વધી અને વાતાવરણમાં વિશ્વાસનું નિર્માણ થયું. બીજો ફાયદો એ થયો કે સંચાલકોને તેમના લોકો પાસેથી કામકાજ કેવી રીતે ગોઠવવું અને કેવી રીતે આગળ વધારવું તેની

સલાહ મળી. જે લોકો તેમની નબળાઇઓ જાણતા હતા તેવા બહારના ખર્ચાળ સલાહકારો કરતાં સારી સલાહ મળી. સંચાલકોએ તેમના સારા સૂચનો સ્વીકાર્યા અને વૈજ્ઞાનિક રીતે તેમના ખરા કાર્યાન્વિત માપનો, જેવા કે કુલ વકરો, ગ્રાહકની સેવાઓ માટેની ફરિયાદો, ગુણવત્તાના ધારાધોરણો વગેરે ચકાસ્યા કે કયું સૂચન સારું છે. તેમના લોકોને સાંભળીને તે કંપની માર્કેટમાં અગ્રેસર બની ગઇ.''

''ભલે, આ માટે હું તારી સાથે છું,'' મેં જવાબ આપ્યો. તું મને આ ખુલ્લા જવાબવાળા સવાલો વિષે વધારે સમજાવીશ?''

''ખુલ્લા જવાબોવાળા સવાલો જેવા કે, ''તમારું કામ વધારે સારું કરવા માટે અમે તમને કેવી રીતે મદદ કરી શકીએ?' આ પ્રશ્નનો જવાબ જરા લંબાણપૂર્વકનો હશે. જ્યારે ચોક્કસ જવાબવાળા સવાલ કરતાં જેવા કે ''જો હું તમારા માટે નવું કમ્પ્યુટર લાવું તો તે તમને મદદગાર થશે, ખરું ને?' પછી આવા એક પછી એક સવાલો તૈયાર કરો જેને હું ''બુદ્ધિને કુશાગ્ર કરવાવાળા' કહું છું. આ બધા શક્તિશાળી સવાલોથી તારા લોકોના મન ખુલ્લા થશે અને તેઓ તને મળવાનો પ્રયત્ન કરશે.''

''કોઇ દષ્ટાંત?''

''તારી કામ પરની સૌથી મોટી પ્રાપ્તિ કઇ છે?''

'' ''તારું સૌથી ખુશીભર્યું કામ કયું?' ''આ કંપનીને સફળ બનાવવા માટે કયાં ત્રણ કામ આપણે કરી શકીએ?' ''તને શું પ્રેરક છે અથવા ઉત્સાહિત કરે છે?' અને ''તું જો આ કંપનીને દોરવણી આપતો હોય તો તું શું કરત?' આ બધા સારા સવાલ છે. પણ હું તને સૂચવું છું કે તારા પોતાના સવાલો માટે તું થોડો સમય લે. મારો કહેવાનો મુદ્દો એ છે કે તું સારા સવાલો પૂછનાર બન. અને જો તું એમ વિચારતો હોય કે હું તને શોભાનો ગાંઠિયો બનવાનું કહું છું તો કયારેય ભૂલતો નહી કે જે વ્યક્તિ સવાલ પૂછે એ વાતચીત શરૂ કરે છે.''

''''ખરેખર?''

''ખરેખર, હું તને વધારે જોરદાર સાંભળવાની આવડત વિકસાવવાનું કહું છું તેનું બીજું કારણ એ છે કે તું જે સાંભળે તેનો ટૂંકમાં સારાંશ અને અર્થઘટનો સમજી શકે. એમ કરવાથી તને ખાત્રી થશે કે બીજા માણસનો સંદેશો તને સમજાયો છે. અને તે વ્યક્તિને પણ સમજાવ્યાનો સંતોષ મળશે.''

''હું આનો સારાંશ અને અર્થઘટનો ચોક્કસપણે કઇ રીતે કરી શકું?''

''આ રીતના વાક્યોનો વિકાસ કર.'' ફક્ત ખાત્રી કરવા ખાતર કે હું તેમને સરખી રીતે સમજ્યો છું. તમે એમ કહેતા હતા કે..? મારામાં શ્રદ્ધા રાખ, પીટર. આવા સવાલો માનવીય સંબંધોની બાબતમાં ચમત્કાર કરે છે અને તારી વક્તા તરીકેની આવડતમાં પણ વધારો થાય છે. બીજી શક્તિશાળી વાત એ છે કે નોંધ ટપકાવતા રહો. જ્યારે તારા માણસો તને પેપર પેડ અને પેન કાઢી, જેવાં તે બોલે ત્યારે નોંધ ટપકાવતાં જોશે તો, કલ્પના કર તેઓ શું વિચારશે. આ સાદી

અભિવ્યક્તિ તેમને સંદેશો મોકલશે કે તેઓ જે ગંભીર વાર્તાલાપ કરવા આવ્યા છે તેની તને કદર છે. અને છેવટે ગંભીર બન. આ સૂચનો મેં તને આપ્યાં તે માણસોને ગુમાવવા માટેની યુક્તિઓ અને પ્રયુક્તિઓ નથી. આ સાધનો છે જે તને તારા અનુયાયીઓ સાથે જોડવામાં મદદ કરશે. પણ જો તને એના માટે લાગણી ન હોય, તો તેમને તે ખબર પડી જશે. અને તું જે વિશ્વાસ અને સન્માનની વાત કરે છે તે ક્યારેય પેદા નહી થાય.

"અને હું ધારું છું કે પેલું દંપતિ એકબીજાને સાંભળતું હતું?"

"એમ જ હશે. જ્યારે પત્ની બોલે છે ત્યારે પતિ તેને ધ્યાનથી સાંભળે છે અને તેમાં જોડાયેલો રહે છે. અને જ્યારે પતિ બોલે છે. ત્યારે પત્ની સારાંશ અને અર્થઘટનો તેમને બતાવે છે અને તે શું કહે છે તેને સમજે છે. હું એમ કહેવા માંગતો નથી કે હું મારા દિવસો આ સુંદર દંપતિના અંગત વાર્તાલાપ સાંભળવામાં કાઢું છું. પણ મેં એટલું જરૂર સાંભળ્યું છે, કે જેથી જાણી શકાય કે તેમણે સાંભળવાની સુંદર કળા હસ્તગત કરી છે. અને તે તારે પણ કરવાનું છે.'

"ભલે આ તાત્વિક બાબત માટે હું વેચાઇ ગયો. જેમ નેતૃત્વના ડહાપણની બીજી વાતો તે મને કહી છે તેમ આ પણ અર્થપૂર્ણ છે. ફક્ત ખાત્રી કરવા માટે કે હું તને બરાબર સમજ્યો છું, તું એમ કહેવા માંગે છે કે નિયમ ૨, "હૃદયથી દોરવણી આપો'ની સાધના કરવા મારે જોરદાર શ્રોતા બનવાનું મારું વચન પાળવું પડશે?"

જુલીયન મુસ્કુરાયો. તે જાણી ગયો કે મેં "સારાંશ અને અર્થઘટનોની' વાત રમતમાં મૂકી છે. પછી તેણે મારી પીઠ થાબડી. તેણે કહ્યું, ""ચાલ, આપણે હોટ-ડોગ લઇ આવીએ."

"તું હજી હોટ-ડોગ ખાય છે?" મેં આશ્ચર્યથી પૂછ્યું. જ્યારે તે હિમાલયમાં રહેતો હતો. ત્યારે સંન્યાસીઓએ બતાવેલા આરોગ્યપ્રદ આહારથી જુલીયને તેના શરીરમાં આમૂલ પરિવર્તન આણ્યું હતું.

"એ તારા માટે છે, દોસ્ત, તું ભૂખ્યો થયો હોઇશ." તેણે લાગણીપૂર્વક કહ્યું.

અમે ચાલવાનું ચાલું રાખ્યું અને જુલીયને માનવ સંબંધો વિશેના બીજા શાશ્વત સિદ્ધાંતો મારી સામે ખુલ્લા મૂક્યા જે તેણે વચન આપ્યું કે વધારે માન, વફાદારી અને કામ પ્રત્યે લગન ઉભી કરશે.

" **ધ્યેયનિષ્ઠ નેતાઓ સતત લાગણીથી ભરપૂર હોય છે.** તેમના માણસો પ્રત્યે તેઓ કાયમ, દયા દાખવે છે અને તે દયા દર્શાવવાની રીતો શોધે છે કે તેઓ તેમના માટે ગંભીરતાપૂર્વક વિચારે છે. તને ખબર છે, પીટર. વિકસવું એ માનવની હજી વધારાની ભૂખ છે. પ્રખ્યાત હાવર્ડના મનોવૈજ્ઞાનિક વિલિયમ જેમ્સને ટાંકું તો માનવ સ્વભાવનો ઊંડો સિદ્ધાંત છે કે "તેમને વખાણ કરાવવાની ભૂખ લાગે છે.' તું કોણ છે-તું નાની શાળાએ જતી છોકરી છે અથવા સખત મહેનત કરનાર કામદાર છે. પૃથ્વી પરના દરેકે દરેક વ્યક્તિને એક જવલંત જરૂરિયાત હોય છે કે તમારી

સાથે લોકો સારી રીતે વર્તે. પછી તમે ગમે તે હોવ, સારો નેતા આ જાણે છે અને આ જરૂરિયાત સતત માયાળુ બનીને તેઓ પૂરી કરે છે.''

'' ''સતત માયાળુ' બનવું એટલે ચોક્કસપણે શું કરવું જોઇએ?''

''''એટલે તારામાં રહેલી માણસાઇને કામ પર દર્શાવવી. દરેક કામના દિવસે, તમારા માણસો પ્રત્યે દયા, સૌજન્ય અને સન્માન દર્શાવવા. દયાનું સ્થાન ધંધાકિય દુનિયામાં અમૂલ્ય છે. પીટર ડ્રકરે એક વખત નોંધ્યું હતું કે ''સારી રીતભાત એ વ્યવસ્થાપનનું ઉંજણ છે તેથી તમે જે માણસોના નેતા હોવ તેમના પ્રત્યે દયાળુ બનો. તેમને માન આપો અને ઉત્સાહિત કરો.' મને લાગે છે કે ગોતેએ આ બહુ સુંદર રીતે વર્ણવ્યું છે. ''લોકોને તેઓ જેવા હોવા જોઇએ એ રીતે સંભાળવા જોઇએ અને તેમને તેઓ જે બનવા માટે યોગ્ય છે તે બનવામાં મદદ કરો.' તે જ મારા દોસ્ત, નેતૃત્વની સફળતાનું મહાન રહસ્ય છે.''

''પણ જો તું મન પર ન લેતો, જુલીયન. જો હું સતત દયા મારા લોકો માટે રાખું તો હું નરમ નહી દેખાઉં? મેં હમેશાં સાંભળ્યું છે કે ઉત્તમ નેતા ઘણો કડક હોય છે.''

જુલીયન મારા માટે ઘણું મોટું હોટ-ડોગ લઇ આવ્યો અને શાંત રહ્યો. પછી મને બટકું ભરતાં, મમળાવતા અને તેનો આસ્વાદ લેતા જોઇ રહ્યો. મને લાગ્યું કે તે જાણતો હતો કે મારો સવાલ મહત્વનો છે અને તે તેના વિચારો એકત્રિત કરી રહ્યો છે.

'' **ધ્યેયનિષ્ઠ નેતા માણસાઇ અને હિંમત એકરસ કરીને વાપરે છે.** '' કાવ્યાત્મક જવાબ આવ્યો. ''''ઘણી વખત બધા ખરા નેતાઓ હોતા નથી.''

''તું શું કહેવા માંગે છે?'' મેં મારા જમણનો કોળિયો ભરતાં પૂછયું.

''ઘણા નેતાઓ હમણાં તે જે માન્યતા કહી તે સાથે સંમત હોય છે. તેમને કહેવામાં આવ્યું છે કે અસરકારક નેતા કડક અને કોઇનું ન માનનારા હોય છે. તેમને લાગે છે કે તેમના કામના વર્ણનમાં ''સારું બનવું'' આ આવતું નથી અને નેતાઓએ બહુ દયાળુ દેખાવું નહી. અને તેથી મોટાભાગના સારા માણસો હોવા છતાં, તેઓ પોતાના ખરા સ્વભાવને સંતાડે છે અને કડકાઇથી વર્તે છે. તેમના વ્યવસ્થાપનમાં ડરનો માહોલ પેદા કરે છે. દુ:ખની વાત એ છે કે સરમુખત્યાર પધ્ધતિનું નેતૃત્વ ચોક્કસપણે બે પરિણામો પેદા કરે છે. લોકો ડરી જાય અથવા તેઓ બળવો કરવાનું શરૂ કરે. બેમાંથી કોઇ પણ પરિણામથી કંપની હરિફાઇમાં પાછળ રહી જાય છે, ફ્લૌરેન્સ નાઇટીંગેલ બરાબર માથા પર ખીલી ઠોકે છે. જ્યારે તેણી હસીને કહે છે. ''ડરના વાતાવરણમાં કેટલું થોડું કામ કરી શકાય છે.' ''

જુલીયન થંભ્યો અને પછી બોલ્યો, ''''હું એમ નથી કહેતો કે દીર્ઘદષ્ટિવાળા નેતાઓ મજબૂત નથી હોતા. જ્યારે સંજોગો આવે ત્યારે તેઓ કડક બની જાય છે. હકીકતમાં તેઓ બધા નેતાઓથી ઘણા શક્તિશાળી હોય છે. કારણ શાંતિ રાખી પોતાના ધ્યેયને વળગી રહેવું અને સતત જે સાચું છે તે કરવું તેના માટે ઘણી

હિંમતની જરૂર પડે છે. પણ તેઓ ક્યારેય તેમના માણસોની જરૂરિયાતને અવગણતા નથી. તેઓ ગમે તેટલા કામથી ઘેરાયેલા હોય તો પણ તેમને કામદારો માટે કાળજી છે, તેના માટે હમેશાં સમય કાઢે છે. તેઓ માનવ છે તેવું દર્શાવવાનો તેમને વાંધો હોતો નથી. અને એ સાહજિકતા તેમને તેમના અનુયાયીઓ સાથે સજ્જડતાથી જોડે છે અને તે સંબંધ લાંબો વખત ટકે છે.

"પીટર, હું તને શું કરવાનું કહું છું, જો તું ગ્લોબલવ્યુને વિશ્વકક્ષાના કાર્યોમાં ફેરવવા માટે મક્કમ હોય તો પેલા ઉસ્તાદ નવા સંચાલનના સિદ્ધાંતો જે ધંધાકીય ચોપાનિયામાં ફૂટી નીકળ્યા છે, તેમને ભૂલી જા અને નેતૃત્વના શાશ્વત સિદ્ધાંતો ઉપર ધ્યાન કેન્દ્રિત કર. આ બધામાં લોકો એવા નેતા ને સૌથી મહાન ગણે છે જે તેમની માણસ તરીકે કિંમત કરે અને ઉત્સાહિત કરે. તેમને એવો નેતા જોઇએ છે જે તેમને ધ્યેય આપી તેમના દબાણવાળા કારણની ઝાંખી કરાવે કે જેના માટે તેઓનો ઉત્સાહ એટલો બધો હોય કે તેમને તેમનું રોજેરોજનું કાર્ય અર્થપૂર્ણ લાગે. આ બધા ઉપરાંત તેમને દયાળુ નેતાની ખોજ હોય છે."

"તેથી હું "સતત માયાળુ' બનવા માટે શું કરું?"

"પેલા બે પ્રેમીપંખીડા સામે ફક્ત જો," જવાબ મળ્યો અને જુલીયને પેલાં વૃધ્ધ દંપતિને દેખાડયું. જેવો પતિ પિકનિક બાસ્કેટમાં ત્યાં પહોચ્યો અને નાના કામ દયા, માયા દર્શાવતા મહાન વાક્યો છે. સમય જતાં તેની કિંમત વધતી જાય અને તારાં લોકોને દર્શાવે કે તું તેમના માટે કંઇ પણ કરવા તૈયાર છે. તેઓ દર્શાવશે કે તને તેમની કાળજી છે. તું તારી જાતને ખાસ કરીને તું જેમનો વડો છે તેમને આપ. આલ્બર્ટ આઇનસ્ટાઇને ખૂબ ડહાપણથી કહ્યું છે. "ઘણી વખત મેં અનુભવ્યું છે કે મારી અંદર અને બહારનું જીવન મારા માણસોની મજૂરીથી બનેલું છે. અને મેં જેટલું મેળવ્યું છે તેટલું પાછું આપવા માટે મારે કેટલી સખત મહેનત કરવી જોઇએ."

"હું કબૂલ કરું છું, જુલીયન, હું ખૂબ કામમાં હોઉં છું પણ મારા વ્યવસ્થાપનના સ્ત્રીઓ અને પુરુષો સાથે ઘેરા સંબંધો બાંધવા હું થોડું ઘણું તો જરૂર કરી શકું. તું એમ કહેવા માંગે છે કે નાનાં કાર્યો મોટી અસરો ઉપજાવે છે, ખરું ને?"

"એમ જ ૧૯૬૩માં હવામાન ખાતાના વિશેષજ્ઞ એડવર્ડ લોરેન્ઝએ એક થીયરી તૈયાર કરી હતી,: સિંગાપોરમાં પતંગિયાં પાંખો ફફડાવે તો ઉત્તર કરોલીનામાં વાવાઝોડું ઉત્પન્ન થાય. હવામાન ખાતામાં બધાના આશ્ચર્ય વચ્ચે લોરેન્ઝે દર્શાવ્યું કે ઉપરથી નીચે ફેરવવાથી ખૂબ મોટું દશ્ય લેવાતાં પૃથ્વી એક મોટું યંત્ર છે. જેમાં દરેક કારણને તેની સમાન અસરો હોય છે. લોરેન્ઝની ધારણાઓ "પતંગિયાની અસરો' (Butterfly effects) તરીકે પ્રસિદ્ધ થઇ અને એ એક યાદગીરી તરીકે કુદરતી સિધ્ધાંત છે કે **નાનાં કાર્યો મોટી અસરો ઉત્પન્ન કરે છે.** કોઇની કાળજી માટે લેવાયેલાં નાનાં કાર્યો આમાંથી બાકાત નથી, પીટર કોઇ કામદાર નવો નવો બાપ બન્યો હોય ત્યારે એક વ્યક્તિગત ફોન કરવો અથવા કોઇ કામદારને કોઇ મુશ્કેલી હોય અને તારી ઉડતી મુલાકાત તમારા લોકોને જોવાની દષ્ટિમાં દુનિયા- ભરનો ફેરફાર કરી નાખે છે. યાદ રાખ, નમસ્કાર કે નમસ્તે ફેકસ કરી શકાતા નથી."

"તે ચોથી શિસ્તની વાત કરી હતી જેને હું નિયમ ૨ ને ખરેખર ઉપયોગમાં લઇ શકું અને ખરેખર હૃદયથી દોરવણી આપી શકું તે કઇ શિસ્ત છે?"

"તારાં આપેલાં વચનો પાળ્યાં પછી જોરદાર સાંભળ્યા પછી અને સતત માયાળુ બન્યા પછી છેલ્લો ચોરસનો ખૂણો જે માનવ સંબંધો વિકસાવે છે અને સારું વક્તવ્ય આપે છે, તે છે સાચું બોલવું. સારા નેતાઓ, જેઓ લોકોનાં મન અને હૃદય જીતે છે અને લોકોને દોરવણી આપે છે તેઓ ખુલ્લા મનના અને પ્રામાણિક હોય છે. હકીકતમાં તેઓ **ગાંડપણની હદ સુધી પ્રામાણિક** હોય છે. અને એમ તેની વહુને સૂર્યના તડકાથી બચાવવા તેણે મોટી નેતરની ટોપી બહાર કાઢી." આ માણસ સતત યોગી રમણે જેને " **કાળજી દર્શાવતાં નાના કામો** ' કહ્યાં છે તે કરતો હતો. તે હમેશાં તેની પત્નીને દર્શાવવાની નવી રીતો શોધતો હતો કે એ તેણીના સારા માટે કેટલો પ્રયત્નશીલ હતો. ક્યારેક તે છત્રી પકડીને તેને માટે છાંયડો કરતો, ક્યારેક એ કેન્ટીનમાંથી તેને માટે ઠંડું પીણું લાવતો. બે એક અઠવાડિયાં પહેલાં, જ્યારે ખૂબ વરસાદ વરસવા માંડયો, ત્યારે હકીકતમાં તેણીને ઊંચી કરીને મોટું ખાબોચિયું પસાર કરતો હતો કારણ તેણી ભીની ન થાય."

"તારું શું સૂચન છે, જુલીયન? તું મને મારા માણસો માટે ઠંડું પીણું લાવવાનું કહેતો નહી અથવા અમારા પાર્કીંગ લોટમાં કાયમ ઉભરાતા ખાબોચિયા ઉપરથી તેમને ઉઠાવવાનું કહેતો નહી?" મેં મારી જીભ ગાલમાં નાંખતા કહ્યું.

"નહી જ કહું. તું મને તેનાથી સારી રીતે જાણે છે. અરે, જ્યારે હું સખત મહેનત કરતો અને ખૂબ ઝડપી શૈલીથી જીવન જીવતો ત્યારે પણ મારા પગ સખત જમીન પર રહેતા અને હું હકીકતની દુનિયામાં જ રહેતો. હું શું કહું છું, કે "કાળજી કરવાનાં નાનાં નાનાં કાર્યો' તારા સંપૂર્ણ વ્યવસ્થાપનમાં ફેલાવવાની નવી નવી રીતો શોધી કાઢ. જેમ મેં પહેલાં કહ્યું હતું તેમ તું જાતે દષ્ટાંત બન. નેતા તેના અનુયાયીઓને તેના પોતાના વર્તનથી કયું વર્તન સ્વીકાર્ય છે તે શીખવે છે. નાના નાના રસ્તાઓ શોધી કાઢ અને દર્શાવ કે તું કાળજી કરે છે."

"જેવા કે?"

"જેવા કે, જે કામદારે ઘણું સારું કામ કર્યું હોય તેમને હસ્તલિખિત ધન્યવાદનો કાગળ લખવો. હું એક સર્વોચ્ચ અધિકારીને જાણું છું જેણે તેના ૧૦૦૦૦ નોકરોને ક્રિસમસની વધામણીનો કાગળ પોતે સહી કરી આપ્યો હતો. તે આ જાન્યુઆરીમાં શરૂ કરતો જેથી તેને ખાત્રી હતી કે દરરોજ થોડી સહી કરવાથી બધી સહીઓ આવતા ડિસેમ્બર સુધીમાં થઇ જશે. તેને સખત કામને લીધે સમય ન મળતો પણ એ થોડી મિનિટો કાઢી લેતો. પણ તું મને એમ ન કહેતો કે એને લીધે તેના લોકો ઉપર કોઇ અસર ન થઇ અથવા સામ વોલ્ટને કર્યું તેમ કદાચ તું તેમને ફોન પર જવાબ આપવાનું શરૂ કરી દે. શા માટે તારા હોલમાં જવાના રસ્તા ઉપર આંટો ન મારવો અને તારા લોકો સાથે વાતચીત કરતા રહેવું. તું જ્યારે પૂછે "તારું કુટુંબ કેમ છે? ત્યારે તું ખરેખર તેમનામાં રસ લે છે. પાઉલ એલેર, ઝેરોક્ષ કંપનીનો વડો તેના ઉત્પાદન અધિકારી સાથે ફોટો પડાવે છે કારણ જાતે ફોટોગ્રાફર હતો અને તે ફોટો તેના વેચાણ અધિકારીને સારું કામ કરવા માટે આપે છે. આવાં કરીને તેઓ દરેકનો વિશ્વ્વાસ જીતે છે."

“તેઓ તેમની માહિતી બધાને આપે છે અને તેમનું સૌથી વધારે પ્રાથમિકતા માંગે તેવું કામ એ છે કે તેમના લોકોને માહિતી પૂરી પાડવી.”

“અને સારા નેતાઓ ખુલ્લા મનના હોય છે એટલે તું શું કહેવા માંગે છે?”

“સાચા અર્થમાં લોકોનાં મન જીતવા હોય અને તમારા ભવિષ્યના ધ્યેય પ્રત્યે તેમના મનમાં આસ્થા બાંધવી હોય, તો તમારે યોગ્ય અને મહત્વની માહિતી તેમને પૂરી પાડવી જોઇએ. તમે શું કરી રહ્યા છો તેને માટે જેટલું વધારે તેઓ જાણશે, તેટલું વધારે તમારે જ્યાં જવું છે તેમાં તેઓ રોકાણ કરશે. જોરદાર સાંભળવાની જેમ જ ખુલ્લા મનના થવું અને લોકો સાથે વિચારોની આપ લે કરવી તે સન્માનની એક નિશાની છે. ઝડપથી અને ચોકસાઇથી તેમના કામ વિષે માહિતી પૂરી પાડવાની સુયોગ્ય રીતભાતથી તેમને લાગે છે કે તેઓ મહત્વની વ્યકિત છે. તે તેમને દર્શાવે છે કે તમારે તેમની કિંમત છે. અને જ્યારે તમે સતત તમારી વાતચીત કરવાનો દૌર ચાલુ રાખો તો તમારા કામદારો તેમના નેતાનું મૂલ્ય સમજવાનું શરૂ કરે છે. તદ્ઉપરાંત તેઓ તમને નીચે પડવા નહી દે. ત્યાંથી જ ચમત્કાર શરૂ થાય છે.”

“તું શું કહેવા માંગે છે?”

“યોગી રમણ માનતા કે ધ્યેયનિષ્ઠ નેતા ઉચ્ચકક્ષા એ પહોંચી ગુણવત્તાવાળા સંબંધો તેમના લોકો સાથે બાંધી જાણે છે કે જેને લીધે તેઓ તેમના નેતૃત્વમાં એટલું માને છે, કે તેના માટે તેઓ કંઇપણ કરવા તૈયાર થાય છે પણ તેને પડવા દેતા નથી. અને જ્યારે એમ થાય ત્યારે એ વ્યવસ્થાપનમાં કંઇપણ કરવું શક્ય છે.”

હું જાણતો હતો કે જુલીયન જે રીતના નેતૃત્વની વાત કરતો હતો તેવા પ્રકારનું નેતૃત્વ મારામાં નહોતું. હું એવી માન્યતામાં હતો કે કંપનીમાં શું ચાલી રહ્યું છે તેના માટે તેઓ જેટલું ઓછું જાણે તેટલું સારું. કામદારોને સોંપેલું ખાસ પ્રકારનું કામ કરવા માટે જોઇતી માહિતી તેમને આપવી પછી તેમને કંપનીના કામમાં માથું મારવાની જરૂર નથી. પણ જુલીયન જે કહેતો હતો તે સાચું હતું. જો લોકોને કંપનીમાં થતા કામકાજની સંપૂર્ણ માહિતી હોય તો તેઓ મારા નિર્ણયો પાછળનું કારણ સમજી શકે. તેમને મારા નેતૃત્વમાં વધારે શ્રદ્ધા બેસે કારણકે તેમને હું જે કામ કરું છું તેના પાછળનો સંદર્ભ સમજાય. અને ચોક્કસ તેમને કંપની પ્રત્યે વધારે પોતાપણાની લાગણી ઉદ્ભવે. જુલીયન મને જે કહેતો હતો તે કરવું ફક્ત સાચું જ નહોતું પણ એ કાર્ય હોંશિયારી ભર્યું પણ હતું.

“ખુલ્લા મનના અને સચ્ચાઇવાળા બનવું એટલે કે તમે નાના પ્રશ્નો અને ઉપાલંભો જે રોજેરોજ ઉભા થાય તેમને તેઓ યુધ્ધમાં પરિવર્તિત થાય તે પહેલાં નિપટાવવા”, જુલીયને ઉમેર્યું.

“તે મને ફરીથી ઘુમાવી નાખ્યો.”

“તને દષ્ટાંત આપું. એક ખુબ પ્રખ્યાત કંપનીના મોટા અધિકારીએ જતું કર્યું તેથી કંપની મોટી મુશ્કેલીમાં મૂકાઇ ગઇ અને તેની કાર્યક્ષમતા પર અસર થઇ. આગળ વાત કરીએ અધિકારીના વિભાગમાં અફવા ફેલાઇ કે એ વિભાગ

મુશ્કેલીમાં છે અને બંધ થવાની તૈયારીમાં છે જેથી બીજા કામદારોને પણ ડર લાગ્યો કે તેઓ પણ તેમનું કામ ગુમાવશે તો શું થશે? ભાગ્યથી તે કંપનીનો અધ્યક્ષ ધ્યેયનિષ્ઠ નેતા હતો. કારણ તેણે ખુલ્લા મન અને પ્રામાણિકતાનું મહત્વ સમજાયું હતું, તેણે તરત જ ખરેખર શું થયું હતું તે સમજાવવા એક મીટિંગ બોલાવી. પેલો અધિકારી થોડા સમય માટે તેના વિભાગની ઉત્પાદનક્ષમતા અને અસરકારકતા સુધારવા માટે નીમવામાં આવ્યો હતો. અધિકારીએ એને કરવાનું કાર્ય પુરું કર્યું હતું અને એ વિભાગ ફરીથી સારી રીતે કાર્યરત થયો હતો એટલે અધ્યક્ષે નક્કી કર્યું કે તેનો કોન્ટ્રેક્ટ ફરીથી કરવાની કોઇ જરૂર નથી. અધિકારી નિરાશ તો થયો પણ આ બધા ગોટાળામાં તેની ટૂંકી-મુદત પૂરી થઇ હતી તે જાણતો હતો અને તેણે સારી રીતે કંપની છોડી. તેના લોકો સાથે સજ્જડ જોડાયેલા રહીને અને લોકોને સંકળાયેલા રાખીને અધ્યક્ષે નકારત્મકતાને સકારત્મકતામાં બદલી નાંખી.''

''એ કેવી રીતે?''

''કારણ અધ્યક્ષે લોકોને અધિકારીનું કામ છોડવું પ્રકાશમાં આણ્યું. તેણે લોકોને કહ્યું કે હકીકતમાં આ વાત તો ઉજવવા જેવી છે. કારણ જે વિભાગમાં એક વખત ઉત્પાદનક્ષમતા સારી નહોતી તે વિભાગ હવે સારી રીતે કામ કરવા લાગ્યો છે. અને એ પણ બહારના ફેરફાર માટેના વિશિષ્ટ માણસના પ્રયત્ન વગર જ. અધ્યક્ષે લોકોને સચ્ચાઇ દર્શાવી અને તેમને વધારે સકારાત્મક બનાવ્યા અને મોટી મુશ્કેલી ટળી ગઇ. મોટા પ્રશ્નો ઉપસ્થિત થવા દેવા નહી. તમારા નિર્ણયો પાછળના કારણો લોકોને સમજાવો અને તમારા લોકોને તમારી અને તમારી કંપનીની આરપાર જોવા દો. તે જ મારા દોસ્ત, નેતૃત્વ માટે ઘણું બધું છે. અને જેમ મેં પહેલાં કહ્યું તેમ તમારે તમારા લોકો સમક્ષ સચ્ચાઇ વર્ણવવી જરૂરી છે અને તેમને માહિતી આપવી, જે તમને એ બધું કરવામાં મદદ પૂરી પાડે છે.

પ્રશ્નો મોટા નહી બને અને ગેરસમજોને હવા નહી મળે. હવે જો તને વાંધો ન હોય તો મારે તારી રજા લેવી જોઇએ. અહી એવું કંઇ છે જે મારે કરવું જ રહ્યું. આજનો દિવસ ઘણો સારો રહ્યો. આવા સારા વિદ્યાર્થી બનવા માટે આભાર?

''તું ક્યાં ભાગી રહ્યો છે?'' મેં પૂછ્યું.

''હું તારાઓ જોવા જઇ રહ્યો છું.'' એવો રહસ્યમય જવાબ આવ્યો.

''તું શું કહેવા માંગે છે?''

''હું તને એના માટે પછીથી કહીશ. જ્યારે તું તેના માટે યોગ્ય બનીશ. મારે ભાગવાની જરૂર છે.''

આ બધું શું હશે. જુલીયન અને તારાઓ? ગોલ્ફ કલબની અમારી મીટિંગ વખતે પણ મને યાદ છે તે આકાશમાં એક તારા તરફ જોઇ કંઇ શબ્દો મનમાં ગણગણ્યો હતો. હવે એવું કંઇ વિચિત્ર વધારે કરવા માટે ધાંધલ કરી રહ્યો હતો. સાચું કહું તો એ કંઇ વિચિત્ર લાગતું હતું, ખાસ કરીને જુલીયન માટે. છેવટે તેના આગલા જન્મમાં આ માણસ ધંધાકિય દુનિયાનો અત્યંત માનનીય હિરો હતો. તેણે

હાવર્ડ લો સ્કૂલમાંથી ઉંચા કલાસમાં પ્રથમ કરમાંકે અનુસ્નાતકની પદવી મેળવી હતી અને આખા દેશનો સૌથી પ્રખ્યાત વકીલ હતો. હવે એ સાધુના વેશમાં ભટકતો હતો અને તારાઓ જોવાનું કામ કરતો હતો. હું જુલીયનને ક્યારેય ઓળખી શકયો નહોતો. મને લાગે છે કે આ જ તેની મજા છે.

"પણ ઊભો રહે, જુલીયન." મેં ચિંતાતુર સ્વરે જવાબ આપ્યો." તું મને લાકડાંના ચોકઠાંની રમતનો બીજો ટુકડો નહી આપે? અને આપણે ફરી ક્યારે મળીશું? તું મને આમ લટકતો ન મૂકી શકે. મારે યોગી રમણની નેતૃત્વ વિષેની આખી પધ્ધતિ પર પ્રભુત્વ મેળવવું છે. આ પધ્ધતિ ગ્લોબલવ્યુમાં જાદુ કરવા માંડી છે."

"આ લે," તેણે કહ્યું. અમારા પ્રાદેશિક બાસ્કેટબોલના ખેલાડીઓ "સ્કાયજમ્પર્સ' કરીને રમત રમવાના હતા તેની બે ટિકિટો તેણે મને આપી.

"હું સમજ્યો નહી, જુલીયન. આ શેના માટે છે?"

"આપણે આ રમત દરમ્યાન મળશું. ત્યાં કંઇ ખાસ પ્રકારનું મારે તને બતાવવું જરૂરી છે. એથી મને તારા માટે હજી એક હોટ-ડોગ ખરીદવાની તક મળશે, જેવો એક મેં તને જમણ માટે આપ્યો અને તું ગળી ગયો. હું ભાગ્યશાળી છું કે મારી આંગળી સલામત છે!" તેણે મારી ખીલ્લી ઉડાવી.

આ સાથે તે જતો રહ્યો. હું મારી ગાડી તરફ ચાલવા લાગ્યો. જેને મેં બગીચાના બીજા છેડે પાર્ક કરી હતી, જુલીયને મારી કંપની સુધારવા માટે મને ઘણાં વિચારો આપ્યા હતા. તેથી હું ઉત્સાહથી ઉભરાતો હતો. હું નિયમ-૨ સુધી રાહ જોઇ શકયો નહોતો અને તેના જુદા જુદા ભાગને કાર્યન્વિત કરવા માટે પણ હું મારા ભવિષ્ય માટે આશાવાદી બન્યો અને જેણે મારી સાથે પોતાનું જ્ઞાન વહેંચ્યુ હતું તેવા આ સંન્યાસીનો હું આભારી હતો. જેવો હું મારી ગાડીની નજીક પહોંચ્યો કે તેની બારીના કાચ પર કંઇ વાયપર સાથે ચોંટાડેલું મેં જોયું.

"અરે ભગવાન, બીજી પાર્કીંગ ટિકિટ, આ અઠવાડિયે મને ત્રણ ટિકિટો મળી ચૂકી છે." મેં જાતે વિચાર્યું.

પણ મને તરત જ સમજાયું કે આ ટિકિટ નહોતી આ તો એક પરબીડિયું હતું જેના પર "જે.એમ." અક્ષર જેવું કંઇ કોતરેલું હતું. આ જુલીયનના જૂના દિવસોની તેની વ્યક્તિગત સ્ટેશનરી હતી. મેં વાયપર ઉપરથી તે ઉઠાવી લીધું અને મેં અંદર જોયું. અંદર શું આશ્ચર્ય હશે તેની મને ખબર નહોતી. મને નિરાશા ન સાંપડી.

એ લાકડાંના ચોકઠાંનો ત્રીજો ટુકડો હતો જે મળવાની મને આશા હતી. બીજા ટુકડાઓની જેમ આ લાકડાના ટુકડા ઉપર પણ શબ્દો કોતરેલા હતા. હવે હું જાણતો હતો કે જુલીયનની હિમાલયના તેના સાહસ દરમ્યાન શોધી કાઢેલી પ્રાચીન નેતૃત્વની પદ્ધતિની આ ત્રીજા નિયમની ખૂબી હતી. શબ્દો ફકત આ રીતે વંચાતા હતા. **નિયમ 3 નિયમિતપણે ઇનામ આપો, અવિરતપણે વખાણ કરો.**

પ્રકરણ ૬ જ્ઞાનનો સારાંશ શ્રી જુલીયનનું ડહાપણ ટૂંકમાં

નિયમ

તત્ત્વ

માનવ સંબંધોનો નિયમ

ઉહાપણ

- દરેક ધ્યેયનિષ્ઠ નેતા તેના અનુયાયીઓ સાથે ગાઢા સંબંધો કેળવે છે.
- માનવીની ઊંડી ભૂખ હોય છે. તમારી ઉત્સાહિત થવાની અને સમજવાની જરૂર.
- માનવતાને કામ પર પ્રકાશિત કરો અને લોકોની સાથે માયા અને દયાથી વર્તો.

સાધના

- વચન પાળવું.
- જોરદાર સાંભળવું
- સતત માયાળુ રહેવું
- સત્ય બોલવું.

સુવાક્ય

દરેક ધ્યેયનિષ્ઠ નેતાએ તેના અનુયાયી સાથે ગાઢા સંબંધો બાંધવામાં પ્રભુત્વ મેળવ્યું હોય છે. નેતાઓ તેમનું ધ્યેય તેમના માણસોના ફાયદા માટે સ્પષ્ટ કરવાની કળા સાધ્ય કરે છે. જેથી લોકો તેમાં પૂર્ણપણે રોકાયેલા રહે અને તેઓ કાર્યાન્વીત રહે. જો કે તેમના લોકોની આવડત અને હોંશિયારીથી અસરકારક પ્રવક્તા એટલે ધ્યેયનિષ્ઠ નેતા તેના સાથીઓના હૃદયને સ્પર્શે છે અને લાંબી મુદત સુધી વફાદારી પામે છે. ટૂંકમાં કહીએ તો જ્યારે તમે તમારા સંબંધો સમૃદ્ધ કરો ત્યારે તમારાં નેતૃત્વનો વ્યાપ વધે છે.

સંન્યાસી જેમણે પોતાની સંપત્તિ વેચી નાખી

નિયમ 3

નિયમિતપણે ઇનામ આપો.
અવિરતપણે વખાણ કરો.

પ્રકરણ : ૭

સંઘ એકતાનો નિયમ

લોકો પાસે જાઓ.
તેમની વચ્ચે રહો.
તેમની પાસેથી શીખો.
તેમને ચાહો.
તેઓ જે જાણે છે ત્યાંથી શરૂ કરો.
તેમની પાસે જે હોય તેમાંથી રચના કરો.
પણ સારો નેતા
જ્યારે તેમનું કામ પૂરું થાય.
તેમનું કાર્ય થયે
લોકો કહેશે,
"આ અમે જાતે કર્યું છે."

પ્રાચીન કહેવત.

જ્યારે હું નાનું બાળક હતો. ત્યારે મારા પિતા હમેશાં કહેતા કે આપણને બે કાન અને એક મોઢું ભગવાને આપ્યું છે. તેનું કારણ છે: આપણે જેટલું બોલીએ તેનાથી બમણું સાંભળવું. મારી આખી કારકિર્દીમાં પહેલી વખત મેં આ પાઠ કાર્યમાં મૂકયો. જુલીયન સાથે બગીચામાં થયેલી મારી મીટિંગ પછીના દિવસોમાં જે બદલાવ આવ્યો તે ચમત્કાર કરતાં કંઇ ઓછો નહોતો. હું જાણતો હતો કે જે પાઠ તેણે મને ભણાવ્યો હતો તે સમયની પરીક્ષા આપી ચૂકયો છે અને તેનું બંધારણ મજબૂત હતું. પણ તેની અસર મારા લોકો પર કેવી થશે તેની કલ્પના હું કરી શકતો નહોતો.

જો કે નિયમ ૨ પર પ્રભુત્વ મેળવ્યું નહોતું પણ હું મારા બધા પ્રયત્નો કરતો હતો. મેં એક ખુલ્લા દરવાજાની રીત બનાવી અને તેના પર સચ્ચાઇથી વળગી રહ્યો. મેં મારું નાનામાં નાનું વચન અને બોલ પાળવાનો પ્રયત્ન કર્યો. જેમ જુલીયને સલાહ આપી હતી તેમ હું જોરદાર શ્રોતા બન્યો અને કોઇને વચ્ચેથી અટકાવતો નહીં. હવે હું "નાની નાની બાબતમાં કાળજી રાખવી" આ માટે તક શોધતો હતો. આનો અર્થ એ કે મૂલ્યવાન અધિકારીને બહાર જમણ પર લઇ જવો. અથવા કોઇ સંઘ સભ્યએ તેનું સૌથી સારું કાર્ય કર્યું હોય ત્યારે ખરા ઉત્સાહના થોડા શબ્દો કહેવા. ઇ-મેઇલ મોકલવા અથવા વ્યક્તિગત રીતે અગત્યની માહિતી જેમને અસરકર્તા હોય તેમને આપવી વગેરેથી મેં પ્રામાણિકતા અને ખુલ્લા દિલના થવાની શિસ્ત પાળવાની શરૂ કરી. જે મારી નેતૃત્વની ચાવીરૂપ હતા. અને તેનાથી શું અદ્‌ભૂત ફેરફાર થયો છે.

જુલીયને મને શીખવેલા પહેલાંના નિયમો સાથે હું જાણતો હતો કે બીજો નિયમ તેની સંપૂર્ણ અસર ઉત્પન્ન કરવા માટે થોડો સમય લેશે. પણ અમારી મીટિંગના થોડાં અઠવાડિયામાં ગ્લોબલવ્યુના લોકોને સમજાયું કે કંઇ મોટું બની રહ્યું છે અને અમે તેનો ખૂબ મોટો ભાગ છીએ. પ્રોગ્રામર્સ તરત જ કાર્યક્ષમતા અને નવાં સંશોધનો વધારવા માટેનાં સૂચનો લઇ આવ્યા. મારી સંચાલક ટુકડી સાથે મેં મારી માનવ સંબંધોની અંતરંગ વાત કહી. તેમણે સત્ય સૌથી પહેલાં આવે એ વાત સ્વીકારી અને તેમણે તેમના સંઘના સભ્યોને તેઓ પ્રમાણિક બનશે તેનું વચન આપ્યું છે. તેમના સાથે કામમાં તેઓ તેમની સાથે સંકળાયેલા રહેશે અને તેમને ખાત્રી આપી કે તેમનો અવાજ સાંભળવામાં આવશે. એવું લાગતું હતું કે ગ્લોબલવ્યુ એક આખી નવી કંપની બની રહી હતી. લોકો કામ પર વહેલા આવવા માંડયા હતા અને મોડે સુધી રહેતા હતા. મેં તેમને સાંભળ્યાં અને તેમની વાતચીત પરથી સમજાયું કે દરેક એકબીજા એકબીજાને માટે કામ કરતા હતાં. અને મને લાગતું હતું કે દરેક એકબીજાનું ધ્યાન રાખતાં હતાં. તેમના નેતા તરીકે મને પણ સારું લાગતું હતું.

છેવટે, મારે જુલીયનને જે સ્ટેડિયમમાં મળવાનું હતું તે રાત આવી પહોંચી. જેવો એ કોમ્પલેક્સમાં હું પ્રવેશ્યો કે એક નોકરે મને પૂછયું કે મારે કોઇ મદદ જોઇએ છે. મારી ટિકિટ સામે જોઇને એ હસ્યો અને બોલ્યો, "સીવીક ડોમમાં તમારું સ્વાગત છે, સાહેબ. તમને સૌથી સારા સ્થળવાળી જગ્યા મળી છે."

જેવો હું બેઠો કે મેં નોંધ્યું કે મારી લાઇનમાં દરેકે દરેક બેઠક ભરેલી હતી સિવાય કે એક મારી બાજુની. "આ જુલીયનની બેઠક લાગે છે." મેં વિચાર્યું. પણ એ કયાં છે? પાંચ મિનિટમાં રમત ચાલુ થવાની હતી અને જુલીયન કયાંય દેખાતો નહોતો. મને ચિંતા થઇ. ગમે તેમ જુલીયન મોડો પડે તેમ નહોતો, ખાસ કરીને નેતૃત્વના ડહાપણ માટે ઉભી થયેલી મારી ભૂખ તેણે છેલ્લી બે મીટિંગમાં નોંધી હતી.

પછી, રમત શરૂ થવાને બે મિનિટની વાર હતી. ત્યારે સ્ટેડિયમના બીજે છેડે મેં એક વિચિત્ર દશ્ય જોયું. એક માણસ એક હાથમાં દૂરબીન અને બીજા હાથમાં બે હોડ-ડોગ લઇને ટોળાની વચ્ચેથી અસાધારણ ઝડપથી આવતો હતો અને હોટ-ડોગનો રસો તેણે પહેરેલા લાલ ઝભ્ભા પર પડતો હતો. જયાં હું બેઠો હતો તે સ્થળ તેને મળ્યું ત્યારે તેણે બૂમ પાડી જેથી મારી નજરમાં આવતા દરેકે દરેકનું ધ્યાન ખેંચાયું. "ઓ, પીટર મારી બેઠક બચાવજે! અમને સંન્યાસીઓને ઘણી બોલની રમતો જોવા મળતી નથી!' જુલીયન આવી પહોંચ્યો હતો.

જેવો એ બેઠો, તેણે દૂરબીન તેની ખુરશીની નીચે મૂકયું અને હોટ-ડોગ મને આપ્યું. "આ તારા માટે છે. મને ખબર છે તને બહુ ભાવે છે. ફેરિયાએ કહ્યું તેની પાસે જે હતા તેમાંથી આ સૌથી વધારે સ્વાદિષ્ઠ છે. દિલગીર છું કે હું મોડો પડયો. હું તારાઓ જોતો હતો અને સમયનું ભાન ભૂલી ગયો. તને ખબર છે, તે મારો સારો એવો શોખ બની ગયો છે."

"એ હોટ-ડોગ મેં લીધાં. તારાઓ માટે એવું ખાસ શું છે?"

"જ્યારે યોગ્ય સમય આવશે ત્યારે હું તે વિષે કહીશ. અત્યાર માટે, હું તને સૂચન કરું છું કે હોટ-ડોગને ઝપટવા માંડ નહી તો એ ઠંડા થઇ જશે. તને લાગે છે કે આપણા લોકો આજે રાતે જીતશે?" તેણે ઓચિંતાનું નવા વિષય પર જઇ કહ્યું.

"હું તેના પર શરત મારવાની ઇચ્છા રાખું છું," મેં કહ્યું. "તેઓ તેમના ઇતિહાસમાં સૌથી વધારે વાર જીત્યા છે. આ બીજી સહેલી જીત હશે તેમના માટે."

જેવી રમત ચાલુ થઇ. જુલીયને મારા પર ઝૂકીને નરમ અવાજે પૂછયું ""તને જીજ્ઞાસા નથી થતી કે આજે રાતે મેં તને અહી મળવા શા માટે બોલાવ્યો?"

"થોડી થાય છે," મેં સચ્ચાઇ સમજીને જવાબ આપ્યો.

"સારું, મેં વિચાર્યું આજે અહી જે ચાલી રહ્યું છે તે જોઇને તું નેતૃત્વ માટે ઘણું બધું શીખી શકીશ. ત્યાં ઉભેલા મુખ્ય શિક્ષકને જોઇ તેણે કહ્યું. સુવ્યવસ્થિત ઘેરા ભૂરા રંગના સૂટ પહેરેલા એક ટકલા માણસ તરફ તેણે આંગળી ચીંધી, આવો જ સૂટ એક વખત જુલીયનનો અતિ-પ્રિય હતો.

"હા"

"તેણે નેતૃત્વનું તત્વ જ્ઞાન આત્મસાત કર્યું છે. જે મારી ઇચ્છા છે કે તું પણ કરે. તું જો, પીટર, એ આ ટીમનો નેતા હોવા છતાં, રમનારાઓની દરેક ચાલ તે જોહુકમીથી કહેતો નથી. તેને બદલે તે શીખવે છે, સહી તરીકો દર્શાવે છે અને રમતવીરોને તેમની શક્તિઓ વધારવા માટે ઉત્સાહિત કરે છે. **મહાન નેતાઓ મહાન શિક્ષક હોય છે.** તારે આમ જ કરવાનું શરૂ કરવાનું છે. તારી જાતને શિક્ષક તરીકે જો. તારા સંઘને તારા ભવિષ્યના ધ્યેયને ખુલ્લો મૂકી ઉત્સાહિત કર અને તેમની પાછળ દબાણવાળું કારણ ફરતું મૂક. હું શરત મારી શકું કે "શીખવવું' શબ્દનો અર્થ તને ખબર નહી હોય. તેનો મૂળ અર્થ છે- માણસ જ્યાં છે ત્યાંથી એને જે બનવું છે ત્યાં લઇ જવું."

"ના, હું જાણતો નહોતો."

"એટલું જ નહી સારો શિક્ષક તેની ટીમને ઉત્સાહિત રાખે છે. કારણ તેમની મુસાફરી ક્ષિતિજને આંબે એવી હોય છે. એક સારો શિક્ષક તેના માણસોની શક્તિ વધારે છે, આહવાહન આપે છે, વિકસાવે છે અને સાધનો પૂરાં પાડે છે. તે લોકો પાસે આપવા જેવું છે તે બધું સારું બહાર લાવે છે. તેમની પાસેથી ટોચનું કાર્ય અપેક્ષિત હોય છે અને તેમ કરવા માટે તે તેમને કૌશલ પૂરું પાડે છે. આજના દિવસો અને યુગમાં મોટા ભાગના વ્યવસ્થાપનો નીચી કામ કરવાની લગન અને ઉત્સાહ વગરના કામદારોથી પીડિત હોય છે. નેતાઓએ તેમની સંગઠનાની સફળતા માટે ખૂબ હોંશિયાર શિક્ષક બનવું જોઇએ."

"તો હું મહાન શિક્ષક કેવી રીતે બનું અને મારી ટુકડીને ઉત્સાહિત કેવી રીતે કરું?"

"મને લાગ્યું હતું કે આ તું ક્યારેય નહી પૂછે," જુલીયને જવાબ આપ્યો. ત્યારે જ ઘરની ટુકડીના એક ખેલાડીએ થ્રી-પોઇન્ટર માર્યો. ઓચિંતાનો જુલીયન

કૂદયો અને ફેફસાં ફાડી નાખે એવા અવાજે બરાડવા લાગ્યો. ""આપણે સફળ થઇ રહ્યા છીએ અને આવા થોડા વધારે ફટકા અને આપણી ઘરની ટુકડી જીતી જશે.''

જ્યારથી જુલીયન હિમાલયથી આવ્યો છે ત્યારથી મેં તેને આટલો જંગલી ક્યારેય જોયો નથી. આના પહેલાંની અમારી મીટિંગમાં, તે એટલો સરળ અને શાંત હતો. હવે બાસ્કેટ બોલની રમતના ઉત્તેજીત વાતાવરણમાં તે કૂદકા મારતો હતો, તાળીઓ પાડતો હતો. અને નાનું બાળક પહેલો સર્કસનો ખેલ જુએ ને ખુશ થાય તેમ ખુશ થતો હતો. તેને આટલો ખુશ જોવો તે આનંદ-દાયક હતું. મેં જેટલાં જણને જોયાં છે તેમાંથી તેણે તેના જીવનમાં વધારે દુ:ખ અને મુશ્કેલીઓ જોઇ હશે.

''એમ કરવા માટે દિલગીર છું, પીટર. હું શિવાનાના સંન્યાસીઓ સાથે રહીને આવ્યો ત્યારથી મેં એક વાત શીખી છે કે દરેક દિવસ ભગવાનની ભેટ છે. દરેક દિવસ એક ખાસ હોય છે અને ઇશ્વરના નાનાં નાનાં આશીર્વાદથી ભરેલો હોય છે. જ્યારે હું સમય ભૂખ્યો, સમતોલન ગુમાવેલો વકીલ હતો, અને પિત્તળના સિક્કા પાછળ દોડવામાં મશગુલ હતો ત્યારે જીવનના સાદા આનંદથી પણ વંચિત હતો. મેં મારું કુટુંબ જીવન ડહોળી નાખ્યું. મેં મારી મિત્રતા ખોઇ નાંખી. અને છેવટે મેં મારી તંદુરસ્તી પણ જવા દીધી. ચોક્કસ મેં પુષ્કળ પૈસા કમાયા અને કોઇને સ્વપ્ન હોય એટલાં રમકડાં ખરીદ્યા. પણ હું ખુશ નહોતો. મને સંતોષ નહોતો.

''અને આજે મારી પાસે થોડી સંપત્તિ હોવા છતાં, મને રોજે રોજ આવતી ખાસ ક્ષણોમાંથી આનંદ લૂંટવો ગમે છે. મેં સામાન્યમાંથી અસામાન્ય લેવાનું શરૂ કર્યું અને તેથી આજે રાતે મને આટલી મજા આવી. કોને ખબર છે, કે આવી બીજી રમત મને જોવા મળશે કે નહી?''

જુલીયનને આ રીતે વાત કરતો સાંભળીને મને આશ્ચર્ય થયું. તે જુંદાદિલ અને સકારાત્મક હતો. તેની પાસેથી તેના પોતાના વિનાશની અને તે અહી નહી હોય એવી શકયતા વગેરે નવા જુલીયન માન્ટલેના સ્વભાવની વિરુદ્ધનું હતું. અને મેં તેને એમ કહ્યું.

''અરે ચિંતા ન કર, પીટર. મેં ઘણાં વધારે વર્ષો સુધી જીવવાની યોજના ઘડી છે. દુનિયાના આ ભાગમાં મારે માટે એટલું બધું કામ બાકી છે. મેં યોગી રમણ અને બીજા સંન્યાસીઓ પાસે પ્રતિજ્ઞા લીધી છે કે નેતૃત્વનો સંદેશ ધંધામાં અને જીવનમાં ફેલાવતાં ફેલાવતાં મારા જીવનના બાકીના દિવસો પૂરા કરીશ. ઘણાં બધાં લોકો છે જેને હું મદદ કરી શકું છું અને ઘણાં બધાં કામો છે જે મારે કરવાં જરૂરી છે. મારા, દોસ્ત, મારા જીવનના સારામાં સારાં વર્ષો આવી રહ્યાં છે. તું ગણત્રી કરવા માંડ. આ બધામાં હું એટલું જ કહું છું કે આપણે યાદ રાખવું રહ્યું કે સમય આપણા હાથમાંથી રેતીના કણની જેમ નીકળી જાય છે જે ક્યારેય પાછો આવતો નથી. જ્યારે તમે જીવનની મુસાફરી શરૂ કરો તો તેનો આનંદ કરો અને તેને ભેટવાની ઉષ્મા અને હિંમત દર્શાવો.''

''તારો મુદો સમજી ગયો, જુલીયન. તારા નેતૃત્વના ડહાપણ- થી મારી કંપનીમાં ફેરફારો આવ્યા તે પહેલાં હું એટલો બધો તકલીફમાં હતો કે રાત્રે બે-ત્રણ

કલાકથી વધારે હું સૂઇ શકતો નહોતો. સમન્થા આ માટે ચિંતા કરતી અને બરચાંઓ ફરિયાદ કરતા કે હું ચિડિયો થઇ ગયો છું. આથી પરિસ્થિતિ વધારે બગડતી. મને લાગતું હતું કે જે બધા માટે મેં મારી આખી જીંદગી કામ કર્યું છે તે બધું હાથમાંથી સરી જાય છે. આના ઉકેલ માટે હું વધારે મહેનત કરવા લાગ્યો. પણ હવે હું જાણું છું કે ગ્લોબલવ્યુ તેના સૌથી સારા નફાથી સંપૂર્ણ તંદુરસ્તી તરફ પાછી લાવવા માટે મારે શું કરવું જરૂરી છે. હવે હું હોંશિયારીથી કામ કરી અને નેતૃત્વની મુસાફરીનો આનંદ ઉઠાવી શકું તેમ છું.''

''સુંદર, ભલે આપણે તારા સવાલ તરફ પાછા ફરીએ કે કેવી રીતે કોઇ મહાન શિક્ષક બની શકે અને ઉત્સાહિત નોકરો વિકસાવી શકે. અતિ ઉત્સાહિત અને વફાદાર કામદારો કે જે તારા ધ્યેયને હકીકતમાં લાવવા માટે કંઇપણ કરી શકે તેનું રહસ્ય ચાર શબ્દોમાં કહી શકાય. એ જાણવાની તારી ઇરછા છે?''

''ના, હું વિચારું છું કે હું બીજું હોટ-ડોગ લઇ લઉં.'' મેં ખોટો ખોટો કટાક્ષ કરતા કહ્યું. ''''હાસ્તો, અતિ ઉત્સાહિત નોકરોનું રહસ્ય મારે જાણવું છે. અને દરેક નેતાએ અને સંચાલકે એ જાણવું જરૂરી છે?''

''સારું એ છે, નિયમિત ઇનામ આપો, અવિરતપણે વખાણ કરો.''

''એ તો નિયમ-૩ છે'' મેં લાકડાનાં ચોગઠાંનો ત્રીજો ટુકડો કાઢતાં કહ્યું. તેના પર પણ પહેલાં બે ટુકડાની જેમ કંઇ દોરેલું હતું.

''હા, મારા દોસ્ત, યોગી રમણની પ્રાચીન નેતૃત્વ પધ્ધતિમાં નિયમ ૩ એ સંઘ શક્તિનો નિયમ છે. દરેક ધ્યેયનિષ્ઠ નેતાએ તેમના કામદારોને ઇનામ અને વખાણ કરવાની સાધના દરરોજ કરવી જોઇએ. તેમનામાં એટલું જાણવાનું ડહાપણ હોવું જોઇએ કે જો નોકરોને ઉત્સાહિત રાખીએ તો તેઓ ઉત્તમ પરિણામ આપે છે.''

''અને હું શરત મારું છું કે તેના કારણે જ આપણે આજે રાતે મળવાનું આ સ્થળ તેં શોધી કાઢયું છે. ખરું ને જુલીયન? હવે આ બધું બંધ બેસે છે.''

''તું ખૂબ જલ્દી શીખી લે છે, પીટર. મને તારી આ વાત ખૂબ ગમે છે. અરે, જૂના દિવસોમાં જયારે તું મારો ગોલ્ફની રમતનો ભાગીદાર હતો ત્યારે પણ હમેશાં તું રમતમાં મારા કરતાં એક ડગલું આગળ રહેતો. હા, હું તને જે સિદ્ધાંત શીખવવાનો છું તે મુખ્ય શિક્ષક ચોક્કસપણે અપનાવતો હશે. તેણે નિશ્ચિતપણે એ શોધ્યું હશે કે જયારે તમે નોકરોને માન આપો ત્યારે તેઓ તમને માન આપે જ છે. તેણે ચોક્કસ નેતૃત્વના બે સિદ્ધાંતો-ઇનામ આપવું અને વખાણ કરવા ઉપયોગમાં લીધા હશે. તેથી જ તેની ટુકડી આટલી સફળ છે.

''શરૂઆત કયાંથી કરવાની? ઇનામો આપવા અને વખાણ કરવા આટલા મહત્વના હશે તેનો મને કોઇ ખ્યાલ નહોતો તે મારે કબૂલ કરવું જ રહ્યું. હું બીજી બાબતોમાં એટલો મશગૂલ હતો કે તેં સૂચવ્યું તે મુજબ મેં ખરેખર ''''મારા લોકોને માન આપવું.''તે વિષે વિચાર્યું નહોતું. પણ મારા પોતાના નોકર તરીકેના દિવસોમાં હું જાણું છું કે જયારે મેં કંઇ યોગ્ય કામ કર્યું હોય અને મારો અધિકારી તેની નોંધ

લે તો બીજી વખત તે કામ હજી વધારે સારૂં કરવાની મને ઇચ્છા થતી. કહેતાં દુ:ખ થાય છે કે આપણા દેશમાં નોકરો સંચાલકો તરફથી વધારે કંઇ સાંભળતા નથી સિવાય કે તેમણે કંઇ ખોટું કર્યું હોય. નહી તો તેઓ લગભગ તેમની રીતે કામ કરે છે.''

''મોટાભાગની કંપનીઓ એવી છે, પીટર. આ પ્રકારનું નેતૃત્વ માની લે છે કે સ્ત્રીઓ અને પુરુષો જેઓ આ વ્યવસ્થાપનમાં કામ કરે છે તેઓ પુખ્તવયના સમજુ હોય છે. જેમની પીઠ થાબડવાની જરૂર હોતી નથી. અધિકારીઓ માને છે કે લોકોના ખરાબ વર્તનો શોધી કાઢી તેમને સુધારવાનું જ તેમનું કામ છે. ગ્રાહકોએ સંતોષથી લખેલા ઘણા સકારાત્મક પત્રો વિષે તેમના લોકોને ક્યારેય કહેતા નથી. ઉલટું જ્યારે કોઇ ફરિયાદ આવે તો તત્ક્ષણ તેઓ કામદારોને તેમની ઓફીસમાં બોલાવીને સવાલ પૂછે છે અને ખિજાય છે. આમ કરવામાં અજાણતાં તેઓ તેમના નોકરોને તેમનું ખરાબ વર્તન સુધારવાના પ્રયત્નમાં દિવસ પસાર કરાવે છે. જ્યારે કે તેમની બધી શક્તિઓ કામ સારું કરવામાં કેન્દ્રિત કરવી જોઇએ. અને હું ખાત્રી આપું છું કે આવી કંપનીઓ વિશ્વ કક્ષાનું સ્થાન ક્યારેય પામતી નથી. તું એ જાણી નવાઇ પામીશ કે આપણી દુનિયાના આ ભાગમાં મોટાભાગના લોકો દરરોજ રાત્રે ભૂખ્યા સૂઇ જાય છે?''

''અશક્ય છે, જુલીયન. આપણી પાસે પુષ્કળ દ્રવ્ય છે.''

''હા, એ સાચું છે. તેમના જીવનની દરેક રાતે મોટાભાગના લોકો ભૂખ્યા સૂઇ જાય છે. તેઓ તેમના કામ માટે થોડા વખાણ અને થોડા સારા શબ્દોના અભાવે ભૂખ્યા રહે છે.''

''તો આ વસ્તુસ્થિતિ બદલવા હું શું કરું?'' મારી જૂની સરમુખત્યારશાહી નેતૃત્વની પદ્ધતિથી બચવા અમારા લોકોએ પહેરેલાં બખ્તરની અંદર રહેલી શક્તિઓને જોવાનું મેં શરૂ કર્યું છે. હું તેમની શક્તિઓને વિકસાવવા માટે મક્કમ છું અને તેઓ જે પ્રકારના કામદારો અને માણસો હોય તેવા રહેવા દો અને તેઓ જે કરવા જેવાં કામ કરી શકે તે કરવા દો. પણ મારે શરૂઆત ક્યાંથી કરવી?''

''તમારા નોકરોને ઉત્સાહિત કરવા શરૂ કરવાનો મુદ્દો ખૂબ સાદો છે: **સારું વર્તન શોધી કાઢો.** '' ''તું શું કહેવા માંગે છે?''

''જો, તેં જાતે જ કહ્યું. ગ્લોબલવ્યુમાં તું અને તારા અધિકારીઓ સતત ખરાબ વર્તનને સુધારવામાં લાગેલા હોવ છો. સૌથી મોટો દર્શક મોટા ભાગના નોકરો માટે એ છે કે તેઓ ઠીક કામ કરે છે જેથી કરીને તેમને કાઢી મૂકયા નથી. સારું એટલું પૂરતું નથી. તમે તેનાથી વધારે સારું મેળવવાને લાયક છો. તમારે તમારા મનનું વલણ બદલવાની જરૂર છે અને જે લોકો યોગ્ય કામ કરતા હોય તેમને શોધી કાઢવાનું શરૂ કરો. જે કામદારો તારે જોઇએ તેવું કામ કરતા હોય તેમને શોધી કાઢવામાં ઝડપી બનો. શિકારી જેમ અવિરતપણે પોતાના શિકારને શોધે તે રીતે જ અને જ્યારે તમે તેમને શોધી કાઢો કે તેમને ઇનામો આપો અને વખાણ પણ કરો. **યાદ રાખ, તમે ઇનામમાં આપશો તેના કરતાં વધારે પામશો.** ''

''શું સારું વર્તન ત્વરિતપણે શોધી-વખાણ કરવા જરૂરી છે?''

''સરસ સવાલ, પીટર. જરૂરી નથી, પણ હું તને કહું એક વસ્તુ ચોક્કસ છે કે જેટલું જલ્દી તમે સારું વર્તન વખાણશો તેટલું તે વર્તન ફરી ફરી થશે. તારે જે પ્રકારનું વર્તન ફરી ફરી જોઇતું હોય તેને ઇનામો આપ્યા કર. તારા માણસોને જ્યારે આ રીતે ઘડીશ ત્યારે તારી શું અપેક્ષાઓ છે તેની સૂઝ તેઓ કેળવશે. જલ્દીથી તેઓ જાણી જશે કે સફળતા કેવી દેખાય છે.''

''પણ મોટાભાગના નોકરોને એ જાણ હોવી જરૂરી નથી કે તેમણે શું કરવું? તેમને એ જાણ નથી હોતી કે સફળતા કેવી હોવી જોઇએ? મને ફક્ત એમ લાગે છે કે તેઓ ઘણાં આળસુ છે તેથી સફળતા મેળવી શકતા નથી. મારા અનુભવે તેઓ સહેલાઇથી પૈસા કમાવા માંગે છે અને જેટલું બને તેટલું જલ્દી ઘેર જવા માંગે છે.''

''તું તદ્ન ખોટો છે'' તદ્ન તોછડો જવાબ આવ્યો.'' યોગી રમણે મને હમેશાં કહ્યું છે કે લગભગ દરેકે દરેક સારું કરવા માંગે છે. આપણામાંનો દરેક સકારાત્મક રીતે પોતાનો ફાળો નોંધાવવા માંગે છે અને એ અનુભવવા માંગે છે કે મારા જીવનનો કોઇ અર્થ છે. આપણને બધાને સપનાંઓ, શોખ અને આશાઓ હોય છે અને ધીરજથી આપણે ભગવાનને એક દિવસ તે બધાં પૂરાં કરવાની પ્રાર્થના કરીએ છીએ. પણ હકીકતમાં મોટા ભાગના લોકોની મહત્વાકાંક્ષા જે તેમને દોરવતો હોય તેનાથી કુંઠિત થઇ જાય છે. તેમને શું પહેરવું અથવા તેમણે શું ખાવું અથવા કામ કેવી રીતે કરવું વગેરે કહેવામાં આવે છે. દુનિયામાં મોટાભાગના કામદારોનું એટલે હદ સુધી સૂક્ષ્મ સંચાલન કરવામાં આવે છે કે તેમને લાગે છે કે સ્વતંત્ર વિચારવું અથવા નવા સંશોધન કરવા એ તેમની કારકિર્દીને રોળી નાખશે.

''તારે શું શરૂ કરવાની જરૂરિયાત છે. તારા માણસોની શક્તિઓ અને હોશિયારીને મોકળાશ કરી આપ. તે જ સારા વર્તનનું ઇનામ છે જે તું વારંવાર જોવા ઇચ્છે છે. જેઓ સારું કામ કરે છે તેમને વખાણ જેથી દરેકે દરેક નોકરને જાણ થશે કે સફળતા કેવી દેખાય છે. તું કદાચ માનીશ નહી પણ મોટા ભાગના કામદારોને ચોક્કસપણે ઉચ્ચકક્ષાનું કાર્ય એટલે શું તે ખબર હોતી નથી. જે તેમના તણાવને વધારે છે. તેમના નેતાએ તેમને ક્યારેય એવું ઉદાહરણ પૂરું પાડયું નથી કે જે તેઓ શીખી શકે. તદ્ઉપરાંત નેતા, તેમણે જે કરવું જોઇએ તે નથી કર્યું કરીને, તેમને વખોડે છે. જેથી વાત વધારે બગડે છે.

''હું ઘણી બધી કંપનીમાં ગયો છું જ્યાં નેતાઓની કામદારો પાસેની અપેક્ષાઓમાં તેમના કામના વર્ણન સાથે બહુ થોડા પ્રમાણમાં અથવા નહીવત્ સામ્ય હોય છે. ધ્યેયનિષ્ઠ નેતાઓ તેમના માણસો પાસેથી જે પ્રકારના પરિણામોની આશા રાખતા હોય તેને ચોક્કસપણે શબ્દોમાં મૂકે છે. અને પછી તેમને પૂરાં કરવા માટે પૂરતી સ્વતંત્રતા આપે છે. જેમ મેં તને પહેલાં પણ કહ્યું હતું કે સ્પષ્ટ હેતુ હોય તો મન કેન્દ્રિત અને ઉત્સાહિત રહે છે. એક વખત લોકો જાણી જાય છે કે તેઓને ક્યાં જવું છે અને તેમની પાસેથી કઇ અપેક્ષા છે. તો તેઓ તેમની જવાબદારી પૂરી કરે છે.''

''પણ જ્યારે તેઓ સરખું કામ ન કરી શકે ત્યારે ચોક્કસ તેમને શિક્ષા કરવી જોઇએ?''

“તે મને બીજા મહત્વના મુદ્દા પર લઇ જાય છે. ઓછી કાર્યક્ષમતા ધરાવતી કંપનીઓમાં અસફળ થવામાં લોકો ડરતા હોય છે. જેથી તેઓ જોખમ ઉઠાવતા નથી. અને જોખમ ન ઉઠાવવાથી તેઓ નવી પદ્ધતિઓ, નવી રીતો શોધી શકતા નથી. અને આવાં સંશોધનો ન કરવાથી તેઓ બાકીની જીંદગી આરામમાં વિતાવી દે છે. દરરોજ એક જ કામ, એક જ રીતે અને એ જ લોકો સાથે કરે છે. અને જખમો પર મરચું ભભરાવતાં, સંચાલકો તેમને સર્જનાત્મકતા વગરના અને સંશોધન ન કરનારા કહીને ચાબખા મારે છે. જો મને ખોટી રીતે ન સમજતો, પીટર તને ખબર છે હું વાસ્તવવાદી છું. કોઇ એમ નથી કહેતું કે નેતાઓ અને સંચાલકોએ ખોટા વર્તનને સુધારવું ન જોઇએ. પણ એક ઝાડ માટે આખું જંગલ ન ગુમાવાય. એક દીર્ઘ દષ્ટિવાળી સમજ કેળવવાની જરૂર છે કે અસફળતા સફળતાની ચાવી છે. જ્યારે તારા લોકોમાંથી કોઇ કંઇ પ્રયોગ કરે અને અસફળ રહે તો તે ફક્ત સફળ કેમ થવાય તે શીખી રહ્યો છે. અસફળતા છૂપી રીતે તમને શીખવી જાય છે. તેઓ આપણને ડહાપણ અને સમૃદ્ધિ તરફ દોરી જાય છે. ધ્યેયનિષ્ઠ નેતાઓ કામ પરના વાતાવરણને જોખમ રહિત બનાવે છે. તેઓ તેમના માણસોને અસફળ રહેવાનું સ્વાતંત્ર્ય બક્ષે છે. અને એમ કરતાં છેવટે તેઓ સફળ થાય છે.”

“અરે વાહ, મેં અસફળતા માટે ક્યારેય આવું વિચાર્યું નથી.”

“કદાચ તને જાણીને આશ્ચર્ય થશે કે સાઉથવેસ્ટ એરલાઇન્સ માં પહેલાં જેની વાત કરી હતી તે પ્રશંસનીય સફળ કંપનીમાં એક યુવાન અધિકારીએ નવો વિચાર અમલમાં મૂકયો અને સખત અસફળ રહ્યો. તેને ખરેખર બઢતી આપવામાં આવી. આ અધિકારીએ તે જ દિવસે માલ પહોંચાડવાની સેવા શરૂ કરવાનું જણાવ્યું જેથી સાઉથવેસ્ટ એરલાઇન્સની આવક ૫૦ ટકા વધી જાય. અધ્યક્ષે આ પ્રોગ્રામ માટે જાતે રસ લઇને તેની મંજૂરી આપી અને પૂરતી રકમ જાહેરખબર પાછળ ખર્ચવામાં આવી અને નવું કામકાજ ગોઠવવામાં આવ્યું. બદ્નસીબે સારો ધંધો મળ્યો નહી પણ કંપનીના કાર્યકર્તાઓને સમજાઇ ગયું કે કંપનીની મહાન સિદ્ધિઓ માટે મોટાં જોખમો લેવા જરૂરી છે, વખતોવખત અસફળતા પણ મળે. આ બધું ધંધો કરવાની કિંમત છે. તેમણે ખાત્રીપૂર્વક સારો પાઠ ભણ્યો અને પછી તેના પર કામ કર્યું. અને આ અધિકારીને કાઢી ન મૂકયો તેથી સંચાલકોએ એક શકિતશાળી સંદેશો કંપનીમાં પાઠવ્યો કે સંશોધન અને જોખમ ઉઠાવી નફો કરવો એ ખોટું નથી.”

“આ ન માની શકાય તેવું દષ્ટાંત છે, જુલીયન.”

“આનાથી વધારે સારી અસર ઉપજી શકે. જ્યારે કોઇ પ્રશંસાપત્ર કોઇ ગ્રાહક તરફથી મળે ત્યારે સાઉથવેસ્ટના નોકરને કેટલું માન મળતું હશે વિચાર કર?”

“ચાલ મને સંભળાવ તો.”

“અધ્યક્ષ તરફથી તરત જ તે નોકરને એક પત્ર મોકલવામાં આવે છે. મને લાગે છે તમે મહાન છો, તમને મારા સલામ. તમારું મહાન કાર્ય ચાલુ રાખો, હું

તમને ચાહું છું.''

''નવાઇ લાગે છે. પણ હું આ નોકરને ચાહવાની વાત જાણતો નહોતો.''

''સાઉથવેસ્ટ એરલાઇન્સમાં અધ્યક્ષ તેના લોકોને હું તમને ચાહું છું કહેવાની એક પણ તક ગુમાવતો નથી. અહી ચાહવું શબ્દ ખૂબ નરમ લાગણીઓ પ્રદર્શિત કરતો નથી પણ તે માણસનું સારું કામ વખાણે છે. છતાં જો તમારે તારા નોકરને તું તેમને ચાહે છે એમ ફક્ત તેમને ઉત્સાહિત કરવા ન કહેવું હોય, તો જ્યારે તેઓ સારું કામ કરે ત્યારે તેમનો આભાર માનવો અને જ્યારે તેઓ ભૂલ કરે ત્યારે માફી માંગવી. તિબેટિયન કહેવત કહું જે યોગી રમણને ખૂબ ગમતી કે,''જો તમે તમારા ગુસ્સાની એક ક્ષણ શાંતિથી સંભાળી લો તો તમે તમારા દુ:ખના સો દિવસો બચાવી શકો છો.'''

''મને લાગે છે કે સકારાત્મક વલણને અને ટોચની કાર્યક્ષમતા ને બિરદાવાનો સૌથી સારો રસ્તો પૈસો છે ખરું ને?''

રમતમાં અડધો સમય થયો તેની ઘંટડી વાગતાં જુલીયનના જવાબમાં ખલેલ પડી. અમારી ટીમનો હાથ ઉપર હતો અને તેથી તેના ચાહકોએ તેમને તાળીઓથી વધાવી લીધા. અમારી ટિકિટો જોકે જુલીયને એવી જગ્યાએ લીધી હતી કે મુખ્ય શિક્ષકની બધી વાતો અમને સંભળાતી હતી. તેઓ ખેલાડીઓને કહી રહ્યા હતા કે, ''''તમે ખૂબ સુંદર કામગીરી બજાવી છે. આપણે આપણી રમતની યોજના જે રીતે બનાવી હતી તે રીતે જ આપણે રમી રહ્યા છીએ. આમ જ રમજો અને ખાત્રીપૂર્વક આપણે આ રમત જીતી જઇશું. મને ખબર છે કે થોડા દિવસથી તમે સતત રમો છો અને હું જાણું છું કે તમે ખૂબ થાકી ગયો છો. આ એક રમત આપણા ચાહકો માટે આપણે જીતી નાંખીએ.''

જેવા રમતવીરો મોટા રૂમમાંથી તેમના લોકરરૂમ તરફ જતા હતા, શિક્ષકે ઉમેર્યું, ''''અરે છોકરાઓ... મને તમારા માટે ખૂબ અભિમાન છે!''

'''શું તે તારા સવાલનો જવાબ છે, પીટર?'' જુલીયને પૂછયું.

''હં?''

''શું પેલા શિક્ષકે તેની ટીમને ફક્ત ઉત્સાહિત કરી છે?''

''ચોક્કસપણે.''

''શું તેણે પૈસાની કોથળી કાઢી છે અને દરેક ખેલાડીને એમ કરવા માટે તેણે બિલ બનાવ્યાં છે?''

'''ના'' મેં સ્મિત સાથે કહ્યું.

''તો તેણે એ કેવી રીતે કર્યું?''

''તેણે તેમની પ્રશંસા કરી. અને તે તેણે પૂરતા સન્માનથી કરી. મને ખરેખર એમ લાગ્યું કે તે તેમની ચિંતા કરે છે અને તેમના સારા કાર્ય માટે તેમને અભિમાન છે.''

"એમ જ મારા દોસ્ત તું સમજ. **પ્રશંસાને કોઇ પૈસા નથી.** લાગણીશીલ વખાણ ડુંગરો હલાવી નાંખે અને આખા વ્યવસ્થાપનને બદલી નાંખે અને તેને તારે એક પૈસો કિમંત ચૂકવવી પડશે નહી. ઘણા નેતાઓ ઓછું વિચારે છે કે બોનસનો ચેક અને રોકડ બદલો જ ફક્ત તેમની ટીમને ઉત્સાહિત કરી શકે અને હમણાં પૈસાની ખેંચ છે તો તેઓ કંઇ કરતા નથી. પણ આ પ્રખ્યાત માન્યતાની વિરુધ્ધ પૈસો એ માનવને ઉત્સાહિત કરવાનું સૌથી શક્તિશાળી સાધન નથી. સંશોધન દર્શાવે છે કે લોકોને બીજી કોઇપણ પ્રકારના બદલાની જગ્યાએ સાદાં વખાણ ગમે છે.

"એક ખૂબ મહત્વના સંશોધનમાં ૧,૫૦૦ નોકરિઆતોમાં વ્યક્તિગત અને ત્વરિત પ્રશંસા સૌથી વધારે ઉર્જા પૂરી પાડનાર પૂરવાર થઇ. જો કે ૪૨ ટકા લોકો પાસેથી જ જવાબો મળ્યા હતા. એક બીજી આકારણીમાં ૫૮ ટકા નોકરીઆતોએ કહ્યું કે તેમને ક્યારેક જ તેમના સારા કામ માટે ધન્યવાદનો પત્ર મળે છે. અને આ રીતે તેમના કામને વધાવવામાં આવે તો તેમને સૌથી વધારે ઉત્સાહ આવે છે.

"એક ધન્યવાદનો પત્ર માત્ર તેમને જોઇએ છે?"

"કદાચ તારા લોકોને કંઇ વધારે જોઇએ. તેમના નેતા તરીકે તારે એ જાણવા માટે સમય ફાળવવો જોઇએ. આ મુખ્ય પાઠ છે : લોકોને એ રીતે વળતર ન આપો કે જે રીતે તમે એમની જગ્યાઓ હોવ તો તમને વળતર લેવું ગમે. એના બદલે તેમને શું ઉત્સાહિત કરે છે તે શોધી કાઢો. તમે અને તમારા અધિકારીઓએ શોધી કાઢવું જોઇએ કે તમારા નોકરિઆતોને શું કરવાથી તેઓ મહાન છે તેમ લાગશે. "વાહ થાય તેવા સવાલો' તમારી જાતને પૂછવાનું શરૂ કરો. એ જ અતિશય શક્તિશાળી છે."

"આ વાહ, થાય તેવા સવાલો શું છે?"

"આ વાહ થાય તેવા સવાલો દરેક નેતાના મિત્ર છે. આમાં ફક્ત એટલું જ કરવાનું કે તમે નીચેના સવાલો તમારી જાતને પૂછો: મારા લોકોના સારા કામને વખાણવા, એક વળતર આપવા મારે શું કરવું જોઇએ કે તે મળતાં જ તેમના મોઢામાંથી "વાહ' નીકળી જાય?" પીટર એક શાશ્વત સત્ય યાદ રાખ : **તમે જે રીતે તમારા નોકરિયાતો રાખશો તે જ નક્કી કરશે કે તમારા નોકરિયાતો તમારા ગ્રાહકોને તે જ રીતે રાખશે.** જો તમારી પાસે તેમને "તેઓ ખાસ છે' એમ દર્શાવવા- ની પદ્ધતિ હોય, તેમને નિયમિતપણે "વાહ' કરાવે તેમ હોય, તેમ જ તેઓ તમારા ગ્રાહક સાથે કરશે. જેમ મેં પહેલાં કહ્યું તેમ મેળવવાના કાર્યની શરૂઆત કરો."

"જુદા જુદા લોકોને જુદી જુદી રીતે ખુશ કરી શકાય.", જુલીયને ઉમેર્યું. ""દરેક ગ્રાહકને જુદી જુદી ભેટ આપવી જોઇએ. તમારો સેલ્સમેન જે હમેશાં તેના કુટુંબમાંથી દૂર રહી રોડની મુસાફરી કરતો હોય જેને વિમાનમાં બેસવાની ઘૃણા હોય તેને બરમૂડા જવાની હવાઇ ટિકિટ આપવી. તે કોઇ સારો વિચાર નથી. જે માણસને સારો પગાર હોય પણ અઢાર કલાક કામ કરતો હોય તે બોનસના ચેક પર થોડા દિવસની રજા માણવાનું કદાચ પસંદ કરે. જ્યારે હું કાયદાકીય કામ કરતો હતો ત્યારે મારી પોતાની ટીમનો એક યુવાન માણસ એવું ઇચ્છતો હતો કે

તેના સારા કામ માટે તે જેમની સાથે કામ કરે છે, તેમની સામે તેના વખાણ કરવામાં આવે. જેમ યોગી રમણે કહ્યું હતું "જે લોકોના તમે નેતા હોવ તેમના કોયડાઓ ઉકેલો અને શોધી કાઢો કે તેમની કોઇપણ સફળતાના બદલામાં તેમને શું ગમશે.' કોઇના માટે એ એક ચોકલેટ હોય તો બીજા માટે સ્કીની પ્રાદેશિક રમત રમતા દિવસ પસાર કરવો. બંધ બેસતી પાઘડી સીવો.

"મને હજી યાદ છે. યોગી રમણ એક દિવસ મારી નાની ઝૂંપડીમાં આવેલા જ્યારે હું તેમના હાથ નીચે ભણવામાં સખત મહેનત કરતો હતો અને સંન્યાસીઓના ડહાપણને મારા જીવનમાં ઉતારવા ઝૂઝતો હતો. "તું ખૂબ સારો શિષ્ય છે, જુલીયન' તેમણે ખૂબ લાગણીથી કહ્યું. "કદાચ અમને મળેલા શિષ્યોમાં સૌથી ઉત્તમ. તને અમારા રિવાજો પ્રત્યે માન છે અને નેતૃત્વ અને જીવનનું તત્વજ્ઞાન ખૂબ ગંભીરતાથી રસપૂર્વક શીખી રહ્યો છે. અમારામાંના દરેકે દરેકને તું ગમે છે. હવે અમે તને અમારી નાની સંસ્કૃતિના સભ્ય તરીકે જોઇએ છીએ. જોકે અમારી સંપત્તિ ખૂબ થોડી છે. છતાં તે જે પ્રગતિ કરી છે તે માટે મારે તને એક નાની ભેટ આપવી છે. મારે તને કંઇ અર્થપૂર્ણ આપવું છે. તેથી આ ભેટ મારી જાતે પસંદ કરવા કરતાં કઇ પ્રતિકાત્મક ભેટ તને ખુશ કરશે તે જાણવા આજે હું અહી આવ્યો છું."

"તું જાણે છે, પીટર, એ પહેલી વખત હતી કે મારી જીંદગીમાં મને કોઇએ મારા સારા કામ માટે કંઇ ભેટ પસંદ કરવાનું કહ્યું હતું. આના પરિણામસ્રૂપ હું ખૂબ ખુશ શિષ્ય હતો. જેથી કરીને મેં વધારે મહેનત કરીને ભણવા માંડયું કે જે શિક્ષક મારામાં વિશ્વાસનું રોકાણ કર્યું છે તેમને નિરાશા ન સાંપડે."

"અને તેં શું માંગ્યું?"

"હું જાણતો હતો કે તને જાણવાની ઉત્કંઠા થશે. એ ખરેખર બહુ સાદું સીધું હતું. સાધુઓના ગામની વચ્ચે એક મંદિર હતું. તેની અંદર એક લાકડાનું પાટીયું હતું. મારી શાંત ક્ષણોમાં હું ત્યાં જતો અને યોગી રમણે તેના પર કોતરેલા શબ્દો પર મનન કરતો. તે શબ્દોનો મારા માટે ઘણો મોટો અર્થ હતો. મારી ઇચ્છા એવી હતી કે યોગી રમણ મને એવું જ પાટિયું આપે અને તેમણે બીજે જ દિવસે ખુશીથી આપ્યું."

"અને એ વાક્યો શું હતા?" મેં ખૂબ રસથી પૂછયું.

"આ વાક્યો મહાન ભારતીય તત્વજ્ઞાની પતંજલિના હતા. એ વાક્યો મેં મારા મનમાં યાદ રાખ્યા છે. હું એ શબ્દો તારી સામે બોલી શકું તેમ છું:

" **કોઇ મહાન હેતુ અથવા કોઇ અસામાન્ય કાર્ય માટે જો તમે કૃતનિશ્ચયી હોવ તો તમારા બધા વિચારો તેમના બંધન તોડી નાંખે છે: તમારું મન બધા અવરોધોને ઉલ્લંઘી જાય છે. તમારો અંતરઆત્મા ચારે દિશામાં વિસ્તાર પામે છે અને તમે તમારી જાતને નવા મહાન અને અદ્‌ભુત વિશ્વમાં અનુભવો છો. સુષુપ્ત શક્તિઓ, જ્ઞાન અને હોંશિયારી જાગૃત થાય છે. અને તમે પોતે કલ્પના કરી હોય તેના કરતાં પણ તમને પોતાને તમે મહાન માણસ તરીકે પામો છો.** "

જુલીયને ચાલુ રાખ્યું. બાસ્કેટબોલની રમત હમણાં જ પાછી શરૂ થઇ હતી. ''''આ પટિયું આપીને યોગી રમણે મને જોઇતો ઉપહાર આપ્યો હતો તે તેઓ જાણતા હતા.''

''કદાચ આ જ ઉપહાર જો એ તારી જગ્યાએ હોત તો તેમને જોઇતો હોત.' હું વચ્ચે બોલ્યો.

''ચોક્કસ ધ્યેયનિષ્ઠ નેતા જ્યારે કોઇપણ વ્યક્તિને સારું વર્તન કરતાં શોધી કાઢે છે. ત્યારે તે તેમને ઓળખે છે અને તેને ગમતો ઉપહાર બદલામાં આપે છે. આ રીતે ટોચની કાર્યક્ષમતા કરવાની વૃત્તિ ધીમે ધીમે વ્યવસ્થાપનની આખી સંસ્કૃતિ બની જાય છે કે જ્યાં સુધી લોકોને બીજી રીતે કામ કરવાની પદ્ધતિ ન આવડે. આમ તને વિશ્વકક્ષાનું સન્માન મળી શકે અને એ શક્ય છે.''

''સારું, તો મારે ગ્લોબલવ્યુમાં ચોક્કસપણે ''સારા વર્તનની શોધ' ચલાવવી જોઇએ. જે ખરાબ કામ કરે તેમને ફક્ત સુધારવા કરતાં મારે જે લોકો વ્યવસ્થિત કામ કરે છે તેમને શોધવા મંડી પડવું જોઇએ. પછી જ્યારે હું તેમને શોધી કાઢું ત્યારે તેમને ઓળખી તેમના વ્યક્તિગત રસના વિષયને લગતો ઉપહાર આપવો જોઇએ. ફક્ત વખાણ કરીને પણ હું સારો બની શકું છું. જેમ તમે કહ્યું તેમ મોટાભાગના લોકો પ્રશંસાને બીજા કોઇપણ ઉપહાર કરતાં વધારે મહત્વ આપે છે. પણ તે તેમને ભાગ્યે જ મળે છે. મને લાગે છે કે મારા નેતૃત્વનો નવો મંત્ર મારે ''પ્રસંશા મફત' બનાવવો પડશે. હું શરત મારું છું કે સાધુઓને આ મંત્ર પસંદ આવશે. હવે હું તને બીજો પ્રશ્ન પૂછું તો મન પર લેતો નહી?''

''મારા દોસ્ત, એના માટે જ હું અહી છું.''

જુલીયને પ્રેમથી કહ્યું સાથે તેણે તેના વેલ્વેટના ઝભ્ભા પર પડેલી કરચલીઓ સરખી કરતાં કરતાં તે બોલ્યો.

''મારા માણસો ટોચની કાર્યક્ષમતા પર પહોંચે તે પહેલાં તેમણે સારું એવું કામ કરવાની જરૂર છે. અને છતાં હું જાણું છું કે તેમને તરત જ ભેટ આપી વખાણવા જરૂરી છે. શું તેઓ તેમની આવડત સુધારે અને સારા વર્તનના દષ્ટાંત બને ત્યાં સુધી મારે રાહ જોવી?''

''ખૂબ સારો સવાલ છે. હું જે ડહાપણના પાઠો તને ભણાવું છે તેમાં તું ઊંડે ઉતરી રહ્યો છે. મને આ ગમે છે. જો તું સંપૂર્ણ કાર્યક્ષમતા મેળવવા સુધી રાહ જોઇશ તો તારે ખૂબ લાંબા સમય સુધી રાહ જોવી પડશે કદાચ કાયમ માટે.''

''તો એની સરચાઇ શું છે?''

''સરચાઇ એ છે કે પ્રગતિને વખાણ અને પરિણામને ઉપહાર આપ. તું સારા વર્તન માટે શોધ ચલાવ. સંપૂર્ણ માટે નહી અને લોકોને પોતાના સુધારેલા કાર્ય માટે ઉત્સાહિત કર. આ જાતે જ પરિપૂર્ણ પદ્ધતિ છે. ટોચની કાર્યક્ષમતા સમય જતાં ઉપલબ્ધ થશે. કારણ તારા લોકો વધારે ને વધારે સારું કાર્ય કરશે.''

''જેમ કે અહી આપણી પ્રાદેશિક ટીમ રમી રહી છે.'' મેં ખેલાડીઓને દર્શાવીને કહ્યું જેઓ મેદાનમાં આ પારથી પેલે પાર દોડતા હતા અને તેમણે બીજા બે પોઇન્ટ

કર્યા હતા. ''જ્યારે આ લોકો નવા સવા હતા ત્યારે તેમને મેં રમતા જોયા છે. તે મને હજી યાદ છે. તેઓ ખૂબ જ ખરાબ દેખાવ કરતા હતા. અને એ ખૂબ લાંબા સમયની વાત નથી.''

''એમાંના ઘણાં રમતવીરો અત્યારે હીરો કક્ષાના ખેલાડીઓ થઇ ગયા છે. શિક્ષકના વખાણથી પ્રગતિ થઇ છે. તેણે તેમને ઉપહાર આપવાનું કારણ શોધી કાઢયું. અને હવે આ છોકરાઓ સામે જુઓ. ના માની શકાય એટલી પ્રગતિ છે.'' જુલીયને કહ્યું. તેના પગ ફરીથી ઉછળી રહ્યા. તેણે હવામાં મુઠ્ઠીઓ ઉછાળી અને તે રમતવીરોને ઉત્સાહિત કરતા શબ્દો બરાડતો હતો. અને જેને એ જાણતો હતો તેમનાં નામ પણ લેતો હતો. મેં ક્યારેય અનુભવ્યું નહોતું કે જુલીયન મોટા દડાનો આટલો પ્રશંસક હશે. તેનો ઉત્સાહ ચેપી હતો.''

''જુલીયન, મારે તને વધારે સવાલો પૂછવા છે.''

''ચાલ, પૂછવા માંડ,'' જે બદનસીબીથી અમારી બેઠકની બાજુમાં બેઠા હતા તેમનાં ઘૂરકિયાં વચ્ચે પોતાની સીટ પર બેસતાં તેણે કહ્યું.

''મને ખાત્રી નથી કે ખરેખર હું જાણું છું કે શું કહેવું અને વખાણ કરવા ક્યારે કહેવું. મારો મતલબ છે કે મેં ખરેખર ક્યારેય પહેલાં આવું કર્યું નથી. ચોક્કસ હું ઝડપી અને ટૂંકા શબ્દો જેવા કે ''સરસ કામ છે' ''આમ જ કરતા રહો' વગેરે બોલી શકું. પણ તારી પાસે વધારે અસરકારક પ્રશંસા કરવા માટે બીજું કોઇ સૂચન છે?''

''પ્રશંસા કરવી એ એક ખાસ આવડત છે જેને માટે અભ્યાસ અને સાધના જોઇએ. દરેક નેતાએ તેમાં વિશિષ્ઠ આવડત કેળવવી જોઇએ. તારે શરૂઆત કરવા માટે હું તને પ્રશંસાના કેટલાક સિદ્ધાંતો કહું છું. પ્રશંસા ખાસ વ્યક્તિગત હોવી જોઇએ. તે ત્વરિત હોવી જોઇએ, તે જાહેરમાં કરવી જોઇએ અને એ પૂરતા સન્માન અને ગંભીરતાથી કરવી જોઇએ. જ્યારે તમે સકારાત્મક સૂચન કરો ત્યારે તમારા વખાણ પહેલું નામ લઇને વ્યક્તિગત હોવા જોઇએ. કોઇપણ વ્યક્તિને દુનિયામાં સૌથી મધુર અવાજ પોતાના નામનો લાગે છે. અરે, જ્યારે ઘણા અધિકારીઓ વખાણ કરતા હોય ત્યારે જે છટકામાં પકડાઇ જાય છે તેવું ન કરતો.''

''એ છટકું કયું?''

''વધારે પડતી પ્રશંસા કરવી. વધારે પડતી બે પરવા પ્રશંસા તેની કિંમત ઘટાડી નાંખે છે. જેમકે ઘણી ચલણી નોટો છાપવાથી નાણાંની કિંમત ઘટી જાય છે.''

''મારા કામદારોને માટે ઉત્સાહવર્ધક કોઇ ખાસ વિચાર?''

''ચોક્કસ, હું તને થોડા ઘણા સારા અને સસ્તા વિચારો આપીશ. નોકરિઆતના ઘરે વ્યક્તિગત આભાર પ્રદર્શીત કરતો પત્ર, મહિનાના કાર પાર્કીંગના પૈસા ભરવા, વ્યક્તિને ગમતી પત્રિકાનું વાર્ષિક લવાજમ ભરવું વગેરે ઉચ્ચ કાર્યક્ષમતા માટે લોકોને ઉપહાર તરીકે આપી શકાય. નોકરને તેના

અધિકારીના બદલામાં મીટિંગમાં મોકલવા, જન્મદિવસની વધામણી, આપણી અને નોકરિઆત સાથે ડબ્બો વહેંચીને ખાવો વગેરે તેમને ઉત્સાહી કરીને તેમના પ્રત્યે તમને કાળજી છે તેવું દર્શાવવામાં મદદ કરે છે. મેં હમણાં જ એક અધિકારી વિષે સાંભળ્યું કે જેણે ઓછી કિંમતની અને ખૂબ અસરકારક એક યોજના બનાવી હતી. જેમાં તે માનવીય વિકાસ સંશોધકોએ લખેલી ઉત્સાહવર્ધક પુસ્તકો, ટેપ અને વિડિયો ભેગા કરતો હતો. આને તેણે તેનો ''અમૂલ્ય ખજાનો' કહ્યો હતો. જ્યારે પણ તેણીએ તેની ટીમમાંથી કોઇને ઉપહાર આપવા માટે પસંદ કર્યો હોય તો ઘણા બધા માણસોની સભામાં તેણી તેમની પાસે જતી અને આ ખજાના પાસે લઇ જઇ તે વ્યક્તિની પસંદગીના કોઇપણ પુસ્તકને લઇ લેવા ઉત્સાહિત કરતી. મને આ ખ્યાલ ખૂબ પસંદ આવ્યો જેમાં ફક્ત સારા વર્તન માટે ઉપહાર જ નહોતો પણ તે તમારા માણસોને વિકસિત કરવામાં મદદ કરે છે કારણ તેમાં સકારાત્મક પુસ્તકો, ટેપ અને વિડિયોથી તેમના વિચારોને પુષ્ટિ મળે છે અને તેઓ સારા કામદારો બને છે.

''યાદ રાખ, પીટર.ધ્યેયનિષ્ઠ નેતાઓ લોકોને બાંધતા નથી પણ સ્વતંત્રતા બક્ષે છે. તેઓ જાણે છે કે લોકોની અંદર પડેલી શક્તિઓને તેમણે બહાર આણી અને તેમના વ્યવસાયિક અને વ્યક્તિગત જીવનમાં ઉષ્મા અને આત્મવિશ્વ્વાસ વિકસાવવો એ તેમની ફરજ છે. તેઓ સતત તેમના નોકરોને નવા ખ્યાલો અને માહિતી પૂરાં પાડે છે જેથી તેઓ તેમની કુદરતી બુદ્ધિમત્તાને જાણી શકે અને વિચારક તથા માણસ તરીકે તેઓ વધારે સ્વતંત્ર બને. જેમ કે મહાન સંત કન્ફ્યુસિયસે કહ્યું છે, **''માણસને તમે માછલી આપશો તો તેને એક દિવસ જમાડી શકશો. માણસને માછલી પકડતાં શીખવશો તો તેને જીવનભર ખવડાવી શકશો.'** જેમકે તે રાતે ક્લબના મકાનમાં મેં તેને કહ્યું હતું નેતૃત્વ એટલે લોકોની શક્તિઓને છૂટી કરવી. જ્યારે તું એમ કરીશ ત્યારે જે સંસ્થાનને તું ગ્લોબલવ્યુ કહે છે તે એક સહી-સિક્કો અને સંસ્થાકિય વકીલના કોમ્પ્યુટરમાંથી નીકળેલા થોડા કાગળિયાં માત્ર લાગશે. ખરી કિંમત તારા માણસો કરશે અને તેમની આંતરિક શક્તિઓ જેના વિકાસથી તારું ભવિષ્યનું ધ્યેય પૂરું થશે.''

''શક્તિશાળી વિચારો છે. તું જાણે છે હું શું વિચારું છું. અમારા કેટલાક હરીફો પાસે તેમના નોકરોને ઉર્જા આપવા માટે પણ ઘણી સારી રીતો છે.''

''ખરેખર?''

''હું પ્રશંસા અને ઉપહારની શક્તિ સમજતો જ નહોતો, તેથી મેં તે પ્રત્યે ઝાઝું ધ્યાન આપ્યું નહોતું.

''જ્યારે શિષ્ય તૈયાર હોય ત્યારે ગુરુના દર્શન થાય છે.'' જ્યારે રમત બંધ થવાની તૈયારી હતી ત્યારે જુલીયને હસતાં કહ્યું

''ગ્લોબલવ્યુનો એક હરીફ તેમની ટીમને સતત કામ માટે ઉશ્કેરવા કંઇ વિચિત્ર વસ્તુઓ કરે છે. તેમનું વેચાણ ખાતું તેમની મીટિંગની શરૂઆત ''''સારા કાર્યકર્તા માટે ઉત્સવ કરીને કરે છે.' તેના માટે સારા વેચાણ કરનારાને ટેબલ પાસે જઇ ઓળખે છે. કારણ તેમણે ગ્રાહકને ઉત્તમ સેવા આપી તેમના હેતુ સર

કર્યા છે. એક બીજી કંપનીએ ઓફીસની દિવાલને ''વિજેતા દિવાલ' કહી છે. જેના પર ઉત્સાહપૂર્વક વાક્યો, સારા પત્રો અને આયોજનાત્મક ધ્યેય લખ્યા છે જે આવતા જતા લોકો જોઇ શકે. મેં સાંભળ્યું છે કે ઝેરોક્ષ કંપનીના ઉચ્ચ અધિકારીએ તેની ટોપી પર સ્કી ભરાવી હતી જેના નામ પર દરેક મીટિંગ વખતે સ્કીનો ફાઇવસ્ટાર રીસોર્ટનું નામ લખાવ્યું. જ્યારે તેની ટીમ વેચાણનું ધ્યેય પૂરું કરી રજાઓ માણે ત્યારે તે ખૂબ સારી રીતે બધાને ''''વેચાણના નિશાન'' તરીકે યાદ અપાવે છે.''

''આ બધા બહુ સારા ખ્યાલો છે. મને લાગે છે કે તારા વ્યવસ્થાપન માટે તું કંઇ ગંભીરતાથી વિચાર કર અને ક્યારેય સાંસ્કૃતિક પરંપરાનું મહત્વ ભૂલવું નહી.''

''ફરીથી મારા માટે બોલી જા'' મેં વિનંતી કરી.

''હિમાલયમાં સંન્યાસીઓએ તેમને એકત્ર રાખવા માટે સાંસ્કૃતિક પરંપરાની આખી કંડિકાઓ વિકસાવી છે. દરરોજ સાંજે તેઓ ગમે તેટલા તત્વજ્ઞાનના વાંચન અથવા શિક્ષણ કાર્યમાં ગુંથાયેલા હોય પણ લાંબા લાકડાના ટેબલ પર સાદું પણ સ્વાદિષ્ઠ ભોજન લેવા તેઓ ભેગા મળે છે. તેમને એકબીજાના વખાણ કરતા સાધુઓ હસતા ગાતા ખાતા હોય અને એકબીજાના સહવાસના ઉપહારને માણતા અને તેમના સમૂહજીવનને સમૃદ્ધ બનાવતા તેમને જોવા એ એક ન માની શકાય તેવું દશ્ય છે. આ બાસ્કેટબોલના ખેલાડીઓ શુક્રવારે સાંજે પીત્ઝા ખાતા અથવા તેમની અર્ધવાર્ષિક કૌટુંબિક પિકનિક માણતા એવું જ કંઇ કરે છે. આ પરંપરાઓ લોકોને ભેગા રાખી એકબીજાની નજીક લાવવાનું કામ કરે છે. આથી સંઘનો દરેક સભ્ય એકબીજાની કાળજી કરે છે. તેમના સંબંધો મજબૂત બને છે અને તેમના નસીબ સાથે જોડાયેલા હોઇ એકબીજાને મદદ કરે છે.''

''પરંપરાઓ બનાવવી એ આપણી સંસ્થાનીય સંસ્કૃતિનો એક ભાગ જ હોવો જોઇએ?''

''એમ જ લોકોને એકબીજાને જાણવા દો અને સમયે સમયે તેમના માથાં ભેગાં થવા દો. કૌટુંબિક સહલ અથવા પખવાડિક બોટ પાર્ટી ગોઠવવી જોઇએ. તારી સૌથી મોટી મુખ્ય ઓફીસનાં કરોળિયાનાં જાળાં કાઢી નાખ. અને લોકોને ફરીથી બોલતા અને હસતા કરી નાખ. એક કંપની જેને હું જાણું છું તેમાં ''ગાંડપણના દિવસો' હોય છે. મારું માન લોકોને ફક્ત આનંદ જ નહી આવે પણ ઉત્પાદનક્ષમતા વધશે. જેમ કે એક ડાહ્યા નેતાએ એક વખત કહ્યું હતું. ''''બુદ્ધિ, હૃદયની જેમ ત્યાં જ જાય છે, જ્યાં તેની પ્રશંસા થાય.''

''આ ગાંડપણના દિવસોની પરંપરા મને સમજાવ. મેં એવું ક્યારેય સાંભળ્યું નથી.''

''આ કંપનીમાં દરેક ત્રણ મહિને એક દિવસ ગાંડપણનો દિવસ રાખવામાં આવતો. આ દિવસ એટલે બીજું કંઇ નહી પણ લોકો તેમની હૈયા વરાળ કાઢે અને તેમની તાણ ઓછી કરે જેથી કામ કરવાની લગન વધે. દાખલા તરીકે એક ત્રિમાસિકમાં ''તમે માલિક નથી દિવસ' હોય. આમાં સીઇઓ મુખ્ય અધિકારી કોફી

બનાવે. ફોનના જવાબ આપે અને ગોડાઉનમાં કામ કરે જ્યારે તેનો કોઇ નોકરિઆત બોસની ઓફીસમાં કામ કરે અને મજા કરે. આ સાદા વિચારથી સંચાલકો અને કામદારો વચ્ચેની કૃત્રિમ દિવાલ તૂટી ગઇ અને સંઘ શક્તિ વિકાસ પામી. બીજા ત્રિમાસિકમાં સંસ્થાકીય સરકાર દિવસ રાખવામાં આવે. જેમાં વિદુષકો, જાદુગરો અને નખરાં કરવાવાળા આખી કંપનીમાં ભાડે કરવામાં આવે અને બધા કામદારો ને ખૂબ મજા આવે. અરે જે લોબીમાંથી પસાર થતા હોય તેમને પણ દર્શક બનવા આમંત્રણ અપાતું અને તેને તેના સંશોધન માટે મૌખિક બઢતી મળતી અને આમ આ લોકોને મહત્વ આપતા સંસ્થાનમાં મજા આવતી. આમાંથી ખૂબ સફળ ગાંડપણનો દિવસ હતો ''ચાલો ભવિષ્યમાં જઇએ દિવસ'

''રસપ્રદ જણાય છે.''

''બધા જ કામદારોને તેમની ભૂતકાળની સફળતા ઉજવવા ભેગા કરવામાં આવ્યા. અને આ પ્રસંગ માટે જ ભાડે રાખવામાં આવેલા હોલની દિવાલો પર વ્યક્તિગત સફળતાની વાર્તાઓ ચોંટાડવામાં આવી, જે બધા જોઇ શકે. અને પછી બધા તેમના ભવિષ્યના ધ્યેય પ્રત્યે એકાગ્ર થાય અને બ્રેઇનસ્ટોર્મિંગ રાખવામાં આવ્યું કે આ ધ્યેયને કેવી રીતે મેળવવું.

''હું જે મુદ્દો કહેવા માંગું છું તે આ બધા દૃષ્ટાંતોથી સ્પષ્ટ છે કે ધ્યેયનિષ્ઠ નેતાઓ તેમના કામદારોને સમજે છે અને જેઓ પોતાને મહત્વના અમૂલ્ય સભ્યો સમજે છે. તેઓ તેમની શક્તિ કરતાં વધારે કામ કરીને એક ઉત્સાહિત સંઘ બનાવે છે. જો તમે નિયમ 3 નિયમિતપણે ઇનામ આપો અને અવિરતપણે વખાણ કરોનું પાલન કરશો તો તેઓ તમારા વ્યવસ્થાપનમાં પોતાનો પ્રાણ પાથરશે. અને તેઓ પોતાને જગતના એક ભાગરૂપ માનશે જે એક ગ્લોબ્લવ્યુના સભ્ય તરીકે તેઓ મહત્વના અને ખાસ છે તેવું અનુભવશે. ત્યારે તારી કંપનીને પ્રગતિ કરતાં કોઇ અટકાવી શકશે નહી. કદાચ યોગી રમણે નોંધ્યું તે યોગ્ય જ હતું જો કરોળિયાનાં જાળાં ભેગાં કરીએ તો આખો સિંહ બંધાઇ જાય.'

સ્ટેડિયમમાંથી જેવા ખેલાડીઓ નીકળી ગયા કે એક વિચિત્ર શાંતિ વાતાવરણમાં છવાઇ ગઇ. અમે રમત જીતી ગયા હતા અને લોકો ખુશ હતા. પણ તેનાથી પણ વધારે કંઇ બન્યું જેથી લોકોનું ધ્યાન ખેંચાયું. ઉપર આકાશમાં એક તારો ખૂબ પ્રકાશથી ચમકવા લાગ્યો જેણે લગભગ જાદુઇ વાતાવરણ ઉભું કરતાં અંધારાને હટાવી દીધું. જો કે ત્યારે રાત્રે ૧૧ વાગ્યા હતા. પણ દિવસ જેટલું અજવાળું વર્તાતું હતું જાણે અંધારું હમણાં આવશે અને રાત થઇ જશે.

મેં આવો બનાવ ક્યારેય જોયો નહોતો. આખું ટોળું સ્થિર થઇ ગયું અને આકાશમાં તારાઓ પ્રત્યે જોઇ રહ્યું.

''હું જે જોઇ રહ્યો છું તે હું માની શકું તેમ નથી. જુલીયન'' જે તારો બધાનું ધ્યાન કેન્દ્રિત કરતો હતો તેના પ્રત્યે મારી નજર સ્થિર રાખતાં મેં કહ્યું.

''હું માની શકું છું'' જાણતો હોય તેમ તેણે કહ્યું.

“તે દિવસે રાત્રે જે તારા માટે તું કહી રહ્યો હતો તેને આની સાથે કંઇ લેવાદેવા નથીને? અને આ દૂરબીન તું શા માટે લાવ્યો છે?” મેં ઇરાદાપૂર્વક પૂછયું.

“એમ જ છે અને આ બધું શું થઇ રહ્યું છે તે સમજાવવાનો સમય જલ્દીથી આવશે. જ્યારે હું હિમાલયમાં હતો ત્યારે સંન્યાસીઓએ ભાખ્યું હતું કે આવી અંતરિક્ષની ઘટના બનશે. અરે મને પણ આશ્ચર્ય થાય છે કે તેઓ કેટલા સાચા હતા!”

થોડી મિનિટોમાં જ ફરી અંધારું થઇ ગયું અને પ્રકાશમય તારો રાતના અંધારામાં સરી ગયો. મેં હમણાં જ જોયેલું દશ્ય આશ્ચર્ય પમાડે તેવું હતું. જો કે મને ખગોળશાસ્ત્ર વિષે કંઇ માહિતી નથી. પણ આવા કુદરતી બનાવો, આશ્ચર્ય પમાડે તેવા દશ્યો મન અને હૃદયને ભરી દે છે.

“એ અવર્ણનીય હતું, જુલીયન!”

“પૂરા બ્રહ્માંડમાં કુદરતી નિયમો સખત શક્તિશાળી નિયમો છે.” તેણે જવાબ આપ્યો. “તે તમને સત્ય તરફ દોરી જાય છે, પીટર. નેતા તરીકેનું આપણું જીવન ગુણવત્તાની દષ્ટિએ ખૂબ સારું બને છે. જો આપણે તેમની પાસેથી શીખીએ તો ધ્યેયનિષ્ઠ નેતાઓને આ નિયમોનું સંપૂર્ણ જ્ઞાન હોય છે અને તેઓ તેમના પ્રયત્નો તેમની સાથે જોડે છે.”

“તું કહે છે તેનો અર્થ શું છે?”

“તેમને નેતૃત્વના ડહાપણની સમજણ હોય છે કે “જેવું વાવો તેવું લણો.’ તેઓ જાણે છે કે વ્યવસાયિક વિકાસ એ ઋતુઓની જેમ વર્તુળાકાર પ્રક્રિયા છે. જેમ રાતના અંધારા પછી હમેશાં દિવસનું અજવાળું થાય છે તેમ કુદરતનો નિયમ છે કે ખરાબ સમય પછી સારો સમય આવે છે જે તેઓ જાણે છે.”

“મેં ક્યારેય વિચાર્યું નહોતું કે કુદરતના નિયમો વ્યવસાયિક દુનિયાને પણ લાગુ પાડી શકાય.”

“તેઓ એ જાણે જ છે અને જે નેતા આ સનાતન સત્ય જાણે છે તેને તેની હરિફાઇમાં ખૂબ ફાયદો થાય છે. તેથી આપણી હવે પછીની મીટિંગ ખૂબ કુદરતી વાતાવરણમાં હશે.”

“ચોક્કસપણે ક્યાં?”

“આપણે આવતા રવિવારે રીછોના તળાવની પાછળ જંગલ- માં મળીએ, એમ મને લાગે છે.”

“તારું કહેવું છે કે જ્યાં શિકારીઓ જાય છે તે જગ્યાએ?”

“ત્યાં જ, બસ જંગલના દરવાજા પર જજે. ત્યાંથી તને એક પછી એક નિશાનીઓ મળશે જેથી તું જ્યાં ચોક્કસ જગ્યા છે ત્યાં પહોંચીશ અને હું તને સંન્યાસીઓના નેતૃત્વના પાઠ આગળ ભણાવીશ. હું તને વચન આપું છું કે તને નિરાશા નહી સાંપડે?”

“કેટલા વાગ્યે?”

“વહેલી સવારે, એ દિવસનો ખૂબ ખાસ સમય હોય છે.”

“તું મશ્કરી કરે છે, ખરુંને?”

“હું ખૂબ ગંભીરતાથી વાત કરું છું. વહેલી સવાર દિવસનો સૌથી સારો ભાગ હોય છે. અને હું વિચારું છું કે તે સમયે તને મદહોશીનો અનુભવ થશે. હવે, મારે ભાગવાની જરૂર છે.”

“તું હમેશાં ઉતાવળમાં હોય છે, જુલીયન, શું ભાગી જાય છે?”

“મારે તારાઓ શોધવા જરૂરી છે.” આટલો જ જવાબ મને મળ્યો અને એ ટોળામાં અદશ્ય થઇ ગયો.

ઘરે જતાં રસ્તામાં મારા વિચારો જ્ઞાનથી સમૃદ્ધ થયા હતા અને આજની સુંદર સાંજે મને આશીર્વાદ મળ્યા હતા. મેં “નિયમિતપણે ઇનામ આપો અને અવિરતપણે વખાણ કરો’ ના મહત્વ પર વિચારવા માંડયું. મેં જુલીયનનો “વખાણ મફતમાં મળે’ એ મુદ્દા પર વિચાર કર્યો અને મોટાભાગના લોકો થોડા વખાણ અને માનના ભૂખ્યા હોય છે અને કેવી રીતે દરરોજ રાતે તે આ ભૂખ સાથે સૂઇ જાય છે. મને યાદ આવ્યું ગ્લોબલવ્યુમાં સ્ત્રીઓ અને પુરુષો કેટલા ફરજ-પરસ્ત બની દરરોજ સવારે આવે છે. અને તેઓ જે શક્તિઓ ખર્ચે છે તેના માટે આખા દિવસ દરમ્યાન તેમને આભાર દર્શિત એક પણ શબ્દ સાંભળવા મળતો નથી. સંચાલકો અને પ્રોગ્રામર્સ અને માલ પહોંચતા કરવાવાળા કેટલા બધા છે જેમને મેં ક્યારેય “સુપ્રભાત, કેમ છો?” કહેવાની દયા પણ દાખવી નથી. આ લોકો મારી કંપનીની મુશ્કેલીઓના મૂળમાં નહોતા-પણ હું છું. જેમ જુલીયને પહેલાં કહેલું, સારા અનુયાયીઓ પહેલાં સારા નેતા આવે અને હું તેમને મળવો જોઇએ તેના કરતાં ઘણો ઉણો ઉતરતો નેતા હતો.

હું પછી ઘણી રચનાત્મક રીતો શોધી કાઢીશ મારા અધિકારી- ઓ અને હું અમારા લોકોને ઉર્જા પૂરી પાડવાનું શરૂ કરીશું. જેથી તેમનું ધ્યાન સફળતા પર કેન્દ્રિત રહે. આવી શકયતાઓનો વિચાર માત્ર અને તેમને અમલમાં મૂકતાં આવતું સકારાત્મક પરિણામ મને ઉત્તેજિત કરી રહ્યું. અમે ઉત્સાહવર્ધક વિચારોથી ભરેલું વાચનાલય બનાવીશું અને ટેપ અમારા મુખ્યાલયમાં રાખશું જેથી કોઇના પણ સારા વર્તનનું ઇનામ ત્વરિત આપી શકાય. અમે વખતોવખત બોટ-પાર્ટી કરીશું અને એવી પરંપરા પાડશું કે લોકો પોતાની નારાજગી દર્શાવી શકે અને તેમના સંબંધો મજબૂત બનાવી શકે. હું પહેલાંનો જૂનો નેતા નથી રહ્યો તે વાત વહેતી મૂકવા માટે “તમે બોસ નથી દિવસ’ ઉજવવો. મારુ મન નવા વિચારોથી ઉભરાવા લાગ્યું.

જ્યારે મારી સંચાલક ટુકડી અને હું આ વર્ષે ઉજવવાના વાર્ષિક સમારંભનું ધ્યાન રાખતા હોઇએ ત્યારે જેઓ અધિકારીઓ નથી તેમને કારભાર સોંપવો કેવું રહેશે? બોર્ડ રૂમનું નામ કોઇ ઉચ્ચ અધિકારીના નામે કેમ ન રાખવું? જો કોઇ કામદાર નવું વેચાણ થાય તેવા ખ્યાલ સાથે આવે તો જે વધારાનો નફો થાય

તેમનાંથી તેને અમુક ટકાવારી શા માટે ન આપવી અથવા થોડો સમય રજા તો આપી જ શકાય ને? કદાચ દરેક ત્રિમાસિકમાં દરેક વિભાગના દસ સૌથી સારા કામદારો મારી સાથે રાત્રિ ભોજન લે અને બાકીના બધા ઉચ્ચ અધિકારીઓ સાથે તો કેવું? અને આવતા દિવસોમાં હું હજારો આભાર પ્રદર્શિત કરતા પત્રો મોકલીશ. મારી સમજમાં આવ્યું કે થોડા વખાણ ખૂબ સારું કામ કરી શકે છે.

મારા ખૂબ સમૃદ્ધ ઘરની લોબીમાં હું પહોંચ્યો કે તરત જ જે હલકો કોટ મેં પહેર્યા હતો તેના ખિસ્સામાં મેં હાથ નાખ્યો અને મને કોઇ અજાણી વસ્તુનો અહેસાસ થયો. જેવો હું મારા દિવાનખાનામાં જતો હતો કે મારા ચહેરા પર એક સ્મિત આવી ગયું. મેં બત્તી કરી અને જણાયું કે પેલી અજાણી વસ્તુ પેલાં લાકડાંના ચોકઠાનો વધારાનો એક ટુકડો હતો. જ્યારે હું રમત નિહાળતો હતો ત્યારે જુલીયને તે મારા ખિસ્સામાં સરકાવ્યો હોવો જોઇએ.

આ વખતે કોતરામણ સાવ સાદું હતું. **નિયમ ૪ : બદલાવને શરણે થાવ.**

પ્રકરણ ૭ જ્ઞાન સારાંશ શ્રી જુલીયનનું ડહાપણ ટૂંકમાં

નિયમ

તત્વ સંઘ એકતાનો નિયમ

ઉહાપણ

- મહાન નેતાઓ મહાન શિક્ષક અને મહાન ગુરુ હોય છે.
- કામદારોને નિયમિતપણે ઉપહાર આપો અને વખાણ કરો. યોગ્ય પ્રશંસા કરો. તમે ઉપહાર આપશો તેના કરતાં અનેક ઘણું પામશો.
- વખાણ મફતમાં થાય છે.

સાધના

- સારા વર્તનને શોધી કાઢો
- પુસ્તકોનો ખજાનો, ભેગો કરો અને 'વિજયી દિવાલ બનાવો.'
- વિજયની નિશાની આપો અને સંઘની પરંપરા બાંધો.

સુવાક્ય ધ્યેયનિષ્ઠ નેતાઓ જાણે છે કે જે કામદારોને ખબર છે કે તેઓ અમૂલ્ય છે તેઓ સંઘને ઉત્તેજિત કરે છે અને તેમનાથી બને તેના કરતાં વધારે કામ કરે છે. જો તમે નિયમ ૩ નિયમિતપણે વખાણ કરોનો અમલ કરશો તો તેઓ તમારા વ્યવસ્થાપનમાં પોતાનો પ્રાણ રેડશે. તેઓ પોતાને સમગ્રનો એક ભાગ સમજશે. ત્યારે તમારી કંપનીને કોઇ રોકી શકશે નહીં.

સંન્યાસી જેમણે પોતાની સંપત્તિ વેચી નાખી

નિયમ ૪

બદલાવને શરણે જાઓ

પ્રકરણ : ૮

સ્વીકારવાનો નિયમ અને બદલાવનું સંચાલન

ધ્યાનથી તારાઓનો રસ્તો જુઓ, જાણે તે તમારી સાથે દોડતા હોય એમ લાગે છે. અને સાતત્યપૂર્વક એકબીજા તત્વો સાથેના બદલાવને મનમાં સંઘરી રાખો અને આ કલ્પના માટે તમારે પૃથ્વી પરની ભૂલોને ધોઇ નાખવી પડશે.

માર્કસ ઔરેલીઅસ.

મને સમજણ પડતી નથી કે આ દૈવિક નથી એવા સમયે જુલીયનને મળવાનું મેં શા માટે કબૂલ કર્યું હશે. જેવો હું જંગલના દરવાજાની નજીક પહોંચ્યો ત્યારે મારી દષ્ટિમાં કોઇ નહોતું તેનું મને આશ્ચર્ય નથી. પણ મારી સાથે થર્મોસ ભરીને કોફી અને થેલી ભરીને પેસ્ટ્રીસ હું લાવ્યો હતો કારણ મને લાગતું હતું કે જુલીયન મારી સાથે તે ખાશે. હું જંગલમાં આગળ વધ્યો કે જે દશ્ય મને દેખાયું તેમાં એક વિચિત્ર સ્થિરતા હતી. ગીચ ઝાડીમાંથી સૂર્યનું પહેલું કિરણ ગળાઇને આવતું હતું જે મને આ કુદરતી શાંતિના સમુદ્રમાં ઊંડે જવા માટે દોરતું હતું.

હું આગળ વધ્યો કે દેવદારના વૃક્ષોની સુગંધથી મારું નાક ચચરવા લાગ્યું. જેને લીધે જ્યારે હું અને મારા પિતા જંગલોમાં લાંબી મજલો કાપવાનું સાહસ કરતા તે મારા બાળપણની હુંફાળી યાદો મારા મનમાં ઉભરાવા લાગી. કારણકે અમે અમારી જૂની નાવડીમાં સૂર્યના કિરણોથી ભરેલા તળાવમાં ચક્કર મારતા મારા જીવનના આ થોડા અતિસુંદર દિવસો હતા. મને સમજણ પડતી નથી કે કુદરતથી હું આટલો દૂર કેમ ફેંકાઇ ગયો. ત્યાં જ અને ત્યારે જ મેં નક્કી કર્યું કે આ સંબંધો પુનર્જીવિત કરવા. નિસર્ગની નજીક જઇને અને કુદરતી શાંતિ મેળવીને હું સારો નેતા અને ઊંડો ચિંતક બનીશ તે હું જાણતો હતો. વિલિયમ વર્ડસવર્થે કહ્યું છે. ””””જ્યારે આપણા પોતાના સારાપણાથી આ ભાગતી દુનિયા આપણને છૂટા પાડી દૂર લઇ જાય છે. તેના આવા કરતૂતથી આપણે માંદા લાગીએ છીએ. તેના આનંદથી થાકી જઇએ છીએ, ત્યારે એકલતા કેટલી આશીર્વાદરૂપ અને કેટલી આનંદદાયક લાગે છે.’’ કેટલા સુંદર શબ્દો!

ત્યારે જ બરોબર, દેવદારના મોટા ઝાડના થડ પર લાકડાની ખીલી પર એક નકશો દેખાય છે એમ મારા ધ્યાનમાં આવ્યું. જુલીયને મને કહેલું કે અહી કેટલીક નિશાનીઓ હશે તેને અનુસરવાથી હું તેને શોધી શકીશ અને આ ચોક્કસ તે નિશાની જ છે. તેમાં દર્શાવાયેલો રસ્તો યાદ રાખવા મેં એક ક્ષણ લીધી અને હું જંગલમાં આગળ વધ્યો નકશામાં જે ચિતરામણ કર્યું હતું તેમાં સૂચન હતું કે મારે ઉત્તરમાં અડધો માઇલ આગળ જવું. ત્યાં પહોંચ્યા પછી મને એક નાનું ઝરણું દેખાશે જે મારે પાર કરવું અને પછી એક માઇલ આગળ ચાલવું. તે ચિતરામણમાં

કહ્યા મુજબ આમ કરવાથી હું છેલ્લે આરામ કરવાની જગ્યા પર પહોંચી જઇશ. મને ખ્યાલ નહોતો કે આનો મતલબ શું અને તેનું પૃથ્થકરણ કરીને મને ચિંતા કરવાની ઇચ્છા પણ નહોતી.

મેં આગળ વધવાનું ચાલુ કર્યું. હું થાકી ગયો અને વીસ મિનિટ ચાલ્યા પછી હાંફી પણ ગયો. મારા કપાળ પરથી પસીનાના ટીપાં જંગલની પોચી જમીન પર પડવા માંડયા ત્યારે મારા હૃદયના ધબકારા બેકાબુ બની ધડકતા હતા. પણ મારામાં હમેશાં એક ખૂબી રહી છે કે હારવું નહી, લડી લેવું. મેં કયારેય મારી લડાઇ છોડી દીધી નથી. મારે ગમે તેટલી મુશ્કેલીઓનો સામનો કરવો પડે તેનો વાંધો નહી. મારા પિતા મને કહેતા કે માણસના ચારિત્ર્યની ચાર વસ્તુઓ તેનામાં હોય તો સફળતા આવે જ આવે છે. પહેલી વસ્તુ તે શિસ્ત, બીજી એકાગ્રતા, ત્રીજી વસ્તુ એટલે ધીરજ અને ચોથી વસ્તુ એટલે સાતત્ય. મેં આ શબ્દો હમેશાં ગંભીરતાથી માન્યા છે એટલે હું લડતો રહ્યો છું.

ઓચિંતાના દૂરથી આવતો અવાજ મેં સાંભળ્યો. પહેલાં તે ખૂબ ધીમો હતો પછી તે ધ્યાન ખેંચે એટલો મોટો થયો એ અવાજ જાણે કોઇ પ્રાણી નાના છોડવા વચ્ચે દોડતું હોય તેવો હતો. જેથી તૂટેલી ડાળીઓ જમીન પર ઘસડાવાનો અવાજ આવતો હતો. કદાચ એ રેફ્ન અથવા શિયાળ અથવા નાનું હરણ પણ હોઇ શકે. પણ પછી મારા શુદ્ધ આશ્ચર્ય વચ્ચે મેં જોયું તો એ માનવીય આકૃતિ હતી. જે ધીમેથી ઝાડીની વચ્ચેથી જતી હતી. જેના હાથમાં લાંબી લાકડાની દાંડી પકડેલી હતી! હું કહી શકતો નહોતો કે એ સ્ત્રી હતી કે પુરુષ હતો. અને હું તેને બોલાવીને પૂછવાનો પણ નહોતો. હું વિરુદ્ધ દિશામાં ચાલતો રહ્યો. સહજ રીતે મારી સલામતી માટે હું ડરતો હતો. ગમે તેમ પણ યોજનો સુધી કોઇ મદદ મળી શકે તેમ નહોતી. અને તે લાકડાની તીક્ષ્ણ લાકડી જોઇને આરામની લાગણી થાય તેવું નહોતું.

મારું હૃદય ખૂબ જોરથી ધડકવા લાગ્યું અને પસીનો તો પૂર આવ્યું હોય તેમ વહેવા લાગ્યો. કારણ મારા પગ ચાલી શકે તેટલી ઝડપથી હું દોડવા લાગ્યો અને ઝાડીમાંથી મારો રસ્તો કાપવા લાગ્યો. જેમ જેમ હું જંગલમાં ઊંડે અને ઊંડે ઉતરતો ગયો તેમ તેમ મારું થર્મોસ જે કોફીથી ભરેલું હતું તે અને પેસ્ટ્રીસ પાછળ છૂટી ગયાં. છેવટે અડધો કલાક કરતાં વધારે દોડયા પછી મને લાગ્યું કે પેલી આકૃતિ કયાંય નજરે પડતી નથી. હું ત્યાંજ બેસી ગયો અને જમીન પર સૂઇ ગયો. જ્યાં આજુબાજુમાં સુંદર ફૂલો અને સદાબહાર હરિયાળી હતી. ઝાડોની વચ્ચેથી ઉપર જતાં નીલું ભૂરું આકાશ નજરે પડતું હતું. આજે વાદળ વિહોણો ઉનાળાનો દિવસ હતો. ખરેખર ઉનાળામાં હોવો જોઇએ તેવો જ. મારામાં હલવાની પણ શકિત નહોતી. તેથી મને ખરાબ લાગ્યું.

પછી મારા વિચારો જુલીયન પ્રત્યે વળ્યા. પેલી લાકડી સાથે ચોક્કસ તે તો ન જ હોઇ શકે. શા માટે તે મને ડરાવવાનો પ્રયત્ન કરે? અને જો એ જુલીયન હોય તો તેનામાં એટલી દયા તો હોય જ કે તે મને તેની ઓળખ આપે. પછી મને ગુસ્સો આવ્યો. હું અહી જંગલની વચ્ચે ભયંકર રીછો, જરખો અને વરુઓ વચ્ચે પડયો છું અને જુલીયન કયાંય દેખાતો નથી. તેણે કહ્યું હતું કે અહી કેટલીક નિશાનીઓ હશે જે મને તેની તરફ લઇ જશે, પણ મેં તે નિશાનીઓ જોઇ નહી. અને આખી

વાતની હદ ત્યારે આવી જાય છે કે એક ન પહોંચી શકાય તેવો ગાંડો માણસ લાકડાની તલવાર લઇને મને શોધી રહ્યો છે અને મને ખબર પડતી નથી કે હવે હું મારી ગાડી સુધી કેવી રીતે પહોંચીશ. હકીકતમાં હું ખોવાઇ ગયો હતો.

"ભલે ત્યારે, મારે મારી શક્તિઓ એકઠી કરવી પડશે." મેં મનોમન વિચાર્યું, ""હું બે અબજ ડોલરની કંપનીનો સીઇઓ છું. મારે સારી અને સુંદર પત્ની છે. બે યોગ્ય બાળકો છે. જેને હું મારા આંતરમનથી ચાહું છું અને તેમને મારી જરૂર છે. હું આમાંથી મારો રસ્તો શોધી કાઢીશ."

જેવો હું ઉભો થયો કે હું જેને શોધતો હતો તે મળ્યાનો અવાજ મેં સાંભળ્યો એ એક ઝરણાનો અવાજ હતો. જે જંગલમાંથી પસાર થતું હતું અને તેની આજુબાજુ થોડી ઓછી વનરાજી હતી. જુલીયને જે નકશો મારા માટે મૂકયો હતો તેમાં દર્શાવાયેલું ઝરણું આ જ હોવું જોઇએ તેમ મને જણાયું. જો હું આ ઝરણું પસાર કરું અને તેની સૂચના પ્રમાણે એક માઇલ ચાલું તો હું છેવટની આરામદાયક જગ્યા પર પહોંચી શકું પણ આ એક માઇલ જંગલની અંદર મારે કઇ દિશામાં ચાલવું?

મેં ધારણા કરી અને ઝરણા તરફ ચાલવા લાગ્યો. જેમ હું આગળ વધ્યો કે એક શાંતિનો અહેસાસ મને પાછો ફરી વળ્યો. આ કદાચ વાતાવરણની અસર પણ હોઇ શકે, જેમ કે આવું વાતાવરણ મેં વર્ષોથી જોયું નહોતું અથવા કદાચ ઘણા લાંબા સમય પછી આ પહેલો પ્રસંગ હતો કે મેં મારા માટે સમય કાઢયો હોય.

થોડા વખત જતાં ઝરણું પસાર થયું અને એક ખડકાળ પ્રદેશ આવ્યો અને પછી એક મોટું ઘાસનું મેદાન આવ્યું. જેવો હું આ મેદાનને પાર કરી ઉપર ચઢયો કે મેં હૃદય ધડકાવી દે તેવું દશ્ય જોયું. આ ઘાસના મેદાનની વચ્ચે એક નાની ઝૂંપડી હતી જે સંપૂર્ણ ગુલાબની બનેલી હતી. ઝૂંપડીની આજુબાજુ શાકભાજીની વાડી હતી અને હજારો સુંદર ફૂલો હતાં. હવામાં અદ્‌ભૂત સુવાસ પ્રસરેલી હતી અને પતંગિયાં ઉડતાં હતાં. આખું દશ્ય મદહોશ કરે તેવું હતું. મને ખબર પડી ગઇ કે મેં જુલીયનને શોધી કાઢયો છે.

"અરે, જુલીયન તું ત્યાં જ છે ને?" મેં બૂમ પાડી.

તરત જ ઝૂંપડીનો દરવાજો ઉઘડી ગયો અને મારો જૂનો પુરાણો દોસ્ત બહાર આવ્યો, જે ઉત્સાહથી ભરપૂર હતો. ""તને કેમ આટલી વાર લાગી?" તેણે પૂછયું,""હું તને થોડીવાર પહેલાં આવી ગયો હોત એમ માનતો હતો."

"હું તને કહીશ તો તું માનીશ નહી. જેમ તેં કહ્યું હતું તેમ હું વહેલી પ્રભાતે જ અહી આવી ગયો હતો. મને તારો નકશો મળ્યો. અને તારાં સૂચનો મેં વાંચ્યા અને જંગલમાં ચાલવાનું શરૂ કર્યું. હું ખૂબ આનંદથી સમય વિતાવતો હતો પણ ત્યાં એકદમ અચાનક એક પાગલ માણસ લાકડાની તીક્ષ્ણ લાકડી લઇને મારી પાછળ પડયો. હું ગભરાઇ ગયો અને દોડવા લાગ્યો. ત્યાં સુધી કે હું આગળ દોડી શકયો જ નહી. તે પાછળ રહી ગયો અને ભાગ્યવશાત્ મને પેલું ઝરણું મળી ગયું. જેથી હું સીધો તારી પાસે આવી ગયો. મને લાગે છે કે શાંત થવા માટે કંઇ પીવાની જરૂર છે. તારી પાસે તું પહેલાં પીતો હતો તેવા મોંઘા પીણાં નહી હોય ખરું ને?"

“મારા દારૂ પીવાના દિવસો ગયા અને પેલા ગાંડા માણસ માટે ચિંતા કરતો નહી. મને ખાત્રી છે કે તે તારી પાછળ આવતો નહોતો,” જુલીયનને આશ્ચર્ય થાય તેવી ખાત્રી સાથે કહ્યું.

“તને એ કેવી રીતે ખબર પડી?”

“કારણ એ હું હતો. તું આવે તે પહેલાં આ નવી કુહાડી પાછી લેવા માટે હું જંગલમાં દોડતો હતો. તું જો, આ મારું ઘર છે, અને હું તેમાં થોડો ફેરફાર કરવા માંગું છું. મારે આ તીક્ષણ લાકડી આ નવી બાજુ મૂકવી હતી.” જુલીયન હસ્યો.

“એ તું હતો? મને નવાઇ લાગી.”, જુલીયન, મને લાગ્યું કે હું રામશરણ થઇ જઇશ. તે ભગવાનને ખાતર પણ મને શા માટે જણાવ્યું નહી. મને હૃદયરોગનો હુમલો થઇ શકે તેમ હતું?”

જુલીયને મને શાંત કરવાનો પ્રયત્ન કરતાં મારા ખભે હાથ મૂક્યો. ””””મેં કામ લગભગ પૂરું કર્યું હતું. પણ પછી મને વિચાર આવ્યો. આજે મેં તને અહી આવવાનું આમંત્રણ આપ્યું હતું. અહી જાદુઇ જંગલમાં સંતાવાની જગ્યાએ હું રહું છું ત્યાં તને ચોથા નિયમની શક્તિ બતાડવાની હતી. તે રાત્રે મેં આપેલી નાની ભેટ પરથી તું જાણતો જ હોઇશ કે નિયમ ૪ - “બદલાવને શરણે થાઓ’ છે.”

“આજે જે પાઠ ભણાવવાની મારી યોજના છે તેમાં મેં વિચાર્યું કે જો તને થોડા સાહસનો અનુભવ થાય તો આ પાઠ તું વધારે સારી રીતે શીખીશ. જો મેં તને ડરાવી દીધો હોય તો હું સાચેસાચ તારી માફી માંગું છું. પણ હું જાણતો હતો કે તને કંઇ નહી થાય. હકીકત તો એ છે કે તારી સલામતી માટે હું ડગલે ને પગલે ધ્યાન રાખતો હતો. હવે મહેરબાની કરીને મારા ઘરમાં પ્રવેશ અને આપણે શરૂ કરીએ આગળ શીખવા માટે આ દિવસ આપણાં માટે મહત્વનો છે.”

શાંત પડતાં મેં પૂછયું, ””””પણ બદલાવને શરણે થાઓ”””” નો અર્થ શું થાય? અને મને ગભરાવવાથી શું ફાયદો થવાનો હતો?”

“આજના વ્યવસાયિક વિશ્વમાં બદલાવ એ ખૂબ અસરકારક અને પ્રભાવશાળી શક્તિ છે. ટેકનોલોજી બદલાય છે, સમાજ બદલાય છે, પ્રાદેશિક રાજકીયતા બદલાય છે. એક રીતે કહીએ તો લોકોની કામ કરવાની પધ્ધતિ બદલાય છે. ઇ.સ. ૧૯૦૦ની શરૂઆતમાં આપણી બાજુની દુનિયાના ૮૫ ટકા કામદારો ખેતીવાડી કરતા હતા તે તું જાણે છે?” હવે આ ક્ષેત્રમાં 3 ટકાથી ઓછી કાર્યશક્તિ લાગેલી છે. છેલ્લાં ૫૦૦ વર્ષમાં વધારે માહિતી ઉત્પન્ન થઇ છે!”

“મને નવાઇ નથી લાગતી. ગ્લોબલવ્યુમાં બદલાવ અમને ગાંડા કરી મૂકે છે. જ્યારે અમે અમારું ઉત્પાદન હકીકતમાં બજારમાં મૂકીએ ત્યારે તે જૂનું થઇ ગયું હોય છે કારણ ત્યારે અમે તેનાથી વધારે ગુણવત્તા ધરાવતા ઉત્પાદનનું પરીક્ષણ કરી રહ્યા હોઇએ છીએ. લોકો તેમના કાર્યની નવી પદ્ધતિ માંગે છે. અમે પહેલાં કરતાં વધારે નિયમો પાળીએ છીએ. અમારા ગ્રાહકોની અપેક્ષાઓ સંપૂર્ણપણે બદલાઇ ગઇ છે અને અમારી હરિફાઇ સાચા અર્થમાં વૈશ્વિક છે. એવું લાગે છે કે

એક નવા વિકાસને અમે પહોંચી વળ્યા છીએ. ત્યાં દસ નવા ક્ષેત્રો ઉભાં થાય છે.''

''એમ જ કહું છું, તેથી મેં તને અહીં આવવાનું કહ્યું, કારણ આ મારા નાના ઘરને હું આરામનું અંતિમસ્થાન કહું છું. જ્યાં આપણે નિયમ -૪ ''સ્વીકારવાનો નિયમ અને બદલાવનું સંચાલન'' શીખીશું. જો તું જાણતો હોય તો દરેક ધ્યેયનિષ્ઠ નેતા બદલાવ સાથે લડતાં લડતાં આગળ જાય છે. તેની પાસે એ જાણવાનું ડહાપણ હોય છે કે જો કોઇને બદલાવ ઉપર પ્રભુત્વ મેળવવું હોય તો બદલાવને શરણે થવું જ પડે.''

''અને દિવસના અજવાળામાં તું મને શું શીખવવા માટે ડરાવતો હતો?'' જુલીયને મારી સામે મૂકેલી ખોટી પરિસ્થિતિથી મૂંઝવાતાં મેં પૂછયું.

''કારણ બદલાવનું સંચાલન કરવાનો એકમાત્ર રસ્તો એ છે કે ઓચિંતા ઉભી થયેલી પરિસ્થિતિનું સંચાલન કરવા સારા બની જવું. અર્થશાસ્ત્રના નવા સિદ્ધાંતોમાં અડીખમ રહેવા માટે, જ્યાં બૌદ્ધિક નાણું ભૌતિક નાણાં કરતાં વધારે કિંમતી છે ત્યાં નેતાએ વધારે સ્થિતિ- સ્થાપક અને પ્રત્યાઘાતની કળા હસ્તગત કરી અણધારા પ્રશ્નોનો ઝડપથી જાજવલ્યમાન રીતે અને શાણપણથી સામનો કરવો જોઇએ. મને કહેતાં ખરાબ લાગે છે પણ મારા દોસ્ત, તું બધી રીતે અયોગ્ય ઠર્યો છે?''

''હું તને સમજી શકયો નથી.''

''સારૂં, તારી સાથે કરેલો મારો નાનો પ્રયોગ તને હચમચાવી મૂકવા માટે હતો અને મેં નોંધ્યું કે સલામતીના પ્રદેશમાં તું આખું જીવન રહ્યો છે તેમાંથી તને બહાર કાઢવા માટે આ પ્રયાસ હતો. મારી સમજણ મુજબ તું એક રોજની ઘરેડમાં જીવવાવાળું પ્રાણી છે. અને કંઇ પણ નવું કરવાની તારી વૃત્તિ નથી. તારી મોટી ઓફીસના ભાર નીચે તેં તારી જાતને દાટી દીધી છે. અને એ જ કામ રોજે રોજ તું કરે છે. જ્યારે તારા ભાગે કંઇ નવું કરવાનું આવે અથવા નવી કલા શીખવાની હોય અથવા નવા પ્રશ્નોનો સામનો કરવાનો હોય તો એ બધું તું કોઇને માથે નાખી દેવાની કોશિશ કરે છે. જે પણ નવા પ્રશ્નો ઉપસ્થિત થાય છે તેના માટે વધારેમાં વધારે તું ભૂતકાળમાં વાપરેલો ઉકેલ વાપરવાનો પ્રયત્ન કરે છે. માત્ર આ કારણસર જ આજે તારી કંપની પડી ભાંગવાની તૈયારીમાં છે, તું આ નવા યુગમાં તને મળતી નવી અદ્વિતીય તકોનો ઉપયોગ કરતો જ નથી.

'' **દરરોજ એનું એ જ કરવાથી નવા પરિણામો મેળવી શકાતા નથી. તમને મળતા પરિણામો બદલવા માટે તમે જે કાર્ય કરતા હોવ તે બદલવું પડે છે.** તમારી નેતૃત્વની પદ્ધતિ આમૂલ બદલવી જોઇએ. આઇન્સ્ટાઇને કહ્યું છે તે ક્યારેય ભૂલતો નહી. ''ખૂબ મહત્વના પ્રશ્નો આપણે જ્યારે ઉભા કર્યા હોય તે સ્તરે વિચારતાં તેનો ઉકેલ જડતો નથી.' આ ઉછળતા - બદલાતા સમયમાં તમારા વ્યવસ્થાપનમાં જે બદલાવનો વિસ્ફોટ થાય છે તેનું સંચાલન કરવા તમારે કંઇ નવું ઉચ્ચ અને સાહસિક વિચારવું જોઇએ. તમારે કટાણે અને અસ્પષ્ટ બનાવો

પ્રત્યે વધારે સહનશીલ બનવું જ જોઇએ. તમારે બદલાવને ગળે વળગાડવો જ જોઇએ.''

''બદલાવને શરણે થવું એટલે આજ કે?''

''હા, ઘણા નેતાઓ માટે બદલાવના બે જ જવાબ હોય છે. લડવું અથવા નાસી જવું. જ્યારે ધાર્યું નહોતું તેવો હુમલો જંગલમાં તારી ઉપર થયો ત્યારે તેં બીજો વિકલ્પ પસંદ કર્યો. પણ ત્રીજો વિકલ્પ હતો કે આ બદલાવનું સંચાલન કરવું અને ધ્યેયનિષ્ઠ નેતાઓ આમ કરવાની સાધના કરે છે. તેઓ બદલાવને શરણે થાય છે અને આમ કરવામાં તેઓ તેમાંથી ફાયદો ઉઠાવે છે.''

''પણ આ વિરોધાભાસી કાર્ય છે? જો તમે શરણે જાઓ અથવા હથિયાર મૂકી દો તો તમે હારી જશો?''

''આ રીતે આપણે પશ્ચિમમાં વિચારીએ છીએ. તેમ છતાં પૂર્વમાં સંન્યાસીઓ અને ઝેન ગુરુઓએ એકદમ જુદી માનસિકતા અપનાવી છે, જે સદીઓથી વધારે અસરકારક પૂરવાર થઇ છે.''

''અને તે કઇ માનસિકતા છે?''

''તેઓ માને છે કે જીતવા માટે માણસે મહેનત કરવી પડે છે. બદલાવના વિરુદ્ધમાં જવાને બદલે માણસે તેની સાથે રહેવું જોઇએ. જેમકે પહેલાંના તત્વચિંતક લાઓત્સુએ કહ્યું છે કે ''સખતાઇ ઉપર નરમાઇ જીતે છે. સખત અને સ્થિર વસ્તુ કરતાં જે પીગળે છે તે ચઢિયાતું છે. તેમની સાથે રહીને તેમને સ્વીકારીને તેમના પર પ્રભુત્વ મેળવવાનો આ સિદ્ધાંત છે.' પરંપરાઓ અને જૂની રૂઢિઓને જડતાથી વળગીને કામ કરવાથી સીધો તારી કંપનીના હૃદયમાંથી જ લોકોનો રસ ઉડી જશે. રાલ્ફ વાલ્ડો ઇમરસને કહ્યું છે કે ''સતત મૂર્ખામીએ સંકુચિત મનની ગ્રંથિ છે.' અને એ અતિશય રીતે સાચા હતા. વધારે ખુલ્લા મનના, વધારે બદલાઇ શકો તેવા અને વધારે લોકો સ્વીકારે તેવા બનો. સહિષ્ણુ બનો અને બદલાવ સાથે તમે મૈત્રી કરો. વહેણની સાથે જાઓ. પાણી જેવા બનો.'' જુલીયને કહ્યું, ''''ચાલ, આપણે થોડું ચાલીએ.''

''પાણી જેવા બનો? એ વળી નવું.'' અમે ઝરણા તરફ ચાલતા હતા ત્યારે મેં પૂછયું.

''પાણીનો સ્વભાવ વહેવાનો છે.'' ઝરણાના ફીણવાળા પાણીમાં પોતાનો રમતિયાળ હાથ બોળતાં જુલીયને કહ્યું ''''તે વહેણ સાથે વહે છે. તે વિરોધ કરતું નથી. તે ફળ આપતાં પહેલાં વિચાર કરતું નથી પણ એ પૃથ્વી પરના મહાન અને શક્તિશાળી પરિબળોમાંનું એક બળ છે. પાણીનો અભ્યાસ કર અને આધુનિક વ્યવસાયના બદલાતા પ્રવાહોનું સંચાલન કર. જેમ પાણી કુદરતી પ્રવાહોનું સંચાલન કરે છે. બદલાવને તમારા દુશ્મન તરીકે ગણવા કરતાં તેને મિત્ર તરીકે આવકારો. પછી તેને શરણે થાવ. એટલે આ બધું જ સ્વીકાર છે.''

''શું સ્વીકારવું આટલું મહત્વનું છે?''

“આપણી માહિતી-પ્રધાન નવી દુનિયામાં સ્વીકારવું એ ખૂબ જરૂરી નેતૃત્વની કળા છે. નેતા માટે ઉપયોગ કરે છે તેને હરીફાઇમાં આગવો ફાયદો થાય છે. પણ સ્વીકાર એટલે બદલાવના વિરુદ્ધમાં જવા કરતાં તેની સાથે જવું કરતાં ઘણું વધારે છે. સ્વીકાર એટલે શરૂઆતમાં બદલાવ જે તનાવ અને વિરોધ લાવે છે તેને સંભાળી લેવાં અને પછી તેની સાથે ઝનૂનથી રહેવા માટે બદલાવની ક્ષમતા રાખવી. તમારા ખરાબ પરિણામોને બજાર સંશોધન સાથે સરખાવા જેવું છે. એમ સમજવું કે પછડાટ ખાવાના દુ:ખથી તમારી આવડત સંપૂર્ણ બનશે અને આ બદલાવ તમને અને ગ્લોબલવ્યુને પહેલાં કયારેય નહતાં તેટલા શક્તિશાળી બનાવે છે. આ બધું સતત ચાલુ રાખવું કે જ્યાં સુધી તમે જવાનું નક્કી કર્યું છે, ત્યાં ન પહોંચો. યાદ રાખ તારે વહાણવટું શીખવું હોય તો થોડીઘણી વખત તારું વહાણ અથડાય નહી તો શીખાય નહી અને તને પિયાનો વગાડતાં શીખવું હોય તો થોડા ખોટા તાલ વગાડયા વગર શીખાય નહી. સફળતા એ આંકડાની રમત છે અને અસફળતાનો એક ભાગ છે. જેમ કે બુદ્ધ લોકોની કહેવત છે “જે બાણ પક્ષીની આંખ વીંધે છે તે સો વખત નિશાન ચૂકી જવાનું પરિણામ છે.’ ”

“મને હમેશાં આશ્ચર્ય થતું કે હું બદલાવનો આટલો વિરોધ શા માટે કરું છું. કદાચ એ મારા લોહીમાં છે.” મેં મશ્કરી કરી.

“હકીકતમાં એ જ તેની સંપૂર્ણ સમજણ છે.” જુલીયને ગંભીર અવાજે કહ્યું. “દરેક માનવને ભગવાને એ રીતે બનાવ્યો છે કે તે બદલાવનો વિરોધ કરે અને તેની સમતોલપણાની સ્થિતિ સાચવી રાખે. આ પરિસ્થિતિને હોમીયોસ્ટેસ કહે છે. જેમાં આપણા પૂર્વજો જે વસ્તુઓ સાથે જીવ્યા તે વખત જતાં કુદરતી રીતે જ સતત બદલાતી પરિસ્થિતિ છે. જ્યારે આપણા પોતાના જીવનમાં વાતાવરણ બદલાય છે. તો નવી અસરોને પહોંચી વળવા આપણું આંતરિક માળખું હચમચે છે. એને જીવશાસ્ત્રીઓ **સ્થિર સ્થિતિ** કહે છે. તેમાં આપણું શરીર પાછું ફરે છે. એટલા માટે જ આપણી સ્થિરતા અને સલામતીની જરૂરિયાતમાંથી ઉભી થયેલી સમતોલ પરિસ્થિતિને આપણે હોમીયોસ્ટેસ કહીએ છીએ. જ્યારે વધારે સગવડતાવાળી પરિસ્થિતિ હોય ત્યારે પણ આ પદ્ધતિ કામ કરે છે એ મોટો સવાલ છે. આ પદ્ધતિ કયો બદલાવ જીવનને સારું બનાવે છે અથવા જીવનને બગાડે છે તેની વચ્ચે તફાવત કરતી નથી. તે તો ફક્ત બધા બદલાવનો વિરોધ કરે છે.”

“આ અદ્‌ભુત છે, જુલીયન. તું મને એમ કહેવા માંગે છે કે આપણે દરેકે દરેક શારીરિક રીતે એવી રીતે બન્યા છીએ કે આપણે બદલાવનો વિરોધ કરીએ છીએ?”

“હા અને એટલે જ લોકોને તેમની સલામતીના વાતાવરણ માંથી બહાર આવતાં આટલું આકરું લાગે છે. તેમને નવી ટેવો પાડવી, નવી કળા શીખવી અથવા નવી કાર્યપદ્ધતિ વિકસાવવી આકરી લાગે છે. પણ સારા સમાચાર એ છે કે હોમીયોસ્ટેટસને ફરીથી ગોઠવી શકાય છે અને બદલાવને પહોંચી વળાય છે. ખરાબ સમાચાર એ છે કે આ ફેરફારની પ્રક્રિયા હમેશાં તેની સાથે તનાવ, દુ:ખ અને કેટલાક પ્રમાણમાં ડર પણ લાવે છે. તો એક ધ્યેયનિષ્ઠ નેતા તરીકે તારું કામ એ છે કે તારા લોકોને તારે સતત યાદ અપાવવું કે આ બદલાવ શા માટે

જરૂરી છે અને તેમની ચિંતા ઓછી કરવી અને તેના પરિણામ રૂપે મળવાના ફાયદાઓ સાથે તેમને જોડી રાખવા. તેમને કહેવું કે જે મહાન દબાણવાળા કારણ માટે તેઓ જજૂમી રહ્યા છે તેની ઘણી નજીક આ બદલાવ તેમને લઇ જશે. તેમને દર્શાવવું કે બદલાવ છેવટે તેમના જીવન કેવી રીતે સુધારશે અને તેમને વધારે પ્રભાવશાળી કેવી રીતે બનાવશે. આ બદલાવ કેવી રીતે તેમને બીજાઓને મદદ કરવામાં કામ લાગશે તે પ્રત્યે તેમને સજાગ કરો, અને આંતરિક બદલાવમાં ભાગ ભજવો. હું ખરેખર એ કહેવા માંગું છું કે બદલાવ ઉપર પ્રભુત્વ મેળવવા બદલાવ માટેનું જ્ઞાન તેમને આપો.''

''અને એના માટે મારે શું કરવું જોઇએ?''

''એને માટે મારે તને કુદરતના સદાકાળના બીજા નિયમને દર્શાવવો પડશે. જે આ ગીચ જંગલમાં સૌથી વધારે જોવામાં આવે છે અને મને એમાં જીવવાનો અધિકાર મળ્યો છે તે છે વાતાવરણનો નિયમ. જ્યારે માટી, પાણી અને તાપમાન અનુકૂળ હોય ત્યારે જ બી માંથી છોડ થાય છે. બીજા શબ્દોમાં કહીએ તો વાતાવરણ સારું હોવું જોઇએ. તે જ રીતે ધ્યેયનિષ્ઠ નેતા તરીકે લોકોના બદલાવ પ્રત્યે સકારાત્મક વલણ અને તેમની પ્રગતિ માટે તારે આદર્શ વાતાવરણ પૂરું પાડવું જરૂરી છે.''

''અને એ કેવા પ્રકારનું વાતાવરણ હોવું જોઇએ?'' મેં ખૂબ રસપૂર્વક પૂછયું.

''તારે અભ્યાસનું વાતાવરણ ઉભું કરવું જોઇએ. તારે બૌદ્ધિક વિકાસમાં ઉસ્તાદ બનવું જોઇએ, તારે કામ કરવાનું સ્થળ એવું રાખવું જોઇએ, જે સતત શીખવા માટે અને કૌશલ સુધારવા માટે જરૂરી હોય. તારે લોકોને જણાવવું જરૂરી છે કે લોકો એ સમજે કે બદલાવ પ્રેરિત ડરનો અને દુ:ખનો સામનો બદલાવ વિષે જાણીને જ કરી શકાય છે. **ડરનું ઝેર જ્ઞાન જ ઉતારે છે.** શીખવા માટે આળસ ન કર. તારા લોકો જેટલા તૈયાર અને જાણતલ હશે, તેટલું તેમના માટે બદલાવનો સ્વીકાર અને તેને માટે કાર્ય કરવું સહેલું બનશે. જો તારે ખરેખર તારા ધ્યેયને હકીકતમાં પરિણમતો જોવો હોય તો તારા લોકોને જીવનભર અભ્યાસુ બનતા શીખવ. આધુનિક યુગમાં ઉસ્તાદ બનવા માટે તારે તારા લોકોને સતત શીખતા રાખવા જરૂરી છે. એમ જણાવવું જરૂરી છે. એવું ધંધાકીય વાતાવરણ બનાવ કે તેઓ નવા ખ્યાલો અને માહિતી સ્વીકારે અને તારી પાસે હોય તેટલી માહિતી પૂરી પાડ. યાદ રાખ, પીટર. **આજના દિવસોમાં અને યુગમાં જે વધારે ભણશે તે જીતશે.** ''

ઝરણાના કિનારે જેવો જુલીયન ચઢયો અને ગીચ ઘાસમાંથી તેણે રસ્તો કરતાં તેના નેતૃત્વના ડહાપણમાં બદલાવના સંચાલન માટે મેળવેલું જ્ઞાન મને કહેતાં શીખવવાનું ચાલું રાખ્યું.

''તું જાણે છે બદલાવમાં આનંદ છે. બદલાવ વગર વિકાસ નથી. બદલાવ વગર સુધારણા નથી. બદલાવ વગર પ્રગતિ થઇ શકતી નથી. આ ઘાસના મેદાન અને જંગલને પાર કરીને તું આવ્યો તેની તરફ જો. આ સતત બદલાવની સ્થિતિ છે. ઝાડ પરથી પાંદડા ખરી જાય છે પછી ફરી ઉગે છે. પક્ષીઓ પોતાનાં બચ્ચાંને સેવે

છે અને પછી પુખ્ત બને છે. શિશિરમાંથી વસંત ઋતુ બદલાય છે. અરે આ પતંગિયાં પણ બીજું કંઇ નહી પણ પોતાને બદલતાં શીખનાર કીડો જ છે. સમજી જા કે બદલાવ દુનિયાની રીત છે. **બદલાવ એ આપણી બદલાતી સંસ્કૃતિનો એક હિસ્સો છે.** તે આપણા જીવન માટે જરૂરી છે. બદલાવ માનવ સમાજનો સૌથી સારો દોસ્ત છે. સામાન્ય નેતાઓ તેની સાથે લડે છે. ધ્યેયનિષ્ઠ નેતાઓ તેમાંથી મઝા લૂંટે છે. પ્રાચીન તત્વચિંતક માકર્સ ઔરેબીયસે આ લાગણીઓને અદભુત રીતે પકડી પાડી છે. જ્યારે તેણે કહ્યું, "બદલાવના દરેક પરિણામને હમેશાં નોંધો. અને એ વિચારને આત્મસાત્ કરો કે જે રૂપો અસ્તિત્વમાં છે તેને બદલવાં અને તેની જેવા નવાં રૂપો અસ્તિત્વમાં લાવવાં એથી વધારે કુદરત કોઇને ચાહતી નથી."

"હું બદલાવને જે રીતે મૂલવતો હતો, તે એ બદલી નાખ્યું જુલીયન. મેં ક્યારેય વિચાર્યું નહોતું કે કુદરતી નિયમો બદલાવનું સંચાલન કરે છે અને એ તત્વ એટલું અગત્યનું છે કે ફક્ત તેનાથી અમારી કંપની સફળ બની શકે અને સમાજ પ્રગતિ સાધી શકે. બદલાવના સંચાલન પર બીજી કોઇ શિખામણ?"

"ફક્ત એક વસ્તુ ભૂલાઇ ગઇ" ઘેરા લીલા રંગની પીઠ પર કથ્થઇ રંગનાં ટપકાંવાળા દેડકાને બતાવતાં તેણે કહ્યું, "જો તું તારા વાતાવરણમાં મોટા-પાયે થતા બદલાવની રાહ જોવાનું નક્કી કરે અને તે પહેલાં તું બદલાવ માટેના નવા વિચારો અને કાર્યોના રસ્તાઓ તૈયાર રાખે જે તને જીવતાં રહેવામાં મદદ કરે તો શું થાય તેનું ઉત્તમ ઉદાહરણ આ દેડકો છે."

"કેવી રીતે?"

"જો તું એક દેડકો લઇ તેને ઉકળતા પાણીમાં મૂકી દે તો તું શું વિચારે છે, શું થશે?"

"હું શરત લગાવી શકું કે તે બહાર કૂદવાનો પ્રયત્ન કરશે."

"બરાબર, હવે હું તને જુદું જ દશ્ય કહું. હવે જો આપણે દેડકાને વાતાવરણના ઉષ્ણતામાને પાણીમાં મૂકીએ અને શાંતિથી તેને એમાં રહેવા દઇએ. પછી પાણી ધીમે ધીમે વધારે અને વધારે ગરમ કરીએ તો તું શું વિચારે છે, શું થશે?

"મને કહેતો નહી કે દેડકો ત્યાં જ રહેશે અને કંઇ કરશે નહી?"

"એમ જ થશે. જ્યારે બદલાવ આવે છે ત્યારે મોટા ભાગના વ્યવસ્થાપનોને એ એટલો ધીમો લાગે છે કે તેઓ તેને અવગણે છે. તું સમજે છે કે મોટાભાગની કંપનીઓમાં તેમની આંતરિક વ્યવસ્થા દેડકા જેવી હોય છે કે વાતાવરણના ઓચિંતા બદલાવને જાણે છે અને સ્વીકારી શકે છે. પણ ધીમે ધીમે ઉકાળાતા પાણીની જેમ જ્યારે ખૂબ ધીમો બદલાવ આવે છે ત્યારે તે પ્રત્યે તેમની પ્રક્રિયા થતી જ નથી. હકીકતમાં લાગે છે કે આથી તેમને મજા આવે છે. પછી જ્યારે જરાપણ જાણ હોતી નથી ત્યારે મૃત્યુ આવી જાય છે. આ એક બીજા પ્રકારનાં માંદાં મનની વિચારસરણી છે."

"ઉપમા ખૂબ સરસ આપી જુલીયન. તે પ્રાણીશાસ્ત્ર માટે આટલું બધું ક્યારે શીખ્યું?"

"એક વખત હું ઉચ્ચ-માધ્યમિક શાળાની શિક્ષિકાના પ્રેમમાં હતો ત્યારે આવું બધું તેણે શીખવ્યું હતું. તે વખતે મને આ બધું કંટાળાજનક લાગતું હતું પણ અત્યારે મને સમજાય છે કે કુદરતી નિયમો જ જીવનના નિયમો છે. જેટલા જલદી આપણે તે નિયમોને સમજીને રોજે રોજના જીવનમાં વણી લઇએ તેટલા જ જલ્દીથી સમાજમાં ઉભા થતા બદલાવને આપણે આપણા પોતાના ફાયદામાં ફેરવી શકીએ. યાદ રાખ કાં તો કુદરતના આ નિયમો સાથે તું મિત્રતા કરે અથવા તું જોઇશ કે તું તે નિયમોની વિરુદ્ધ છે."

"અને આપણા મિત્ર દેડકાભાઇની જેમ ઉકળી જઇએ છીએ." મેં ઉમેર્યું.

"તું સમજી ગયો."

"બદલાવનું સંચાલન કરવા માટે બીજું શું કરી શકીએ? જુલીયન જે પાઠો તું મને શીખવે છે તે મને ગમે છે. તેઓ ઘણા યથાર્થ છે."

"નેતૃત્વના જે નિયમો આજે સવારે મેં તારી સામે મૂક્યા એ બધા સામાન્ય જ્ઞાન છે. પણ મોટાભાગે તે નિયમો શોધીને સમજવા માટે લોકો પાસે સમય હોતો નથી."

"સાચું છે."

"આ બધાં પછી મારું સૂચન છે કે **તું તારા કામદારોને અત્યંત આવડત કેળવવા ઉત્સાહિત કર.** " તરત જ જવાબ મળ્યો. ""હું હમણાં જ કહેતો હતો કે દરેકે જીવનભર શીખતા રહેવું જોઇએ. એના જેવું જ કંઇ છે. પણ આ તેના કરતાં થોડું વધારે છે. કામદારોને અત્યંત આવડતવાળા બનાવવા એટલે સંચાલકો આવશે તેઓ તમારો હાથ પકડી તેમને બદલવાની પ્રક્રિયા પ્રત્યે દોરી જશે એમ કરીને કામદારોએ રાહ જોવી જોઇએ નહી. તેના બદલે જે પરિસ્થિતિ સર્જાય તેના પ્રત્યે કામદાર જાતે જાગૃત અને જવાબદાર બને. જો તમારા વિભાગમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થયો હોય તો તેના ઉકેલ માટેના રસ્તાઓ માટે કામદારે જાતે વિચારવું રહ્યું. બીજા પ્રત્યે અંગુલિ-દર્શન કરવાનું બંધ કરો અને દરેક કામદારે પ્રશ્ન ઉકેલનાર બનવું જોઇએ."

"એક નેતા તરીકે લોકોની સમજણ અને માલિકીની લાગણી વિકસાવવા મારે શું કરવું જોઇએ?"

"આનું રહસ્ય એ છે કે તેમની મૂલ્ય વધારવાની શક્તિને વિકસાવવામાં મદદ કર. બજારમાં લોકો જેટલું મૂલ્ય વધારે છે તેટલો તેમને બદલો મળે છે. જે માણસ હેમબરગર બનાવે છે તેની રચનાત્મક શક્તિ નવ આંકડાનો પગાર લેતા સીઇઓ કરતાં વધારે હોય છે. પણ હેમબરગર બનાવનાર બજાર મૂલ્ય વધારતો નથી. તેના પરિણામસ્વરૂપ તેનો પગાર ઓછો હોય છે. તારા લોકોનું જ્ઞાન અને આવડત વધારવામાં મદદ કરવાથી તું તેમને મૂલ્ય વધારવા દે છે. વ્યવસ્થાપનના બદલાવમાં તેમણે પ્રેક્ષક બનવાનું નથી તે સમજાવવામાં તારે તેમની મદદ કરવાની છે અને જો જીવંત રહેવું હશે તો આ રમતમાં તેમણે ભાગ લેવો પડશે અને પોતાનો ફાળો નોંધાવવો પડશે. આમ કરવાથી તેઓ તેમના આત્મવિશ્વાસ વધારી અને

આગળ પડતો ભાગ લઇ કામ કરવાની શક્તિ વિકસાવે છે. આથી તેઓને અનુભવાતો તનાવ નાટયાત્મક રીતે ઓછો થઇ જશે.''

''તે કેવી રીતે ?''

''મોટા તનાવો સાથે જોડાયેલો એક બદલાવ ખૂબ ઝડપથી બને છે ત્યારે કામદારો તેની સાથે તાલમેલ ન મેળવી શકવાથી ડરી જાય છે અને જેથી કરીને તેઓ પૂરતું કામ કરી શકતા નથી. તેની હજી પણ મોટા ભાગના વ્યવસ્થાપનો સાતત્યવાળું નેતૃત્વ અને આવડત વિકસાવવાનું શિક્ષણ આપવાનું મહત્વ સમજતા નથી. વ્યવસ્થાપન નિયમિતપણે ૫૦ થી ૭૦ ટકા તેમના પૈસા લોકોના પગાર પાછળ વાપરે છે અને ૧ ટકાથી ઓછો અંદાજ તેમની આવડત સુધારવાના શિક્ષણ માટે રાખે છે. તમારા લોકોમાં સતત રોકાણ કરવાથી તેમને શૈક્ષણિક સેમિનારમાં મોકલવાથી અને તેમને વ્યવસાયિક પુસ્તકો માટે લગાવ ઉત્પન્ન કરવાથી તું તેમના કૌશલ્યને વિકસાવી શકીશ. તેમની બુદ્ધિને તીક્ષ્ણ કરી શકીશ અને વ્યવસ્થાપનને અસર કરતા બદલાવમાં હકીકતમાં તેમનો અગત્યનો ફાળો છે એમ સમજવામાં મદદ કરીશ. તું તેમની નબળાઇઓને તેમની શક્તિમાં રૂપાંતરીત કરીશ. ''તારા પાકીટનો એક પૈસો તારા મનમાં નાંખ અને તારું મન તારું ખિસ્સું રૂપિયાથી હમેશ માટે ભરી દેશે.' બેન ફ્રેન્કલીને કહ્યું છે. જ્યારે અબ્રાહમ લિંકને કહ્યું છે કે, ''''જીવનમાં માણસને સલામતી તેના કોઇ અસામાન્ય સારા કાર્યમાંથી મળે છે.' તમારા લોકોને તેમના કાર્યક્ષેત્રમાં નેતા બનાવવામાં પૈસા ખરચો. કામદારોને વિકસાવવા એ એક રોકાણ છે, ખર્ચ નહી તે સમજ. જાણી લે કે **તારી કંપનીની પ્રગતિનો સીધો સંબંધ તારા લોકોની પ્રગતિમાં છે.** તારા લોકોને તેઓ જે કરે છે તેમાં સારા બનવામાં મદદ કર. તેથી તેઓ વ્યવસ્થાપન નો એક અવિભાજ્ય હિસ્સો બને અને તારી ઉત્પાદન ક્ષમતા એકલી જ નહી વધે, તેને વફાદારી પણ મળશે.''

''તે કેટલું સાચું છે, જુલીયન. અમારે ત્યાં એક છોકરો છે જેણે કારકૂન તરીકે કામ શરૂ કર્યું હતું. તે ઘણું સારું બરચું હતું. કંપનીમાં હું થોડા લોકો સાથે ખરેખર જોડાયેલો છું એમાંનો એક અને વખતોવખત હું તેની સાથે ઉડતી વાતો કરતો. તેણે મને કહ્યું, ''હકીકતમાં તે કોમ્પ્યુટર પ્રોગ્રામર બનવા માંગે છે પણ તેની પાસે તેનું કૌશલ્ય નથી.' તેથી મેં તેને તેના શિક્ષણ માટે વગર ખર્ચે મોકલ્યો. થોડા સમયમાં જ બપોરની રીસેસમાં તે બીજા પ્રોગ્રામર્સ સાથે ફરતો હતો અને તેમને મદદ કરતો હતો. એ સમજાઇ ગયું કે તે બરચાને આ કામ માટે વિશિષ્ટ આવડત હતી. તેથી મારા અધિકારીઓમાંના એકે એને સોફ્ટવેર પ્રોગ્રામ લખવાનું કામ સોંપ્યું.''

''અત્યારે એ કયાં છે?''

''તે અમારો એક નંબરનો પ્રોગ્રામર છે. અમારા એક હરીફે તેને ખૂબ ઊંચી આવકનું પ્રોત્સાહન આપી તેને ખેંચવાનો પ્રયત્ન કર્યો પણ તેણે તમને ના પાડી દીધી. તેણે કહ્યું તે જ્યાં છે ત્યાં ખુશ છે. હું ઇરછું છું કે મારા બધા માણસો આમ અનુભવે.''

"કદાચ તેઓ પણ એમ કરે જેમ તેં આ ઉત્સાહી યુવાનમાં રોકાણ કર્યું તેમ તેમનામાં પણ રોકાણ કરે તો. તેં તેને પ્રગતિ કરવાની તક આપીને તેને ઇનામ આપ્યું છે, તેણે બદલામાં તેનો વિશ્વાસ તને આપ્યો. જો, લોકો બદલાવનો વિરોધ કરે છે તેનું બીજું કારણ એ છે કે તેઓ તેમના નેતૃત્વમાં વિશ્વાસ ધરાવતા નથી. તેઓ તેમના અધિકારીઓ અને મુકાદમોમાં શ્રદ્ધા ધરાવતા નથી જેઓ તેમની પોતાની પ્રગતિ સાધે છે. જેઓ તેમના પોતાના અહમ્ને પોષવા માટે દોરવણી આપે છે તેને લોકો સાંભળતા નથી. તમારા કામદારોને ખૂબ વધારે આવડતવાળા બનવામાં મદદ કરવાથી આ બધું બદલાઇ જાય છે. જો તમે તમારી જાતને લોકોના પ્રણેતા માનતા હોવ તો તેઓ ચકાસી લેશે કે તમે તેમના કાર્ય માટે ગંભીર છો. એક ખૂબ સફળ કંપની જેનો હું એક ભાગ હતો તે કંપનીમાં અઠવાડિયાના ચાર દિવસ કાર્ય માટે રખાયા હતા.

"પાંચમા દિવસનું શું?"

"તે દિવસ લોકોને શિક્ષણ આપવા માટે અનામત રખાયો હતો."

"માની ન શકાય તેવી વાત છે."

"તારા લોકોના સતત વિકાસ માટેના મહત્વ પર આટલો ભાર આપીને કયારેય ભૂલતો નહી કે જંગલ વૃક્ષો માટે હોય છે."

"સારા આશયવાળા બધા નેતાઓ ઘણીવખત સારા વક્તાઓ લાવે છે. તેમના માણસોને સેમિનારમાં મોકલે છે. તેઓ અદ્યતન પુસ્તકો અને ટેપમાં રોકાણ કરે છે. પણ તેઓ એક ખૂબ અગત્યની વાત યાદ રાખવાનું ભૂલી જાય છે."

"તે કઇ વાત?"

" **જે જ્ઞાનને કાર્યમાં લેવાતું નથી તેનો કોઇ અર્થ નથી.** તમે શું જાણો છો તેનાથી સફળતા નક્કી થતી નથી. ઘણા કામદારો જાણતા હોય છે કે વ્યવસ્થાપનની સમૃદ્ધિ માટે શું કરીને તેઓ મદદ કરી શકે છે. તમારા જ્ઞાનને કાર્યમાં પરિવર્તિત કરવાથી જ લાંબી સફળતા મળે છે. હકીકતમાં વિશ્વકક્ષાની કંપની બનવા માટે તારે અને તારા લોકોએ શીખવામાંથી કાર્યમાં પરિવર્તિત થવું જોઇએ અને ઇરછામાંથી બનવામાં પરિણમવું જોઇએ. યોગી રમણની ઝૂંપડીમાં લખેલી કહેવત મને હજી યાદ છે, જે તેમને સકારાત્મક ઇરાદાઓથી કામ કરવાના મહત્વની યાદ આપવતી હતી."

"અને એ કહેવત શું હતી?"

"તે હતી "વસંત ભૂતકાળ બની ગઇ, ઉનાળો ગયો અને શિયાળો આવી ગયો. અને જે ગીત મારે ગાવું હતું તે હજી ગાયા વગરનું જ છે. મેં મારા દિવસો મારા તંબૂરાના તાર સરખા કરવામાં કાઢી નાખ્યા. આ શબ્દો એ જ તેમને સરી જતા સમય સાથે જોડી રાખ્યા હતા અને હવે સમય આવી ગયો છે કે તમારા સારા વિચારોને તમે હકીકતમાં ફેરવી શકો એમ હું માનું છું."

પછી જુલીયને ઉપર આકાશમાં જોયું. કોઇ એક સ્થળે તે તારા જોઇ રહ્યો અને પછી કંઇક ગણગણ્યો જે મને આમ સંભળાયું, "હું તને શોધી રહ્યો છું. મારા

દોસ્ત'' અત્યાર સુધીમાં તેના ક્યારેક થતા વિચિત્ર વર્તનનો હું આદી બની ગયો છું અને હિમાલયમાં વસતા બીજી દુનિયાના સંન્યાસીઓ સાથેનો તેનો લગાવ ઓળખી ગયો છું.

''ભલે આજની સવાર પૂરી થાય તે પહેલાં છેલ્લો વિચાર'' તેનું ધ્યાન મારા તરફ પાછું ફરતાં તેણે ચાલુ રાખ્યું, ''''હું જાણું છું કે પહેલાંનો તારો બધો ઉત્સાહ ઓસરી ગયો હશે અને મારે આજે કંઇ કામ કરવાનું છે. બદલાવ ઉપર પ્રભુત્વ મેળવવા માટે તને મદદ કરનારો છેલ્લો કુદરતી નિયમ છે એ આપણે પાછલી વખત મળ્યા ત્યારે મેં તને કહ્યો છે. **''જેવું વાવો તેવું લણો.** ' તે લણણીનો પ્રાચીન નિયમ છે.''

પછી જુલીયન મારી પાસેથી તેના શાકભાજીના બગીચામાં ગયો. રોજ સવારે થોડો સમય હું મારા બગીચાને સરખો કરવામાં ગાળું છું. મને તેના પ્રત્યે ખૂબ માન છે કારણ તેની ઉપજ મારો ખોરાક છે. હું પ્રેમથી જમીન ખેડું છું, તેને પાણી પાઉં છું અને તેનું નિંદામણ સાફ કરું છું. હું શીખ્યો છું કે જેટલું હું તેનું ધ્યાન રાખીશ તેટલું વધારે તે મારું ધ્યાન રાખશે. આ શાકભાજી જ મારા યુવાન દેખાવાના અનેક કારણોમાંનું એક કારણ છે.''

જુલીયન બગીચામાં પહોંચી ગયો અને તાજા ગાજરનો એક ગુચ્છો તેણે ઉખાડયો. તે ઘણા મોટા હતા તેનું મને આશ્ચર્ય થયું અને મેં તેમ કહ્યું પણ ખરું.

''આમાંથી થોડા તારે ઘેર લઇ જવા છે?''

''હાસ્તો, સમન્થાને આ બધું ગમશે.''

''પીટર, આપણાં મન આ બગીચા જેવાં જ હોય છે. જો આપણે તેમની કાળજી કરીએ, જો આપણે તેમાં ખેડાણ કરીએ અને જો તેને ફક્ત સારામાં સારો ખોરાક મળે તો તે ફળદ્રુપ અને પુષ્કળ પેદાશ આપશે જે આપણને સફળતા તરફ દોરી જશે. મોટાભાગના લોકો ગમે તે મનમાં આવવા દે છે એ કોયડારૂપ છે. તેઓ છાપામાં નકારાત્મક વાતો વાંચીને તેમનો દિવસ શરૂ કરે છે. પછી જ્યારે તેઓ ટ્રાફીક સિગ્નલ પાસે રાહ જોતા હોય ત્યારે નકારાત્મક વિચારે છે. જ્યારે તે કામ પર પહોંચે છે ત્યારે તેમનું ધ્યાન બધી નકારાત્મક ઘટનાઓ પર કેન્દ્રિત હોય છે અને સકારાત્મક ડહાપણનું સંશોધન કરતા નથી. પછી દિવસના અંતે તેમના મનમાં ગોબર સિવાય કંઇ ભરતા નથી પછી તેમને આશ્ચર્ય થાય છે કે તેઓ ઉત્તમ દોસ્ત હોઇ શકે કે સૌથી ખરાબ દુશ્મન હોઇ શકે. નિંદામણને ફેલાવા ન દે. તારા અંદરના કામ પ્રત્યેના લગાવનું સંચાલન કર. તારા મન ઉપરના કાબૂની સંપૂર્ણ જવાબદારી લે. કારણ ''જેવું વાવો તેવું લણો.''''

''મારા પિતા મને આ કહ્યા કરતા.'' મેં શાંતિથી કહ્યું.

''લાગે છે કે તેઓ ડાહ્યા માણસ હતા.'' જુલીયને ટકોર કરી. જ્યારે તું ખરેખર તેના ઉંડાણમાં પહોંચીશ તો તને સમજાશે કે નેતાઓ કંપનીઓને દોરવતા નથી. તેઓ ખરેખર તો લોકોને પણ દોરતા નથી. તેઓ હકીકતમાં માનસિક વલણને દોરે છે અને ઉત્સાહિત કરે છે. તેઓ હકીકતમાં તેમના લોકોને ક્ષિતિજમાં

તેમના માટે રાહ જોતી ઉંચાઇઓ દર્શાવે છે અને પછી તેમની આવડત અને ઉત્સાહને વધારીને ત્યાં કેવી રીતે પહોંચવું તે દર્શાવે છે. તેથી તારા વ્યવસ્થાપનમાં સકારાત્મક વિચારોને પ્રાધાન્ય આપ. મારામાં શ્રદ્ધા રાખ. અજાણ અને અજ્ઞાન નેતાઓ અને સંચાલકો આને ''નરમાઇ' કહેશે પણ એવું નથી. ઉત્સાહ અને જોમથી ભરપૂર માનસિકતા સફળતાનો આત્મા છે. ''

''હું તને બીજું કંઇ પણ કહીશ,'' જુલીયને ઉમેર્યું. **''આ આધુનિક વ્યવસાયિક જગતમાં જીવવાનો તને અધિકાર મળ્યો છે. વિચારો જ સફળતાનો ખરો કાચો માલ છે. તું કેટલી ઉંચાઇએ પહોંચી શકીશ તે તારા વિચારો જ નક્કી કરે છે,** જેમકે ડેઝરલીએ કહ્યું છે, ''તમારા મનના મહાન વિચારોને ખોરાક-પાણી આપો કારણ તમે વિચાર્યું હોય તેનાથી વધારે ઉંચાઇએ તમે જઇ શકો નહી.' ''

''આ ખરેખર સારો મુદ્દો છે, જુલીયન તેં જે કહ્યું તેનો અર્થ એ જ છે કે જ્યારે તમે તમારી સફળતા માટે કહો અને કરો તેની મર્યાદા આપણા વિચારો જ બાંધે છે.''

''એમ જ. આ માટે એક ક્ષણ માટે વિચાર કર. દરેક મહાન શોધ, વિજય અથવા સંશોધનની શરૂઆત જીજ્ઞાસુ સ્ત્રી કે પુરુષના સાદા વિચારોમાં જ થાય છે. એડીસનનો કેરોસીન વગરનો લાઇટ બલ્બ શોધવાનો વિચાર અથવા સાલ્કની પોલિયોના બચાવ માટે રસી શોધવાની ઇચ્છા અથવા ગાંધીજીની તેમના લોકોને સ્વતંત્રતા અપાવવાની મોહિમ આ બધાની શરૂઆત તેમના મનના એક વિચાર-થી જ થઇ હતી. એનાથી કંઇ વધારે નહી અને કંઇ ઓછું નહી. શું તું જોઇ શકે છે કે તારા ખભા અને તારા લોકોના ખભાઓ વચ્ચે દસ રતલનું માંસ(મન) છે?''

''હા''

''તેથી બદલાવના સંચાલનની સૌથી સારી પદ્ધતિ તું અનુસરી શકે છે. તે છે તારું અને તારા લોકોનું મન બધી ઉંચાઇઓ માણી શકે છે. જે એક શીખવાની, વિકસવાની અને સફળ થવાની ખૂબ મોટી તક છે. દરેક પરિસ્થિતિમાં સારું જોવાની તેમને ટેવ પાડ. જ્યાં બીજાઓ ખરાબ થવાની શકયતા જુએ ત્યાં પણ સારું જોવું જરૂરી છે. જ્યાં આખી દુનિયાને અંધકાર દેખાય ત્યાં પણ ધ્યેયનિષ્ઠ નેતા તેના લોકોને ઊંચાઇ અને વધારે પ્રેરણાદાયી હકીકત બતાવી શકે છે.'' જુલીયને ગર્વિષ્ઠ અવાજે કહ્યું. ''જેમ હેલન કેલરે કહ્યું છે, ''અંધકારને જોનાર કોઇ દિવસ તારાઓનું રહસ્ય શોધી શકતો નથી અથવા અજાણ્યા પ્રદેશમાં જઇ શકતો નથી અથવા માનવ જાત માટે નવું સ્વર્ગ શોધી શકતો નથી!'

''અરે , એક વાત કહું,'' જુલીયને ઉમેર્યું, ''હું તને કહું છું કે તું તારા લોકોને બીજી દિશામાં અભિમાની બનાવ અને તે ખરેખર ઉત્પાદકતા અને કાર્યક્ષમતા વધારશે.''

''બીજી દિશામાં અભિમાની એ શું છે?''

''બીજી દિશામાં અભિમાની એટલે કે એમ માન કે આખી દુનિયા તમારું સારું કરવાનું કાવતરું કરે છે. અને હાવર્ડના મહાન ફિલસૂફ વિલીયમ જેમ્સે એક

વખત કહ્યું હતું, "માન્યતા ખરેખર હકીકત ઉત્પન્ન કરે છે."

"મને આ ગમ્યું."

"આ સાચું છે, પીટર આપણી અપેક્ષાઓ આપણી દુનિયા બનાવે છે. ધંધામાં અને જીવનમાં સફળતાએ આત્મ-સંતોષનું તત્વજ્ઞાન છે. વિચારોમાં શક્તિ છે. આ શાશ્વત કુદરતી નિયમ ભૂલતો નહી. સમજ, વિચારવું એ મોટાભાગે આ પગદંડી પર ચાલવા જેવું છે." તેની ઝૂંપડીથી અંદરના રસ્તાઓ પર જવાનો માર્ગ દર્શાવતાં જુલીયન બોલ્યો, ""દરરોજ તમારી પાસે એક પસંદગી હોય છે કે તમારે કયે રસ્તે જવું છે. કોઇ એક માર્ગ અપનાવો અને ચોક્કસ તે કોઇ એક સ્થળે લઇ જશે. બીજો માર્ગ અપનાવો તો તે તમને સદંતર બીજા સ્થળે લઇ જશે. સંન્યાસીઓએ એક વસ્તુ શીખવી છે કે તમારા નેતૃત્વની છેવટની ગુણવત્તાનું માપ કાઢવું હોય તો તમારી પસંદગીની ગુણવત્તા ચકાસો.

"ખરેખર?"

"ચોક્કસ, **મસાણના લાકડાં મરેલા માણસને બાળે છે જ્યારે ચિંતા જીવતા માણસને બાળે છે.** તેથી જ્યારે તારા મનમાં અશક્ત વિચારો પ્રવેશે ત્યારે તેને વધારે શક્તિ આપી પ્રબળ બનાવતો નહી. તે રસ્તા પર જવાની ના પાડજે અને ઝડપથી બીજે રસ્તે વળી જજે. જેથી તારા વિચારોમાં અને લાગણીઓમાં દુનિયાભરનો ફેર પડી જશે."

"માર્ક ટવેઇન હમેશાં કહેતા, "મારા જીવનમાં મને ખૂબ મુશ્કેલી પડી. તેમાંથી થોડી હકીકત હતી.' હવે હું સમજી શકયો કે તેઓના કહેવાનો અર્થ શું હતો." મેં કહ્યું.

"મારે એ યાદ રાખવું પડશે, પીટર. તું કહી શકે કે મને મહાન વિચારકોના ડહાપણભર્યાં સુવાકયો ગમે છે અને આ એમાંનું એક છે."

પછી જુલીયન મને જંગલમાંથી મારી ચાર પૈડાંવાળી ગાડી જ્યાં પડી હતી ત્યાં દોરી ગયો. ગ્લોબલવ્યુ જે બદલાવમાંથી પસાર થતી હતી તેના પર મેં વિચાર કર્યો. અને નેતૃત્વનું ડહાપણ કઇ રીતે વાપરીને હું અમારો ફાયદો કરી શકું, તે વિચાર્યું. અમે થોડો સમય સાથે હતા. કુદરતી રીતે બનતાં પ્રસંગો વિકસે છે અને સુધરે છે. તે જ રીતે ખરેખર મેં બદલાવ વિષે વિચારવાનું શરૂ કર્યું. તેની સાથે લડવા કરતાં મને સમજાયું કે મારે તેને શરણે જવાનું છે. અને જો મારે સફળતા જોઇતી હોય તો મારે તેના મિત્ર બનવું જરૂરી છે. મારે હવે વધારે વૈશ્વિક દષ્ટિ કેળવવી પડશે. અને જે આધુનિક ધંધાના યુગમાં અમે છીએ એમાં મળતી પુષ્કળ તકો પ્રત્યે કેન્દ્રિત રહેવું. મારે બદલાવ માટે કકળાટ કરવો બંધ કરવો પડશે અને એનો ભાગ બનવું પડશે. જેમકે થોમસ કુલરે એક વખત કહ્યું હતું, ""સમયનું બહાનું કાઢવું એ પોતાની જાતને છેતરવા બરાબર છે." મારા અધિકારીઓ અને મારે પ્રત્યાઘાતો આપવાનું બંધ કરીને વધારે સ્વીકારનાર બનવું પડશે. અમારે ધ્યેયનિષ્ઠ બનવું પડશે. આ અદ્વિતીય સવાર હતી અને મેં જુલીયનને એમ કહ્યું.

"સૌથી સારું હજી આવવાનું બાકી છે. મારા દોસ્ત તને ખબર નથી કે આપણી આગલી મીટિંગ કયાં થવાની છે. મેં એક શાંત વર્ગ તારે માટે યોજયો છે." તેણે મશ્કરી કરી.

"હું રાહ જોઇ શકું તેમ નથી," મેં મારું માથું એક બાજુથી બીજી બાજુ ફેરવતાં જવાબ આપ્યો. ""મારા ઇન્સ્યુરન્સના બધા પ્રિમિયમો ભરેલા છે કે નહી તે મારે ચકાસી લેવું પડશે. ધ્યેયનિષ્ઠ નેતાના નિયમો શીખવા એ એક સાહસ જ છે! તેથી મારે કયાં આવવાનું છે?"

"યેલે ફોર્ડના મીલીટરીના સ્થાનકમાં," સીધો જવાબ મળ્યો.

"તું મશ્કરી કરે છે, ખરૂંને?"

"ના, હિમાલયના અંદરના ભાગમાં યોગી રમણે મને શીખવેલી નેતૃત્વની પદ્ધતિના પાંચમા નિયમને સમજાવવા એ જ સૌથી યોગ્ય જગ્યા છે. આપણે આવતા શુક્રવારે રાતે આઠ વાગ્યે મળીએ છીએ."

"ભલે, આગળ શીખવાનો ઝડપી સારાંશ મને મળશે?" મારી જીજ્ઞાસાને કાબૂમાં ન રાખી શકતાં મેં પૂછયું.

"હાસ્તો, શા માટે નહી? તારી જાત તરફ જો," એમ કહી જુલીયને તેના લાંબા ઝભ્ભાના ખીસ્સામાં હાથ નાખી હું જે મેળવવાની આશા રાખતો હતો તે લાકડાની રમતનો હજી વધારે એક ટુકડો કાઢયો. આગળના બધા ટુકડા એકબીજામાં ગોઠવાઇ જતા હતા અને એક ચિત્ર ઉપસ્થિત થતું હતું તેવું મેં શોધી કાઢયું અને જે આકાર બનતો હતો તેમાં આ ટુકડો વધારે સ્પષ્ટતા કરશે.

"હું આના પર કોઇ અક્ષરો જોઇ શકતો નથી, જુલીયન શું એ ખોટો છે?"

"ઊંધું પકડયું છે, મારા દોસ્ત," તેણે હસતાં કહ્યું.

ખાત્રીપૂર્વક જયારે મેં એક ટુકડો ફેરવ્યો મેં કોઇ નિશાન જોયાં. મારા વ્યવસ્થાપને ધમધમતું કરવા મારી નેતાગીરી કેવી રીતે બદલવી તેની આગલી નિશાની હતી. કોતરામણી ફકત આટલી જ હતી. **નિયમ -૫: યોગ્યતા પર ધ્યાન કેન્દ્રિત કર.**

પ્રકરણ : ૮ જ્ઞાન સારાંશ શ્રી જુલીયનનું ડહાપણ ટૂંકમાં

નિયમ

તત્વ સ્વીકારવાનો નિયમ અને બદલાવનું સંચાલન

ડહાપણ

- બદલાવ પર પ્રભુત્વ મેળવવા, અનઅપેક્ષિત બનાવોના સંચાલનનું શિસ્ત વિકસાવવું જોઈએ.
- બદલાવમાં જ શીખવાની સંસ્કૃતિ વિકસે છે. સતત બૌદ્ધિક વિકાસના અને કૌશલ્યની સુધારણાના ઉસ્તાદ બનો. બદલાવના ડરનું ઝેર જ્ઞાનથી જ ઉતરે છે. આ ઝંઝાવાતી સમયમાં જે શીખે છે તે જીતે છે.
- બદલાવમાં આનંદ છે. બદલાવ વગર પ્રગતિ થતી નથી. આપણી સંસ્કૃતિના વિકાસ માટે જરૂરી છે. બદલાવ માનવજાતનો સૌથી સારો દોસ્ત છે.

સાધના

- અત્યંત હોંશિયાર બનો.
- શીખવામાંથી કાર્ય કરવાવાળા બનો.
- બદલાવ તમને જે તકો આપે છે તે પ્રત્યે સકારાત્મક માનસિકતાથી પ્રેરાઓ.

સુવાક્ય

- દરરોજ એકની એક વસ્તુ કરવાથી નવાં પરિણામો મળતાં નથી. તમને મળતાં પરિણામો બદલવા માટે તમે જે કાર્ય કરો છો તેની પદ્ધતિ બદલવી જરૂરી છે. તમે જે રીતે લોકોને દોરવો છો તેમાં ધરમૂળથી બદલાવ લાવવો જ જોઈએ.

સંન્યાસી જેમણે પોતાની સંપત્તિ વેચી નાખી

નિયમ ૫

યોગ્યતા પર ધ્યાન કેન્દ્રિત કર.

પ્રકરણ : ૯

વ્યક્તિગત અસરકારકતાનો નિયમ

મૂંઝવણ, ધાંધલ અને અવાજોમાં તમારું કાર્ય ચિરંતન શાંતિ શોધવાનું છે અને તે શાંતિને નવા નવા અર્થ અને સંશોધન સાથે પકડી રાખી, તેને ખજાનો બનાવો.

- પાઉલ હીન્ડેમીથ

કન્ટ્રી રોડ નંબર ૨૭ની વિરુદ્ધ દિશામાં આવેલા જૂના મિલિટરી બેઝમાં ગયે મને ઘણાં વર્ષો થઇ ગયાં. બાળક તરીકે મારા પિતા મને ત્યાં લઇ જતા. કલાકો સુધી અમે ઉંચા ટેકરા પરથી પેલે પાર મેદાનમાં જોતા બેસી રહેતા. આમ અમે સૈનિકોને અત્યંત ચોકસાઇપૂર્વક કવાયત કરતા જોતા. મને હજી સમજણ પડતી નથી કે આ દશ્યમાં તેમને શું મળતું હતું? કદાચ એ દિવસે કોઇ ઉજવણી હોય. કદાચ તે દિવસે કસરતનું પ્રદર્શન હોય. કદાચ સાદી હકીકત એ હતી કે તેમને તેમના નાના દીકરા સાથે બહાર ફરવા જવાનો સમય જવલ્લે જ મળતો. એક વસ્તુ ચોક્કસ છે, હું તેમને ખૂબ ચાહું છું.

જેવી મેં મારી બીએમડબલ્યુ ગાડી ખાલી જગ્યામાં મૂકી કે મેં જુલીયનને મેદાનમાં શોધવા માંડયો. બરાબર રાતે આઠ વાગ્યા હતા. હું સમયસર પહોંચ્યો હતો પણ મારો પુરાણો દોસ્ત કયાંય નજરમાં આવતો નહોતો. આખા મેદાનમાં મને યુવાન કેડેટો દેખાતા હતા અને તેમનો યુવાન દેખાતો સાર્જન્ટ તેના ફેફસાં ફાડી નાખે તેવા મોટા અવાજે તેમને હુકમો આપીને કવાયત કરાવતો હતો.

થોડીવાર માટે તો સૈનિકો ઘાસવાળી જગ્યાની વચ્ચે રહ્યા, પણ પછી તેઓએ કવાયત કરી મારી દિશામાં આવવાનું શરૂ કર્યું. મને આશ્ચર્ય થયું કે તેઓ ગાડી ઊભી રાખવાની નજીક કેમ આવતા હશે જ્યારે તેમની પાસે તેમની રોજની ક્રિયાઓ માટે આટલું મોટું મેદાન છે. તરત જ મને સમજાઇ ગયું કે તેઓ સીધેસીધા મારી દિશામાં જ આવે છે. જેવા કેડેટો મારી નજીક આવ્યા કે તેમની હિલચાલ ખૂબ ઝડપી બની. જરાપણ હાલ્યા ચાલ્યા વગર હું મારી જગ્યાએ જ ઊભો રહ્યો. જેવા તેઓ નજીક આવ્યા ત્યારે મેં જોયું કે તેમાંના ઘણાં સ્મિત કરતા હતા. તેમાનાં ઘણાં તો હસતા હતા અને તેમના ચહેરા પરથી પસીનાનાં ઝરણાં વહી જતાં હતાં, આ ખારું પાણી તેમની સખત કસરત અને સાંજના સૂર્યને લીધે ઉત્પન્ન થયેલું હતું.

હું હજી સુધી આ બધા દશ્યના પ્રણેતા સાર્જન્ટને જોઇ શકતો નહોતો, પણ મેં નક્કી કર્યું કે હું તેને મારા મનની વાત કહીશ. ગમે તેમ પણ આજ લોકો આ મહાન રાષ્ટ્રના રક્ષણ માટે નીમવામાં આવ્યા છે અને તેમની કવાયતને ગંભીરતાથી લેવી જ જોઇએ. ચોક્કસપણે કોઇ નિર્દોષ નાગરિકને હેરાન કરવા કરતાં તેમની પાસે ઘણાં સારા કામ હોય છે. પછી બધા કેડેટ ઉભા રહી ગયા. તેઓ હસતા જ રહ્યા

અને તેમાંથી કોઇ મારી સામે જોતું નહોતું. પણ તેમની નજર દૂર કોઇ એક જગ્યાએ સ્થિર હતી. મેં નક્કી કર્યું કે હું પહેલ કરી શકું તેથી મેં તેમની પહેલી હરોળના લોકો તરફ ચાલવા માંડયું જેથી તેમના નેતાને મળી શકું.

છેવટે હું ત્યાં પહોચ્યો. જો કે તેણે જે ટોપી પહેરી હતી તેનાથી તેનો ચહેરો ઢંકાયેલો હતો પણ હું જોઇ શકતો હતો કે તેનો બાંધો સુવ્યવસ્થિત હતો. ઊંચો, ટટ્ટાર અને પાતળો અને તે સખત ટટ્ટાર મુદ્રામાં શોભતો હતો.

"અહી શું કરી રહ્યા છો?" એક વખત મારા કામદારોને ધડકાવતા ખૂબ ઘેરા અવાજે મેં સવાલ કર્યો. "હું અહી ગાડી રાખવાની જગ્યામાં મારા મિત્રને મળવા આવ્યો છું. તમે શા માટે તમારા માણસોને મારી તરફ કવાયત કરાવી? હું તમારા રસ્તામાં વચ્ચે આવ્યો નથી."

"અમે તમને પૂછપરછ કરવા આવ્યા છીએ." ખૂબ કડક જવાબ મળ્યો. ""એક સવાલ અમારે તમને પૂછવો જ રહ્યો. જો તમે સાચો જવાબ આપશો તો તમારે જે કરવું હોય તે કરવા તમે સ્વતંત્ર છો. પણ જો તમારો જવાબ ખોટો હશે તો અમારે તમને જેલમાં લઇ જવા પડશે."

ચોક્કસ આ મશ્કરી જ હોવી જોઇએ. મેં ફકત એટલું જ કર્યું હતું કે મારી ગાડી તેમની જગ્યાએ ઉભી રાખી હતી. દેશના એક સૌથી મોટા વ્યવસ્થાપનનો હું સીઇઓ હતો. મેં મારા કરવેરા ભર્યા હતા અને નિયમોને અનુસર્યો હતો. હું કદાચ એક મહાન નેતા નહોતો પણ મારા પાપ એટલાં મોટા નહોતાં કે મારે માથે વોરંટ આવે.

"જુઓ, મને ખબર નથી કે આ બધું શું છે પણ મને લાગે છે કે તમે ભલતા માણસને પકડયો છે. હું વ્યાપારી છું. હું મોટી સોફટવેર કંપની ચલાવું છું. હું મારા જૂના મિત્રને મળવા આવ્યો છું. જે મને રાતે આઠ વાગે મળવાનો હતો. તે કયારેય મોડો પડતો નથી. કદાચ તમે અને તમારા માણસોએ તેને મેદાન પર જોયો હશે. તમે તેને ન જોયો હોય તેમ ન બને. તેણે લાલ સંન્યાસી ઝભ્ભો પહેર્યો હશે."

બધા માણસો પહેલાં ધીમેથી અને પછી જોરથી હસવા લાગ્યા. જે કવાયત કરાવતો સાર્જન્ટ હતો તે ચૂપ રહ્યો અને તેણે કહ્યું, ""મારે હજી પણ તમને એક સવાલ પૂછવો જરૂરી છે. મેં જેમ કહ્યું તેમ જો જવાબ સાચો હશે તો તમારે જે કરવું હોય તે કરી શકો છો."

"ભલે, હું સાંભળું છું," મેં ખૂબ નિરાશ થઇને કહ્યું.

"તમે લાકડાની રમતનો પાંચમો ટુકડો લાવ્યા છો?" સૈનિકે પૂછયું.

"સવાલ જરા ફરીથી પૂછશો?" હું ગણગણ્યો.

"તું મને સાંભળે છે, પીટર. તું લાકડાની રમતનો પાંચમો ટુકડો લાવ્યો છે? યોગી રમણની ધ્યેયનિષ્ઠ નેતૃત્વની પદ્ધતિ વિશે આપણે કેવી રીતે વાત કરી શકીએ. જો તું લાકડાની રમતનો હવે પછીનો ટુકડો ન લાવ્યો હોય તો?"

તરત જ હું તેની પાસે પહોંચી ગયો અને તે માણસના માથા પરથી લાંબા છાપરાવાળી ટોપી ખેંચી કાઢી. એ કોણ હતું તે જોઇને મને આઘાત લાગ્યો. એ જુલીયન હતો! તેણે મારી પીઠ પર ધબ્બો માર્યો અને હસ્યો જ્યારે તેના કેડેટો તેની લાંબી ઘડી કાઢેલી યોજનાનો એક ભાગ હતો, તેઓ આનંદમાં આવી ગયા.

"યેલેફોર્ડ મીલીટરી બેઝમાં તારું સ્વાગત છે, પીટર!"

"તું ન માની શકાય તેવું કરે છે, જુલીયન. તેં આ બધાને તારી સાથે કેવી રીતે મેળવી દીધા? અને તારા ઝભ્ભાનું શું થયું? મેં વિચાર્યું કે તે તું ક્યારેય કાઢીશ નહી."

"ફક્ત આવા ખાસ પ્રસંગે જ કાઢું છું," તે મરક્યો. """બેઝના કમાન્ડર અને હું જૂના મિત્રો છીએ. અમે હાવર્ડમાં સાથે હતા અને તેણે મને મદદ કરી અને મેં નક્કી કર્યું કે આમ કરવાનો આ જ યોગ્ય સમય છે."

કેડેટો બધા પાછા હરોળમાં ગોઠવાયા અને તેઓ તેમના નિવાસસ્થાન તરફ ગયા જ્યારે હું અને જુલીયન મેદાનની વચ્ચે ચાલવા લાગ્યા ત્યારે જ ઉનાળાની એ સુંદર સાંજનો સૂર્ય આથમી રહ્યો હતો. અત્યાર સુધીમાં હું શાંત થઇ ગયો હતો અને જુલીયનના નાટકમાં રહેલી રમુજીવૃત્તિ જોવાનું મેં શરૂ કર્યું.

"જો કે હું લાકડાની રમતનો પાંચમો ટુકડો લાવ્યો છું." મેં કહ્યું.

"સરસ, આજે રાતે તારા નેતૃત્વને સમૃદ્ધ કરવા જો તું ખરેખર ઇચ્છતો હોય તો બીજો એક જરૂરી પાઠ આપણે ભણશું."

"યોગ્યતા ઉપર ધ્યાન કેન્દ્રિત કરો એ ખરેખર શું છે?"

"ધાર કે મારી પાસે તારી કોઇપણ એક ઇચ્છા પૂરી કરવાની શક્તિ છે. તો તું શું માંગીશ?"

"ઘણું સહેલું છે. મોટાભાગના નેતાઓ અને સંચાલકોની જેમ હું જાણું છું કે મને વધારે સમય મળે તો ગમે ફક્ત એક કલાક વધારે મને આપ તો હું સુખી માણસ થઇ જઇશ. ઘણી બધી મીટિંગો માટે મારે જવાનું હોય છે. ઘણા બધા અહેવાલો મારે વાંચવાના હોય છે અને ઘણાં બધાં પ્રશ્નોના ઉકેલો શોધવાના હોય છે. જેથી કરીને ગ્લોબલવ્યુની પ્રગતિ માટે કરવાં જોઇતાં અગત્યનાં કામો માટે મારી પાસે સમય હોતો નથી. મારા કહેવાનો અર્થ એ છે કે મને યાદ નથી કે છેલ્લી વખત ક્યારે થોડો સમય બેસીને મારી કંપનીના ભવિષ્ય માટે મેં યોજના બનાવી હશે. હમેશાં હજારો નાના પ્રશ્નોની આગ મારે બુઝાવવાની હોય છે જેથી મને ખબર છે કે ઊંડાણવાળી બાબતો પર મારે વિચારવું જરૂરી છે પણ તે હમેશાં બીજા દિવસ પર મુલતવી રહે છે. તેથી મારી ઇચ્છા ચોક્કસ વધારે સમય માટેની જ હશે."

"તને સમજાઇ ગયું," જુલીયને જવાબ આપ્યો.

"ફક્ત આવું જ?"

"ભલે, મેં તને કહ્યું જ છે કે એ કેવી રીતે કરવું: યોગ્યતા પર ધ્યાન કેન્દ્રિત કર વધારે સમય માટેનું રહસ્ય એ જ છે કે બીનજરૂરી બાબતો પર

ધ્યાન કેન્દ્રિત ન કરવું.''

''શું એ આટલું સહેલું છે?''

''એ સહેલું જ છે. સમયને પકડી શકાતો નથી. તેથી દરેક ધ્યેયનિષ્ઠ નેતાએ આમ કરવાની ટેવ પાડવી જોઇએ. એક દિવસ મહાન સંશોધક થોમસ એડીસનને તેમની અસામાન્ય સફળતાનું રહસ્ય પૂછવામાં આવ્યું. એક ક્ષણ માટે તેમણે વિચાર્યું પછી જવાબ આપ્યો. ''તમારા શારીરિક અને માનસિક કૌશલ્યને જરા પણ ધ્યાન હટાવ્યા વગર સતત એક પ્રશ્ન ઉપર સતત કેન્દ્રિત રાખવાની આવડત.' તું આખો દિવસ કંઇને કંઇ કરે છે, ખરું?ને? બધા કરે છે, જો તું સવારે ૭ વાગે ઉઠે અને રાતે ૧૧ વાગ્યે સૂઇ જાય તો તું ૧૬ કલાક કામ કરે છે અને એટલું ચોક્કસ છે કે મોટાભાગના લોકો બધો સમય કંઇને કંઇ કરતા હોય છે. મુશ્કેલી એ છે કે તેમણે તેમનો સમય ઘણાં બધાં કાર્યો કરવામાં વાપર્યો. જ્યારે મેં મારો સમય એક જ કામ કરવામાં વાપર્યો. જો તેઓએ એ જ સમય એક જ કામ કરવાનાં ઉપયોગમાં લીધો હોત તો તેઓ સફળ રહ્યા હોત. ''

''ધ્યેયનિષ્ઠ નેતાઓને સ્પષ્ટ જ્ઞાન હોય છે કે તેમનું અંતિમ ધ્યેય શું છે અને તેના સુધી પહોંચવા માટે હકીકતમાં કઇ વસ્તુ કરવી જરૂરી છે.'' જુલીયને ચાલુ રાખ્યું. ''''તેઓ અંતકરણથી જાણતા હોય છે કે તેમની સૌથી વધારે ફાયદાકારક કઇ પ્રવૃત્તિ છે. તેમને જ્યાં પહોંચવું છે ત્યાં સુધી પહોંચવા માટે કઇ વસ્તુ જરૂરી છે અને કયું કાર્ય પ્રગતિકારક પરિણામ લાવશે. બીજું બધું તેમના કિંમતી સમયનો બગાડ છે અને તેને તેઓ મનમાંથી કાઢી નાખે છે. સમજ, પીટર, વ્યક્તિગત અસરકારકતાનું ખરું રહસ્ય ધ્યેય પ્રત્યે એકાગ્ર રહેવામાં છે. જેમકે ઇમરસને કહ્યું છે. ''એકાગ્રતા લડાઇમાં, ધંધામાં અને ટુંકમાં માનવીય કાર્યોના સંચાલનમાં શક્તિનું રહસ્ય છે.' નેતૃત્વમાં કેટલાંક કાર્યો એવાં છે જે તારી શક્તિ અને ધ્યાનને યોગ્ય હોય છે. જ્યારે કેટલાંક કાર્યો શક્તિ અને ધ્યાનને અયોગ્ય હોય છે. એક વખત કયાં કાર્યો પર એકાગ્ર રહેવું તે તું શોધી કાઢ પછી સ્વ-શિસ્તથી તે કાર્યો કર જેથી નેતા તરીકે તારી અસરકારકતા જાગૃત થશે.''

''બીઝનસ સ્કૂલમાં મને યાદ છે મેં પીટર ડ્રકરની ચેતવણી વાંચી હતી. ''કામમાં વ્યસ્ત રહેવા કરતાં પરિણામો મેળવો.' '' મેં કહ્યું.

''બરાબર અને તેણે એ પણ લખ્યું છે કે ''કોઇ વસ્તુ એટલી બિનજરૂરી નથી કેમ કે ખૂબ ધ્યાનથી અને આવડતપૂર્વક તમે એ કાર્ય કરો જે કરવું જોઇએ જ નહી.' પૂર્વના તત્વચિંતક કન્ફ્યુસીયસે આ મુદ્દાને આમ કહીને વધારે સરળ બનાવ્યો છે. ''જે માણસ બે સસલા પાછળ દોડે તે એકને પણ પકડી શકે નહી.' યોગી રમણે હજી બીજી રીતે કહ્યું છે, **''જે માણસ બધું કરવાનો પ્રયત્ન કરે છે તે કંઇ મેળવતો નથી. જેથી કામ કરાવવાનું ખરું રહસ્ય એ છે કે શું નથી કરવાનું તે પહેલાં જાણી લેવું.** ' અને નિયમ ૫ એ બધું જ કહે છે. આ નિયમ વ્યક્તિગત અસરકારકતાનો છે. તમારે શું કરવું જોઇએ અને તમારે ક્યાં જવું છે તે જાણવા માટે તમારે સમય ફાળવી લેવો જોઇએ. યોગ્યતા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા જેટલું નેતૃત્વનું શિસ્ત તમારામાં હોવું જોઇએ. તમારી ઉચ્ચતર નેતૃત્વની

અગ્રિમતાઓ માટે દષ્ટિ વિકસાવવાની જાણ તમને હોવી જોઇએ. તમે એક વખત કરો, તમે ક્યારેય તેના તે જ રહેતા નથી.''

''તું મને યોગ્ય કાર્યોનું દષ્ટાંત આપીશ?''

''એટલું ચોક્કસ છે કે તે ફક્ત તું જ નક્કી કરી શકે. હું તને એટલું કહી શકું કે જે કાર્ય કોઇપણ રીતે તારા ભવિષ્ય પ્રત્યેના ધ્યેયની નજીક લઇ જાય તેમાં ગાળેલો સમય યોગ્ય છે. કોઇપણ કાર્ય જેમાં સમયનું રોકાણ કર્યું હોય તે તમને સારો ફાયદો કરાવે અને તમે છેવટે જે સિદ્ધ કરવા માંગતા હોવ તેની નજીક લઇ જાય, તો તેને ધ્યાનમાં લેવું જ જોઇએ. આ તેં બીઝનેસ સ્કૂલમાં ભણેલા જૂના નિયમ જેવું છે કે તમારા ૨૦ ટકા કાર્યો તમને ૮૦ ટકા ઉત્પાદન આપે છે. જેથી જે વસ્તુઓ ફાયદો આપે તેના પર કેન્દ્રિત થાઓ અને તેને લગતાં કાર્યો કરો. આ તત્વનો ચમત્કાર એ છે કે યોગ્યતાને હા પાડવાથી, બિનજરૂરી કાર્યોને તમે ના જ પાડી દો છો. આમ એની મેળે જ તમે નેતૃત્વને સરળ બનાવી તમારા જીવનને યોગ્ય દિશા આપો છો.''

''મારા નેતૃત્વને સરળ બનાવવું મને તે શબ્દ જ ગમી ગયો છે.''

એક વખત ઝેન સાધુએ કહ્યું હતું તેમ, ''મોટે ભાગે લોકો દરરોજ વધારે હોંશિયાર બનવાનો પ્રયત્ન કરે છે જ્યારે હું દરરોજ સાદો અને સરળ બનવાનો પ્રયત્ન કરું છું. તમારા નેતૃત્વનું કેન્દ્ર જેટલું સાદું તેટલા તમે વધારે અસરકારક બનો છો.''

''ભલે, મને ઉચ્ચતર ફાયદાવાળાં થોડા કાર્યો કરવાનો પ્રયત્ન કરવા દે. જે મને મારા ધ્યેય પ્રત્યે જોડશે અને દબાણવાળા કારણ પ્રત્યે પ્રગતિ કરાવશે. જે આપણે થોડાં અઠવાડિયાં પહેલાં મળ્યા ત્યારે મને સમજાયાં છે. હું મારો સમય મારું ધ્યેય લોકોને કહેવામાં અને મારા લોકોને તે ધ્યેય સમજવામાં ગુજારું તો અમે બીજા લોકોની જીંદગીને સ્પર્શી શકીએ ખરા?''

''ચોક્કસ, ઉચ્ચતર ફાયદો કરાવે. સારો જવાબ આપ્યો.'' રમત જોતાં તાળીઓ પાડીએ તેમ કરતાં જુલીયને જવાબ આપ્યો.

''અમારા માણસોને પ્રોત્સાહિત કરવા માટે મારા અધિકારી- ઓ એકબીજાને પૂછે છે કે નિયમિતપણે ઇનામ આપવું અને અવિરત- પણે વખાણ કરવા માટે શું કરવું તેમાં અમે સમય પસાર કરીએ તો કેમ રહે?''

''પીટર, આ પણ સારો ખ્યાલ છે. તારી પ્રગતિ સારી છે.''

નેતૃત્વના તત્વચિંતનનું હાર્દ મેં પકડયું છે તે જાણીને જુલીયન મને શીખડાવતો હતો. જે થોડી ઘણી પ્રવૃત્તિઓ મારી નેતૃત્વની અસરકારકતા વધારી શકે એમ મને લાગ્યું તેની યાદી હું બોલી ગયો: નિયમિત સમયે યોજનાત્મક વિચારણા, સતત આયોજન અને તૈયારીઓ, વ્યક્તિગત અને વ્યવસાયિક સંબંધો બાંધવા અને વિકાસ કરવો.

''અને મજાની વાત એ છે કે'' જુલીયને કહ્યું, ''''જેટલો વધારે સમય તું આ ઉચ્ચતર ફાયદાના કાર્યો માટે કાઢીશ તેટલો ઓછો સમય તારે તારાં પેલાં

વણજોઇતાં નાના નાના આકસ્મિક અગત્યનાં કાર્યો માટે આપવો પડશે. જે માટે તારે ફરિયાદ હતી કે તારો કિંમતી સમય વપરાઇ જાય છે.''

''તે કેવી રીતે?''

''તેના પર ફક્ત વિચાર કરી જો. મોટા ભાગના નેતાઓ કરે છે તેમ સુક્ષ્મ સંચાલન કરવા કરતાં જો તું તારા દિવસો તારો સંદેશો વ્યક્ત કરવામાં અને સમૃદ્ધ સંબંધો બાંધવામાં કરીશ તો તમારી વચ્ચે ગેરસમજો અને ઝઘડા ઘટશે. લોકો જે કામ વારંવાર કરે તેમ તું ઇચ્છતો હોય તેનાં વખાણ કરવામાં અને ઇનામ આપવામાં સમય વાપરીને તારી ગુણવત્તા, ઉત્પાદનક્ષમતા અને કાર્યક્ષમતા આકાશને આંબી જશે. ફરીથી તારો સમય બચશે. જો તું તારો વધારે સમય યોજનાત્મક વિચારણા પાછળ ખર્ચીશ અને તારા જ્ઞાનને બહોળું બનાવી સુધારીશ તો તું વધારે સારો વિચારક બનીશ. જેથી કરીને તું વધારે ડાહ્યા નિર્ણયો કરીશ. ફરીથી શાણા નિર્ણયો એટલે ઓછી આપત્તિઓ એટલે તારો સમય બચશે. સંન્યાસીઓએ બતાવેલું આ બૌદ્ધિક તત્વજ્ઞાન હકીકતમાં સારું છે. હું હજી માની શકતો નથી કે એ કેટલું શક્તિશાળી છે.''

''મોટાભાગના આપણા લોકો આ રીતે કામ કરતા નથી તને તેનું કારણ શું લાગે છે?''

''સૌથી પહેલાં તો બધા એટલા વ્યસ્ત હોય છે કે તેમને એક ડગલું પાછળ ફરીને પોતાની અસરકારકતા કઇ રીતે સુધારવી તે સમજવું નથી. પણ થોરૂ એ કહ્યું છે, ''વ્યસ્ત રહેવું પૂરતું નથી, કીડીઓ પણ વ્યસ્ત હોય છે. ખરો સવાલ તો એ છે કે તમે શેના માટે આટલા વ્યસ્ત છો? મોટાભાગે લોકો કીડીની પાછળ પડી જાય છે તેઓ હાથીનો શિકાર કરતા નથી.' તને મારી ઉપમા સમજાય છે; વ્યવસાયિક અને વ્યક્તિગત હેતુઓ પૂરા કરવાની મોટી રમત પાછળ જવા કરતાં લોકો તેમના દિવસો ફાલતુ કામ પર એકાગ્ર થવામાં વાપરે છે. જેથી તેમના હેતુ તરફ વધવામાં કોઇ પ્રગતિ થતી નથી. જે વસ્તુ મહત્વની છે તેના પર તે લોકો બિલકુલ ધ્યાન કેન્દ્રિત કરતા નથી. બીજું કારણ એ છે કે તેમને સમજાતું નથી કે ક્યાંથી શરૂઆત કરવી તેઓ આટલો લાંબો સમય આમતેમ કરવામાં કાઢી નાખે છે તેમને ખ્યાલ નથી હોતો કે વાત કેવી રીતે ફેરવી તોળવી.''

''હું કાન દઇને સાંભળું છું.''

''યુક્તિ એ છે કે એક પદ્ધતિ બનાવવી, અસરકારક કાર્ય- પદ્ધતિ ચોક્કસ પરિણામો લાવે છે. હું તને શું કહેવાનો પ્રયત્ન કરું છું તે સમજ, જો તારે યોગ્યતા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું હોય તો **પહેલાં યોગ્યતા શું છે તેનો સિદ્ધાંત બનાવ.** તારે એવી પદ્ધતિ બનાવવાની જરૂર છે કે જે રોજે રોજ તને તારી ઉચ્ચકક્ષાના કાર્યોમાં સંલગ્ન કરે. ફક્ત આ જ રીતે તું ઓછી અસરકારક પ્રવૃત્તિમાંથી તારો સમય બચાવી શકીશ નહી તો આગળ જતાં તું તારું નેતૃત્વ ગુમાવી દઇશ.''

''શું યોગી રમણે તને યોગ્યતા જાણવાનો સિદ્ધાંત અને તેની પદ્ધતિ શીખવી છે?''

''હા, તેમણે શીખવી છે. તેને ધ્યેયનિષ્ઠ નેતૃત્વનું સમય સૂત્ર કહે છે. ઘણું સરળ છે. નેતૃત્વના સમયની મેં જાણેલી રીતોમાંથી આ ખૂબ અસરકારક છે.''

''તારો કહેવાનો અર્થ સમયનું સંચાલન છે.''

''ના, મારા કહેવાનો અર્થ સમયનું નેતૃત્વ છે. આજના વ્યાપારમાં દરેક ડાહ્યા માણસે સમયનું સંચાલન કરવું પડે છે. પણ ફક્ત દીર્ઘદષ્ટિવાળા જ શોધી શકે છે કે તેમના સમયને કેવી રીતે દોરવો. **ધ્યેયનિષ્ઠ નેતાઓ પાસે એ સમજવાનું ડહાપણ હોય છે કે જો તમે સમયને નહી દોરવો તો સમય તમને દોરી જશે.** ''

''રસ પડે તેવો વિચાર છે'' મેં કહ્યું, ''તો આ ધ્યેયનિષ્ઠ નેતૃત્વનું સમય સૂત્ર કઇ રીતે કામ કરે છે? લાગે છે ઘણું મુશ્કેલ.''

''એક વખત તને તેનું હાર્દ સમજાય જાય તો હકીકતમાં એ ઘણું સરળ છે. ''જાજવલ્યતાનું સૌથી ઊંચું સ્વરૂપ સાદગી છે.' મારા હિમાલયના મિત્રો કહેતા. સૌથી પહેલાં ચોક્કસ મુકરર કરેલો સમય તમારે બાજુ પર રાખવાનો, યોગી રમણ એને ''અઠવાડિક યોજનાની સાધના' કહેતા. આ સમય રવિવારે રાત્રે અથવા સોમવારે સવારે અડધો કલાક હોઇ શકે. મારું તને સૂચન છે કે તું રવિવારે રાતે રાખ. અઠવાડિયાના અંતની પ્રવૃત્તિઓ પૂરી થઇ ગઇ હોય અને તારા પોતાના માટે થોડો શાંતિનો સમય કાઢવાનું સહેલું બને.''

''સોમવારની સવાર કરતાં સહેલું છે, તેટલું નક્કી.''

''ખરું છે એક વખત તે તું નક્કી કરી લે કે દરેક અઠવાડિયે તારું આયોજન તું ક્યારે કરીશ. યોગ્યતાનો સિદ્ધાંત અનુસરવો હોય તો તેના પાંચ મુખ્ય તબક્કા છે. અને ખાત્રી કર દરેક કાર્ય જે તું આવતા અઠવાડિયે કરવાનું નક્કી કરે તે તને તારા અંતિમ ધ્યેયની નજીક લઇ જાય. પહેલો તબક્કો એટલે તારા ભવિષ્યના ધ્યેયને ફરી મળવું. શાંતિથી તારી કંપનીના જ નહી પણ તારા જીવનનું ધ્યેય વાક્ય જે તેં વિકસાવ્યું હોય તેને ફરી યાદ કર. વ્યવસાયિક અને વ્યક્તિગત અંતિમ સફળતા કેવી દેખાશે તે તાદશ કર. આથી તું ક્યાં જઇ રહ્યો છે તે તને ફરી યાદ આવશે અને ધ્યેય પ્રત્યે તારી સમજણ દઢ થશે. તું તારા ધ્યેય પર પહોંચીશ ત્યારે ગ્લોબલવ્યુ કેવી હશે? તેની સાથે તારો સંબંધ બાંધ અને તારા કૌટુંબિક જીવનમાં તારે કેવો પતિ બનવું છે અને તું કેટલો પ્રેમાળ પિતા બનવાની ઇચ્છા રાખે છે તેને યાદ કર. તે જુદી જુદી રીતે કલ્પેલું તારું ભવિષ્ય તને ઉત્સાહિત અને અગત્યના કામો પ્રત્યે કેન્દ્રિત રાખશે તે યાદ કર.''

''અત્યાર સુધી હું તારી સાથે છું. આગળ શું?''

''તબક્કો બે, પછી આ વર્ષે જે વાર્ષિક વિજય તારે મેળવવા યોગ્ય હોય તેમ તેં નક્કી કર્યું હોય તેને ફરી યાદ કરવું જરૂરી છે.''

''વાર્ષિક વિજય એટલે શું?''

''તમારો સમય વપરાયા પછી તમે જે ધ્યેય તમારા માટે નક્કી કર્યું હતું તે આંકડામાં પરિણમે છે. જે તમારા ભવિષ્યના ધ્યેય માટે આ વર્ષે થયેલી પ્રગતિ છે. એ તમારા વાર્ષિક હેતુઓ છે. તેની સાથે જોડાઇ રહ્યા પછી તને તારાં સારાં

કાર્યોની યાદ આપશે. તમે જે જગ્યાએ પહોંચવાનું પહેલાંથી જ નક્કી કરી રાખ્યું છે ત્યાં આ કાર્યો, તને અને તારી કંપનીને પહોંચાડશે. અને ત્યારે ઓછા ફાયદા-વાળાં કાર્યો તને સ્પષ્ટ દેખાવા શરૂ થશે, જેની નજીક ડાહ્યો નેતા ક્યારેય જતો નથી. આ વ્યાપારના નવા યુગ માટે એક વસ્તુ કહેવી હોય તો આપણે આપણી જાતને તેમાં શોધી શકીએ છીએ. અને નેતાઓએ ક્યારેય ન મેળવેલી વધારે ને વધારે પસંદગી તેમને મળે છે.''

''કોઇપણ દિવસ,'' જુલીયને શરૂ કર્યું. હજારો તકોની શક્યતા ચકાસવાની હોય અથવા હજારો નવા બદલાવ હકીકતમાં બદલાવવાના હોય. હજારો ચેનલો ટીવી પર જોવાની હોય અને હજારો પુસ્તકો વાંચવાના બાકી હોય. તને જે થોડો ઘણો સમય મળે તેમાં આપણે આપણને મળતી પસંદગીથી ખુશ થઇ જઇએ છીએ, તે દિવસે હું ફક્ત કરિયાણાની દુકાનમાં ગયો અને મને ખબર પડી કે ૧૫ જુદી જુદી જાતના પાંઉ મળે છે! આ બધામાં જીવન જીવવાનો એક જ રસ્તો છે કે અદ્‌ભુત પસંદગી હોવા છતાં આપણે જે યોજના પહેલેથી બનાવી હોય તેના પર સ્થિર રહેવું. જો તમારી પાસે એક યોજના હશે તો તમારી પસંદગીઓ તમે ઉભા કરેલા ચોકઠા પૂરતી સીમિત રહેશે જે તમને તમારા ધ્યેય પ્રત્યે ધકેલશે. તમે બધી પસંદગીઓ પર પ્રભુત્વ મેળવશો નહી અથવા પસંદગીના નોકર બનશો. નવલ કથાકાર તરીકે સઉલ બેલોએ લખ્યું છે, ''યોજના તમને પસંદગીની યાતનામાંથી બચાવશે!'''

''તેં આ ખૂબ જોશપૂર્વક કહ્યું.''

''સ્થિર યોજના અને સ્પષ્ટ રીતે વ્યાખ્યા કરેલા હેતુના મહત્વ વિષે વિકટર હ્યુગોએ કહ્યું છે, ''જે દરરોજ સવારે દિવસભરનાં કામોની યોજના બનાવે છે અને તે યોજના મુજબ કામ કરે છે તે એક તારમાં ગુંથાય છે. જે તેને આખા દિવસની વ્યસ્તતાની ગુંચવણમાંથી બચાવે છે. સમયની વ્યવસ્થિત ગોઠવણી, જે પ્રકાશના કિરણની જેમ વ્યક્તિના દિવસના કામોમાંથી સીધો પસાર થઇ જાય છે. પણ જ્યાં કોઇ યોજના બનાવી હોતી નથી. જ્યાં ઘડતા પ્રસંગો સમયને હવાલે આનંદથી કરવામાં આવે, તો બધું જ ભેગું થઇ એક ગોટાળો અને ગડબડ ઉભી કરે છે. જેને કોઇ વહેંચણી કે ફરીથી જોવાની જરૂર હોતી નથી' ''

''મારો મુદ્દો એ છે કે હોશિયાર નેતાઓએ તેમના સમયનો સૌથી સારો ઉપયોગ પહેલેથી જ નક્કી કરી રાખ્યો હોય છે. અને એમ કરવામાં તેઓને સામનો કરવો પડતો હોય તેવા પસંદગીના લશ્કરનું સારી રીતે સંચાલન કરી શકે છે. જ્યારે વધારે સારી વસ્તુઓ કરવી હોય તો ના પાડવી સહેલી બની જાય છે. જેમ મેં પહેલાં કહ્યું હતું તેમ કામ કઢાવી લેવાનું રહસ્ય એ છે કે શું નથી કરવાનું તેની જાણ હોય. આ પ્રાચીન યોજનાપૂર્વક નકારવાનો નિયમ છે. સમયની શરૂઆત થઇ ત્યારથી ધ્યેયનિષ્ઠ નેતા આ નિયમ પર પ્રભુત્વ કેળવે છે.''

''આ ખરેખર જીજ્ઞાસા જગાડે તેવું છે, જુલીયન. તું મને જે કહી રહ્યો છે આ યુગમાં જ્યાં ઘણાં કાર્યો કરવાના હોય છે તેમાં મહત્વના કાર્યો કરાવવા માટે આ લગભગ વૈજ્ઞાનિક પદ્ધતિ છે.''

"એ ખરું છે અને તે કારણે જ મેં આને યોગ્યતાના નિયમની પદ્ધતિનું સૂત્ર કહ્યું જે તને મદદ કરશે."

"આ પદ્ધતિનો ત્રીજો તબક્કો?" મેં પૂછયું.

"એક વખત તારા મનની આંખોની કલ્પનાથી અથવા કાગળ ઉપર લખીને તારા ભવિષ્યના ધ્યેય સાથે તું જોડાઇ જાય અને પછી આ વર્ષના તારા ખાસ વિજયો પર એક નજર ફેરવી લે પછી તારે તારી જાતને એક ખૂબ પ્રભાવશાળી સવાલ પૂછવો: "આવતા સાત દિવસમાં મારે કયા થોડા હેતુ અથવા નાની જીતો મેળવવાની છે. જેથી કરીને વ્યવસાયિક અને વ્યક્તિગત એમ બન્ને દિશામાં આ **અઠવાડિયું** મને પ્રગતિનો અહેસાસ કરાવે?' તારો જવાબ તને યોગી રમણ જેને "અઠવાડિક જીત' કહે છે તે હશે. તે હેતુઓ જેના પર અઠવાડિયા દરમ્યાન તારે એકાગ્ર રહેવાનું છે. આ સ્વ-શિસ્ત તને સૌથી સારા માટે સારું જતું કરવાનો ત્યાગ શીખવશે. આ અઠવાડિક હેતુઓ તારી શક્તિઓ અને ધ્યાનને યોગ્ય વસ્તુ પર એકાગ્ર કરશે."

"મારી અઠવાડિક જીત મને સૌથી સારા માટે સારું જતું કરવાનો ત્યાગ શીખવશે એટલે તારા કહેવાનો મતલબ શું છે?"

" **ઘણી વખત નેતાઓ તેમની સૌથી સારી ઇચ્છાઓ માટે સારી ઇચ્છાઓ જતી કરે છે.** સતત પોતાની જાતને પૂછતા રહેવું કે તેઓ પોતાના સમયનો સૌથી ઉત્તમ ઉપયોગ કરે છે એના કરતાં તેમનો સમય ફક્ત સારા કાર્યો માટે કેન્દ્રિત કરે છે. અને મને સમજ તેમાં ઘણો મોટો ફરક છે. **ધ્યેયનિષ્ઠ નેતાઓ ઉત્તમ માટે એકાગ્ર રહે છે બાકીનું અધિકારીઓને સોંપી દે છે.** આ કયારેય ભૂલતો નહી."

"અને ઉત્તમ માટે એકાગ્ર થવાથી મારો સમય તારા અઠવાડિક વિજયના તત્વમાંથી પસાર થાય છે, અઠવાડિયાનો દરેક દિવસ અને અઠવાડિયું કંઇક સિદ્ધ કરે છે, ખરું ને?"

"હા, મોટા ભાગના લોકો સમજયા વગર દિવસો પસાર થવા દે છે અને દિવસોથી અઠવાડિયાં, અઠવાડિયાંથી મહિનાઓ અને મહિનાઓથી વર્ષો પસાર થઇ જાય છે. તેઓ બીજા નંબરની વસ્તુ પ્રથમ સ્થાને મૂકે છે અને નાની વસ્તુને મોટે સ્થાને આમ ખૂબ જલ્દીથી તમારું આખું જીવન પસાર થઇ જાય છે. તેનું કારણ ફક્ત એટલું જ કે તમે તમારા દિવસને કાબૂમાં ન લીધો. જેમ કે સંન્યાસીઓ મને કહેતા, **"જો તમે જીવન માટે કાર્ય નહી કરો તો જીવન તમારા માટે કાર્ય કરશે.** ' "

"એ કેટલું સાચું છે," પ્રત્યાઘાત આપતાં મેં કહ્યું.

"એટલું જ નહી, તમે એમ પણ માનો કે દરેક દિવસ તમારા જીવનનું નાનું સ્વરૂપ છે. જીવનની શરૂઆતમાં તમે જન્મો છો અને તેના અંતે તમે મૃત્યુ પામો છો. એ જ રીતે તમારા દિવસોમાં સવારે તમે ઉઠો છો અને રાત્રે તમે સૂઇ જાઓ છો. હકીકતમાં તમે જીંદગી જીવો છો અથવા વેડફી નાંખો છો, પીટર. **જેમ તમે દિવસમાં જીવો છો તેમ જ તમે તમારું જીવન જીવો છો.** એક પણ દિવસ વેડફો નહી. ભૂતકાળ

ઇતિહાસ છે અને ભવિષ્ય એ સ્વપ્ન છે. આજનો દિવસ-વર્તમાન જ તમારી હકીકત છે.''

''તો અઠવાડિક વિજયો મેળવવાથી દરેક અઠવાડિયું મને વાર્ષિક-વિજયની નજીક પહોંચાડે છે જેથી કરીને હું ભવિષ્યના ધ્યેયની દિશામાં આગળ વધી શકું છું, ખરું ને?''

''બરાબર.''

''વાહ, આનો અર્થ એ કે જો હું આ સાદી પદ્ધતિ અપનાવું તો મારું દરેક અઠવાડિયું મને કંઇ મેળવી આપશે.''

''હા, અને તારું જીવન સંતોષની અને શક્તિની લાગણીથી ઉભરાઇ જશે. કારણ તું સમજી શકીશ કે તેં જ્યાં પહોંચવાનું સ્વપ્ન જોયું છે તે તરફ તું સતત જઇ રહ્યો છે,'' જુલીયને કહ્યું.

''તો એક વખત હું મારા અઠવાડિક વિજયો નક્કી કરું પછી શું કરવાનું?''

''ધ્યેયનિષ્ઠ નેતૃત્વના સમય-સૂત્રનો ચોથો તબક્કો એટલે તારા અઠવાડિક વિજયોનું સંકલન કરવું જે તેં તને પોતાને આપેલું વચન છે કે આવતા સાત દિવસમાં શું મેળવવાનું છે તેનું તારે દૈનિક પત્ર બનાવવું જોઇએ. જો હકીકતમાં તારા અઠવાડિક હેતુઓનું પત્રક બનાવી લખે કે તારે તારા સૌથી સારા ગ્રાહકને મળવાનું છે તને ખાત્રી છે કે તું તે કરવાનો જ છે. તારા અઠવાડિક વિજયો ઓછી મહત્વની વસ્તુઓ કરતાં પહેલાં ખાસ સમય ફાળવીને તું તારી પ્રાથમિકતા નક્કી કરીશ. સમયના નેતૃત્વનું સત્ય યાદ રાખ. **જો તારા યોજના-પત્રકમાં તારી પ્રાથમિકતાઓ મૂકવામાં નહી આવે તો બીજા લોકોની પ્રાથમિકતાઓ તારા યોજના-પત્રકમાં જગ્યા લઇ લેશે.** હું જે સૂચન કરું છું તે સાદા સમયની યોજનાનું શિસ્ત પાળવાથી તારો દરેક દિવસ તને તારા ભવિષ્યના ધ્યેયની વધારે નજીકથી જોડશે. મેળવવાની જીંદગીમાં આ છેલ્લું ઓજાર છે.''

''મને લાગે છે કે ખરી તકલીફ યોજનાને પકડી કામ કરવામાં છે. એક વખત તમારા દિવસો વ્યસ્ત બની જાય ખાસ કરીને ત્યારે, આવું મારી સાથે થાય છે.''

''તે ખરું છે. **સમયના નેતૃત્વની સોનાની ચાવી એ છે કે કામ કરવાની યોજના તમે બનાવી છે, હકીકતમાં જ્યારે તે કામ કરવાની યોજના તમે પાર પાડો છો.** નેતૃત્વના તત્વજ્ઞાનના બીજા નિયમોની જેમ જ મેં તને શીખવ્યું તેમ દરેક વસ્તુની શરૂઆત સ્વ-શિસ્ત જ છે.''

''ખરેખર?''

''એમ જ, સ્વ-શિસ્ત ધ્યેયનિષ્ઠ નેતૃત્વનું ડીએનએ છે. સ્વ-શિસ્ત એ ઉત્તમમાં ઉત્તમ સામાન્ય ટેવ છે. સ્વ-શિસ્ત નેતાને જ્ઞાનથી કર્મની પેલે પાર લઇ જાય છે. જેમ મેં તને કહ્યું તેમ તું શું જાણે છે એ મહત્વનું નથી. સફળતા તું જે જાણે છે તેના ઉપર કાર્ય કરવાથી મળે છે. અને સ્વ-શિસ્ત જ ધ્યેયનિષ્ઠ નેતાને તેના કાર્ય તરફ ધકેલે છે.''

જ્યારે હું મોટો થઇ રહ્યો હતો ત્યારે મારા પિતા શિસ્ત અને જાત પરના કાબૂના મહત્વની વાતો કરતા હતા, મને હજી યાદ છે એ મને કહેતા કે, " **જેટલા તમે તમારી જાત પ્રત્યે કડક બનશો તેટલું જીવન તમારી સાથે સહેલું બનશે.** ' અને જુલીયનના શબ્દોમાં કહીએ તો મારા પિતાનો "વિડિયો કહેવાનું અને કરવાનું એક જ હતું.' અઠવાડિયાના દરેક દિવસે તેઓ સવારે પાંચ વાગે ઉઠી જતા. તેઓ ધુમ્રપાન કે મદ્યપાન કરતા નહી અને સાદી પણ સ્વમાનપૂર્વકની જીંદગી જીવતા. તેઓ કયારેય બીજાનું ખરાબ બોલ્યા નથી. અને તેમણે આપેલાં વચનો હમેશાં પાળ્યા છે. તેઓ હકીકતમાં માનતા કે મોટાભાગે લોકો અનુભવતા અસંતોષનું મૂળ શિસ્તની અવહેલનામાં છે. પછી તેનો અર્થ ખાવા-પીવામાં જાત પર કાબુ ન હોવો અથવા મહત્વના સંબંધો ન સાચવવા અથવા પોતાનાં સપનાંને સચ્ચાઇમાં બદલવાની અને ખતરો ઉઠાવવાની હિંમત ન હોવી. "કદાચ એટલે જ તેમને મને આ મિલિટરી બેઇઝમાં લાવવું ગમતું હતું,' એમ મેં વિચાર્યું. આ સૈનિકો શિસ્તનું ઉદાહરણ છે. તેમને વસ્તુઓ કેમ કરવી તે શીખવવામાં આવે છે અને તેમની જાણ મુજબ જે વસ્તુ સાચી હોય તેને કયારેય ન છોડવી. તેઓ એક યોજના બનાવે છે અને તેને પૂરી કરવા તેમની બધી આંતરિક શક્તિ લગાવી દે છે. મેં મારા વિચારો જુલીયનને કહ્યા.

"બસ આટલા માટે જ આજે સાંજે હું તને અહી લાવ્યો છું." મારી સમજથી ખુશ થઇને તેણે જવાબ આપ્યો."""યોગ્યતા ઉપર ધ્યાન કેન્દ્રિત રાખોનો નિયમ પુષ્કળ સ્વ-શિસ્ત અને ઊંડી સમજણ માંગે છે. **સૌથી મોટું યુદ્ધ તો આપણે પોતાની જાત સાથે લડીએ છીએ.** આ સૈનિકો અને તેમનાં નિર્મિત કાર્યો તેમને સદા જાગૃત અને તેમની પોતાની તરફ કડક બનાવે છે. તે તને સતત એની યાદ અપાવશે. જો, પીટર, આ આયોજન પદ્ધતિ જે હું તને કહી રહ્યો છું તે ઉત્તમ ફાયદો આપે તેવું કાર્ય છે અને જ્યારે કાર્ય કરવાનું આવે ત્યારે દબાણવશ તું કંઇ બીજું જ કરે તો આ સમયની સંપૂર્ણ બરબાદી જ છે. **લાંબાગાળાની યોજનાનો કોઇ અર્થ નથી જો એ યોજના મુજબ તમે કયારેય કામ કરવાના ન હોવ.** જ્યારે ઘણા બધા અવરોધોને કાર્યમાં મૂકવા સહેલા હોય. ત્યારે તમે જે આયોજન કર્યું હોય તેના પર કાર્ય કરવું હમેશાં સહેલું નથી એ હું જાણું છું. સફળ માણસોને કાર્યો કરવાની ટેવ હોય છે જે અસફળ માણસો કરતા નથી. આ સફળ નિબંધકાર ઇ. એમ. ગ્રેએ કહ્યું છે. જરૂરી નથી કે તેઓ જે કાર્ય કરે છે તે તેમને ગમે છે. પણ તેમના ધ્યેય માટે ન ગમવું એ ગૌણ બાબત છે. ઓગણીસમી સદીના અંગ્રેજી લેખક થોમસ હેન્રી હકલે પણ આવા જ કંઇ તારણ ઉપર આવી કહે છે, "કદાચ મોટાભાગના બધા અભ્યાસનું કિંમતી પરિણામ છે, તમારે જે કરવાનું છે તે તમે જાતે કરો તેની આવડત હોવી. જ્યારે એ કરવાનું જ છે, તમને ગમે કે ન ગમે."

"આ ખૂબ જ પ્રભાવશાળી નોંધ છે, જુલીયન." હિંમત માટે કહી શકાય. જે આપણે કરવાનું જ છે તે કરવું. પછી ભલે તે કરવું આપણને ન ગમતું હોય. **આ મતનો વિરોધ કરવો સહેલો છે અને આ મત પસંદ કરવો એ સન્માનનીય અને યોગ્ય કાર્ય છે.** હું એમ કહેતો નથી કે તમે બદલાવ નહી. જો કોઇ કાર્ય અચાનક કરવું પડે તો તે ચોક્કસ સમયે તમારા સમયનો સૌથી સારો ઉપયોગ હોય તે કરો. બદલાવના સંચાલન માટેની ચર્ચા વખતે મેં કહ્યું હતું તેમ સંજોગો મુજબ બદલાવું

એ ધ્યેયનિષ્ઠ નેતૃત્વની ખૂબ મહત્વની શિસ્ત છે. પણ ફક્ત એટલું ખાસ કરવું કે મોટે ભાગે તમારો સમય યોગ્ય અને કરવા જેવાં કાર્યો પર કેન્દ્રિત રહે.''

''તો ફરી આપણે ધ્યેયનિષ્ઠ નેતૃત્વના સમય-સૂત્ર ઉપર આવીએ. મારે મારા અઠવાડિક વિજયો લખવા અને દૈનિક યોજના મુજબ કાર્યો ગોઠવવા પછી તે કાર્યો કરવા માટે મારે સ્વ-શિસ્ત અને હિંમત બતાવવી જરૂરી છે?''

''હા અને ના.''

''જુલીયન, મસ્તી ન કર. હું ગંભીરતાથી વાત કરું છું. મારે આ પદ્ધતિ શીખવી જરૂરી છે. મને લાગે છે કે સંન્યાસીઓ કોઇ ખૂબ શક્તિશાળી વાત કરતા હશે.''

''હું હા કહીશ કારણકે તારાં અઠવાડિક વિજયો તારા વ્યવસ્થા પત્રકમાં નોંધવા જરૂરી છે. હું ના કહું છું કારણ તે જરા વધારે સભ્ય અને આધુનિક છે. હું તેને એક સાંયોગિક પદ્ધતિ કહું છું. **જેમાં તારાં અઠવાડિક વિજયોએ તારાં દૈનિક સમયના આયોજનમાં કેટલો સમય લીધો તેની સાથે સરખાવવું.** ''

''લાગે છે તો ખૂબ સારી,'' મેં જવાબ આપ્યો.

''અઠવાડિક હેતુઓને નક્કી કરવાનો અને ખાત્રીપૂર્વક તેં કાર્યો કરવાની યોજના બનાવી છે ત્યારે હકીકતમાં તેને પૂરાં કરવાની આ એક સંપૂર્ણ નવી રીત છે. જ્યારે ધ્યેયનિષ્ઠ નેતા બનવા માટે જોઇતું સ્વ-શિસ્ત તારી પાસે ન હોય તો તેના માટે જરૂરી સ્વ-શિસ્ત કેળવવાનો આ સારો રસ્તો છે. આયોજનાત્મક સમયનું રોકાણ તારી વ્યક્તગત અસરકારકતા અને ઉત્પાદન ક્ષમતામાં આમૂલન ફેરફાર કરશે. મોટાભાગના નેતાઓ એક ભયંકર રોગથી પીડાય છે. તને કંઇ ખ્યાલ છે કે એ રોગને શું કહે છે?''

''મને જરાપણ ખ્યાલ નથી જુલીયન''

''હું જે રોગની વાત કરી રહ્યો છું તેને ''છેતરામણી એકાગ્રતા' ના રોગથી જાણી શકાય અને આ માનવજાતમાં જાણીતા રોગોમાં સૌથી ખતરનાક રોગ છે. વ્યક્તિગત એકાગ્રતાને ઓછી કરીને અને બધાં લોકો સાથે બધાં કામ કરવાનો પ્રયત્ન કરવાથી નેતાઓ કશું કરી શકતા નથી. તેમનું ધ્યાન ઓછું કરવાથી અને ઘણાં બધાં કામ ઘણી બધી દિશામાં કરવાથી તેઓ તેમના સારાપણાનો ભોગ બને છે. યોગ્યતા ઉપર ધ્યાન કેન્દ્રિત કરો અને આ યોગ્ય વ્યક્તિ જ તમારી નેતૃત્વશક્તિને મુક્ત કરશે. જે તને તારે જે કાર્યો કરવાં છે અને જેનાં તે સપનાં જોયાં છે તે કરવાનો સમય આપે છે. અને આયોજનાત્મક સમયનું રોકાણ તને એમ કરવામાં મદદ કરશે.''

''ભલે, તો હું એ કેવી રીતે કરી શકીશ?''

''સૌથી પહેલાં અઠવાડિયાના જુદા જુદા દિવસોને જુદા જુદા ક્ષેત્રનું કામ સોંપવું જરૂરી છે. આ લગભગ એવું છે કે તું દરેક દિવસના વિષયનું લીબુ બનાવી દે અને પછી તેમાં ખાસ કાર્યોનો રસ ઢાળે. જો તું એમ કરે તો તારે તારા દિવસો હજારો જુદાં જુદાં કાર્યો કરવામાં બગાડવા પડશે નહી. તેના બદલે દરેક દિવસ તું કોઇ એક કાર્યક્ષેત્ર ઉપર એકાગ્ર હોઇશ. અને પછી તેના માટે સમય ફાળવ.

સોમવારે તારે તારા કામદારોના પ્રશ્નો અને તેમને અપાતાં ઉત્સાહવર્ધકો ઉપર એકાગ્ર રહેવું. તું સોમવારને માનવીય સંબંધોનો દિવસ કહી શકે. પછી ધ્યાન રાખ કે અઠવાડિયાના બીજા કોઇ દિવસ એ વિષય ન લેતાં જે દિવસ મુકરર કર્યો હોય તે દિવસે જ તે કામ કરવું. તે દિવસે વેચાણના પ્રશ્નો અથવા નવા પદાર્થના વિકાસના વિચારો કરવા નહી. એકાગ્ર રહે. પછી મંગળવારને તું વ્યાપાર વિકાસનો દિવસ કહી શકે. ફરીથી તે દિવસ નવો ધંધો ઉભો કરવા માટે જ અનામત રાખવો. બુધવાર તું વેચાણ અથવા નાણાં બાબતના પ્રશ્નો માટે અનામત રાખી શકે. ગુરુવાર તારા માટે ખાલી દિવસ રાખવો જેથી નવી ઉભી થતી કટોકટીનો સામનો કરવા અથવા સામાન્ય ઓફીસને લગતા પ્રશ્નોનો સામનો કરવા અથવા જે કોઇને જરૂર હોય તેના માટે તું નવરો હોય.''

''અને શુક્રવારનું શું? મારે એ દિવસને શેના માટે મુકરર કરવો?''

''તે દિવસે તું કોઇપણ યોગ્ય ક્ષેત્રમાં તને એકાગ્ર થવા જેવું લાગે તેના માટે રાખવો. જેમ મેં કહ્યું તેમ અઠવાડિયું જેમ તને બંધબેસતું હોય એ રીતે જરૂરિયાત મુજબ ગોઠવવું. **સમયને તમારો માલિક બનાવવા કરતાં સમયને તમારો નોકર બનાવો.** તેમ છતાં મારું સૂચન છે કે શુક્રવાર તારે નવાં કાર્યો કરવાનો દિવસ રાખવો. એ દિવસે તારે તારા નેતૃત્વને ફરીથી ચકાસી જોવું અને કારભારી તરીકે તારે ફરી ગોઠવાવું. તારા બધા અઠવાડિક વિજયો માટેનો સમય ગોઠવવો. તું એને યોજનાઓના વિચારોમાં અને કંપનીના તારા ભવિષ્યના ધ્યેયને સ્પષ્ટ કરવામાં વિતાવી શકે છે. તું ભવિષ્યની યોજનાની તૈયારીની પ્રાથમિકતા આપી શકે છે. તું નેતૃત્વના સેમીનારમાં જઇ શકે અથવા વ્યક્તિગત વિકાસના શિક્ષકને બોલાવી શીખી શકે. તું જે ચોપાનિયાનું લવાજમ ભરે છે પણ ભાગ્યે જ વાંચવાનો સમય મળે છે તો તે વાંચી શકે છે. જેથી તું સંચાલનની કોઇ નવી ચોપડી વાંચી શકે અને બીજા તબક્કામાં ગ્લોબલવ્યુ તેની કાયાપલટ કેવી રીતે કરી શકે તેનો ખ્યાલ કરી શકે. અથવા તું તારા અધિકારીઓ સાથે ઝંઝાવાતી ચર્ચા કરી શકે. હું જે સમયના નેતૃત્વની વાત કરું છું. તેનાથી તારી બધી સારી ઇચ્છાઓને હકીકતમાં પરિણમતી જોઇશ. યોજનાત્મક સમયનું રોકાણ એટલે શું એ તને સમજાય છે? ''

''સમજાય છે, આ મુદ્દાથી અગત્યના કાર્યો માટે મારો સમય એકાગ્ર બને છે અને જેમ તું અને તારા મહાન વિચારકો કહો છો. એકાગ્ર પ્રયત્ન અને યોગ્યતા ઉપર ધ્યાન કેન્દ્રિત રાખવાથી જીવનમાં અર્થપૂર્ણ કાર્યો કરી શકાય છે. દરરોજ હજારો જુદી દિશાઓમાં જુદાં કાર્યો અડધા કાળજાથી કરીને હું તનાવથી ખેંચાઇ નહી જાઉં. મારે હવે પછી મારાં શરૂ કરેલાં કાર્યો અધૂરાં છોડવાં પડશે નહી અને બીજી નવી આગ ઠંડી કરવા ભાગવું પડશે નહી. હવે મારા દિવસો અઠવાડિક ચક્રને અનુસરી ચોક્કસ ક્ષેત્રમાં નક્કી કરેલું કામ કરીને અને યોગ્ય કાર્યો કરી અમારા ધ્યેયની નજીક જવામાં કેન્દ્રિત રહેશે. આ પદ્ધતિથી બધી મહત્વની મોટી પ્રવૃત્તિ કરવાનો સમય મને મળી રહેશે, જેવાં કે મારી કલ્પનાશક્તિની ઉપર જોર આપવું અને યોજનાત્મક વિચારણા કરવી. હું ખરેખર આનાથી પ્રભાવિત થયો છું. હવે આનો પ્રયત્ન કરવા માટે હું રાહ જોઇ શકું તેમ નથી.''

"તો, મને ટૂંકમાં કહેવા દે," જુલીયને મને કાપતાં કહ્યું. ધ્યેયનિષ્ઠ નેતૃત્વના સમય સૂત્રના પાંચ તબક્કા છે. સૌથી પહેલાં તારે અઠવાડિક યોજના કરવી અને થોડો સમય કાઢી એટલે રવિવારે રાત્રે તારા ધ્યેય સાથે જોડાવું. તારું ધ્યેય તારી વ્યક્તિગત દીવાદાંડી બનશે જે તને યોગ્ય દોરવણી આપી તારું કાર્ય યોગ્ય દિશામાં રાખશે. બીજા તબક્કામાં તારે વાર્ષિક વિજયોની ફેર વિચારણા કરી, આ વર્ષે આગળ વધવા માટે પહેલેથી નક્કી કરેલાં ધ્યેયો પૂરાં કરવાં જરૂરી છે. ત્રીજા તબક્કામાં અઠવાડિક વિજયો અથવા સુક્ષ્મ હેતુઓની હારમાળા સર્જવી અને તે અઠવાડિયાં દરમ્યાન તેને પૂરી કરવી. એક વખત તમારા અઠવાડિક વિજયો તમારી પાસે તૈયાર હોય તો ચોથા તબક્કામાં યોજનાત્મક સમયમાં રોકાણની પદ્ધતિથી તમારે તમારા રોજે રોજના કાર્યો તે દિવસે પૂરાં કરવાં. અઠવાડિયાનો દરેક દિવસ કોઇ એક કાર્યક્ષેત્ર માટે મુકરર કરવો. દરેક પ્રવૃત્તિ માટે ખાસ દિવસ નક્કી કરી તારે ખાત્રીપૂર્વક તે દિવસે તે કાર્ય કરવું જ. એક વખત તું આ પ્રયોગ ત્રણથી ચાર અઠવાડિયાં કરીશ તો બધું સરળ થઇ જશે."

"અને પાંચમા તબક્કાનું શું?"

"પાંચમા તબક્કાને યોગી રમણે "નિયમિત પરિવર્તનનો' તબક્કો કહ્યો છે. " **પરિવર્તન એ ડહાપણની મા છે.** ' પીટર કયારેય એ ભૂલતો નહી. અને જો તમારી પાસે ડહાપણ હોય તો તમે યોગ્ય પસંદગી કરો છો. જે બદલામાં વ્યવસાયિક અને વ્યક્તિગત બંને રીતે તમારું જીવન સમૃદ્ધ બનાવે છે. દર રવિવારે રાતે જે રીતે તું આવતા અઠવાડિયાનું આયોજન કરે તેમ જ થોડી ક્ષણો માટે પાછલા અઠવાડિયામાં તે કેવી જીંદગી જીવી તે પણ જોઇ લેવું જરૂરી છે. જ્યારે તમે કંઇ કરવાનું આયોજન કર્યું છે તો તે કાર્ય તમે કર્યું કે નહી? જો નથી કર્યું તો શા માટે? જો એ અઠવાડિયું તમને ફરીથી મળે તો કેટલી જુદી રીતે તેને તમે પસાર કરો? તમે ખરેખર "યોગ્યતા પર ધ્યાન કેન્દ્રિત' કર્યું હતું? સજાગતા બદલાવની પહેલાં આવે છે. અને તમે કઇ પ્રવૃત્તિ કરવામાં સમય વાપર્યો તેની સજાગતા ન હોય તો તમારી શક્તિઓથી હજી વધારે યોગ્ય કામ થઇ શકે તેવું તમે કયારેય શોધી શકશો નહી. તમે તમારો સમય કેવી રીતે પસાર કર્યો તેના પર પરિવર્તિત થવાથી આવતે અઠવાડિયે તમે ફક્ત વધારે અસરકારક જ નહી બનો પણ તમે તમારી જાતને પણ જાણી શકશો."

"શું મોટે ભાગે લોકો તેમને પોતાને ઓળખતા નથી?"

"નથી જ ઓળખતા. મોટાભાગના લોકોને તેમની શક્તિઓ અને નબળાઇઓનો કોઇ ખ્યાલ હોતો નથી. તેના પરિણામસ્વરૂપ તેઓ (તેમના જીવન પર્યંત) એકની એક ભૂલ વારંવાર કરે છે. પરિવર્તિત થવા માટે સમય કાઢીને તમે જાણો છો કે તમે કેવી નેતાગીરી કરો છો અને કેવું જીવો છો. આમ દરેક અઠવાડિયે તમે બધા મહત્વના સુધારા કરી શકો છો. જેથી કરીને તમે નેતા તરીકે અને માણસ તરીકે પ્રગતિ કરી શકો છો. યાદ રાખ, મારા દોસ્ત ભૂલ કરવામાં કશું ખોટું નથી. ભૂલ થવાથી આપણે વધારે ડાહ્યા અને પ્રૌઢ બનીએ છીએ. પણ સતત એ જ ભૂલ કરતા રહીએ તો ચોક્કસ કંઇ ખોટું થાય છે. તે ડહાપણની ખામી દર્શાવે છે. તેના બદલે **ભૂતકાળની ભૂલોને ભવિષ્યની સફળતાથી સમતોલ કરો.**

તમારા ભૂતકાળને તમને શીખવવા દો. ધ્યેયનિષ્ઠ નેતાઓની આ એક મહાન આવડત છે. અને અસરકારક જીવનના મૂળભૂત તત્વોમાંનું આ એક છે. નિયમિત પરિવર્તન કરવાથી ટેવ પડી જાય છે. જેમ સેનેકાએ કહ્યું છે ''જ્યાં સુધી તમે જીવતા હોવ ત્યાં સુધી કેમ જીવવું તે શીખતા રહો.'

હવે અંધકાર આકાશને ભરી રહ્યો છે અને વાતાવરણમાં દેડકાં અને તમરાં બોલે છે. હું આજની સાંજ જુલીયન સાથે ખરેખર માણી રહ્યો હતો. બે જૂના મિત્રો તારા મઢયા આકાશ નીચે શાંતિથી બેસીને એકબીજાના સાનિધ્યને માણી રહ્યા હતા અને નેતૃત્વ અને જીવન જેવા મોટા પ્રશ્નો ઉપર ચર્ચા કરતા હતા. મને આશ્ચર્ય થતું હતું કે આ બધાં ઉપર મેં પહેલાં વિચાર કેમ ન કર્યો. જે વસ્તુનું ખરેખર મહત્વ છે તેના પર વિચાર કરવા માટે ખરેખર હું એટલો વ્યસ્ત હતો અને મારી પાસે સમય નહોતો?

થોડાં અઠવાડિયાં પહેલાં મારા ગુલાબનાં બગીચામાં મારી ઓફીસની બહાર જુલીયન દેખાયો ત્યારથી ગ્લોબલવ્યુમાં નોંધપાત્ર બદલાવ આવવા લાગ્યો હતો. તેના નેતૃત્વના ડહાપણે મને ઉંઘમાંથી જગાડયો છે અને એની મારે ખૂબ જરૂર હતી. જો મારા વ્યવસ્થાપને વિશ્વકક્ષાનું બિરૂદ મેળવવું હોય તો મારે શું કરવું તે પણ બતાવ્યું. તેના ઘણા પાઠ અને તત્વો મેં કામે લગાડયા છે. મારી સંપૂર્ણ સંચાલક ટુકડીને ધ્યેયનિષ્ઠ નેતૃત્વ શીખવ્યું છે. જે અત્યાર સુધી જુલીયને મને શીખવ્યાં છે અને જે બદલાવ મેં જોયો છે તે વખાણવા લાયક છે.

લોકોમાં નવો ઉત્સાહ જાગ્યો છે. મેં તેમને કહેલા મારા ભવિષ્યના ધ્યેયથી તેઓ પ્રોત્સાહિત થયા છે અને તેઓ માનવા લાગ્યા છે કે કંઇક અર્થપૂર્ણના તેઓ એક ભાગ છે. મેં કેટલાક કામદારોને કહેતા સાંભળ્યા કે વર્ષોમાં પહેલી વાર તેમને કોઇએ સાંભળ્યા છે અને તેમના ભલાને સમજયું છે. અમારો નવો ઇનામ અને વખાણનો પ્રોગ્રામ અમારો પહેલો ''ઘેલછા દિવસ' હતો. અમે લોકોને ભેગાં કરી નજીક લાવવાનું શરૂ કર્યું જેથી અમે બદલાવનું સંચાલન અમારા ફાયદામાં કરી શકીએ.

ખૂબ ઊંડા સંશોધન પછી તે સમય દરમ્યાન મેં મારામાં કેટલાંક વ્યક્તિગત સુધારા કર્યા. જુલીયનનું ડહાપણ મારા જીવનમાં ઉતાર્યા પછી મને નેતા તરીકેનો મારો પાઠ સમજાયો જે ''લોકોની શક્તિઓ વધારવી'' અને તેમને વિકસવા માટે સ્વતંત્રતા પૂરી પાડવી જેથી અમે ગ્લોબલવ્યુના સપનાં પૂરા કરી શકીએ. હવે મારા જીવનમાં પહેલીવાર વચન પાળવાનું મહત્વ સમજાયું, ''જોશપૂર્વક સાંભળવું.'' ''સતત દયાળુ બનવું'' અને ''ઝનૂનથી પ્રામાણિક બનવું'' એ જુલીયન ને ગમતા શબ્દો હતા! અને મારા સ્વભાવનું સંચાલન કરવામાં મહેનત કરવા માંડી. મારા પ્રયત્નોથી આખી દુનિયા બદલાઇ ગઇ. મારી પત્ની સમન્થાએ મારામાં બદલાવ નોંધ્યો. જુલીયન તદ્ન સાચો હતો જ્યારે તેણે કહ્યું કે વ્યવસ્થાપનમાં ઉભી થતી મુશ્કેલીઓ માટે મારે બીજાઓને જવાબદાર માનવા ન જોઇએ અને અસફળતાની જવાબદારી મારે પોતે લેવી જોઇએ. તેણે કહ્યું હતું, ''મહાન નેતૃત્વના પહેલાં મહાન અનુસરણ આવે છે.''

કામ કરવાની લગન આકાશને આંબી ગઇ. વફાદારી અને કામ પુરું કરવાનો નિશ્ચય પાછો આવ્યો. ઘણાં વર્ષો પહેલાં હતાં તેટલા લોકો ઉત્પાદક બન્યા. તેઓ કંપનીના ભાગીદાર હોય તે રીતે વાત કરવા લાગ્યા છે. જાણે તેમણે કંપનીમાં મૂડી રોકાણ કર્યું હોય અને તેઓ જાતે ધંધામાં હોય. મને તે ગમ્યું. અમારી નવી સૂચન પદ્ધતિમાં ઇ-મેઇલ દ્વારા ગ્લોબલવ્યુમાં સુધારા કરવા માટેના વિચારોનું સંચાલન કરવું હતું. જેથી ઘણાં આશ્ચર્યજનક સંશોધનો થયા જેથી કિંમત ઘટી, અસરકારકતા વધી. અમારા ગ્રાહકોને સારી સેવા મળી અને અમે અમારા ભવિષ્યના ધ્યેય પ્રત્યે આગળ વધ્યા. જે કામદારોએ આવાં સૂચનો કર્યા તેમને પૂરતાં ઇનામો અને વખાણ મળે તેનું અમે ધ્યાન રાખ્યું છે. હિમાલયના સંન્યાસીઓએ જુલીયનને શીખવેલા નેતૃત્વના ડહાપણની પદ્ધતિ એ અમને ખરેખર આશ્ચર્યજનક મદદ કરી. ''જુલીયન, તું તારાઓ સામે શા માટે જોયા કરે છે?'' ફરીથી તેણે એ પ્રકાશિત તારા તરફ જોવાનું ચાલું કર્યું તેથી મેં તેને પૂછયું. ''તે કહ્યું હતું કે તું મને તે કહીશ.''

''હું તને કહીશ, પણ હજી સમય પાકયો નથી. એ સમય જલ્દી આવશે કારણ યોગી રમણની ધ્યેયનિષ્ઠ નેતૃત્વ પદ્ધતિ અંતની નજીક છે. અત્યારે હું એટલું જ કહીશ કે એ મારો મિત્ર છે. મારા હૃદય રોગ અને એ બધાંથી છેલ્લાં થોડા વર્ષોમાં મેં ઘણું વેઠયું છે તે તું જાણે છે. વ્યવસાયિક દુનિયા છોડવી એ મારી જાત પરના વિશ્વાસનું ખૂબ મોટું કાર્ય હતું અને ઘણું બધું મેં પાછળ મૂકી દીધું છે.''

''જેમ કે પેલી સુંદર ફેરારી ગાડી.'' મેં યાદ અપાવ્યું.

''ફેરારીની જેમ જ આ તારાઓએ મને ઘણી મદદ કરી છે.'' જુલીયને આભાર પ્રદર્શિત કર્યો.

મને હજી ખ્યાલ આવતો ન હતો કે જુલીયન શું બોલી રહ્યો છે પણ એ તારા સાથેનો તેનો સંબંધ કહેવાની તેની અનિચ્છા જોઇને મેં તેના પર દબાણ ન કર્યું.

તે રાતે હું પથારીમાં પડયો અને સમન્થાને બાઝી પડયો પણ મારા વિચારો જુલીયનની આજુબાજુ ફરતા રહ્યા. આ વ્યવસાયિક દુનિયાનો સૌથી મોટો કલાકાર મૃત્યુના આરે આવીને ઉભો હતો. પછી તેણે બધું જ છોડી દીધું અને એને ખ્યાલ હતો કે તેનામાં ડહાપણની ખામી છે. તે એવા ડહાપણની શોધમાં ચાલી નીકળ્યો. એ માણસ ભારત ગયો અને પછી હિમાલયમાં ગયો અને એ જેને શોધતો હતો તે ન મળ્યું ત્યાં સુધી ભટકયો. શિવાનાના સંન્યાસીઓએ એને યુવાની અને સુખનું રહસ્ય સમજાવ્યું. તેઓએ એને ધ્યેયનિષ્ઠ નેતૃત્વના નિયમો પણ શીખવ્યા. એક વ્યકિત તરીકે જે બદલાવ તેના જીવનમાં આવ્યો તે ચમત્કારથી કંઇ ઓછું નહોતું. હવે મને લાગવા લાગ્યું કે નેતા તરીકે હું જે બદલાવમાંથી પસાર થઇ રહ્યો છું તે પણ એક આશ્ચર્ય છે. હું મારા પલંગની નજીકના ટેબલ પાસે ગયો અને રાતના પ્રકાશમાં શોધવા લાગ્યો. મારા ચશ્માની બાજુમાં ખૂબ સંભાળથી મૂકેલી એક વસ્તુ સામે જોઇ રહ્યો. એ લાકડાની વસ્તુ હતી અને એ મને જુલીયને આપી હતી. જ્યારે અમે મીલીટરી બેઝમાંથી છૂટા પડતા હતા ત્યારે અમે મળ્યા ત્યારથી ચાલતા લાકડાંના ચોગઠાંનો એ એક બીજો ટુકડો હતો. ફરીથી એક વખત તેના

પર કરેલા ઓછા રંગના ચિતરામણને હું સમજયો નહી. ફરીથી તેના પર કોતરેલું હતું. તે ફક્ત વંચાતું હતું. **નિયમ - ૬ : નેતા તારી જાતને દોર.**

પ્રકરણ ૯ જ્ઞાન સારાંશ શ્રી જુલીયનનું ડહાપણ ટૂંકમાં

નિયમ

તત્વ વ્યક્તિગત અસરકારકતાનો નિયમ

ડહાપણ

- વ્યક્તિગત અસરકારકતાનું રહસ્ય ધ્યેય પર એકાગ્ર રહેવામાં છે.
- કામ કરાવવાની કળા છે, જેમાં શું નથી કરવાનું તે જરૂરથી જાણી લો.
- જો તમે તમારા સમયને દોરતા નથી તો સમય તમને દોરશે.
- તમારા યોજના પત્રકમાં જો તમે તમારી પ્રાથમિકતા અને સમયનું આયોજન નહીં કરો. તો બીજા લોકોની પ્રાથમિકતાઓ તમારા યોજના પત્રકમાં આવી જશે.

સાધના

- ધ્યેયનિષ્ઠ નેતાનું સમય-સૂત્ર
- આયોજનાત્મક સમયનું રોકાણ

સુવાકય તમારા દરેકે દરેક દિવસનું મહત્વ ક્યારેય ભૂલો નહીં. જેમ તમારા દિવસો તમે જીવો છો. તેમજ તમે તમારું જીવન જીવો છો. એક પણ દિવસ બગાડો નહીં. ભૂતકાળ ઈતિહાસ છે તો ભવિષ્યકાળ સ્વપ્ન છે. આજનો દિવસ, વર્તમાન, ખરેખર તમારા હાથમાં છે.

નિયમ ૬

નેતા તારી જાતને દોર

પ્રકરણ : ૧૦

સ્વ-નેતૃત્વનો નિયમ

બીજા કરતાં હોંશિયાર અને સારા બનવામાં કંઇ નવાઇ નથી. સાચી ઉદાત્તતા તો પોતાની પહેલાંની જાત કરતાં હોંશિયાર અને સારા બનવામાં છે.

પ્રાચીન ભારતની કહેવત.

દેશના આ બાજુના ભાગમાં માઉન્ટ પેરસીવલ એ સૌથી ઊંચું શિખર છે. આ પ્રદેશમાં સૌથી ખતરનાક ચઢાણ માટે જાણીતો છે, પર્વતારોહકો અને સાહસિકો તેના ઉત્તર તરફ ચઢાણને લીધે ઘણા મોટા પ્રમાણમાં અહી આવે છે. થોડાં વર્ષો પહેલાં, આ શિખર સર કરવાના પ્રયત્નમાં મારા એક સદ્કાર્યકરના દીકરાએ જાન ગુમાવ્યો હતો. તે અને તેના સાત સાથીદારો ઠંડીથી થીજી જઇ મૃત્યુ પામ્યા હતા. તેઓ શિખરથી લગભગ ૨૦૦ ફૂટ જ દૂર હતા. મને સમજણ પડતી નહોતી કે જુલીયન શા માટે મને ત્યાં મળવા માંગતો હતો.

જ્યારે મારી ગાડીમાં હું મહામાર્ગ પર જતો હતો જે મને પર્વતની નજીક લઇ જતો હતો. ત્યાં ઘણાં પ્રવાસીઓ અને ચઢવાવાળા આવે છે ત્યારે મને સમજાયું કે હું જુલીયનના નિયમિત શિક્ષણ માટે અહી આવ્યો છું. અમારી દરેક મુલાકાત વ્યવસ્થાપનના આમૂલ બદલાવના શક્તિશાળી પાઠો અને નેતૃત્વના ડહાપણના પાઠોથી ફક્ત સમૃદ્ધ નહોતા પણ તેઓ બધા નાના-સાહસો હતા. જે મને મારી સલામતીના કવચમાંથી બહાર કાઢતા હતા. એમ જુલીયન કહેતો. અને વિચારો અને આ કાર્યોનો નવો રસ્તો હતો. મને ખ્યાલ આવ્યો કે તે લાંબો વખત એક જગ્યાએ રહેતો નહોતો કારણ સંન્યાસીઓએ શીખવેલું તત્વજ્ઞાન તે દુનિયાના આ ભાગમાં ફેલાવવા માટે કૃતનિશ્ચયી હતો. અને હું જાણતો હતો કે જ્યારે એ મને છોડીને જશે ત્યારે એ મને ખૂબ યાદ આવશે.

ગાડીમાં હું એ દેશમાં પહોંચ્યો તો એ જગ્યા દુનિયાભરના લોકોથી ભરેલો હતો. આજનો દિવસ સારો હતો. મેં જુલીયનને શોધી કાઢયો. પાછલી વખત કરતાં જુદો, આજે તેણે તેનો પરંપરાગત માણેક જેવા લાલ રંગનો ઝભ્ભો પહેર્યો હતો અને તેણે સારાં ચપ્પલ પણ પહેર્યા હતા. હમેશાંની જેમ તેનો ચહેરો બુદ્ધિમતા અને તંદુરસ્તીથી ચમકતો હતો. અને પહેલાંના દરેક પ્રસંગની જેમ તેના ચહેરા પર સ્મિત હતું. મારા માટે હજી પણ માનવું થોડું મુશ્કેલ હતું કે આ યુવાન દેખાતો માણસ જુલીયન માન્ટલે છે જે એક વખત સખત દારૂ પીતો હતો. ખૂબ ઝડપી ધંધાકીય જીવન જીવતો માણસ હતો કે જે ખીચોખીચ ભરેલી કોર્ટમાં ખૂબ મોટો હૃદયનો હુમલો થવાથી પડી ગયો હતો.

"અભિનંદન, પીટર!" જુલીયને તેની હમેશાંની જીજ્ઞાસાથી કહ્યું. "અહી પર્વતમાં દિવસ ઘણો ચઢી ગયો છે." તેણે ચોખ્ખી હવાનો ઊંડો શ્વાસ તેનાં

ફેફસાંમાં ભરતા કહ્યું, ""જાણે મને લાગે છે કે હું પાછો હિમાલયમાં યોગી રમણ અને મારા બીજા શિક્ષકોની વચ્ચે આવી ગયો છું.''

''તને તેમનો સાથ યાદ આવે છે?''

''ખૂબ જ. તેઓ ખૂબ દયાળુ હતા અને અત્યાર સુધી જેટલાં સ્ત્રી - પુરુષો મેં જોયાં છે તેમાં સૌથી વધારે આપવાવાળા હતા. તેઓએ મને તેમના નાના કુટુંબના એક ભાગની જેમ જ રાખ્યો હતો અને મને લાગતું કે તેઓ મારા છે. કુદરતી તળાવની એ સુંદરતા, શાંતિ અને જ્ઞાનના એ દિવસોમાં મારું જીવન ખરેખર સુંદર હતું. મેં તેમને વચન આપ્યું હતું અને તેને પૂરું કરવા માટે મેં આયોજન કર્યું છે. મારી બાકીની જીંદગી હું વ્યવસાયમાં અને જીવનમાં નેતૃત્વના વિચારો ફેલાવવામાં ગાળી અને હું મારી ફરજ બજાવીશ. અને ખાત્રીપૂર્વક કરીશ કે આ શાશ્વત સંદેશો જેણે સાંભળવાની જરૂર છે તે બધા સુધી પહોંચ્યો છે.''

''હું બીજો સવાલ પૂછીશ તો વાંધો નથી ને?''

''ના, રે ના,'' કેબલ કારથી પર્વત પર જવા માટેની ટિકિટ ખરીદવા માટે ચાલતાં જુલીયને જવાબ આપ્યો.

''આપણે ત્યાં ઉપર શા માટે જઇએ છીએ?'', મેં શિખર તરફ જોવા માટે મારી ડોક લંબાવતાં પૂછયું.

''કારણ ત્યાં નેતૃત્વનો નવો પાઠ હું તને ભણાવવા માંગું છું અને એ જગ્યા એના માટે યોગ્ય છે.'' અમે પર્વત પર ચઢયા ત્યાં સુધી અમારા બંનેમાંથી કોઇ કંઇ બોલ્યું નહી. આ દશ્યની સુંદરતા શ્વાસ થંભાવી દે તેવી હતી જેને શાંતિથી અને સંપૂર્ણતાથી અને કુદરતની ભેટનું આ જોડાણ મન હરનારું હતું. મને આશ્ચર્ય થતું હતું કે મેં વારંવાર મારી ઓફના લાકડાથી બનેલી ઓફીસ કેમ ન છોડી અને જીવનનાં સાદાં આનંદને કેમ ન માણ્યો. છેવટે, હું સમન્થા અને બાળકોને શનિ-રવિમાં અહી લાવી શકયો હોત. મારે તેમની સાથે વધારે સમય ગાળવાની જરૂર છે. અને મેં જાણ્યું કે આમ ફરવાથી મારા દિવસો વધારે બહોળી લાગણીવાળા બનશે અને મારાં અઠવાડિયાં જોશથી ભરાઇ જશે.

અમે અડધો કલાક એકધારું ઉપર ચઢયા હશું અને એ કેબલ-કાર ઓચિંતાની અટકી ગઇ અને માઇક પર એક અવાજ આવ્યો ""બહાર નીકળો.'' જે શબ્દ મેં ક્યારેય સાંભળ્યો નહોતો અને મારે સાંભળવો પણ નથી. જુલીયન આ જગ્યાથી પરિચિત હતો, તેણે મને બરફવાળા રસ્તા ઉપર ચલાવ્યો જેની બંને બાજુએ જાડાં દોરડાં બાંધેલા હતાં. હું શાંતિથી મારા દોસ્તની પાછળ ચાલ્યો, મને આ માણસમાં વિશ્વાસ હતો, કારણ તેના મનમાં મારું ભલું કરવાનો વિચાર હતો. છેવટે અમારે જ્યાં પહોંચવાનું હતું ત્યાં અમે પહોંચ્યા. અને એના જેવું દશ્ય હજી મેં જોયું નથી.

અમે જે ખડક પર ઉભા હતા ત્યાંથી આખો પ્રદેશ અને નાના પહાડો દેખાતા હતા. જેઓ વાદળાંઓને ઢાંકતા હતા નહી તો આકાશ ચોખ્ખું હતું. મને ખરેખર ઇચ્છા થઇ કે સમન્થા અને બાળકો મારી સાથે હોય. આ દશ્યથી તેઓ આનંદમાં

આવી ગયા હોત. આ સ્વર્ગ જેવી જગ્યામાં મને ખૂબ શાંતિ લાગી અને આ લાગણી મેં મારા યુવાન સાથીદાર સાથે વહેંચી.

''હું જાણું છું તું શું કહે છે, મારા દોસ્ત. તું શું કહેવાં માંગે છે.''

થોડી ક્ષણો આ દશ્યમાં ભિંજાયા પછી જુલીયને તેનો પાઠ શરૂ કર્યો.

''નિયમ ૬ એ ખૂબ અગત્યનો છે. પીટર ધ્યેય-નિષ્ઠ નેતા તેની રોજેરોજ સાધના કરે છે. થોડા દિવસો માટે પણ જો તેઓ તેમ ન કરે તો તેમની દષ્ટિ ખલાસ થઇ જાય છે અને તેમની અસરકારકતા ગુમાવે છે.''

''નેતા પોતાની જાતને દોરે છે તેનો ખરો અર્થ શું?'' એમ પૂછતાં મેં મારા હલકા ભૂરા રંગના જેકેટમાંથી છઠ્ઠો ટુકડો કાઢયો અને તેને ખૂબ નજીકથી જોવા લાગ્યો.

''છઠ્ઠો નિયમ સ્વ-નેતૃત્વનો નિયમ છે. દુ:ખની વાત છે કે દુનિયાના આ ભાગમાં સ્વ-નેતૃત્વનું શિસ્ત ખૂબ નકારાયું છે. અને છતાં તેના મૂળમાંથી ધંધા અને જીવનની બધી સફળતા બહાર આવે છે.''

''શું સ્વ-નેતૃત્વ એ સ્વ-વિકાસ બંને સરખાં છે?''

''એ એના કરતાં ઘણું વધારે છે. સર એડમન્ડ હિલેરી, જેમ કે તું જાણે છે માઉન્ટ એવરેસ્ટના શિખર પર સૌથી પહેલાં પહોંચ્યા હતા, તેમણે સરસ કહ્યું છે.''આપણે પર્વતને નથી જીતતા પણ આપણી પોતાની જાતને જીતીએ છીએ.' તે જ ખરેખર સ્વ-નેતૃત્વનો અર્થ છે. આનો અર્થ પોતાની જાતને જીતવી અને પ્રભુત્વ મેળવવું.''

''રસ પડે છે.''

''મોટા ભાગના નેતાઓ માને છે કે અસરકારકતા અને શ્રેષ્ઠતા બહારના તત્વોમાંથી આવે છે જેવાં કે કાર્યદક્ષ કામદારો અથવા અદ્યતન ટેકનોલોજીનો ઉપયોગ વગેરે. ધ્યેયનિષ્ઠ નેતાઓએ સૈકાઓથી જાણેલું સત્ય એ છે કે સફળતા કાર્યની અંદર છે. શ્રેષ્ઠતા તમારામાં આવે છે. બજારનું નેતૃત્વ સ્વ-નેતૃત્વથી શરૂ થાય છે.''

પર્વતની સ્વચ્છ તાજી હવાને ઊંડા શ્વાસમાં ભરીને જુલીયને ચાલુ રાખ્યું. ''જો, પીટર, તું વ્યવસ્થાપનને કેવી રીતે દોરી શકે જો તું તારી જાતને દોરવાનું જાણતો ન હોય તો?'' જો તેં પોતે સ્વ-શિક્ષણની કલા પર પ્રભુત્વ ન મેળવ્યું હોય તો તું તારી ટુકડીને કેવી રીતે શીખવી શકે? જો તેં તારી જાતના સંચાલન કૌશલ્યને ક્યારેય જાણ્યું ન હોય તો તું બીજાનું સંચાલન કેવી રીતે કરી શકે?''

''મારા પિતા કહેતા જો તમે ખુશ ન હોવ તો તમે બીજાને ખુશ રાખી શકતા નથી.''

''બરાબર છે. ગોથેએ આ જ રીતે આ મુદ્દો કહ્યો છે. જ્યારે તેણે લખ્યું ''તમે કંઇ કરો તે પહેલાં તમારે કંઇ બનવું જોઇએ!' જો તમે દરરોજ સવારે દુ:ખ અને નિરાશાની લાગણી અનુભવો તો તમે બીજાને પ્રોત્સાહન પુરું પાડનાર નેતા ન બની શકો. જો તમારામાં જોશની ખામી હોય અને તમે પાછળ રહી જાઓ. જો તમે

તમારા કામદારોને વિજય માટે આગળ ધકેલી શકો નહી. જો તમે આખો દિવસ તેમના પર રાડોને બૂમો પાડતા હોવ તો તમે તેમના હૃદય જીતી શકો નહી અને તેમના મનમાં જોમ ભરી શકો નહી. યાદ રાખ. તને કોઇ બીજો માણસ ગમે તે પહેલાં તને તારી જાત ગમવી જોઇએ. **બહારની સફળતા આંતરમનમાં શરૂ થાય છે.** ''

''જ્યારે હું વકીલાતનું ભણતો હતો ત્યારે મારા ગમતા પ્રાધ્યાપકે કહેલી વાર્તા જેવું છે,'' જુલીયને ઉમેર્યું. ''''એક રાતે આખો દિવસ ઓફીસમાં કામ કર્યા પછી એક પિતા તેના છાપાં સાથે બેઠો હતો. તેનો દીકરો જેને તેની સાથે રમવું હતું તેથી તેને હલાવતો રહ્યો. છેવટે કંટાળીને બાપે છાપાંમાના દુનિયાના નકશાને ફાડયો અને તેના ટુકડા કર્યા અને કહ્યું, ''જો દીકરા, આ ટુકડામાંથી પાછો નકશો બનાવી દે.' પિતાને લાગ્યું કે આ ટુકડા આ છોકરાને પોતે છાપુ વાંચી લેશે ત્યાં સુધી વ્યસ્ત રાખશે. તેના આશ્ચર્ય વચ્ચે એક મિનિટમાં છોકરો નકશા સાથે પાછો આવ્યો, અને આખો નકશો સાચો હતો. આશ્ચર્યમાં ડૂબેલા પિતાએ તેને પૂછયું આ તેણે કેવી રીતે કર્યું. બાળક ધીમેથી હસ્યું અને બોલ્યું, ''આ નકશાની બીજી બાજુ માણસનું ચિત્ર હતું, તેથી એક વખત મેં માણસને ગોઠવી દીધો કે દુનિયા ગોઠવાઇ ગઇ.'

''તેથી બોધ એ છે કે બહારની સફળતા ખરેખર અંદરથી શરૂ થાય છે. જાત સાથે મેળાપ કરવાથી તેનો પ્રારંભ થાય છે. અને જો હું તેમ કરું તો મારી દુનિયા સલામત રહેશે. ખરૂં ને?''

''હા, પીટર, બરાબર.''

''શું તારું કહેવું એમ છે કે પોતાના પર પ્રભુત્વ એ મારો એક મહત્વનો હેતુ બનાવવો?''

''એના માટે પ્રતિજ્ઞા કર.''

''એથી શો ફેર પડે છે?''

''હેતુ એ છે કે તું કંઇ કરવાનું નક્કી કરે છે. એ એક સકારાત્મક ઇચ્છા છે કે ભવિષ્યમાં તારે કંઇ મેળવવાની યોજના છે. મને સંન્યાસીઓ પાસેથી જાણવા મળ્યું છે કે પ્રતિજ્ઞા તેના કરતાં કંઇ વધારે અર્થવાળી છે. જો તું પ્રતિજ્ઞા કરે એટલે તારે કરવું જ રહ્યું. તારા વ્યકિતત્વને સાબિત કરવા પણ તારે તારું વચન પાળવું પડે. તેમાં ન કરવા માટે કોઇ સ્થાન જ નથી. પ્રતિજ્ઞા કરવાથી અસફળ રહેવાનું તને માન્ય નથી.''

''સ્વ-નેતૃત્વ ખરેખર આટલું મહત્વનું છે?''

''ચોક્કસ. બધા મહાન વિચારકોને આ સત્યની જાણ હોય છે. સેનેકાએ કહ્યું છે, ''પોતાની જાત પર પ્રભુત્વ મેળવવું એ સૌથી મોટો વિજય છે.' જ્યારે કન્ફ્યુશિયસે લખ્યું છે કે ''સારા લોકો અવિરતપણે પોતાને શકિતશાળી બનાવે છે.' ''માણસ પોતાની જાતે બને છે કે બગડે છે.' આ જેમ્સ એલનનું સંશોધન છે. જ્યારે છઠ્ઠી સદીના ચીની સેનાપતિ સુન ત્ઝૂએ કહ્યું છે કે ''હાર સામે આપણી

જાતને સલામત રાખવી એ આપણાં હાથમાં છે.' અરે, આધુનિક નેતૃત્વના તત્વચિંતક પીટર ડ્રકરે લખ્યું છે, ''વ્યવસ્થાપનના વિકાસના કેન્દ્રમાં અસરકારક અધિકારીએ સ્વ-વિકાસ કરવો જોઇએ. પછી એ ધંધો હોય, સરકારી સંસ્થા હોય, સંશોધનની પ્રયોગશાળા હોય, હોસ્પિટલ હોય અથવા સંરક્ષણ સેવાઓ હોય. વ્યવસ્થાપનની કાર્યશક્તિ માટે એક રીત છે.''

''તું જો, મારા દોસ્ત, પ્રાચીન સમયનો સૌથી ગમે તેવો માનવતાનો સિધ્ધાંત છે કે **આપણે દુનિયાને જેમ છે તેમ જોતા નથી પણ આપણે જેવા છીએ તેમ જોઇએ છીએ.** આપણે કોણ છીએ તેની વ્યાખ્યા કરીને, સુવ્યવસ્થિત થઇને અને સુધરીને, આપણે દુનિયાને ખૂબ ઉદા્ત અને પ્રકાશમય દષ્ટિથી જોઇએ છીએ. જાત ઉપર પ્રભુત્વ મેળવીને, આપણે દુનિયા અને તેની અગણિત તકો અને શકયતાઓને પર્વતની નીચેથી જોવાને બદલે પર્વતના શિખર પરથી જોઇએ છીએ. તમે શ્રેષ્ઠતા માટે કટિબદ્ધ રહો. તમારા પોતાનાં ધોરણો ઊંચા કરો. બધું લોકોનું ધ્યાન ખેંચે તેટલી સારી રીતે કરવાનો આગ્રહ રાખો. **જો નાની વસ્તુ માટે તમે મધ્યમ માર્ગ અપનાવશો તો તો મોટી વસ્તુ માટે પણ મધ્યમ માર્ગ પર તમે સ્થિર થવાની શરૂઆત કરશો. અને ટોચના વ્યકિતગત કાર્ય કરતાં કંઇ પણ ઓછું કરવાનો જાગૃત પ્રયાસ એટલે અજાણતાં તમે નબળા વ્યકિતગત કાર્યને ચલાવો છો.**

નેતૃત્વના ડહાપણનો આ મુખ્ય ટુકડો મને સમજાતાં હું ક્ષિતિજને તાકી રહ્યો. મેં સ્વ-સુધારણા વિષે વિચારવા જરાપણ સમય લીધો નહોતો. મેં ઘણા અધિકારીઓને વ્યકિતગત વિકાસની ચોપડીઓ વાંચતા જોયા હતા. દા.ત. એસ અ મેન થીન્કેથ, યુનિવર્સિટી ઓફ સકસેસ, થીન્ક એન્ડ ગ્રો રીચ, સાઇકો-સાયબરનેટીક્સ અને મેઘાલીવીગ મારી વિમાનની મુસાફરીમાં હું શાંતિથી વિચારતો ''ભગવાનની કૃપાથી મારે આ બધું કરવાની જરૂર નથી,' અને ધારી લેતો કે આ બધા વ્યવસાયિક અથવા વ્યકિતગત હોનારતથી પીડાય છે. મને હવે સમજાય છે કે જેઓ અસરકારક રીતે બીજાઓને સંભાળી શકે છે તેઓ ડાહ્યા છે. જ્યારે જેઓ પોતાના પર પ્રભુત્વ મેળવે તે પ્રકાશમય છે. કોઇપણ વ્યવસ્થાપનને માટે સૌથી અગત્યનું કામ નેતા એ કરી શકે કે પહેલાં પોતે સુધરે. મારા પિતા સાચા હતા. તમે ખુશ ન હોવ તો તમે ખુશ કરી શકતા નથી. જો તમારા વિચારો મહાન ન હોય તો તમારા માટે મહાન કાર્યો કરવાં શકય નથી. મારે જે કંઇ મેળવવું છે તે મેળવવા માટે મારે જાતે ગંભીરતાપૂર્વક વિકાસ કરવો જોઇએ તેને માટે જુલીયને કહ્યું તેમ મારે પ્રતિજ્ઞા કરવી જોઇએ. મારે યોગ્યતા ઉપર ધ્યાન કેન્દ્રિત રાખવું જોઇએ અને મારા આંતરિક જીવનને નવાં અસરકારક સ્તરે લઇ જવા માટે સમય કાઢવો જોઇએ.

''હવે તને સમજાય છે હું તને શા માટે આ પર્વત પર લઇ આવ્યો છું? બીજાઓ પર નેતૃત્વ મેળવવા માટે ખરા અર્થમાં તમારી જાત પર તમારે નેતૃત્વ કરવું જોઇએ.'' જુલીયને કહ્યું ''તારે તારો પોતાનો પર્વત ચઢવાનો છે અને શિખર પર પહોંચવાનું છે અને આ કાર્યમાં તારે તારી જાત પર વિજય મેળવવાનો છે. શા માટે કંઇ ખોટું થઇ રહ્યું છે તેનાં બહાના તારે આપવાનાં નથી અને બદલાવની જવાબદારી માથે લેવાની છે. ધ્યેયનિષ્ઠ નેતાઓ બહાના-મુકત હોય છે.''

''બહાનાં-મુક્ત એટલે તું શું કહેવા માંગે છે?'' મેં પૂછયું.

''સરકારી વકીલ હોવાથી મને હજારો સાક્ષીઓને સવાલો પૂછવાની તક મળી છે. તેઓ ગમે તેટલા ગુનેગાર હોય પણ બધાં એક જ વાત કહે છે. તેઓ બધાં એક બહાનું લઇને આવે છે કે જેથી તેમનો ગુનો બીજાના માથે નાંખી શકાય. એક વખત પણ તેઓ સરળતાથી અને સ્પષ્ટતાથી કબૂલ કરતા નથી. એ બધો મારો ગુનો છે, હું ખોટો હતો, હું દિલગીર છું.''

''આ બધા બહાનાં છે.''

''બરાબર. પણ ધ્યેયનિષ્ઠ નેતા તેમના પોતાના માલિક હોય છે, અને તેમના ભાગ્યના પણ. તેઓ જાણે છે કે કંપનીમાં કામ પ્રત્યેની લગનનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો, તો સવાલ તેમના નેતૃત્વમાં છે. તેઓ સમજે છે કે તેમના સંબંધોમાં ઊંડાણ અને હૂંફની ખામી છે તો તે ખામી તેમની પોતાની છે. તેમને જાણ છે કે તેમના વ્યક્તિગત વિજયો અસામાન્ય કરતાં ઓછા હોય તો તેમના વિચારો અને કાર્યો તેઓ કરે છે તે ઉત્તમ કરતાં ઓછાં જ હોય છે. તેથી હું કહું છું કે ધ્યેયનિષ્ઠ નેતાઓનું વ્યક્તિતત્વ બહાના-મુક્ત હોવું જોઇએ. તેમના વ્યક્તિતત્વની શક્તિથી તે સમજે છે કે છેવટે તેઓ તેમના ભવિષ્યને કાબૂમાં રાખે છે અને તેમની બહારની જીંદગી તેમની આંતરિક જીંદગી પર આધાર રાખે છે.''

''જેમ કે કોઇ મહાન પર્વતને માપતાં હોઇએ'', જુલીયને ઉત્સાહપૂર્વક ઉમેર્યું, ''તારાં આંતરમનમાં તું વધારે ઊંચે જઇશ તો તું વધારે જોઇશ. જેટલું વધારે તું જાણીશ કે માણસ નેતા અને કાર્યકર્તા તરીકે તું કોણ અને શું છે તેટલું વધારે મૂલ્ય તું તારી આજુબાજુની દુનિયામાં ઉમેરી શકીશ. માણસ માટે સૌથી દુ:ખની વાત એ છે કે તેને પોતાની ખબર નથી. તેને ખ્યાલ નથી કે જીવનમાં તેને શું મેળવવાનું છે. જો તેનામાં સ્વ-પ્રભુત્વના શિસ્તથી પોતાની સંપૂર્ણ શક્તિઓ કામે લગાડવાની તાકાત આવે તો. ઘણાં બધાં લોકો તેમની શક્તિઓ કરતાં ઘણું નીચું જીવે છે. એક વખત વર્ડ્ઝવર્થે લખ્યું હતું, ''દુનિયા ઘણી આપણી સાથે છે, વહેલી અને મોડી/ મેળવવામાં અને ખર્ચવામાં આપણે આપણી શક્તિઓ વેડફતાં હોઇએ/આપણે ઘણું થોડું કુદરતમાં જોઇએ છીએ/આપણે આપણાં હૃદય આપી દીધાં છે. એક વણજોઇતો આશીર્વાદ!' હું જે મુદ્દો કહેવા માંગું છું તેં ખૂબ સાદી રીતે પણ કહી શકાય : **તારું દુન્યવી નેતૃત્વ તારા જીવનના નેતૃત્વથી શરૂ થાય છે.**

પછી જુલીયન ત્યાં પડેલા લાકડાના બાંકડા નજીક ગયો અને બેસી ગયો. તેની આંખો બંધ કરીને ફરીથી તેણે ઠંડી અને સ્વચ્છ પર્વતીય હવા શ્વાસમાં લેવા માંડી. તેણે સ્વ-નેતૃત્વના તેને ગમતા વિષય પર બોલતાં પહેલાં પોરો ખાધો.

''પીટર, મને આ જગ્યા ખરેખર ગમે છે. જ્યારથી હું હિમાલયમાંથી પાછો ફર્યો છું હું કદાચ અહી પચાસ વખત આવી ગયો હોઇશ. આનાથી મારું મન સ્પષ્ટ રહે છે. સંન્યાસીઓ સાથેનું જીવન એટલું પવિત્ર અને શાંતિમય હતું. જ્યારે તેઓ સખત ઉત્પાદન કરતા હતા. તેમના વિજયો ખૂબ ઉચ્ચકક્ષાના હતા. હવે જ્યારે હું પાછો આવ્યો છું ત્યારે મારે સતત ધ્યાન રાખવું પડે છે કે આપણી ગાંડપણની દોડ,

આ કૂતરા જેવો સમાજ એ બધાંમાં હું ખેંચાઇ ન જાઉં એ મારે કબૂલ કરવું જ રહ્યું.''

''મને પણ એમ જ લાગે છે,'' મેં જવાબ આપ્યો ''મારો કહેવાનો મતલબ છે કે મારી ઓફીસમાં જે દોડ ચાલી રહી છે તે ગાંડા કરી મૂકે છે. ઘણી વખત હું જંગલી માણસ બની જાઉં છું. તું જાણે છે મારી કાર્યકારી મદદનીશ એરીલે આવતા તેર મહિના સુધીની મારી એપોઇન્ટમેન્ટ નક્કી કરી નાંખી છે? કેટલા માણસોને મારે મળવું અને કેટલું કામ કરવું તેના આંકડા માન્યામાં ન આવે તેવા છે. જો કે ધ્યેયનિષ્ઠ નેતાનું સમય-સૂત્ર જે તે મને શીખવ્યું છે તેથી યોગ્યતા ઉપર ધ્યાન કેન્દ્રિત કરી હું થોડો મુક્ત થઇ શકું પણ હજી મને તણાવની લાગણી થાય છે.''

''આનાથી હું સ્વ-નેતૃત્વના પહેલાં પાંચ પ્રાચીન મત તારી સામે મૂકું છું. આ મત શાશ્વત ડહાપણનાં સૂત્રો છે જે યોગી રમણે મને વ્યક્તિગત પ્રભુત્વ માટે શીખવ્યા છે. જે માનવ શ્રેષ્ઠતા અને આંતરિક નેતૃત્વ માટેની ઉત્તમ સાધના છે. યોગી રમણે જોયું કે હૃદયના હુમલામાંથી પહોંચ્યો ત્યારે મારી સ્થિતિ સારી નહોતી. તેથી તેમણે મને તત્વજ્ઞાનની એક પછી એક પધ્ધતિ કહી અને મારી અંદરની દુનિયાને પાછી યોગ્ય સ્થિતિમાં લાવવાની તાલીમ આપી. આ પ્રયોગ માં અપનાવ્યો ત્યારે જે બદલાવ આવ્યો તે દર્શનીય હતો. વ્યવસાયિક મોટો માણસ થવાથી જે મદહોશી માં ગુમાવી હતી તે પાછી આવી. આટલા વખતથી જે ચિંતા કરવાની ટેવે મને પકડી રાખ્યો હતો તેના પર માં વિજય મેળવ્યો. મારી શક્તિઓ વધવા લાગી. હાવર્ડ લો સ્કુલમાં હું જેવો આદર્શવાદી વિદ્યાર્થી હતો તેવું મને ફરી લાગવા લાગ્યું. અને હું દેખાતો હતો તેથી ઘણો નાનો દેખાવા લાગ્યો.''

''મશ્કરી નહી,'' મેં હસીને કહ્યું. ''તે દિવસે મેં તને મારા ગુલાબના બગીચામાં જોયો ત્યારે મને લાગ્યું કે કોઇ બાળક છે. તારું પરિવર્તન આશ્ચર્ય પમાડે છે તે એ કેવી રીતે કર્યું તે સાંભળવું મને ગમશે સ્વ-નેતૃત્વનો પહેલો મત શું છે?''

''પહેલો મત વ્યક્તિગત નાવિન્ય છે. બધા ધ્યેયનિષ્ઠ નેતાઓ તેમનામાં નિયમિત નાવિન્ય આણે છે. તેઓ તેમના શરીરમાં નવી શક્તિ અને મનમાં જોશ આણવા માટે સમય કાઢે છે. આ માહિતી પ્રધાન યુગમાં આપણે જીવીએ છીએ જેમાં નેતાઓ અને સંચાલકોને વધારે હોંશિયારી, ઝડપ અને સખત કામ થોડા પ્રયત્નોથી કરવું હોય છે. આ ગાંડપણભરી દોડમાં તમે જે હરીફાઇમાં ટકી રહેવા માટે કરો છો તે તમારા વિચારો લાગણીઓ અને કાર્ય પદ્ધતિ પર અસર કરે છે. પણ તમારે યાદ રાખવું જરૂરી છે કે દિવસને અંતે તમે જે અસરકારકતા ગુમાવો છો અને અત્યંત થાક અનુભવો છો તે ખરેખર તનાવને લીધે નથી.''

''તેને લીધે નથી?''

''''ના, મોટા ભાગના નેતાઓ અને સંચાલકોને ખરેખર નુકશાનકારક એ છે કે ફરજિયાત તનાવનો તેઓ સામનો કરે છે તેમાંથી થોડો આરામ મેળવી લેવાની અણઆવડત. જેમ મેં તને પહેલાં કહ્યું હતું, બદલાવ સાથે થોડી ચિંતા જોડાયેલી હોય છે, અને આજના ધંધામાં બદલાવ મહત્વની શક્તિ છે. આ નવા અર્થતંત્રમાં ટકી રહેવા માટે તમારે સખત મહેનત કરવી પડે અને ઊંચા ધ્યેય રાખવા પડે.

પણ વધારે પડતું કામ કરવાથી ગુણો અવગુણ બની જાય છે અને વધારે કામને કુરસદ કાઢીને સમતોલ કરવું પડે છે. ઉત્તમ ઉપાય એ છે કે નિયમિતપણે સ્વ-નવીનતાની પ્રવૃત્તિ કરી આરામ કરવો. જેમ કે ચીની તત્વચિંતક લાઓત્ઝૂએ કહ્યું છે. "આરામમાંથી દરેક કાર્ય ઉદ્‌ભવે છે. એ જ અંતિમ સત્ય છે.' આનાથી તું તનાવમુક્ત રહીશ અને તું લાંબા સમય સુધી તારી શક્તિ અને રચનાત્મકતાની ઉંચી કક્ષા જાળવી શકીશ. હું અઠવાડિક પગારવાળી રજાઓ ને વધારે પ્રાથમિકતા આપવાનું તને સૂચન કરું છું."

"અઠવાડિક પગારવાળી રજાઓ એટલે શું?"

"જૂના વખતમાં લોકો દરેક કાર્યરત અઠવાડિયાના અંતે એક દિવસ આરામનો રાખતા હતા. આ પગારવાળો રજાનો દિવસ કહેવાતો. જેથી કરીને આરામ મળે, કુટુંબ સાથે રહી શકો, તમારા શોખ પૂરા કરી શકો. અને આધ્યાત્મિક પ્રવૃત્તિ કરી શકો. આના પરિણામસ્વરૂપ કામદારો નવું અઠવાડિયું પૂરતી શક્તિ, ઉત્સાહ અને કામ કરવાના જોશ સાથે શરૂ કરે છે, જેથી કરીને તેમના કાર્યમાં આવતા અનિવાર્ય પ્રશ્નોનો સામનો કરવા તેઓ તૈયાર હોય છે. મોટાભાગના લોકો અને મહેનતુ અધિકારીઓ પરંપરાગત રીતે માને છે કે ઉચ્ચ-પદ પ્રાપ્ત કરવા માટે સતત કામ કરવું એ જ એક રસ્તો છે. જ્યારે તેમને અલ્સર, માઇગ્રેન અથવા હાર્ટએટેક આવે છે ત્યારે તેઓ જાગે છે અને તેમના કામ અને જીવનની પદ્ધતિ બદલાવાનું શરૂ કરે છે. બદનસીબીથી ક્યારેક એ ઘણું મોટું થઇ જાય છે. મારું માન, મારા દોસ્ત હું મારા જાત અનુભવથી બોલી રહ્યો છું."

"એટલે મારું સૂચન છે," જુલીયને ચાલુ રાખ્યું, "કે કેટલાક ગંભીર સ્વ-નાવિન્ય માટે દરેક અઠવાડિયે તમારે સમય ફાળવવો જોઇએ. તમારી બેટરીને રી-ચાર્જ કરવામાં ગાળેલો સમય ક્યારેય નકામો જતો નથી પણ એ રોજેરોજના કાર્યની ટોચની કાર્યક્ષમતા માટે જરૂરી છે. આનંદ કરવો અને રચનાત્મકતા વધારવી જોઇએ. યોગ્ય આનંદમાં સમય વ્યતીત કરવો એટલે તમે શક્તિશાળી, હોંશિયાર અને સારા નેતા બનો છો. અબ્રાહમ્ લિંકને આ વાતને બરાબર સમજી છે જ્યારે તેમણે લખ્યું, "જો મારે આઠ કલાક લાકડા ફાડવાના હોય તો, છ કલાક હું કુહાડીને તીક્ષ્ણ કરવામાં કાઢું.' "

"હું જે રીતે કામ કરું છું તેને તું શું કહીશ. હું ક્યારેય રજા પર જતો નથી અને મારા માટે અઠવાડિયાની રજા પણ હોતી નથી. મારી BMW ની જેમ દિવસો સુધી જરાપણ સમય બગાડયા વગર કે અટકયા વગર કામ કરું છું."

"સાચું છે. **સ્વ-નાવિન્યના મત પ્રમાણે સમય લીધા વગર કામ કરવું એટલે ગેસ ભરાવવા અટકયા વગર સતત ગાડી ચલાવ્યા કરવી.** આ વિચારવાની હોંશિયારી ભરી રીત નથી. ખરું ને?"

"મને કબૂલ છે. પણ મારે મારી જાત માટે સમય કેવી રીતે કાઢવો?"

"મેં તને તેનું રહસ્ય શીખવ્યું છે."

"ખરેખર."

“આપણે જ્યારે મિલીટરી બેઝમાં હતા ત્યારે મેં તને કહેલા ધ્યેયનિષ્ઠ નેતૃત્વના સમય-સૂત્રને વાપર અને યોજનાત્મક સમયનું રોકાણવાળી પદ્ધતિનો ઉપયોગ કરી સંચાલન કર. રવિવારે રાત્રે યોજના બનાવતી વખતે મોજ-મઝા, આરામ અને નાવિન્ય માટે આવતા અઠવાડિયે સમય મુકરર કરી રાખ જેથી તું ઉત્તમ કાર્ય કરી શકે અને મને જાણ છે કે આનો ઉપયોગ તેં શરૂ કરી દીધો છે. એટલું નક્કી રાખજે કે તારા અઠવાડિક વિજયોમાં એક વાર જ ફક્ત શાંતિનો સમય રાખજે. લાંબા સમયે આ તને ઘણો ફાયદો કરાવી આપશે. ખાસ કરીને જ્યારે અસરકારક વિચાર અને પ્રશ્નોને નેતા તરીકે ઉકેલવાની ફરજ પડે.”

“ગંભીરતાપૂર્વક કહે છે?”

“ચોક્કસ, ડેસકાર્ટઝે તેની ઘણી મહત્વની શોધો પથારીમાં આરામ કરતાં કરી છે. અને ન્યુટને ગુરુત્વાકર્ષણનો નિયમ સફરજનના ઝાડ નીચે ધ્યાન કરતાં શોધ્યો હતો. આર્કીમિડીસે તરતા પદાર્થનો નિયમ ગરમ પાણીના ટબમાં નહાતી વખતે શોધ્યો હતો, જ્યારે મોઝાર્ટે તેની સૌથી પ્રસિદ્ધ સંગીત રચના બીલીયર્ડ રમતાં કરી હતી. અરે, શિવણનું મશીન પણ નાવિન્યના કાર્યરૂપે શોધાયું છે.”

“સાચે જ?”

“ઇલિયાસ હોવ, મસાશુશટ્ઝનો ઓજારો બનાવનાર ભર ઉંઘમાં હતો ત્યારે તેને અલૌકિક સ્વપ્ન આવ્યું. સ્વપ્નમાં તેણે એક માણસને લાંબી તલવાર જેને છેડે કાણું હતું તે લઇને તેનો પીછો કરતાં જોયો. આ જ તેની ઇચ્છાઓ પૂરી કરવા માટે ઉત્સાહનું સાધન બન્યું. પાછળથી તેને દુનિયાએ શિવણના મશીન તરીકે ઓળખ્યું. જો આ દીર્ઘદષ્ટિ નેતાઓએ પોતાના નાવિન્યના વિચારો સમજયા ન હોત તો દુનિયાએ કેટલું ગુમાવ્યું હોત તે તને સમજાય છે?”

“સમજાય છે, જુલીયન, સમજાય છે.” જેવો હું તેનો ભાવાર્થ સમજ્યો કે મેં જવાબ આપ્યો. ””””મારી અઠવાડિક પગારવાળી રજામાં મારે શું કરવું તેનો મને થોડો ખ્યાલ આપીશ?”

“કુદરતી વાતાવરણમાં ચાલવું અને એકલતાની શક્તિને શોધવી એ મારું સૂચન છે. અમેરિકાના મૂળ વતનીઓની પરંપરા મુજબ માણસ વરણ ઓરડાવાળા ઘર જેવો છે. તારું મન, તારું શરીર અને તારો આત્મા. સંપૂર્ણ જીવન માટે તમારે દરરોજ આ ઓરડા સૂર્યપ્રકાશ અને તાજી હવાથી ભરવા જોઇએ. આપણી સમય-ભૂખી અને ઝડપથી દોડતી દુનિયામાં આપણે એકલા સમય ગાળી પોતાની સાથે વાતચીત કરવાનું ભૂલી ગયા છીએ. અને છતાં આવો પ્રતિસાદ તમારા નેતૃત્વ અને જીવન બંનેના ડહાપણનો માર્ગ છે. પ્રતિસાદ અને આંતરસાદ સતત પ્રગતિ માટે કેવી રીતે કરવું, શું કરવું અને શા માટે કરવું એનું પૃથક્કરણ કરાવે છે. શાંત મનોગતની આદત તમારા નિર્ણયોને સમૃદ્ધ બનાવે છે. અને તમારી આજુબાજુ શું થઇ રહ્યું છે તે તમને સમજાવે છે. એટલું જ નહી એ શા માટે થઇ રહ્યું છે તે પણ સમજાય છે. આથી તમારી પસંદગી તરફ અને તેની અસરો તરફ તમે સજાગ થઇ જાઓ છો જેથી તમારી નિર્ણય શક્તિ વિકસે છે. નિયમિત રીતે પ્રતિસાદ માટે સમય કાઢવો જરૂરી છે જે તમને જીવનમાંથી શીખવે છે. માનવની તાંત્રિક કે

કલાક્ષેત્રની પ્રગતિ ધડાધડ કામ કરવાથી થઇ નથી, પણ ઊંડા પ્રતિસાદ અને આંતર વાર્તાલાપ શાંત સમયે કરવાથી થઇ છે. તારી સખત થઇ ગયેલી નસો કુદરત સાથે જોડાવાથી નરમ થાય છે. અને તારા જીવનમાં વધારે અર્થ ભરે છે.''

''મારી અઠવાડિક પગારવાળી રજાઓ માટે વિશેષ કંઇ?''

''જૂની ચોપડીઓની દુકાનમાં એક કલાક ગાળવાનું આયોજન કેવું રહેશે, ફક્ત થોડાં પાનાં આમતેમ ફેરવવા અને એકલા આનંદ કરવો. માલિશ કરાવવા જવું અથવા રવિવારે સવારે ઉગતા સૂર્યને જોવો. તારા મજાના બાળકોને ટેકરીઓ ચઢવા લઇ જવા અથવા શનિવાર બપોર ફક્ત દરિયા કિનારે પસાર કરવી. ખડકાળ કિનારે મોજાં અથડાતાં જોવાં. મોટાં ધ્યેયોની પાછળ દોડતાં એટલો વ્યસ્ત ન થઇ જા કે જીવનનાં સાદાં સીધા આનંદને તું માણી ન શકે. **કમાવવાની પાછળ એટલો વ્યસ્ત ન બની જા કે કેવી રીતે જીવન જીવવું તે જ ભૂલી જાય.** ''

જુલીયને હમણાં જે શબ્દો વાપર્યા તેથી હું ચકિત થઇ ગયો. તે ખરેખર સાચો હતો. મારી ગૂંચવાડા ભરી અને મારાં કાબૂ બહાર જતી રહેલી જીવન પદ્ધતિ મને વિનાશ તરફ દોરી રહી હતી. સખત કામ એ સફળતાનું અગત્યનું અંગ છે. જુલીયન પણ આ સત્ય માટે કબૂલ થશે. પણ ગ્લોબલવ્યુનો વેચાણ હિસ્સો અને ઘટતી જતી કામ કરવાની તમન્નાનું દબાણ મારી તંદુરસ્તી પર અસર કરી રહ્યું હતું. મેં અનુભવ્યું કે હું આદતથી કામ કરતો હતો અને ઓફીસમાં સમય ગાળવા માટે વધારે ચિંતિત હતો પણ ગુણવત્તાવાળા પરિણામો મેળવવાનું મારા લક્ષમાં નહોતું. હું હમેશાં થાકેલો રહેતો. હું હમેશ કરતાં વધારે ગુસ્સો કરતો અને ભાગ્યે જ રાત્રે મને ઊંઘ આવતી. હું મારી જીંદગી ઓલિમ્પિકના મેદાનમાં હોય તેમ જીવું છું. મેં કયારેય સારાં પુસ્તકો વાંચ્યા નથી. અઠવાડિયાના અંતે આથમતા સૂર્યને જોયો નથી. જીવનને જે સૌથી સારું આપવાનું છે તે બધું હું ગુમાવતો હતો. મેં પ્રતિજ્ઞા કરી કે હું બદલાઇશ. મારા કામદારોને શાંત નેતા જોઇએ છે. મારી પત્નીને સારો પતિ જોઇએ છે. મારા બાળકોને સારો પિતા જોઇએ છે. અને મને પોતાને વધારે શાંતિ જોઇએ છે.

''સ્વ-નેતૃત્વનો બીજો મત શું છે?'' મારા વિચારોને રોકતાં મેં પૂછયું.

''આ મત પુષ્કળ જ્ઞાનનો છે. યોગી રમણ માનતા હતા કે જ્ઞાનનો વપરાશ કદાચ શકિતનો સૌથી મોટો સ્ત્રોત છે. દરેક નેતાની ફરજ છે કે તે રોજ ઓછામાં ઓછું અડધો કલાક વાંચે. રોજની પ્રવૃત્તિના દબાણમાં જે નેતૃત્વના મૂળભૂત સિદ્ધાંતો ભૂલાઇ જાય છે. તેની પુસ્તકો યાદ અપાવે છે. અઠવાડિયાના દરેકે દરેક દિવસે અડધો કલાક એકાગ્ર થઇ વાંચવું એ તમારા જીવનમાં મોટો ફેરફાર કરે છે. તમે સામનો કરતા કોઇપણ સવાલનો જવાબ પુસ્તકમાં મળે છે. તમારે સારા નેતા, વિચારક, પિતા અથવા ગોલ્ફર બનવું હોય તો પુસ્તક ચોક્કસ તમને તમારા લક્ષ સુધી પહોંચાડે છે. તમારી પહેલાં પૃથ્વી પર આવેલા લોકોએ તમે જે ભૂલો કરી છે તે ભૂલો તેમણે પણ કરી છે. શું તને ખરેખર લાગે છે કે તેં કરેલી ભૂલો દુનિયામાં બીજા કોઇએ કરી જ નથી?''

''ના''

"તો તમારા પહેલાંના લોકોના અનુભવ અને ડહાપણમાંથી શીખ. જરા વિચાર: પુસ્તકો તને મહાન સ્ત્રી-પુરુષોના જીવનમાં અને મનમાં ડોકિયું કરાવે છે. થોડા કલાકોનું રોકાણ કરી ગાંધીજીની આત્મકથા અને ચર્ચીલનું આત્મકથન વાંચવાથી તેમણે નેતૃત્વના જે સિદ્ધાંતો શોધતાં વર્ષો લાગ્યાં તે તું શીખી શકે છે. ઘણા સામાન્ય નેતૃત્વના પ્રશ્નોના સિદ્ધાંતો અને તેના જવાબો તેમણે શોધ્યા છે તે તું સમજી શકે છે. તત્વજ્ઞાનનાં મહાન પુસ્તકો વાંચવાથી તારું મન સતત મહાન વિચારકોનાં મનને સમજે છે અને કુદરતના અને માનવતાના સનાતન નિયમો તને સમજાશે. જેમ કે યોગી રમણે એક વખત કહ્યું હતું, **થોડી મુશ્કેલીઓની ઇચ્છા છોડીને વિશાળ ડહાપણની શોધ શરૂ કરવી જોઇએ.** "

"વાહ, અદ્‌ભૂત વાક્ય છે!"

"તું દિવસના 30 મિનિટ વાંચ, એમ કહીને મારું સૂચન હતું કે "જોડાઇ રહેવાનો સિદ્ધાંત' અપનાવ."

"એટલે શું?"

"બે પ્રાથમિક અસરોના પરિણામરૂપ પાંચ વરસ પછી તું કેવી વ્યક્તિ હોઇશ કે કેવો નેતા હોઇશ તે કહી શકાય: તું જેવાં પુસ્તકો વાંચે અને કેવા માણસો સાથે તારો સહવાસ છે. તારો દિવસ એવા મહાન માણસો સાથે પસાર કર જેઓએ તેમના પુસ્તકોમાં લખ્યું છે. તેવું જીવન જીવવા સમય પસાર કર્યો છે. નેપોલિયન હીલ અથવા ડેલ કાર્નેગીને તારી સફળતાના વ્યક્તિગત શિક્ષક બનાવ જેઓ તારા એક શબ્દની જ રાહ જુએ છે? સર્જનાત્મક વિચારો અને સંશોધનના મૂળભૂત સિદ્ધાંતો માટે બેન ફ્રેંકલીન, થોમસ એડીસન અથવા એલેક્ઝાંડર ગ્રેહામ બેલ તને પ્રોત્સાહન આપે તો કેવું? નેતૃત્વની યોજનાઓ શીખવવા માટે અબ્રાહમ્ લિંકન તારા પલંગની બાજુના ટેબલ પર બેઠેલા હોય તો કેવું અથવા તું જે કરી રહ્યો છે તેમાં મધર ટેરેસા તને ધીરજ અને દયાના મૂલ્યો શીખવવા તારા ઘરમાં તારી રાહ જોતાં હોય તો કેવું? આ લખાણની શક્તિ છે. આ દિવ્યાત્માઓનું બધું ડહાપણ તેમણે લખેલાં પુસ્તકોનાં પાનાંમાં છે. નિયમિત તેમની સાથે જોડાયેલા રહેવાથી તારું વૈચારિક સ્તર તેમના જેટલું થશે."

"મધ્યમ કક્ષાની ટેનિસ ખેલાડી જ્યારે જાણકાર સાથે રમે છે ત્યારે તેની રમત સારી હોય છે તેના જેવું જ."

"સારું રૂપક છે. યાદ રાખ, તને પુસ્તકોમાંથી જે મળે છે તે ફક્ત યોગ્ય ફેરફાર જ કરે છે. એટલું જ નહીં. આ પુસ્તકો તારામાંથી સારું બહાર લાવે છે. જ્ઞાન અને બુદ્‌ધિમત્તાના સાધનો વાપરવાનું પણ હું તને સૂચન કરું છું. તે બધાં કાર્યરત થવા માટે તારી રાહ જોઇ રહ્યાં છે."

"જેવાં કે ઓડિયો-કેસેટ્સ. તને ખ્યાલ છે કે તું દરરોજ જો 30 મિનિટ મુસાફરી જતાં અને આવતાં કરતો હોય તો એક વર્ષ પછી એ આઠ કલાકનું એક અઠવાડિયું થશે?"

મને ખ્યાલ જ નહોતો કે આટલો સમય હું કારમાં ગાળું છું. એટલે દોઢ મહિનો હું દર વર્ષે રોડ પર ગાળું છું. માન્યામાં આવતું નથી.''

''આ આંકડા જાણ્યા પછી તું તારી કારમાં કામે જતો હોય અને ફરી ઘરે જતો હોય ત્યારે તારે શૈક્ષણિક અને ઉત્સાહપ્રેરક કેસેટ સાંભળવી જોઇએ. તારા કામદારો દરરોજ સવારે અને તારું કુટુંબ દરરોજ રાતે ઘણો ફેરફાર અનુભવશે. તારી મુસાફરી દરમ્યાન તું તારા મનને જે ખોરાક આપે છે તે માહિતી પર શા માટે કાબૂ ન રાખવો? અને ખાત્રી કર કે એ માહિતી તારા જીવનમાં મૂલ્યો વધારે તેવી હોય. એવું લક્ષ બનાવ કે દરેક અઠવાડિયે એક નવી કેસેટ અથવા ઓડિયો-પુસ્તક સાંભળવું. વ્યક્તિગત વિકાસના સેમિનારમાં જઇ તું પુષ્કળ જ્ઞાનના મતની સાધના કરી શકે છે. અને તારા લોકોને એમ કરવા માટે પ્રોત્સાહિત કર. તારા સમગ્ર વ્યવસ્થાપનમાં સ્વ-નેતૃત્વની તાકાતનો ફેલાવો કર અને ઉત્તમ કાર્ય કરવાની સંસ્કૃતિમાં તેને બદલી નાંખ.''

''ઇન્ટરનેટનું શું?''

''મેં સાંભળ્યું છે કે તારો ધંધો અને જીંદગી બંને બદલવા માટે આ એક સુંદર રીત છે જેનાથી દરેક પ્રકારની માહિતી મળે છે. જેમ મેં પહેલાં કહ્યું, જીંદગીભર વિદ્યાર્થી બનવાનું ધ્યાનમાં રાખ. **તમે છેલ્લી પરીક્ષામાં પાસ થઇ જાઓ એટલે શીખવાનું પૂરું થઇ જતું નથી. તમારું શિક્ષણ તમારા જીવનના છેલ્લા શ્વાસ સુધી ચાલુ રહેવું જોઇએ.** ''

''તો સ્વ-નેતૃત્વને અનુસરવા માટે હવે પછીનો મત (સિદ્ધાંત) શું છે? તું મને જે કહી રહ્યો છે તેથી હું ખરેખર ઉત્સાહિત છું તેને હકીકતમાં મૂકવા માટે રાહ જોઇ શકતો નથી. હું અત્યારે વાંચું છું તેનાથી હું ઘણું વધારે વાંચતો. સારા પુસ્તકો સાથે સમય પસાર કરવાથી તમારી દષ્ટિ વિશાળ બને છે, મારે કહેવાની જરૂર નથી કે શાણપણ મારા જીવનમાં પાછું ફર્યું છે. મારે કબૂલ કરવું રહ્યું કે ડહાપણ અને સાહિત્યનું મહાન કાર્ય વાંચ્યા વગર આ દુનિયા છોડવાનું મને ગમશે નહી.''

''સારો મુદ્દો છે,'' જુલીયન બોલ્યો. ''''સ્વ-નેતૃત્વનો ત્રીજો મત છે ભૌતિકતાનો સિદ્ધાંત. એમ યોગી રમણ કહેતા એ ફક્ત એટલું શાશ્વત સત્ય કહે છે, **જેમ તમે તમારા શરીરની કાળજી લો છો તેમ તમારા મનની કાળજી પણ કરો.** ધ્યેયનિષ્ઠ નેતાઓ સખત કામ કરવાવાળા હોય છે. અને સખત કામ કરવાવાળાને જોમ, જોશ અને શક્તિની જરૂર હોય છે જે યોગ્ય શારીરિક શક્તિથી આવે છે, તમને દરરોજ કસરત કરવી અને જીતવા માટે ખાવાનું ડહાપણ હોવું જરૂરી છે. અઠવાડિયામાં ૧૬૮ કલાક હોય છે. ચોક્કસ તમે થોડા કલાકો તરવા માટે, દોડવા માટે કે કસરત કરવા માટે કાઢી શકો.''

''તું જાણે છે, હું કેટલાક સમયથી મારા શરીરને પાછું યોગ્ય આકારમાં આણવાનો વિચાર કરતો હતો. કૉલેજમાં હું ઘણો સારો દોડવીર હતો.''

''મને ખ્યાલ નથી.''

''કસરત કરવી મને મારા બચપણના દિવસોમાં ખૂબ ગમતી. જમતાં પહેલાં વીસથી ત્રીસ મિનિટ તરવું મને ગમતું જેથી મારી લાગણીઓ, કાર્ય અને વિચારમાં ખૂબ ફરક આવી જતો. હમણાં જ મેં નેલ્સન મંડેલાનું આત્મચરિત્ર વાંચવાનું પૂરું કર્યું.''

''ધ્યેયનિષ્ઠ નેતા છે.''

''મને ખબર છે, તું જાણે છે કસરત કરવા તેમણે શું કર્યું?''

''હું જાણું છું એ વહેલી સવારે ઊઠીને ચાલતાં.''

''તે તેમના પાછળના દિવસોમાં પણ તેમના શરૂઆતના દિવસોમાં જ્યારે તેમની શારીરિક તંદુરસ્તી સારી હતી. ''તેઓ મુક્કાબાજી કરતા. તેમને એ રમત ખૂબ ગમતી. અને તેઓ કહેતા કે એ પ્રવૃત્તિ તેમને સંપૂર્ણ તાજગી બક્ષતી.' એ પ્રકારે હું મારી જાતને કોઇ વસ્તુમાં ખોઇ નાખતો જેના માટે મહેનત કરવી પડતી નહી.'' તેમણે લખ્યું છે ''સાંજની કસરત પછી, હું બીજે દિવસે સવારે વધારે શક્તિશાળી અને તાજગીપૂર્ણ અનુભવતો જાણે ફરીથી લડવા માટે તૈયાર.' ''

''મેં કહ્યું તેમ ધ્યેયનિષ્ઠ નેતાઓ જાણે છે કે જો તમે તમારા શરીરની કાળજી કરો તો તમે તમારાં મનની કાળજી પણ કરો છો. અને આ સમજ હાવર્ડના ભૂતપૂર્વ ૧૭૦૦૦ વિદ્યાર્થીઓને ભેગાં કરી મારા ભૂતપૂર્વ ગુરુએ એક અભ્યાસ કર્યો તેમાં જણાયું કે જો તમે એક કલાક કસરત કરો તો તમે તમારા જીવનમાં ત્રણ કલાકનો ઉમેરો કરો છો. અને આ તમારા રોકાણ પરનું ઉત્તમ વળતર છે. તો તું શેની રાહ જુએ છે? હવે સમય આવી ગયો છે કે આપણે ટોચની સ્થિતિ પર પહોંચીએ. તેથી તારી વ્યવસાયિક અને નિજી જીંદગીમાં ઘણી સારી ગુણવત્તા ઉમેરાશે. એનાથી તને સારું લાગશે અને તારે જે કરવું છે તે કરવાની શક્તિ આપશે. આનાથી તારા વિચારો વધારે સ્પષ્ટ બનશે. અને જેમ સંન્યાસીઓએ કહ્યું છે, **જો માણસને કસરત કરવાનો સમય ન મળે તો વખત જતાં તેને માંદા પડવાનો સમય કાઢવો પડે છે.** ''

''સારા પ્રકારની કસરત કરવા માટે કોઇ સૂચન?''

''એનો આધાર તારા પર છે. મજા આવે એવી રમત અથવા પ્રવૃત્તિ શોધી કાઢ. મારી વાત કરે તો મને સાદું ચાલવું ગમે છે એ સહુલિયતવાળું તંદુરસ્ત અને મજા આવે એવું છે. દુનિયાના ઘણા રચનાત્મક અને સર્જનાત્મક લોકોને ચાલવામાં મજા આવે છે. જ્યારે ચાર્લ્સ ડીકીન્સને લખવાનું સૂઝતું નહોતું ત્યારે તેઓ તેમની સર્જનાત્મક શક્તિને પ્રજવલિત કરવા લંડનની ગલીઓમાં રાત્રે ચાલતા. દિવસો સુધી એ ભમતા રહેતા અને જે દશ્યો જોતાં તેમનો અભ્યાસ કરતાં તેમના આ ભ્રમણકાળ દરમયાન તેમણે નોંધ્યું કે ઘણાં નાના છોકરાઓ વગર પગારે કે થોડા પગારે કામ કરતા. આ પરિસ્થિતિથી તેમને ખૂબ દુ:ખ થયું. આ વસ્તુસ્થિતિ પર પ્રકાશ પાડવાની તેમની ઇચ્છાએ તેમની સર્જન શક્તિ પ્રજ્વલિત થઇ અને તેઓ ખૂબ પ્રખ્યાત પુસ્તક લખવા દોરવાયા.- અ ક્રિસ્ટમસ કેરોલ''

''સરસ''

“સ્વીસ ડિઝાઇનર જ્યોર્જ - ૬ - મેસ્ટ્રલને વેલક્રોનો નવો વિચાર પર્વતો પર ખૂબ રખડયા પછી આવ્યો. આમ રઝળાટ દરમ્યાન તેમણે નોંધ્યું કે તેમના કૂતરાના વાળમાં કાંટા ભરાઇ જાય છે. તેમણે આ ખાસ પ્રકારના કાંટા સુક્ષ્મદર્શક યંત્રમાં જોયા ત્યારે તેમણે નોંધ્યું કે તે કાંટાના છેવાડે એક નાનકડો હૂક હતો જે કૂતરાના વાળમાં ભરાઇ જતો હતો. તેમને સમજાયું કે ઝીપ કરતાં આ વધારે અસરકારક નિવડશે ત્યારે છેવટે તેમણે પહેલો વેલક્રો શોધ્યો. હું ક્યાં પહોંચવા માગું છું કે તારા મન અને શરીરને નાવિન્ય અને શક્તિ પૂરી પાડવા ચાલવું એ ઉત્તમ રસ્તો છે. બધા મહાન વિચારકો આ જાણતા હતા. કન્ફ્યુશિયસ, એરિસ્ટોટલ અને સોક્રેટીસ બધાએ તેમના શિષ્યોને ઉત્તમ તંદુરસ્તી સાચવવા નિયમિત ચાલવાનું કહ્યું છે. જેમ કે યોગી રમણ હાસ્ય સાથે કહેતા. “મારી પાસે બે ડૉકટર્સ છે. જેમને હું હમેશાં સાથે રાખું છું, મારો ડાબો અને જમણો પગ.’ ”

“તેં એ પણ કહ્યું કે હું જીત માટે ખાઉં છું. એટલે તારો કહેવાનો અર્થ શું છે?’

“સંન્યાસીઓ માને છે કે જેવી ગુણવતાવાળો ખોરાક તમે ખાઓ છો તે તમારા વિચારોને અસર કરે છે. અને આ માહિતીના યુગમાં આપણે જાણીએ છીએ કે સમૃધ્ધ વિચારો સફળતાનો પાયો નાખે છે. આપણે જ્ઞાન-અર્થતંત્રનાં યુગમાં દાખલ થયેલાં છીએ જયાં બજારમાં બુધ્ધિમતાએ સૌથી કિંમતી મૂડી છે અને જો તું સંમત થાયકે જેવું ખાઇએ તેવા વિચારો આવે છે તો સારું ખાવું એ ફકત તંદુરસ્ત શરીર માટે જ નથી. એ જ શાણપણ છે.”

“જે કચરો હું બપોરના જમણને સમયે સ્વાહા કરી જાઉં છું તે અમારા નફાને અસર કરે છે તેવું કોણ કલ્પી શકે ?”

“આમ એ અસર કરે છે. તું તળેલી કાતરી અને મસાલેદાર ખાય છે, ખરુંને?’

“સાચું છે.”

“અને તારા ખોરાકની પસંદગીએ તારી સર્જનાત્મકતા અને ક્રિયાશીલતા ઓછી કરી નાંખી છે. ધ્યાનમાં રાખ જે ખોરાકમાં નફો નથી જે તું એકલો જ નહી તારા વ્યવસ્થાપનમાં બીજા ઘણાં એ જ ખાય છે. તેથી હું કહું છું કે જીતવા માટે ખાઓ. એવું જમણ લો કે જે તમને ઉચ્ચ ઉત્પાદનક્ષમતા તરફ લઇ જાય. વધારે શાકભાજી અને ફળો ખાઓ. પુષ્કળ પાણી પીઓ. આપણામાંના ઘણાં આપણે ખાવું જોઇએ તેનાથી વધારે ખાય છે. તેથી ખાવાની માત્રા ઓછી કરો. તમારી તંદુરસ્તી પ્રત્યે સજાગ બનો. અને તે તને તારા ઉંઘવાના પ્રશ્નનમાંથી છૂટકારો અપાવશે જેની તું ફરિયાદ કરતો હતો. જે મને સ્વ-નેતૃત્વના ચોથા મત તરફ લઇ જાય છે. વહેલા ઉઠવાનો સિદ્ધાંત.”

“મને લાગે છે કે આ મને નહી ગમે.”

“વહેલા ઉઠવું એ ઇતિહાસના મહાન લોકોનાં જીવનની એક સામાન્ય વસ્તુ છે. ધંધામાં, કલામાં, મીલીટરીમાં, વિજ્ઞાનમાં ધ્યેયનિષ્ઠ નેતાએ એટલું માન્યું છે કે જો તમે દિવસ ઉપર કબજો નહી રાખો તો દિવસ તમારા ઉપર કબજો કરી લેશે. તમારે પથારીનું યુદ્ધ જીતવાની હિંમત બતાવવી જ જોઇએ. અને બધાથી વહેલાં ઉઠવું

જોઇએ. દિવસના સવારના કલાકો જે અદ્‌ભૂત મદહોશી લાવે છે તેને માણો અને કોમળ તડકાની હૂંફ અનુભવો પછી તો દિવસભર બનતા બનાવો તમને કચડે છે અને તમારા ધ્યાનને ખેંચી રાખે છે. સંન્યાસીઓ માને છે કે **તમારી સવાર જેવી હોય તેવો દિવસ પસાર થાય.** તેઓ માને છે કે સવારના ઉઠયા પછીનો અડધો કલાક તમારા આખા દિવસને ઘડે છે જેથી તે સમય ખાસ હોવો જોઇએ.''

''સવારના વહેલા ઉઠવાથી તમે તમારા સમયના માલિક રહો છો તેના ગુલામ બનવા કરતાં. થોમસ એડીસને જેમના મહેનતુપણાને લીધે તેમના નામે ૧૦૯૩ સંશોધનો નોંધાયા છે, એક વખત કહ્યું, ''ઉંઘ દવા છે. એક વખત વધારે ઉંઘવાથી તે તમને નઘરોળા જ બનાવશે. તમે તમારો સમય, તેજસ્વીતા અને તકો ગુમાવશો.' બેન ફ્રેંકલીન માનતા કે ''જ્યારે આપણે આપણી કબરમાં હોઇએ ત્યારે સુવાનો પૂરતો સમય હોવો જોઇએ.' ''

''જરા વધારે પડતું લાગે છે, જુલીયન. મારો કહેવાનો મતલબ છે કે આપણે પૂરતી ઉંઘ ન જોઇએ?''

''હા, જોઇએ ને પણ પ્રશ્ન એ છે કે મોટાભાગના લોકો તેમને ઉંઘવું જોઇએ તેથી વધારે ઊંઘે છે. તેમને ઉંઘણશી બનવાની ટેવ હોય છે અને તેઓ કહે છે તેમના શરીરને એટલી ઉંઘ તો જોઇએ જ છે. તને જણાવું છું કે મોટા ભાગના લોકો જલ્દી ઉઠી કેમ શકતા નથી?''

''ચોક્કસ''

''મોટા ભાગના લોકો જલ્દી ઉઠી શકતા નથી કારણ વહેલા ઉઠીને શું કરવું તે તેમને સમજાતું નથી. તેમના જીવનમાં ઇંધણ અને શક્તિ પૂરવાનું મરણિયું લક્ષ હોતું નથી. અને તેથી તેઓ ઉંઘે છે. આથી મેં તને પહેલાં કહ્યું હતું કે માનવનો સૌથી ઉત્તમ ઉત્સાહ પ્રેરક છે લક્ષ્ય. ધ્યેયનિષ્ઠ નેતા તરીકે તારું અને તારા લોકોને માણસની ભૂખ સંતોષતા દબાણવાળા કારણની સાથે જોડાઇ અને બીજાના જીવનમાં ફરક લાવવો જોઇએ. લોકોમાં શક્તિ ઓછી હોય તો ભવિષ્યનું ધ્યેય તેમને ઉત્સાહિત કરે છે અને તમારા આત્માને ઝંઝોડે છે. ગાંધીજી રાત્રે ચાર કલાક ઉંઘતા હતા. ગુલામીની ધૂંસરીમાંથી પોતાના લોકોને છોડાવવા એ લક્ષ્ય તેમને આગળ ધકેલવા પૂરતું હતું. મન્ડેલા વહેલા ઉઠતા તેમ જ ઘણા સમૃદ્ધ ઉદ્‌યોગપતિઓ જેમણે આ દેશનો પાયો નાખ્યો છે તે પણ વહેલા ઉઠતા. હમેશાં યાદ રાખ કે તમારી શક્તિઓ અને લક્ષ્યની વચ્ચે ગાઢો સંબંધ છે.''

''સરસ, તો જ્યારે હું મારા દબાણવાળા કારણને ધ્યાનમાં રાખીશ. ત્યારે મારામાં વધારે શક્તિ હશે અને આખો વખત હું થાકીશ નહીં?''

''બરાબર, ત્યારે તને ખરેખર વહેલું ઉઠવું ગમશે. કારણ તું જ્યાં જઇ રહ્યો હોઇશ તે માટે તને ઉત્સાહ રહેશે અને તું સારું કામ કરી શકીશ. આ પછી હું સ્વ-નેતૃત્વના છેલ્લા મત પર આવી રહ્યો છું. મરણોન્મુખ માનસિકતાનો સિદ્ધાંત.''

''ખતરનાક લાગે છે.''

“તારે વિચારવું જોઇએ કે આ જીવનની સાધના છે. જૂની દંતકથા મુજબ ભારતમાં એક મહારાજા હતો. જે દરરોજ એક વિચિત્ર નિયમ પાળતો. રોજ સવારે ઉઠયા પછી તરત જ ફૂલો અને સંગીત સાથે પોતાની સ્મશાનયાત્રા કાઢતો અને સતત જાપ કરતો, “હું સંપૂર્ણ જીવન જીવ્યો છું, હું સંપૂર્ણ જીવન જીવ્યો છું.”’

“અદ્‌ભુત નજારો હશે.”

“મેં જ્યારે પહેલાં આ સાંભળ્યું ત્યારે મેં પણ એમ જ વિચાર્યું હતું. પણ પછી મને સમજાયું કે મહારાજા કંઇક કરવા માંગતા હતા. તેમણે તેમની પોતાની પદ્ધતિ શોધી હતી, જે આપણે સૌએ ઉઠયા પછી દર સવારે કરવું જરૂરી છે.”

“એટલે શું?” હજી મને સમજાયું નહોતું કે મહારાજાનો વિચિત્ર રિવાજ શું પૂરું કરવા માટે હતો તેથી મેં પૂછયું.

“તું નાશવંત છે તે સમજ. મોટાભાગે દરરોજ સવારે આપણે એમ જીવીએ છીએ કે આપણી પાસે ઘણો સમય છે. આપણે આ નવીન તક આવતે અઠવાડિએ ઝડપીશું. આપણે નવી આવડત આવતે મહિને મેળવશું. આપણે આપણી તંદુરસ્તી સુધારવાની અથવા આપણાં બાળકો માટે વધારે સમય આવતે વર્ષે કાઢશું. પણ હમણાં આપણે આપણી જાતને કહેશું આપણી પાસે ઘણી મોટી થાળી ભરેલી વસ્તુઓ છે જેને અત્યારે ધ્યાન આપવાની જરૂર છે. પણ કદાચ કોઇપણ વસ્તુ માટે આપણી પાસે સમય નથી.”

“હજી મને ખ્યાલ આવતો નથી કે પેલા મહારાજા ખરેખર શું કરતા હતા?” મેં કબૂલ્યું.

“પોતાની સ્મશાનયાત્રા કાઢીને તેઓ યાદ કરતા હતા કે જીવન ટૂંકું છે. તેઓ એ સત્ય યાદ રાખતા હતા કે દરેક દિવસ તેમનો છેલ્લો દિવસ હતો. આમ કરીને ઘણા નેતાઓ અને અધિકારીઓમાં જેની ખામી છે તે ઝડપ, જોશ અને જોમ તેઓ તેમના દિવસમાં ભરતા. પોતાના મૃત્યુ સાથે જોડાતાં તેઓ જાણી શકતા કે તેમણે કોઇપણ અગત્યનું કાર્ય બાકી રાખ્યું નથી તેમણે જીવન સંપૂર્ણ જીવ્યું છે, દરેકે દરેક દિવસ એક કળા બની ગયો અને જીવનને અભ્યર્થના આપી રહ્યો. મને ખાત્રી છે કે તું કબૂલ કરીશ, પીટર, મોટાભાગે આપણે એમ જીવીએ છીએ કે આપણી પાસે ઘણો સમય છે. આપણે ફાલતુ કામ માટે ચિંતા કરીએ છીએ અને તુચ્છ વસ્તુને મહત્વ આપીએ છીએ. આપણે ભૂતકાળનાં રોદણાં રોઇએ છીએ. આપણે ભવિષ્યને ભાંડીએ છીએ. આપણે જીવનને નાટકના આગલા દિવસનો તૈયારી વગરનો પ્રયોગ માનીએ છીએ. અને પછી મૃત્યુશય્યાએ આપણાં હૃદય દુ:ખથી ભરાઇ જાય છે, કે આપણે કોઇપણ કામને પ્રતિસાદ ન આપ્યો, કોઇ સંબંધ આપણે ન બાંધ્યો, કોઇ સાહસિક કામ આપણે ન કર્યું. અને બધા સૂર્યોદયે આપણે સૂતા રહ્યા. મને હમેશાં દુ:ખ થયું છે કે જ્યારે લોકો કહે કે થોડા વધારે સમય માટે તેઓ કંઇપણ કરી શકે ત્યારે તેમની પાસે રહેલો કિંમતી સમય તેઓ બગાડે છે.”

“કેટલું સાચું છે. મને સમજાય છે, જુલીયન તારા કહેવાનો અર્થ શું છે. હું મારાં બાળકોને જોઉં છું અને માની શકતો નથી કે કેટલો જલ્દી સમય પસાર થઇ જાય

છે. ક્રીસ્ટોફર અગિયારનો થશે અને ઇલીયટ ૧૪ની. એમ લાગે છે હજી ગઇકાલે જ હું તેમને કવિતાઓ ગાઇને સુવાડતો હતો. આ મજાના બાળકો સાથેની કિંમતી ક્ષણો મેં ગુમાવી દીધી. અને એવી કેટલી બધી વસ્તુઓ મારે કરવી હતી પણ હું ક્યારેય કરી શકીશ નહીં. સમય કેટલો ઝડપથી વહી જાય છે. જીવન મને ખરેખર પાછળ છોડી ગયું.''

''મેં કહ્યું તેમ, પીટર, કાં તો તમે જીવન જીવો અથવા જીવન તમને જીવશે પણ બેમાંથી એક પણ રીતે જીવન કોઇ માટે રોકાતું નથી. બીજાઓની સફળતા વિશે વિચારવામાં આટલો સમય કાઢવાનું બંધ કરો. અને તમારા પોતાના ભવિષ્યના ધ્યેય પર ધ્યાન એકાગ્ર રાખ. જે ક્ષણો તમે બીજાના વિજયના વિચારો કરી કાઢો છો તેના બદલે તમારા પોતાના ધ્યેયની પરિપૂર્ણતામાં ગાળો. તમારાં સપનાં અને આશાઓ બીજા દિવસ પર મુલત્વી રાખવાનું ટાળો. તારા હૃદયથી તું જાણે છે તે પ્રકારના નેતા થવાનું બંધ કર. હવે કરવાનો સમય આવી ગયો છે. હવે જે નવી યોજનાનો તું વિચાર કરે છે તેનો અમલ કરવાનો સમય આવી ગયો છે. હવે તારા લોકોની તને કેટલી કિંમત છે તે બતાવવાનો સમય આવી ગયો છે. હવે સમય તારા કુટુંબને પ્રેમ કરવાનો અને તારી જ્ઞાતિમાં મદદ કરવાનો છે. તારે હમેશાં જે કરવું હતું તે કરવાનો સમય આવી ગયો છે પછી ભલે તે સેક્સોફોન શીખવાનો હોય અથવા તારી ગોલ્ફની રમત સુધારવાનો હોય. જીવનનો પર્વત ચઢીને તેના શિખર પરથી જો, કે જીવન કેવું દેખાય છે. તું એ જોઇશ જે બીજા જોઇ શકતા નથી. પેલા મહારાજા જેવો બન. દરેક દિવસ તારો છેલ્લો દિવસ હોય એમ જીવ, નહીં તો હજી તારે કંઇ કરવાનું બાકી હશે ને તું મરી જઇશ.''

જુલીયને ખિસ્સામાં હાથ નાખ્યો અને ધારી નહોતી તેવી ભેટ બહાર કાઢી. એ એક જૂનો પટ્ટો હતો જેના પર સમય થતાં કરચલીઓ પડી હતી તેને કૉલેજની પદવીપત્રની જેમ વિંટાળ્યો હતો અને ઘરમાં બનેલી દોરીથી કાળજીપૂર્વક બાંધ્યો હતો.

''મારા દોસ્ત જો તને થોડા વખતથી મારે આ આપવો હતો. તારી દોસ્તી મારા માટે ઘણી અર્થપૂર્ણ છે. જોકે દરેક વખતે મેં તને તે દર્શાવી નથી. હું ખરેખર ઇચ્છું છું કે તું આનંદપૂર્ણ અને અર્થપૂર્ણ જીવન જીવ જે તારો જન્મસિદ્ધ હક્ક છે. આ નાની ભેટ તને તારી નેતૃત્વની મુસાફરીમાં ઘણાં સત્યો યાદ અપાવશે. આમાં જીવનના લક્ષ્યની એક સુંદર વ્યાખ્યા છે. મને લાગે છે કે એ જેટલી મને મદદરૂપ થઇ હતી તેટલી તને પણ થાય.''

''મેં તરત જ રીબીન ખોલી અને પટ્ટા પર લખેલા શબ્દો વાંચ્યા. તેઓ સાદગીથી સુંદર લાગતા હતા અને નેતૃત્વના ડહાપણમાં અમર્યાદિત હતા. આ એમરસના મહાન શબ્દો હતા. તેમાં સફળતા એટલે શું તેનો ગૂઢાર્થ હતો. તે શબ્દો આમ હતા:

વારંવાર હસવું અને ઘણો પ્રેમ કરવો, બુદ્ધિશાળી લોકોનું સન્માન અને બાળકોનો પ્રેમ મેળવવો, પ્રામાણિક આલોચકોનો સદ્‌ભાવ મેળવવો સુંદરતાને બિરદાવવી, પોતાની જાતનું સમર્પણ કરવું, દુનિયાને થોડી સારી બનાવવી, પછી એ તંદુરસ્ત બાળક, એક નાનો બગીચો કે સમાજ-રચના સુધારવાની હોય, ખૂબ

ઉત્સાહથી રમ્યા અને હસ્યા હોવ અને વિજયી ગીત ગાયાં હોય જીવનનો એક શ્વાસ પણ સહેલો બન્યો હોય, તેનું કારણ તમે જીવો છો. એને સફળતા કહેવાય.

પર્વતની નીચે ઉતરવા માટે જેવા અમે કેબલ-કારમાં ચઢયા તેવા જુલીયને મને સ્વ-નેતૃત્વ માટે શીખવેલું જ્ઞાન હું યાદ કરી ગયો. હું જાણતો હતો કે, વ્યક્તિગત નાવિન્ય, પુષ્કળ જ્ઞાન, શારીરિક તંદુરસ્તી, વહેલા ઉઠવું અને મરણ પથારીનું ચિંતન વગેરે સિદ્ધાંતો મારું જીવન બદલી નાખશે. મને એ માટે લેશમાત્ર શંકા નહોતી. જીવનમાંથી પસાર થવા કરતાં જીવનમાંથી મેળવવાનું મને ભાન થયું હતું.

તે ચમત્કારિક દિવસે, આ મહાન પર્વતની નીચે ઉતરતાં અને મિત્ર સાથેના દિવ્ય અનુભવ પછી મને સમજાયું હતું કે સફળતા ખરેખર ''અંદરનું કાર્ય છે અને **ધ્યેયનિષ્ઠ નેતા છેવટે તો અંદરથી નેતૃત્વ કરવાની શરૂઆત કરે છે.** ' અંતમાં મને સમજાયું કે જીવતા રહેવું એ સૌભાગ્ય છે, અને હવે મારે વધારે નિશ્ચય સાથે જીવવું જોઇએ. અને હું બધાની હોંશિયારીને સ્વતંત્ર કરવા ખરેખર ત્યારે જ શક્તિમાન બનીશ જ્યારે હું મારી શક્તિઓને ઓળખીશ તે માટે હું સજાગ બન્યો.

પ્રકરણ ૧૦ જ્ઞાન સારાંશ શ્ર જુલીયનનું ડહાપણ ટૂકંમાં

નિયમ

તત્વ સ્વ-નેતૃત્વનો નિયમ

ડહાપણ

- બધું નેતૃત્વ તમારાથી શરૂ થાય છે.
- આપણે દુનિયા જેમ છે તેમ ન જોતાં આપણે છીએ તેમ જોઈએ છીએ.
- ટોચના વ્યક્તિગત કાર્યના સજાગ નિર્ણય કરતાં કંઈપણ ઓછું આપણને નબળા વ્યક્તિગત કાર્યોનો અજાણતાં નિર્ણય કરાવે છે.
- મધ્યમ કક્ષાના કાર્ય માટે ક્યારેય તડજોડ ન કરો જ્યારે તમે ઉત્તમતા મેળવી શકો છો.

સાધના

- વ્યક્તિગત નાવિન્યનો સિદ્ધાંત
- પુષ્કળ જ્ઞાનનો સિદ્ધાંત
- શારીરિક તંદુરસ્તીનો સિદ્ધાંત
- વહેલા ઉઠવાનો સિદ્ધાંત
- મરણપથારીની માનસિકતાનો સિદ્ધાંત

સુવાક્ય વ્યસ્ત જીવનમાં એટલા ન ખોવાઈ જાઓ કે તમે જીવવાનું ભૂલી જાઓ.

સંન્યાસી જેમણે પોતાની સંપત્તિ વેચી નાખી

નિયમ ૭

જે બધા જુએ એ જુઓ
કોઇ ન વિચારે એવું વિચારો.

પ્રકરણ : ૧૧

સર્જનાત્મકતા અને સંશોધનનો નિયમ

દરરોજ એવું કંઇ વાચવું જે કોઇ વાંચતું નથી
દરરોજ કંઇ એવું વિચારવું જે કોઇ વિચારતું નથી
સંગઠન અને સંપના ભાગરૂપે આવું મન હોવું સારું નથી

ક્રીસ્ટોફર મોરલે.

"આપણી મીટિંગ ઘણી નાની હશે." અમે પર્વતની તળેટીમાં છૂટા પડયાં તે પહેલાં જુલીયને કહ્યું.

"શા માટે?" મેં ભારોભાર નિરાશાથી પૂછયું.

"કારણકે હું જવાની તૈયારી કરી રહ્યો છું. તારી સાથેનું મારું કામ લગભગ પૂરું થઇ ગયું છે. મારા નેતૃત્વનું તત્વજ્ઞાન તે ખૂબ ઉત્સાહથી ભણ્યું. તું બહુ સારો વિદ્યાર્થી છે. તારી દીર્ઘદષ્ટિવાળું નેતૃત્વ ગ્લોબલવ્યુને ક્યારેય ન કરી હોય એટલી પ્રગતિ કરાવી વિશ્વકક્ષાની મોટી કંપની બનાવશે તેમાં મને શંકા નથી. વધારે કહું તો હવે તને તારી જાતને અને ગ્લોબલવ્યુને દોરતાં આવડી ગયું છે અને તેથી કરીને કુદરતી શકિતઓ વધારી શકાય અને તેમની આશાઓ પૂરી કરી શકાય. તારા લોકોની શકિતઓને મોકળાશ આપવામાં મદદ કર અને તેઓ જે દબાણવાળા કારણ માટે કામ કરી રહ્યા હોય તેમને તેની યાદ આપ. તેઓ બદલામાં સારું કાર્ય કરશે."

"તું ક્યાં જાય છે?"

"મેં એક બીજી વ્યકિત શોધી કાઢી છે જેને આ ડહાપણની સખત જરૂર છે. અને એથી મારી ફરજ છે કે મારે જવું જોઇએ."

"જંગલમાં બનાવેલી પેલી ઝૂંપડી તું ત્યાં જ રહેવા દઇને જઇશ? એવું લાગતું હતું કે તારે જોઇએ એ બધું ત્યાં હતું."

"અત્યારે હું એટલું જ કહીશ કે થોડા વખત પછી મારે જવું જોઇએ. પણ, કોને ખબર એકાદ મહિના પછી હું તને તારા ગુલાબના બગીચામાં ઉભો રહેલો મળું. જુલીયને આંખ મિચકારી."

હવે જુલીયનને મળવા જવા માટે હું કાર હંકારી રહ્યો છું ત્યારે ભવિષ્યમાં હું તેને નહી મળી શકું એ વિચારથી હું દુ:ખી થઇ ગયો. તે હમેશાં સારો મિત્ર હતો પણ હવે હું તેને ખાસ વ્યકિત તરીકે મૂલવું છું. મારા પર કોઇની આટલી અસર નહોતી મારા પિતાની પણ નહી. ઘણાં બીજા નેતાઓ પણ મુશ્કેલીમાં હશે પણ

જુલીયન પહેલાં મારી પાસે આવ્યો. તેનામાં વફાદારીનો ગુણ ઠાંસીઠાંસીને ભરેલો હતો. હું તેનો મિત્ર હતો. તેથી તેણે મને મદદ પહેલાં કરી.

તેની શિક્ષણ પ્રક્રિયા જેવો અનુભવ મેં આજ સુધી કર્યો નથી. જુલીયને મને નવી રીતે વિચારતો કર્યો અને પરિક્ષણ કરતાં શીખવ્યું કે મેં શું કર્યું છે અને મેં શા માટે કર્યું છે. તેણે મને ઊંડું મનન કરી નેતા અને વ્યક્તિ તરીકે હું કેવો છું તે પ્રત્યે પ્રતિસાદ આપતો કર્યો. તેણે તે સમયે નેતૃત્વના ડહાપણનાં મોતી મને આપ્યાં છે જે મેં બીજે ક્યાંયથી પણ સાંભળ્યાં નહોતા. જે ડહાપણે મને ઉત્સાહ જોમ અને સંતોષની ભાવના બક્ષી. હું ભગવાનને પ્રાર્થના કરી રહ્યો કે તે તેના નવા ગંતવ્યસ્થાને જાય તે પછી અમારા રસ્તાઓ ફરી ભેગાં થઇ જાય. જેમ આપણને બધાને જરૂર હોય છે. તેમ મને પણ આવા મિત્ર અને માર્ગદર્શકની જરૂર હતી. અને મારે તેના બદલામાં તેના માટે કંઇક કરવાની તક જોઇતી હતી.

જેવો હું ઘોરીમાર્ગ પરથી વળ્યો કે મેં પાંદડાવાળો રસ્તો જોયો જે મધ્યમવર્ગના કુટુંબોનું ઘર હતું. ત્યાં સ્ટેશન-વેગન્સ અને ગાડીઓ રસ્તામાં પડી હતી. મેં તરત જ મારું સ્થળ શોધી કાઢયું. સેન્ટેનીયલ એલિમેન્ટરી સ્કૂલ આખા દેશમાં પ્રખ્યાત સૌથી સારી શૈક્ષણિક સંસ્થા હતી. અહીની સગવડોથી જે બાળકોને કુદરતી બક્ષિસ હોય તેનાથી ઉત્તમ શિક્ષણશાસ્ત્રીઓ બહુ દૂર દૂરથી અહીની નવી શૈક્ષણિક પદ્ધતિઓ અહીના શિક્ષકો પાસેથી શીખવા આવતા. જે શિક્ષકો અહી શીખવવા માટે તેમને પસંદ કરવામાં આવ્યા, તેથી પોતાને સૌભાગ્યશાળી માનતા. જો કે અહી વિદ્યાર્થીઓ દસ વર્ષથી નાના હતા પણ તેમને સતત તેમની આવડત વિકસાવવા પ્રોત્સાહિત કરાતા અને તેમને ભવિષ્યનાં સપનાં દર્શાવાતા. આવા પ્રકારની શાળામાં પોતાનું બાળક જાય તેને દરેક માતા-પિતા પોતાનું ભાગ્ય માને છે.

જુલીયન પહોંચી ગયો હતો અને મેદાનની મધ્યમાં મિસિસ મેપલ્સ સાથે વાતો કરી રહ્યો હતો. જે આ શાળાના પ્રખ્યાત પ્રિન્સિપાલ હતા. તેઓ ઘણી વખત આજના શિક્ષણ ઉપર તેમના વિચારો રજૂ કરતા રાષ્ટ્રીય ટીવી પર દેખાતા. જેઓ શાળામાં બાળકોના વ્યક્તિત્વ ઘડતરના વિકાસ માટે પોતાનો મત રજૂ કરતાં નજરે પડતા. જો કે તેણે તેનો ઝભ્ભો અને સેન્ડલ પહેર્યાં હતાં પણ તેમને કોઇ વાંધો નહોતો. હકીકતમાં એવું લાગતું હતું કે તેણી જુલીયનને જાણતી હતી અને હસીને તેઓ વાતો કરતાં હતાં.

"એ પીટર!" જેવો મેં રમતના મેદાનમાં પગ મૂક્યો કે જુલીયને ઉત્સાહથી બૂમ પાડી. સવારની રીસેસમાં બાળકોના આનંદી અવાજોથી મેદાન હજી ભરાઇ રહ્યું હતું. "મીલ્ડ્રેડ મેપલ્સ મારા નજીકના મિત્ર છે તેમને તું મળીશ તો મને આનંદ થશે."

"મીલ્ડ્રેડ તમને મળવું એ મારે માટે આનંદની વાત છે." મેં મારો હાથ લંબાવતાં કહ્યું, ""મેં તમને ઘણીવાર ટેલિવીઝન પર જોયાં છે."

"તને મળવાનો આનંદ છે, પીટર, મેં પણ તારા માટે ઘણું સાંભળ્યું છે. હું તારા અને તારી કંપની વિષે છાપામાં વાંચું છું. તું ઘણો સફળ છે."

“આ થોડા સમય પહેલાંની વાત છે. મને કહેતાં દુ:ખ થાય છે. અમારે કેટલાંક વિકાસના પ્રશ્નોનો સામનો કરવો પડયો છે જેથી અમે ઘણી ગંભીર મુશ્કેલીમાં મૂકાઇ ગયા છીએ. સમજવા માટે આટલું પૂરતું છે. પણ વાત ફેરવી તોળવા માટે જુલીયને મને ખરેખર મદદ કરી. એવું હતું કે હું નવી જ કંપની ચલાવી રહ્યો હતો. હું આશા કરું છું કે હું આમ કહું તેમાં તમને કોઇ વાંધો નથી પણ હું આશા રાખું છું કે ફરીથી તમે અમારા માટે ઘણું સાંભળશો.”

“હું એ સાંભળતી રહીશ.” મિસિસ મેપ્લસે માયાળુ સ્વરે કહ્યું.

“તમે બંને એકબીજાને કેવી રીતે ઓળખો એ પૂછું તો ખરાબ ન લગાડતાં?”

તેઓ બંને જોરથી હસવા લાગ્યાં. “મીલ્ડ્રેડના પતિ પ્રાદેશિક ફેરારી વેચવાની દુકાન ધરાવે છે. મેં મારી ગાડી તેમની પાસેથી લીધી હતી.” જુલીયને કહ્યું, “એમને મળવાનું થયું અને પછી આગળ જતાં માલ્ડ્રેડને મળવાનું સૌભાગ્ય સાંપડયું. જ્યારે તું આવ્યો ત્યારે અમે મારી ગાડી યાદ કરતાં હતાં.”

“મુખ્ય સડક પર તારા સાધુના કપડાંમાં તને એ ગાડી ચલાવતો જોવા હું કંઇ પણ કરી શકું, જુલીયન”, મીલ્ડ્રેડે કહ્યું. ””””ખરેખર કર્યું હોત કંઇ નહી, તને ફરી જોતાં ખૂબ આનંદ થાય છે. હું હજી પણ તું જે દેખાય છે તેના સુખદ આઘાતમાંથી બહાર આવી નથી. પણ આ શાળાના બાળકો વચ્ચે લગભગ ત્રીસ વર્ષ ગાળ્યા પછી એક વસ્તુ હું ચોક્કસ માનું છું કે આપણા જીવનમાં એક ચમત્કાર કોઇ અદ્‌ભુત શક્તિથી થઇ જાય છે. હું તમને બંનેને વાતો કરવા મૂકીને જાઉં છું. દુકાને પછી આવજે, જુલીયન. મને ખાત્રી છે કે જેક તને જોઇને સાનંદાશ્ચર્ય અનુભવશે.” તેણે કહ્યું અને તેઓ સફેદ પગથિયાં ચઢી તેમના મુખ્ય કાર્યાલય તરફ ગયાં.

“હું કદાચ આવું,” જુલીયને સ્મિત સાથે કહ્યું. “આપણે ક્યાં હતાં, પીટર? અરે હા, નિયમ ૭. યોગી રમણની શાશ્વત નેતૃત્વ પદ્ધતિનો સાતમો નિયમ ધ્યેયનિષ્ઠ નેતાએ તેમની દિનચર્યામાં તેમણે કરવું જોઇએ એ જ તેઓ કરે તેવી સાધના તેમના જીવનમાં વણી લેવાની છે.”

“જ્યારે માઉન્ટ પરસીવલ પાસે આપણે છૂટા પડયા ત્યારે તું મને લાકડાનાં ચોકઠાનો સાતમો ટુકડો આપવો ભૂલી ગયો હતો. તે મને ખરેખર અંધારામાં રાખ્યો. આખું અઠવાડિયું મને જુદા જુદા વિચારો આવતા રહ્યા કે સાતમો નિયમ શું હોઇ શકે.”

“હકીકતમાં હું ભૂલી ગયો નહોતો, પીટર. મેં ધાર્યું હતું કે સાતમા નિયમ માટે તું વિચારોની શક્તિને ઓળખે. કારણ એ જ સાતમો નિયમ છે. જેમ મેં તને પહેલાં કહ્યું તેમ આ માહિતીના યુગમાં ભૌતિક વસ્તુઓ કરતાં વિચારો જ આપણા માટે આજે સફળતા લાવી શકે. આપણી સંસ્કૃતિના ઇતિહાસમાં પહેલીવાર કોઇપણ કંપનીનું મૂલ્ય સવારે તેનાં મકાનમાં દાખલ થાય છે. અને રાત્રે તે મકાન છોડી જાય છે. કોઇપણ વ્યવસ્થાપનની શ્રેષ્ઠ અસ્કયામતો તેના લોકોની ખોપડીમાં હોય છે.”

''આ આલેખ સારો છે. મને લાગે છે કે થોડા સમય માટે તો હું આ ભૂલીશ નહી.'' મેં સસ્મિત કહ્યું.

''સરસ, હું ધારું છું કે તું નહી ભૂલે કારણ તારા દરેકે દરેક કામદારોના મનમાં એક કુદરતી સર્જનાત્મકતા છે અને તારું ધ્યેયનિષ્ઠ નેતા તરીકેનું મહત્વનું કાર્ય એ છે કે તે સર્જનાત્મકતાને તારે બહાર લાવવાની છે. તારે તારા નોકરોને હોંશિયારીથી વિચારવાનું શીખવવા- નું છે અને તેમને નવા રસ્તાઓ ઉપર વિચારવા પ્રોત્સાહિત કરવાના છે. ત્યારે જ તારે જોઇએ છે એવા સંશોધનનો તું અનુભવ કરીશ અને ગ્લોબલવ્યુ વિશ્રવકક્ષાના વ્યવસ્થાપનમાં ફેરવાશે.''

''પણ શું એ સાચું છે કે આપણે બધા રચયિતા છીએ? મારા કહેવાનો અર્થ એ છે કે મારા દરેકે દરેક કામદારમાં રચનાત્મક વિચારો છે? અમારા નાણાકીય વિભાગના મહેતાજીઓનું શું અને અમારા નોકરોનું શું? ચોક્કસ તેઓ રચનાત્મક છે. કદાચ એવું બની શકે કે તેમને રચનાત્મક કાર્ય કરવાનો મોકો કયારેય ન મળ્યો હોય તેથી તેમની શક્તિઓ સુષુપ્ત અવસ્થામાં હોય. હું પણ વિચારતો હતો કે ફક્ત કવિઓ, લેખકો, કલાકારો અને અભિનેતાઓ જ સર્જનાત્મક કાર્ય કરે છે. યોગી રમણે અને બીજા સંન્યાસીઓએ મને સીધો કર્યો. તેઓ સૌથી વધારે સર્જનાત્મક હોય છે. તેમ મેં નોંધ્યું છે. તેઓ આશ્ચર્યજનક વસ્તુઓ કરી બતાવે છે. તેઓ દુનિયાથી છૂટા પડી ગયેલા પ્રદેશમાં રહે છે. અને આધુનિક અસરોથી દૂર છે. છતાં તેમણે હોંશિયારીથી નવાં નવાં ઓજારો ઘડયા છે અને યંત્રો પણ, જે તેમને તેમની પ્રવૃત્તિઓમાં મદદ કરે છે. જો કે તેમનું જીવન ઘણું સાદું છે. પણ તેમણે તેમના ડહાપણને રજૂ કરવા અસરકારક સાધનો બનાવ્યા છે. જે તેમની તંદુરસ્તીનું સ્તર પણ સાચવી રાખે છે. અને તારાઓના અભ્યાસ માટે કામ લાગે છે.

''અહી પાછા આપણે ગ્રહમંડળ પર આવ્યા. તું મને તારા ગ્રહમંડળના આકર્ષણ વિષે કયારે કહીશ. એમાં પણ પેલો તારો વારંવાર પ્રકાશિત થાય છે. તેનું શું છે? મારી જિજ્ઞાસા મને હેરાન કરે છે, જુલીયન.'' મેં જવાબ આપ્યો.

''આવતી વખતે ચોક્કસ. અત્યાર માટે એટલું સમજ કે દરેક વ્યક્તિની સર્જનાત્મક શક્તિઓ કયાંક ભરાયેલી હોય છે. તારી કાર્યશાળાને એક મોટા વિચારોના ઉત્પાદક સ્થળ તરીકે જો. જ્યાં સર્જનાત્મકતા અને સંશોધનને વખાણવામાં આવે છે અને તેને વળતર પણ આપવામાં આવે છે. તમારા લોકોને જાણવા દો કે તેઓ થોડું ઘણું જોખમ લઇ શકે છે. તેમને શીખવો કે અસફળતા જીતવું કેમ એ શીખવાની શાળા છે. અને તેઓ જે જોખમ ઉઠાવે છે તે થોડા સમય માટે તમને પાછળ પાડી શકે છે. પણ ઘણાં કંઇ સંશોધન કરી પણ નાંખે. આ લાગણી આખા વ્યવસ્થાપનમાં ફેલાવવાની જરૂર છે. સર્જનાત્મકતાને ઉત્સાહિત કરવાથી તમે તેમને જાણ કરો છો કે તમે સાંભળવા તૈયાર છો. તમારા લોકોના યોગ્ય વિચારો સમજીને તેને હકીકતમાં બદલવા તૈયાર છો.''

''સરસ. તો સંશોધન માટે જોખમ લેવું જરૂરી છે.''

“હાસ્તો. તું બીજે પગથિયે પગ મૂકીને ત્રીજે માળે ન ચઢી શકે. આ વિચારોના યુગમાં આધુનિક ધંધાકીય ક્ષેત્રમાં થતી હરીફાઇમાં ટકી રહેવા માટે તારે અને તારા અધિકારીઓએ તમારા લોકોને થોડી તાણ આપવી પડશે. અજાણ્યા ક્ષેત્રમાં દાખલ થવા અને તેમનાં સુરક્ષા ક્ષેત્રમાંથી બહાર કાઢવા તમારે તેમનામાં આત્મવિશ્વાસ જગાવવો જરૂરી છે. તમારે તેમને બર્નાકલ્સ (ચામાચિડિયાં) જેવા નથી બનાવવાના તેમને પતંગિયાં થવા પ્રોત્સાહિત કરો.”

“તારો મતલબ શું છે?”

“પતંગિયા તેમનો દિવસ વધારે ઉંચા જવામાં અને નવા મધપૂડાઓ શોધવામાં વીતાવે છે. બીજી બાજુ ચામાચિડિયાં આખી જીંદગી એક જગ્યા સાથે જોડાયેલાં રહે છે. તારા કામદારોને નવાં જોખમ લેવા માટે પ્રોત્સાહિત કરીને અને અસફળ થતાં તેમને શિક્ષા ન કરીને તું તેમની કલ્પનાશક્તિને છૂટી કરી શકે છે. યાદ કર, સાઉથવેસ્ટ એરલાઇન્સે તેના મેનેજરે જે નવો પ્રોગ્રામ આપ્યો હતો તે ઓચિંતાનો અસફળ જતાં શું કર્યું હતું?”

“તેને ઉચ્ચપદ આપ્યું હતું, ખરું?”

“તને યાદ છે. આથી મને કહેતો નહી કે ઉચ્ચકક્ષાની રચનાત્મકતા પ્રોત્સાહિત ન થઇ હોય અને તેઓ વ્યવસ્થાપનમાં જોખમ લેતા થાય જ.”

“હા, એ શક્ય છે તેથી સર્જનાત્મકતાનો આત્મા જોખમ લેવામાં છે?”

“આવું જ કંઇ લોકોમાં રહેલી કુદરતી રચનાત્મકતા વધારે છે. મૂળભૂત વિચાર જ ખરેખર રચનાત્મકતાનો આત્મા છે.” કહેતાં જુલીયને તેના ઝભ્ભામાં હાથ નાંખીને લાકડાના ચોકઠાંનો સાતમો ટુકડો બહાર કાઢયો. “યોગી રમણે આ સિદ્ધાંતને મારા કરતાં વધારે ઉત્તમતાથી કહ્યો છે.”

ચોકઠાં પરનું કોતરામણ વાંચવું મુશ્કેલ હતું. મેં ઘણી નજીકથી તે લાકડાના ટુકડાનો અભ્યાસ કર્યો. અને હું, આમ વાંચી શકયો.

નિયમ ૭ : બધા જુએ તે જુઓ, કોઇ ન વિચારે તેવું વિચારો.

“આ નાનાં ભૂલકાં સામે જો. તેમાંનું દરેકે દરેક રચનાત્મકતા નું પ્રતીક છે. કોઇએ તેમના ઉપર પ્રકાશ પાડયો નથી અને કહ્યું નથી કે ચંદ્રમાં ઘીનો બનેલો નથી કે સાન્ટાકલોઝ હોતો જ નથી. કોઇએ તેમનાં સપનાં વિખેરી નાખ્યાં નથી કે તમે ડૉકટર, વકીલ, અવકાશ- યાત્રી અથવા ચલચિત્રના અભિનેતા ન બની શકો. તેમના માટે દુનિયા અગણિત તકો અને અમર્યાદિત શકયતાઓની બનેલી છે. તેમનાં હૃદય ચોખ્ખાં છે અને તેમનાં મન પવિત્ર છે. તેમને કાળજીપૂર્વક સમજ. તેમને તેમની કલ્પનાશક્તિને પડદા પર ઉતારતાં જો. તેઓ જે કરે છે તેના માટે તેઓ સમગ્રતાથી ધ્યાન કેવી રીતે આપે છે તે જો. બાળકો મોટાઓ કરતાં વધારે પ્રગતિશીલ હોય છે આ પાઠ આપણે તેમની પાસેથી શીખવાનો છે.”

“હું તેની સાથે ચોક્કસ સંમત છું, જુલીયન મને યાદ છે જ્યારે મારાં બાળકો કુમળી વયનાં હતાં. ત્યારે હું તેમની પાસેથી ઘણું શીખ્યો હતો.”

"જેમ કે?"

"જીજ્ઞાસુ, ત્વરિત જવાબ આપનાર અને રમતિયાળ બનવાનું હું શીખ્યો. પણ મને લાગે છે મેં તેને હકીકતમાં ક્યારેય મૂક્યું નથી. મેં એ પણ શીખ્યું છે કે કોઇપણ વસ્તુને જોવા અને સમજવાની ઘણી રીતો હોઇ શકે."

"બરાબર, રમણ યોગીએ મને એક રાત્રે એક વાર્તા કહી હતી જે હું તને કહેવા માંગું છું. હિમાલયની તળેટીમાં યોગી તેમના શિષ્યો સાથે બેઠા હતા. તેમના દરેક શિષ્યની પરીક્ષા લેતાં તેમણે માટીમાં એક લીટી દોરી અને કહ્યું આ લીટીને ભૂસ્યા વગર અને ભાગ કર્યા વગર નાની બનાવો. શિષ્યો મૂંઝાયા અને લીટીને હાથ લગાડયા વગર નાની કેવી રીતે કરવી તે વિચારવા લાગ્યા. એક વિદ્યાર્થી સિવાય જેણે ખૂબ મહેનત કરી લાંબી સાધના કરી હતી. તેના ગુરુએ દોરેલી લાઇન પાસે તે ગયો અને ઝડપથી તેની નજીક બીજી લાંબી લીટી ખેંચી કાઢી. તેણે પહેલી લીટીને સ્પર્શ સુદ્ધાં ન કર્યો. ગુરુ હસ્યા "સરસ' તેમણે કહ્યું "હવે પહેલી લીટી નાની થઇ ગઇ.'

"આવા પ્રકારનું મૂળભૂત વિચારવું એટલે જ નિયમ ૭. બધાં જુએ છે તે જોવો, કોઇ ન વિચારે એવું વિચારો. આ નિયમ સર્જનાત્મકતા અને સંશોધનનો છે. જે તને આહવાહન આપે છે કે પરંપરાગત રીતે વસ્તુઓને મૂલવવાની ધૂંસરીમાં જકડાવા કરતાં બદલાતી ધંધાકીય વિશ્વની અચોક્કસતાને તું સમજી શકે. એટલે બીજું કંઇ નહી પણ જૂના પ્રશ્નોના નવા જવાબો શોધવા અને તમે જે કરતા હોવ તે વધારે હોંશિયારીથી કરવાનો રસ્તો શોધી કાઢવો. વસ્તુઓ જેમ છે તેમ ન જોતાં તે કેમ હોઇ શકે તે વિચારવું. એ એવી નેતૃત્વની હિંમત છે કે તારા કામદારોનાં મન અને હૃદય બાળક જેવી નિર્દોષતાથી ભરાઇ જાય."

"ગ્લોબલવ્યુને સંશોધનથી ઉભરાતી કરવા તારે **જાણી લેવું જોઇએ કે તારી સૌથી પહેલી અગ્રિમતા તારી કાર્યશાળામાં જીજ્ઞાસાને વળતર અને નવા વિચારોને વખાણવામાં છે. કારણ એ સફળતાનાં બીજ છે. યાદ રાખ. ફક્ત એક નવો વિચાર તારા વ્યવસ્થાપનને પૂરેપુરું બદલી શકે છે.** એક બુદ્ધિશાળી નવી રીત જે ઉત્પાદનક્ષમતા વધારે અથવા ગુણવત્તાને ઉંચકે તે તારા નફામાં દુનિયાભરનો ફેરફાર કરી શકે છે. કદાચ મહત્વનું એ છે કે ખરેખર મૂળભૂત વિચાર - જેના પર સરખી રીતે કાર્ય કરવામાં આવે તો તારી કંપનીને જે લોકોને સેવા આપવાની છે, તેમના જીવનમાં ઘણો બદલાવ આણી શકે. તે જ સંશોધનની ખરી શક્તિ છે. જે દુનિયાને સારી જગ્યા બનાવે છે. જેમ માયા અન્ગેલાઉ એ સુંદર લખ્યું છે કે "જો તમે ભાગ્યશાળી હશો તો, એક તરંગી કલ્પના લાખો હકીકત બદલી શકે છે.' "

"તો હું ક્યાંથી શરૂ કરું?"

"સૌથી પહેલાં તું જે લોકોને દોરે છે તે દરેકે દરેકને તારે કલાકાર સમજવા."

"ખરેખર? વેચાણના છોકરાઓને અને માલ પહોંચાડનારા લોકોને પણ?"

"હા, જેમ મેં પહેલાં કહ્યું હતું તેમ સજાગતા બદલાવ પહેલાં આવે છે. અને જો તને હમણાં જ એ સજાગતા ન આવે કે તારા વ્યવસ્થાપનમાં સ્ત્રી પુરુષો પાસે નવા

વિચારો ઉત્પન્ન કરવાની કલ્પના શક્તિ છે. તો ગ્લોબલવ્યુ કયારેય સંશોધન કરનારી કંપનીમાં નહી બદલાય. નેતૃત્વનું ડહાપણ રાખ અને સમજી લે કે દરેક માનવ કલાકાર હોય છે. જયારે તેમને નવા વિચારો કરવા માટે પ્રોત્સાહન આપવામાં આવે છે. ત્યારે તેઓ ઉચ્ચ કક્ષાની સર્જનાત્મકતા કરવા શક્તિમાન છે. બ્રહ્માંડની સર્જનાત્મકતા આપણા બધામાં હોય છે.

"આ બાળકો તરફ ફકત જો." મેદાનમાં આમતેમ દોડતા બાળકોને બતાવીને, જેઓ જે રમત રમતા હતા તેમાં ખોવાયેલા હતા. તેમને દર્શાવીને, જુલીયને કહ્યું. "ત્યાં પેલો નાનો છોકરો, રાત્રે મ્યુઝિક-વિડિયો પર તેણે જોયેલા કાર્યક્રમની જેમ પોતાને રૉક-સ્ટાર માનીને તે કાલ્પનિક ગિટાર વગાડી રહ્યો છે. પેલી નાની છોકરી જે ઝાડ નીચે છે તે માને છે કે તે અતિ-માનવ છે જે વિશ્વને હોનારતોથી બચાવવા જન્મી છે. તું મને કહી ન શકે કે આ દરેકે દરેક કલાકાર નથી. એક સર્જક, જેઓ પાસે કોઇપણ ક્ષણે આનંદદાયક નવા વિચારો ઉત્પન્ન કરવાની સમૃદ્ધ આવડત છે."

"ખરું છે, પણ તેઓ નાનાં ભૂલકાં છે." મેં વિરોધ દર્શાવ્યો. "હું જે લોકોને દોરું છું તે પુખ્ત વયના છે, તેમાંના મોટાભાગના વિચારી જ શકતા ન હોય તેમ લાગે છે. અથવા સામાન્યથી કંઇ વધારે કરી જ ન શકે. સૂચન કર કે તેઓ કંઇ નવું કરે તેમના હાથ પસીનાવાળા થાય અને ડરે. તેઓ તેમની પરંપરાગત કાર્ય પદ્ધતિને વળગી રહે છે. જેમ કે તેમનું જીવન તેને આધારે જ હોય. અને નવું વિચારવું પણ હજાર વખત સારું રહેશે."

"એ કોનો વાંક છે?" જુલીયને ખૂબ ગંભીર અવાજે પૂછયું. **"યાદ રાખ, તમે જે રીતે દોરવણી કરો તેથી તમારા લોકો તેને અનુસરવાનું શીખે છે.** જો એ રીતે તેઓ વર્તે જયારે તમે તેમને થોડું વધારે કામ કરવાનું કહો તો તેં અને તારા અધિકારીઓએ પૂરતી સલામતીભર્યું વાતાવરણ બનાવ્યું નથી કે જેથી તેઓ આત્મ- વિશ્વાસપૂર્વક નવાં તત્વોને શોધી શકે. કદાચ તેમને લાગતું હોય કે તેમની અસફળતાથી તેમને શિક્ષા કરવામાં આવશે. કદાચ તેમની જડતા એવી લાગણી-માંથી જન્મે છે તે સ્વીકારી શકાય. તેવી કક્ષાથી તેમની કાર્યશક્તિ ઓછી થશે તો તેમનું અપમાન કરવામાં આવશે. જો તમારા લોકો નવા વિચારો, તત્વો અને પદ્ધતિઓ પૂરી જીજ્ઞાસા અને શક્તિથી સ્વીકારવા તૈયાર ન હોય તો તેનું કારણ એ છે કે કાર્યશાળાને તમે જોખમ મુક્ત કરી શકયા નથી. **રચનાત્મકતા ત્યારે જ રુંધાય છે કે જ્યારે લોકોને લાગે કે તેઓ કંઇ ગુમાવશે.** "

"તો જોખમ-મુક્ત વાતાવરણ કેવી રીતે રચવું?"

"તેના ઘણા રસ્તા છે. તમારા લોકોને અસફળ રહેવાની સ્વતંત્રયતા બક્ષો. વિશ્વાસ વધારો ત્વરિત પ્રતિસાદનો ઉત્સવ કરો અને મૂળભૂત વિચારોને વળતર આપો. લોકોને તેમની રીતે કામ કરવા દો. લોકોને તેમની કલ્પનાને સરાણે ચઢાવવાની તક આપો."

"થોડા વખત પહેલાં મેં એક લેખમાં વાંચ્યું હતું. રીબોકના સીઇઓ પાઉલ ફાયરમેને કહ્યું કે અમારી કંપનીની સફળતાનું રહસ્ય એ છે કે અમે લોકોને

સર્જન કરવાની સ્વતંત્રતા આપીએ છીએ. સામાન્ય લોકોને કામ કરવા દેવાથી તેઓ ઘણાં આગળ નીકળી ગયા.''

''એમ જ, યાદ રાખ. ધ્યેયનિષ્ઠ નેતા સર્જનાત્મકતાનું સંચા- લન કરતા નથી. તેઓ ફક્ત તેને શોધી કાઢે છે. જેથી તે વ્યવસ્થાપનમાં કામ લાગે. તેઓને આશા હોય છે કે તેમની કંપની તેમના સંશોધન માટેનું મેદાન બને જેવું કે આપણે અત્યારે ઉભા છીએ.''

જેવું જુલીયને વાક્ય પૂરું કર્યું કે એક ચમચા જેટલો શીરો હવામાં ઉછળ્યો અને તેના ચોક્કસ લાલ રંગના ઝભ્ભાની બાંય પર પડ્યો. ગુનેગાર, એક લુચ્ચા સ્મિત સાથેનો બાળક હતો. જે આનંદથી ઉછળતો હતો. કારણ તેણે તાકેલું નિશાન પાર પડ્યું હતું. પછી એ ફર્યો અને એના નાના પગથી દોડી શકાય એટલું ઝડપથી દોડીને બૂમો પાડતો હતો. ''મેં સાધુને પકડ્યો! મેં સાધુને પકડ્યો! મેં સાધુને પકડ્યો.!''

જુલીયન આશ્ચર્યમાં ગરકાવ, ત્યાં ઉભો જ રહ્યો. પછી તેના ખરા સ્વભાવ મુજબ તેણે તેની આંગળી ઝભ્ભા પરથી દડી જતા શીરામાં નાંખી, ''સ્વાદિષ્ટ છે.'' તેણે હસતાં કહ્યું. ''''આ હમેશાં મને બહુ ભાવે છે.''

''આનાથી મને તારી કાર્યશાળામાં સર્જનાત્મકતા વધારવાનો એક અગત્યનો મુદ્દો યાદ આવ્યો, પીટર.'' જુલીયને ચાલુ રાખ્યું. શીરાનો બાકીનો ભાગ મારા કોટના ખીસ્સામાંથી સફેદ રૂમાલ કાઢીને મેં તેને આપ્યો તેનાથી સાફ કર્યો. તારી કંપનીને ''વિચારોનું મેદાન' બનાવી તેનાથી કંપનીને વિશ્વકક્ષાની પદવી પર ચઢાવવા તારે જે વાતાવરણ તારા લોકોને કામ માટે પૂરું પાડવું જોઇએ તે મજાકિયું હોવું જોઇએ. રમતિયાળપણું બાળકો માટે જ અનામત રાખેલું હોય એ માન્યતા સર્જનાત્મકતાનો સૌથી મોટો અવરોધ છે. આથી સર્જનાત્મક વિચારો મર્યાદિત થાય છે. એટલું જ નહી કાર્યશાળામાં તાણ વધે છે. વખતોવખત લોકો તેમના માથાના વાળ નીચા કરે અને પેટ ભરીને હસે તેમાં કંઇ ખોટું નથી. **કામ આનંદદાયક હોવું જોઇએ.** હોંશિયાર નેતૃત્વનું તત્વજ્ઞાન એ છે કે કામ કરતાં લોકોને આનંદ કરવાની તક પૂરી પાડવી. કારણ તેથી બધાને ખાત્રી થશે કે ખરેખર તારા માટે લોકો પહેલાં છે. તે દર્શાવે છે કે તમને કાળજી છે. લ્યુગો રેહનરે કહ્યું છે, ''રમવું એ પોતાની જાતને એક ચમત્કારમાં પામવા જેવું છે.' અને પ્લુટો એ કહ્યું છે. ''જીવન રમતની જેમ જીવવું જોઇએ.' યાદ રાખ, તું જે સ્ત્રીઓ અને પુરુષોને દોરે છે તેઓ તેમના જીવનનો ઘણો સમય ઓફીસમાં ગાળે છે. એ જગ્યાને તું વધારે સમય રહેવા જેવી તો બનાવી શકે છે. આનંદ અને હાસ્ય લોકોના હૃદય અને કલ્પના સુધી પહોંચવાના દરવાજા છે. **લોકોને એ લોકો સાથે ધંધો કરવો ગમે છે જેમને તેમનો ધંધો ગમે છે.** ''

''સારો મુદ્દો છે, જુલીયન. અમારા લોકોની શક્તિઓ અને રચનાત્મકતાને છૂટી કરવા માટે બીજા કયા મુદ્દા ધ્યાનમાં રાખવા જોઇએ?''

''આ થોડા વિચારો છે જેથી તારી કાર્યશાળાને ફરી ધમધમતી અને ઉર્જાથી ભરપૂર બનાવે છે. તારા લોકોને અઠવાડિક ''વિચારોનો પૂરવઠો' ગોઠવવા

ઉત્સાહિત કર. સૌથી સારા વિચારને વળતર આપવાની કોઇ પદ્ધતિ બનાવ જેથી લોકો નવા વિચારો સાથે આવશે. સંઘ એકતા બનાવવા અને કામમાં રસ પેદા કરવા જુદા જુદા વિભાગને મહિનામાં એક વાર બહાર લઇ જાઓ. કોઇ હાસ્ય કલબમાં જાઓ, થિએટરમાં ચલચિત્ર જોવા જાઓ. અથવા દરિયા કિનારે ભોજન લો બધું ઓફીસ માટે જ. હરીફાઇ યોજવા માટે કમિટિ બનાવ. તે રીતે ખરેખર સારો સમય શરૂ થાય છે.

"હરીફાઇ કમિટિ?"

"હા, આ કમિટિ બધી રીતની મજા અને રમતોની હરીફાઇ યોજે છે. જે તારી કંપનીના લોકોને હસતા-રમતા કરશે અને છેવટે તેઓને કંપની ગમવા લાગશે. આ રીતે લોકોમાં કામ પ્રત્યે સંતોષ ઉભો કરી શકાય અને લોકો કંપની છોડી જતા નથી. જેથી તેને વધારે ગ્રાહકો પણ મળી શકે છે."

"ખરેખર?"

"હા, **ક્યારેય ભૂલતો નહી કે કામ કરતી વખતે તું તારા કામદારોને ખુશ રાખીશ તો તેઓ તારા ગ્રાહકોને ખરીદતી વખતે ખુશ રાખશે.** તને હવે સમજાય છે કે સકારાત્મક કામનું વાતાવરણ ફક્ત રચનાત્મકતા અને સંશોધન જ વધારતું નથી પણ તારો નફો પણ વધે છે."

"સમજાય છે."

"વિચાર, ગંદી ટાઇનો દિવસ, સૌથી રમૂજી ટૂચકાનું અઠવાડિયું અથવા મફત ભાખરીની સવાર કેવી રહે? જ્યાં તે અને તારા અધિકારીઓએ બનાવેલી ભાખરી બધાને આપવામાં આવે તારા લોકોનો આત્મા અને હૃદય કેવાં બને? કલ્પના કર કે કામદારોને એક ચોક્કસ કામ કર્યા પછીના શુક્રવારે અડધો કલાક વિમાન ઉડાડવાની હરીફાઇ આપવામાં આવે. હું શરત મારું કે તેઓ કામ પૂરું જ નહી કરે વધારાનું કામ પણ કરશે. ખરેખર તારે તારું વર્તન બદલાઇ ગયું છે તેનો સંદેશો મોકલવો હોય અને તેમને આનંદિત કરવા હોય તો તું ૪-૪૫-૪-૯-૮ અજમાવી શકે છે.

"૪-૪-૫-૪-૯-૮ શું છે?"

"આ તારા ટેલિફોન પરની ચાવીઓ ઉપરનું જન્મદિવસ અભિનંદનની તરજ છે. કલ્પના કર કે તારા કોઇ કામદારના જન્મ- દિવસ પ્રસંગે તેને અભિનંદન આપવા તું આ તરજ તેને સંભળાવે. આ તે માની જ શકશે નહી, ખરું ને?"

"મારા લોકો **માનશે જ નહી.** "

"યાદ રાખ, બાળકોની જેમ જ્યારે તારા લોકો કામ કરતા હોય ત્યારે રમતિયાળ બનવાનું શોધી કાઢે, તો તેઓ ખૂબ ખુશ થાય. ખુશ કામદારો રચનાત્મક, ઉત્પાદક અને વફાદાર હોય છે. અને ખરેખર મહાન વ્યવસ્થાપનના પાયામાં રચનાત્મક, ઉત્પાદક અને વફાદાર લોકો હોય છે, ખરું ને?"

"ખરું છે."

" **ફક્ત યાદ રાખ કે જે કંપનીમાં લોકો સાથે રમે છે તે લોકો સાથે રહે છે.** "
"અરે, વખતોવખત" તે મારી ગાડી તરફ ચાલ્યો ત્યારે શાળાના બાળકોએ આવજો કર્યું અને જુલીયને ઉમેર્યું, "તારી જાતને કેટલાક સારા સવાલો પૂછ."

"તારા કહેવાનો અર્થ શું છે?"

"તારા વિચારોને તાજા અને યોગ્ય રાખવાની ઉત્તમ રીત છે કે રચનાત્મક સવાલો પૂછવા. યોગ્ય સવાલો તમને સલામતીના ક્ષેત્રમાંથી અજાણ્યા પ્રદેશમાં લઇ જાય છે. જેથી તમારો દષ્ટિકોણ બદલાય છે કે બધું શક્ય છે."

"થોડા સવાલો જે પૂછી શકાય તેવા હોય તેનું તું મને સૂચન કરી શકે છે?"

"હા, જેમ કે "જો હું જાણતો હોઉં કે હું અસફળ નહી થાઉં તો હું શું કરું?' અથવા "દરેક અઠવાડિયે કઇ ત્રણ વસ્તુ કરવાથી હું મારા નેતૃત્વને અસરકારક બનાવી શકું?' અને પછી તારી જાતને પૂછ કે તું એ શા માટે કરતો નથી. જ્યારે તારી સામે સમસ્યા હોય ત્યારે તારી જાતને શા માટે પૂછતો નથી કે કેનેડી, ચર્ચિલ કે કન્ફ્યુશિયસે આ પ્રશ્ન કેવી રીતે ઉકેલ્યો હોય?' સર્જનાત્મકતા મેળવવા માટે ઉંચી કક્ષાએ તારી જાતના સાથે શરત મારવા કદાચ સૌથી સારો સવાલ એ હોઇ શકે કે ' **એક વખત હું બાળક હતો તે આજે, હું પુખ્તવયનો બન્યો છું તેના માટે શું વિચારશે.** "

"તે સારો સવાલ છે, જુલીયન." જેવો હું મારી ગાડી સુધી પહોંચ્યો કે મેં નરમાશથી કહ્યું. ""કદાચ એ સવાલના જવાબ આપવાની મને શરમ આવશે."

"કલ્પનાશક્તિને ખોરાક આપ અને તારા મનનો વિસ્તાર કર. તારી કુદરતી જીજ્ઞાસાને ફરીથી ડબ્બાની બહાર કાઢ. ખૂબ મોટા સપનાં જોવાની હિંમત કર અને ઉચ્ચ ભવિષ્ય પ્રત્યે નજર રાખ. જો કે ધંધાકિય વિશ્વના બીજા નેતાઓ જે જુએ છે. તે તું પણ જોઇશ પણ કોઇ વિચારતું ન હોય તેવું વિચારવાનું શરૂ કર. ક્યારેય ભૂલતો નહી કે ધ્યેયનિષ્ઠ નેતાના શરીરની અંદર બાળકનું હૃદય હોય છે. જે ઉત્સાહ અને આશ્ચર્યથી ભરપૂર હોય છે. જેનાથી શક્તિ, હકારાત્મકતા અને આશાની લાગણી બંધાય છે જે ચેપી હોય છે. જે સ્ત્રી અને પુરુષો એ તને નેતૃત્વ બક્ષ્યું તેના તરફ એ તારું દેવું છે."

"તું ખરેખર માને છે કે જે નેતા "આશા' કરે તે દુનિયામાં ફેરફાર કરી શકે, ખરું ને?"

"ચોક્કસ. આશા એક એવું ઇંધણ છે જે ધ્યેયનિષ્ઠ નેતા અને ધ્યેયવાળી કંપનીને ઉપર ધકેલે છે. મને યાદ આવ્યું કે એક વૃદ્ધ માણસે તેના જીવનના અંત વખતે કહ્યું કે "હું એક સામાન્ય માણસ છું, મારી શક્તિઓ સામાન્યથી ઓછી છે. મને જરા પણ સંશય નથી કે દરેક સ્ત્રી અને પુરુષ મેં જે મેળવ્યું છે તે મેળવી શકે છે જો તેઓ એટલો પુરુષાર્થ કરે અને આશા અને વિશ્વાસ બતાવે.'

"તારા સમૃદ્ધિના દિવસોમાં જે પૈસાવાળા વ્યપારીઓને તું મળતો તેમાંના કોઇ છે કે?"

“ના, પીટર, એક ક્ષણવાર થોભીને જુલીયન બોલ્યો ””આ શબ્દો ગાંધીજીના છે.”

“ધ્યાનમાં રાખવા જેવા છે.” મેં શાંતિથી જવાબ આપ્યો. ”” આશા માટે બોલતાં મને યાદ આવ્યું કે હમણાં જ છાપાની મુખ્ય લાઇન વાંચી હતી કે “લકવાવાળા પત્રકારે આંખ મીચકારીને પુસ્તક લખ્યું.”

“ખરેખર?”

“હા, એ જીન-ડોમનીક બોબીની વાર્તા હતી. જે એલે ચોપાનિયાંનો પેરીસમાં મુખ્ય એડિટર હતો. તેના દીકરાને શાળાએ મૂકવા જતાં તેને લકવાનો જોરદાર હુમલો થયો અને ગાડીની પાછળની બેઠકમાં પડી ગયો જ્યારે તેનો દીકરો મદદ માટે બૂમો પાડતો હતો. ત્રણ અઠવાડિયા પછી તે બેભાનીમાંથી બહાર આવ્યો પણ તે બોલી શકતો નહોતો. લગભગ બહેરો અને લકવાથી હલી શકતો નહોતો. તે તેના શરીરના એક ભાગ સિવાય હાલી ચાલી શકતો નહોતો.”

“એ ભાગ કયો?” મારા દરેક શબ્દ ઉપર ધ્યાન આપતાં જુલીયને પૂછયું.

“તેની ડાબી પાંપણ. તેણે કંઇ કરી છૂટવાની પ્રબળ ઇચ્છાથી અને પુષ્કળ આશા અને સકારાત્મકતાથી જીન ડોમનીક જો કે એ હાલી શકતો નહોતો તો પણ તેણે કોઇપણ રીતે પુસ્તક લખવાનું વિચાર્યું. જેથી તેની સાથે થયેલા બનાવથી આવેલું ડહાપણ બીજાઓને આપી શકે. તેની રચનાત્મક કલ્પનાથી તેણે તેનું સપનું પૂરું કરવાની પદ્ધતિ શોધી કાઢી. છેવટે તેણે એક ઉકેલ વિચાર્યો. તે એક નવો કક્કો શોધી કાઢે જેથી તેનો આંખનો પલકારો દરેક અક્ષર દર્શાવે.”

“તું મશ્કરી કરે છે?”

“ના, આ હકીકત છે.” મેં જવાબ આપ્યો. હોસ્પિટલના અંધારિયા ઓરડામાં દરરોજ ત્રણ કલાક તેના એડિટર સાથે આ માણસ આંખ પટપટાવીને પુસ્તક લખતો રહ્યો. છાપાંઓએ આશરો કાઢયો કે જીન-ડોમનીકે ૨,૦૦,૦૦૦ વખત તેની આંખ મીચકારી ૧૩૭ પાનાંનું પુસ્તક લખ્યું. અને બધી રીતે આ પુસ્તક ઉચ્ચ-સ્તરનું છે.

“તેમાં તેણે તેના જીવન દરમ્યાન તે જે કરવા માંગતો હતો તે બધા વિષે લખ્યું છે. જે તે કયારેય ન કરી શકયો. એલ્પાઇનના શિખર પર ટોર-દ-ફ્રાન્સના સાયકલ સવારો સાથે ચઢવું. ફોર્મ્યુલા-૧ ની ઝડપથી રેસ કરવી અથવા ઉનાળાની સુંદર સવારે લોનાઇઝના સોસેજની મજા લૂંટવી. અને તેના નાનાં બાળકોને ફરી કયારેય ન ઉંચકી શકવાનું દુ:ખ તેણે વ્યકત કર્યું છે અને તેમની સાથે રમવું અને તેને જેવા જોઇએ તેવા બનાવવા વગેરે.”

“પુસ્તક પૂરું કર્યા પછી” મેં ચાલુ રાખ્યું. ””બીજા લકવાવાળા દર્દીઓને અને તેમના કુટુંબને મદદ કરવા તેણે એક સંસ્થાની રચના કરી. તેના પોતાના દષ્ટાંતથી તેમને ઉત્સાહિત કરી તેમની હારને જીતમાં ફેરવવાનું શીખવવામાં તેણે તેનું જીવન સર્મપિત કર્યું. દુ:ખદાયક છે કે જીન ડોમનીક મૃત્યુ પામ્યો. મેં જે લેખ વાંચ્યો તે તેની યાદમાં અર્પણ હતો. પણ હું જાણું છું કે તું કબૂલ કરીશ, જુલીયન,

તેનું જીવન તું મને જે શીખવવા માંગે છે. તે પ્રકારના ઉત્સાહનું જ્વલંત ઉદાહરણ છે. તેના ઉદ્‌ાત વ્યક્તિત્વમાં બધા જુએ તે જુવો અને કોઇ ન વિચારે તેવું વિચારો સમાયેલું છે, ખરું ને?''

''હા, પીટર એટલે જ નિયમ ૭. બધા જેમાં એક દુ:ખદાયક ઘટના જુએ તેમાં મહાન તક શોધી કાઢવી. જ્યાં બધાને નિરાશા દેખાય ત્યાં આશા શોધી કાઢવી. જ્યાં બધા ફક્ત અંધકાર જુએ ત્યાં પ્રકાશને શોધવો. આ હચમચાવી નાંખે તેવું ઉદાહરણ છે. આ વાત મને કહેવા બદલ તારો આભાર. જ્યારે લોકો દબાણવાળા અને યોગ્ય કારણથી દોરવાઇને પોતાનું કાર્ય પૂરું કરે તે મને ગમે છે. છતાં મને આશ્ચર્ય છે કે ઘણા લોકો હોનારત થવા સુધી રાહ જુએ છે. ક્યાં તો એ ધંધાકિય હોય અથવા વ્યક્તિગત હોનારત હોય. પછી તેઓ તેમને ભગવાને આપેલી ભેટ શોધી કાઢે છે. એ ખરેખર ખૂબ દુ:ખજનક છે.''

જેવો હું ડ્રાઇવરની સીટમાં બેઠો અને મારી ગાડીના કાચ નીચે કર્યા કે જુલીયન ગોઠણ પર હાથ મૂકીને વાંકો વળ્યો.

''ભલે દોસ્ત, હવે હું બીજે ધ્યાન આપું તે પહેલાં આપણી એક જ મીટિંગ બાકી છે. તારી સાથે સમય ગાળવો એ ખરેખર આનંદની વાત હતી. મને આનંદ છે કે ગ્લોબલવ્યુમાં નેતૃત્વનું ડહાપણ સકારાત્મક કાર્ય કરી રહ્યું છે.''

''જુલીયન, હું તને ક્યારેય પૂરતો ધન્યવાદ કહી શકીશ નહી.'' મેં આભાર માનતાં જવાબ આપ્યો.

''મેં શીખવેલા પાઠને હકીકતમાં બદલ અને સંન્યાસીઓનું તત્વજ્ઞાન તારી આજુબાજુના લોકોને શીખવ. નેતૃત્વનાં નિયમો તારા વ્યવસ્થાપનમાં બધાને અને ધંધાકીય વિશ્વને પણ શીખવ. આ શાશ્વત જ્ઞાન વિષે તારા અધિકારીઓને અને નેતાઓને કહેજે. આભાર માટે આટલું પૂરતું છે.''

''તું કંઇ ભૂલી નથી જતોને?'' જેવો જુલીયન ચાલવા લાગ્યો કે મેં પૂછયું.

''મને ખબર છે આપણી આગલી મીટિંગ ક્યારે છે તે તારે જાણવું છે ખરુંને?''

''તું સમજી ગયો. હું છેલ્લો નિયમ જાણવા માંગુ છું.''

''આપણી છેલ્લી મીટિંગ વેધશાળામાં થશે. મને અડધી રાતે ત્યાં મળજે. ત્યાં હું તને કંઇક બતાવીશ જેથી નેતૃત્વ વિષેના તારા વિચારો કાયમના બદલાઇ જશે.''

''ખરેખર?''

''ખરેખર અને તું જાય તે પહેલાં. તું આ લાકડાનો ટુકડો લે, જે હું લાવ્યો છું. મને ખબર છે તને આ રમત ગમે છે.'' તેણે આંખ મીચકારતાં કહ્યું.

જુલીયને તેના ઝભ્ભાના ખીસ્સામાં હાથ નાખ્યો અને લાકડાના ચોગઠાનો એક ટુકડો બહાર કાઢયો અને ખૂબ નરમાશથી મારા ડાબા હાથમાં મૂકયો. ''''આવતી મીટિંગ સુધી આવજે.''

એક સાદી ભેટ મારા દોસ્તે મને આપી હતી તેને મેં જોઇ. આ ટુકડામાં મારા માટે ઘણો મોટો અર્થ હતો અને આજ સુધી શીખેલા ધ્યેયનિષ્ઠ નેતૃત્વના શક્તિશાળી નિયમોની મને યાદ અપાવી. બીજા ટુકડાઓની જેમ આ આઠમા ટુકડા પર પણ ચિતરામણ હતું મને વાંચતા તકલીફ પડી. આગળના સાતની જેમ આના પર પણ રહસ્યમય સંદેશો હતો. તે નિયમ હતો. **નિયમ ૮ : નેતૃત્વને અનુવાંશિકતા સાથે જોડો.**

મેં ઝડપથી ઉપર જોયું કે આ શબ્દોનો અર્થ શું છે પણ તે અદશ્ય થઇ ગયો હતો. આખા રમતના મેદાનમાં મારી સામે જોતો એક જ આત્મા બાકી રહી ગયો હતો. એ એક નરમ નાનો છોકરો હતો. તેણે મારી સામે જોયું અને હસ્યો.

પ્રકરણ ૧૧ જ્ઞાન સારાંશ શ્રી જુલીયનનું ડહાપણ ટૂંકમાં

નિયમ

તત્ત્વ સર્જનાત્મકતા અને સંશોધનનો નિયમ.

ડહાપણ

- દરેક માનવ સર્જક છે. ધ્યેયનિષ્ઠ નેતાનું કામ એ છે કે કાર્યશાળામાં કુદરતી શક્તિઓનો વિકાસ કરવો.
- જૂનવાણી વિચારોની પદ્ધતિની ધૂંસરી ફેંકી દો અને તમે જે કરતા હોવ તે કરવા માટે હોશિંયાર પદ્ધતિ શોધી કાઢો.
- લોકોને જોખમ લેવા દો અને અસફળ થવાની સ્વતંત્રતા બક્ષો.

સાધના

- ત્વરિત જવાબો માટે ઉત્સવ કરો. અને મૂળભૂત વિચારોને વળતર આપો.
- તમારી કાર્યશાળાને આનંદદાયક બનાવો. વિચારો માટે રમતનું મેદાન બનાવો.
- અઠવાડિક વિચારોનો પૂરવઠો નક્કી કરો.
- સર્જનાત્મક સવાલો પૂછો.

સુવાક્ય તમારી કલ્પનાશક્તિને ખોરાક આપો અને મનનો વિકાસ કરો. તમારી સાહજીક રચનાત્મકતા ડબ્બાની બહાર આવવા દો. ઘણાં મોટાં સપનાં જોવાની હિંમત કરો અને ઉચ્ચ ભવિષ્યને દૃષ્ટિમાં રાખો. ધંધાકિય વિશ્વને દરેક નેતા જે રીતે જુએ છે તે બધું તમે પણ જુઓ છો. કોઇ ન વિચારે તેવું વિચારવાનું શરૂ કરો. કયારેય ભૂલો નહીં કે દરેક ધ્યેયનિષ્ઠ નેતાના શરીરમાં જિજ્ઞાસા અને આશ્ચર્યથી ભરપૂર નાના બાળકનો આત્મા હોય છે.

સંન્યાસી જેમણે પોતાની સંપત્તિ વેચી નાખી

નિયમ ૮

નેતૃત્વને અને વારસાને જોડો.

પ્રકરણ : ૧૨

સહકાર્ય અને મહત્વનો નિયમ

હું માની શકતો નથી કે જીવનનું લક્ષ્ય "આનંદ' પામવો છે. મને લાગે છે કે જીવનનું લક્ષ્ય કોઇને ઉપયોગી થવું, જવાબદાર બનવું અને માયાળું થવું છે. બધાથી ઉપર એ પદાર્થ છે, ગણાવું છે. કોઇ તત્વની તરફેણ કરવી, તમે જે માટે જીવ્યા હોવ તે ક્યાંક કોઇ ફરક કરે

લીઓ. સી. રોસ્ટેન.

અડધી રાત કરતાં જરા પહેલાં લાંબો વળાંકવાળો રસ્તો મને વેદ્યશાળા તરફ દોરી ગયો. જે વેધશાળા પ્રદેશની બહાર હતી. બે ખગોળશાસ્ત્રીઓ જેઓ તેને તેમના સંશોધન માટે વાપરતા હતા નહી તો ખાલી જ હતી. મેં ઝડપથી મારી ગાડી પાર્ક કરી અને પગથિયાં ચઢીને મુખ્ય હોલમાં ગયો જ્યાં જુલીયને મને જલ્દીથી મળવાનું કહ્યું હતું. દર્શનીય રાત હતી. આકાશમાં એક પણ વાદળ નહોતું. નરી આંખે પણ આકાશ ચંદ્ર અને તારાથી સ્વર્ગ સમાન શોભતું હતું. હું જાણતો હતો, જુલીયન ખુશ હશે.

"અરે, પીટર" જુલીયન ગણગણ્યો અને તેણે મારું ઉડતું સ્વાગત કર્યું એક મોટા ટેલીસ્કોપ પર આખું દશ્ય જોતાં તેની એકાગ્રતા તૂટે તે પહેલાં તે બોલ્યો ""મને આનંદ થયો કે તું સમયસર આવી ગયો."

"દોસ્ત આ મેં કોઇપણ ભોગે ગુમાવ્યું ન હોત. આજે રાતે આપણે કંઇ ખાસ જોવા જેવું છે?"

"અરે હા, આજની રાત ખૂબ ખાસ છે. એનું હું વચન આપું છું." તેની આંખો ટેલિસ્કોપ પરથી હટાવ્યા વગર તે બોલ્યો.

"તું એ સાંભળીને ખુશ થઇશ કે તેં મને છેલ્લો લાકડાનો ટુકડો આપ્યો પછી મેં બધાં ભેગા કરી ગોઠવ્યા છે."

"અને તને શું મળ્યું?"

"જો દરેક વખતે જ્યારે તેં મને નવો ટુકડો આપ્યો તે આઠ નિયમો કોતરેલા હતા. જેથી તેના પર કોઇ ખાસ ચિત્ર ઉપસે છે. પણ મને સમજ ન પડી કે એ શેનું ચિત્ર છે. જેવા ટુકડા ભેગાં કર્યા કે તેમાંથી કોઇ નિશાન ઉભરી રહ્યું છે. પણ છેલ્લા ટુકડા વગર એ શું છે તે ચોક્કસપણે કહી શકાય નહી."

"અને હવે તને ખબર પડી?"

"એ તારો છે."

"એ ખાલી તારો નથી, એ ખાસ તારો છે, મારા દોસ્ત."

“મને સમજણ નથી પડી, જુલીયન.”

“ચાંદનીવાળા આકાશમાં દરેક તારો પ્રકાશમય હોય છે પણ એક તારો ખૂબ તેજથી ઝગમગતો હોય છે.”

“એ કયો તારો?”

“ધ્રુવનો તારો બધાથી વધારે પ્રકાશમય હોય છે.”

ઓચિંતાનો જુલીયન બૂમ પાડી ઉઠયો. ””””ત્યાં છે, આજ સમય છે! ચાલ જઇએ.” મને બાવડામાંથી પકડીને મકાનની બહાર દોડતાં એ બરાડયો. અમે વળાંકવાળો રસ્તો અને પગથિયાં દોડીને વટાવ્યા જેથી અમે ખુલ્લા મેદાનમાં આવી ગયા. પછી અમે થંભી ગયા અને શાંત થઇ ત્યાં ઉભા રહ્યા.

“સંન્યાસીઓએ કહ્યું હતું એમ જ થાય છે.” જુલીયને આનંદથી કહ્યું.

“શું થાય છે?” સામાન્ય કરતાં કંઇ જુદું ન લાગતાં મેં પૂછયું.

“જો” તેણે કહ્યું અને તેણે સંપૂર્ણ અંધારાના કાળા આવરણમાં આખી રાતના આકાશને ભરી દેતો ઝગમગાટ બતાવ્યો. ધીમે ધીમે તે વધારેને વધારે ઝળહળવા લાગ્યો. જે ઉનાળાના અંધારીયા આકાશને પ્રકાશથી ભરી દેતો હતો. તરત જ તારો એટલો પ્રકાશમય બન્યો કે મારે મારી આંખોના રક્ષણ માટે હાથની છાજલી કરવી પડી. તે દિવસે બાસ્કેટબોલના મેદાનમાં થયું હતું તેવું જ થતું હતું પણ તેનાથી હજારગણું વધારે તીવ્રતાથી વધારે વાર થાય તે પહેલાં આખું આકાશ ભર બપોરના પ્રકાશ જેટલું તેજસ્વી બની ગયું. પણ મારા ઘડિયાળનો કાંટો રાત્રે સવા બાર વાગ્યાનો સમય સૂચવતો હતો. ન માની શકાય તેવું દશ્ય હતું.

મેં જુલીયન સામે જોયું તો તેનો ચહેરો આનંદ અને ઉત્સાહથી પ્રકાશિત હતો. તેના જુવાન ચહેરા પર એક ઉજ્જવળ હાસ્ય પથરાયું અને તેના બે હાથ ભારતીય લોકો માન આપવા નમસ્કાર કરે તે મુદ્રામાં જોડાયા.

“તું જે જુએ છે તેની ઉજવણી કર. પીટર. દુનિયા આવતા હજારો વર્ષો સુધી આવું કંઇ નહી જોઇ શકે. સંન્યાસીઓએ તેમના અમર્યાદિત ડહાપણથી કહ્યું હતું કે આ ખગોળશાસ્ત્રીય બનાવ આ જ રાત્રે આ જ સમયે થશે. મને ખાત્રી છે કે તેઓ આનો અનુભવ અત્યારે કરી રહ્યા હશે. જેમ આપણે આપણા પ્રદેશમાં જોઇ રહ્યા છીએ તેમ તેઓ તેમના દેશમાં આ ચોક્કસ જોઇ રહ્યા હશે. મને ખાત્રી છે કે જેટલો હું આનંદવિભોર બન્યો હતો, તેટલા એ લોકો પણ બન્યા હશે. અત્યારે તેઓ મને ખૂબ યાદ આવે છે.”

“આ બધું શું છે?” ઝડપથી આકાશ સામે જોતાં એક પણ વધારાની ક્ષણ ગુમાવ્યા વગર મેં પૂછયું.

“દોસ્ત, આ નવા યુગનું પ્રભાત કરવાની કુદરતની પદ્ધતિ છે. નવો યુગ જીવન અને નેતૃત્વ હશે. દુનિયામાં “એટલું બધુ દુ:ખ અને દર્દ હશે કે ઘણાં સારા લોકો આશા છોડી દે છે. તેઓ કંઇપણ કરવાની તેમની શક્તિ ઉપર વિશ્વાસ ગુમાવી દે છે. તેઓ અરાજકતા અને નકારાત્મકતાને શરણે થઇ જાય છે. તેઓ

તેનો સામનો કરવો અને ઉચ્ચ વિજયો, સહયોગ અને સફળતા મેળવતા નથી. આપણા સમાજમાં ઘણાં લોકો કુદરતની ભેટ સ્વરૂપે જીવન જીવી શકતા નથી. કુદરત આપણને મશાલ સળગાવી યાદ અપાવે છે કે નેતાઓએ ધ્યેયનિષ્ઠ બનવું જ રહ્યું. આજની મહત્વની રાત્રે જેમ ધ્રુવના તારાએ ઝગમગાટ કર્યો તેમ વ્યવસ્થાપનોમાં તેમણે ઝગમગાટ કરવાનો છે. તેના માટે તેમને ઉંઘમાંથી ઉઠાડવા માટેનો આ આદેશ છે. પ્રકાશ બન, પીટર, એવો બન જેથી લોકોને દિશા અને માર્ગ બતાવી શકે. તું આદર્શના પ્રકાશમાં સળગવાનો ઉત્સાહ રાખ અને લોકોનો માર્ગદર્શક બન. તારા નેતૃત્વ અને જીવનનો આ અંતિમ ધ્યેય છે.''

જેવી જુલીયને આ ઉદ્‌ાત ડહાપણની વાત પૂરી કરી કે રાત ફરીથી તેની કુદરતી પરિસ્થિતિમાં આવી ગઇ. અમે ઘાસમાં બેઠા. જુલીયનનો ઝભ્ભો કરચલીવાળો થતો હતો. પછી તેણે કહ્યું, ''નેતૃત્વના બધા નિયમોમાં સૌથી શાશ્વત નિયમ આ છે: **જીવનનું ધ્યેય એ ધ્યેયનું જીવન છે.** ''

''ખૂબ શક્તિશાળી વાક્ય છે.''

''નેતૃત્વની સૌથી મોટી વિટંબણા એ છે કે જેટલું વધારે તમે આપો છો તેટલું વધારે તમે પામો છો. અને બધું કહ્યા અને કર્યા પછી સૌથી ઉત્તમ ભેટ તમે એ આપી શકો કે તમે બધું પાછળ છોડીને જવાના છો. તમારી પાછળનો વારસો એ છે કે તમારા વ્યવસ્થાપનમાં તમે કેટલું મૂલ્ય વધાર્યું છે, અને કેટલી જિંદગીઓ તમે સુધારી છે. મહાન માનવતાવાદી આલબર્ટ ઝેવિત્સરે કહ્યું છે. ''માનવ-સેવા કરતાં વધારે કોઇ ધર્મ નથી. સમાજના સારા માટે કામ કરવું એ સૌથી મોટી જાતિ છે.' અથવા કદાચ વધારે મુદ્‌સર કહું તો મૃત્યુશય્યા પર એક પિતાએ તેના પુત્રને કહ્યું જ્યાં સુધી તે માનવજાત પર વિજય ન મેળવ્યો હોય ત્યાં સુધી મરવામાં શરમ અનુભવજે.''

''તો નિયમ ૮ ને અનુસરવા માટે ધ્યેયનિષ્ઠ નેતાએ તેઓ કોને સેવા આપે છે અને શું કરે છે તે પરિસ્થિતિને જોડો-એમ જ તારે કહેવું છે ને.''

''સરસ કહ્યું, પીટર. જ્યારે તેઓ છોડીને જાય ત્યારે સેવા અને સહયોગનો સમૃદ્ધ વારસો મૂકતા જાય, તેના પર તેમનું સતત ધ્યાન હોય. **આવા નેતાઓ નેતૃત્વને અનુવાંશિકતા સાથે જોડે છે.** આમ કરતાં તેઓ તેમના માટેનો આદેશ પૂરો કરે છે. આ ફરજો પૂરી કરતાં તેઓને યોગ્ય કારણ માટે સંતોષ ભેટ રૂપે મળે છે. દરેક નેતા જે આપણા પહેલાં ગયા છે તેઓ આ સમૃદ્ધ વારસો આપણી પ્રેરણા માટે મૂકતા ગયા છે, પછી તેઓ ધંધાના, વિજ્ઞાનના કે કલાના નેતાઓ જ કેમ ન હોય. જ્યોર્જ બર્નાડ શોને તેમના મૃત્યુ પહેલાં પૂછવામાં આવ્યું કે જો તેઓને તેમની જીંદગી ફરી જીવવા મળે તો તેઓ શું કરે. આપણે સ્વપ્નમાં પણ વિચારી ન શકીએ એટલું તેમણે જીવનમાં મેળવ્યું હતું છતાં તેમણે નમ્રતાથી કહ્યું, ''હું જે માણસ બનવા માંગતો હતો તે માણસ બની શક્યો હોત પણ હું બની શક્યો નથી.' ''

''ડહાપણના શબ્દો છે,'' મેં જવાબ આપ્યો.

''એમ જ છે. આથી મને લીઓ ટૉલસ્ટોયની ટૂંકી વાર્તા યાદ આવે છે. ''ઇવાન ઇલીચનું મૃત્યુ.'' કયારેય વાંચી છે?''

''ના, જુલીયન પ્રામાણિકપણે કહું તો ટૉલસ્ટોયનું લખાણ મેં ક્યારેય વાંચ્યું નથી મને લાગે છે હું ક્યારેય તેની નજીક પહોંચ્યો નથી.''

''સાહિત્યના મહાન પુસ્તકોમાં એટલું બધું ડહાપણ હોય છે છતાં મોટાભાગના લોકો તેને શોધવા માટે ઘણા વ્યસ્ત હોય છે. તેથી તેઓ તેમના નેતૃત્વ અને જીવનમાં ભૂલો કરે છે, જે ભૂલો થોડા કલાક કાઢીને વાંચન કરવાથી સહેલાઇથી નિવારી શકાય છે. આ વાર્તામાં ટૉલ્સ્ટોયે ઇવાન ઇલીચ વિષે લખ્યું છે. જે ઇર્ષાળુ અને ભૌતિકવાદી હતો. તેને યોગ્ય કામ કરવાં કરતાં સફળ દેખાવું હતું. યુવાન તરીકે તેણે લગ્ન કર્યા એટલા માટે નહી કે તે તેની પત્નીને ચાહતો હતો અથવા તેની તેને કાળજી હતી, પણ ઉચ્ચ સમાજે આ લગ્ન ગોઠવ્યા હતા. પછી તેને ઘણાં બાળકો થયાં કારણ એ નહોતું કે તેને બાળકો જોઇતા હતાં પણ તેવી અપેક્ષા તેની પાસે હતી. તેના કુટુંબ સાથે સમય પસાર કરી ઘરને સુખી કરવા કરતાં તેણે તેનો બધો સમય કામને આપી ઉચ્ચકક્ષાનો સરકારી વકીલ બની જાહેર જીવનમાં આગળ વધ્યો.

''તરત જ તેનો મોભો જાળવવા, તેણે ગજા બહારનો ખર્ચ કર્યો જેથી તે દેવાના દળદળમાં ફસાયો. આથી તે ખૂબ નિરાશ અને દુ:ખી થયો. તેના નસીબે જ્યારે એ સૌથી ખરાબ પરિસ્થિતિમાંથી પસાર થતો હતો. ત્યારે તેને વધારે ઉચ્ચ મોભાની અને પગારવાળી જજની નોકરી મળી. તેના નવા સદ્નસીબથી તેણે તેનાં સપનાનું ઘર ખરીદ્યું. જેનો તેને ગર્વ હતો અને ખર્ચાળ શિલ્પ અને અદ્યતન રાચ-રચીલાથી તે ઘરને શણગારવામાં ઘણો સમય આપવા લાગ્યો. ઘર સંપૂર્ણ હોવું જોઇએ જેથી તેની આજુબાજુના લોકો ઉપર પ્રભાવ પાડી શકાય.

''એક દિવસ, તે સુથારને અને દરજીને પડદા કેવી રીતે લટકાવવા તે બતાવવા પગથિયાં ચઢતો હતો ત્યાંથી પડયો અને એક પડખે જખમી થયો. પડયા પછી તે બદલાયો અને તોછડો બની ગયો. ઘણીવખત નાની બાબત પર તે તેની પત્નીને વઢતો. ડૉકટર પાસે ગયા પછી જણાયું કે તે વધારે માંદો હતો અને તેને જુદી જુદી દવાઓ આપવામાં આવી. પણ ઇવાન ઇલીચની પરિસ્થિતિ બગડતી જતી હતી. થોડાં મહિનામાં એક વખતનો પ્રભાવશાળી અને આનંદી માણસ મરવા પડયો. તેની આંખમાંથી તેજ ગયું અને તેનું શરીર ખૂબ નબળું બની ગયું. આ દુ:ખના દિવસોમાં ઇવાન ઇલિચે પોતાની જીંદગી તપાસવા માંડી. પહેલાં તેણે તેના બચપન વિષે વિચાર્યું, પછી તેના તેજસ્વી યુવાનીના દિવસો વિષે અને પછી જે દુ:ખી અવસ્થામાં હતો તે વિષે તેનો સામનો તેણે કર્યો. ઓચિંતાનો એક સવાલ તેના હૃદયમાં ઉઠયો. આ સવાલ તેના અસ્તિત્વમાં ઊંડો ઉતરી ગયો.''

''એ શું પ્રશ્ન હતો?''

''તેણે પોતાની જાતને આ પૂછયું : **મારી આખી જિંદગીમાં ખરેખર હું ક્યાં ખોટો હતો?** પીટર, વિચાર, પહેલી વાર એના જીવનમાં તેને સમજાયું કે સામાજિક હોદ્ા માટે એ ગધ્ધાવૈતરું કરતો હતો. તેની બધી શક્તિઓ સારા દેખાવમાં ખર્ચી નાખી અને યોગ્ય સમયે યોગ્ય વ્યક્તિઓ સાથે દેખાવું ખરેખર મહત્વનું નહોતું. આ મરતા માણસને અહેસાસ થયો કે જીવન કુદરતની બક્ષિસ છે. અને તેણે જીવન બનાવ્યું તે કરતાં તે ઘણું વધારે બનાવી શક્યો હોત. તેણે સમાજમાં ઘણું યોગદાન

કર્યું હોત અને નમ્રતાથી સેવા કરી હોત. તેણે જોખમ ઉઠાવ્યું હોત, હિંમત દર્શાવી હોત અને સ્વપ્ન જોયાં હોત તો, એ એવો બની શક્યો હોત જે એણે બનવું જોઇએ. તેના બદલે તેણે ઓછી મહત્વની ક્ષુલ્લક વસ્તુઓ અને જે વાતને દુનિયા સુધારવા સાથે કોઇ મતલબ નથી તેની પાછળ તેના દિવસો બગાડયા. આ સમજણથી તેનું શારીરિક દુ:ખ અનેક ઘણું વધી ગયું અને તેનું માનસિક દુ:ખ અસહ્ય બન્યું. તેણે ત્રણ દિવસો સુધી સતત દુ:ખથી રાડો પાડી.

''પછી તેના મૃત્યુના બે કલાક પહેલાં'' જુલીયને વાત ચાલુ રાખી, ''''તેણે પોતાને કહ્યું, ''હા, તે બધું બરાબર અને યોગ્ય નહોતું.' પછી તે શાંત થઇ ગયો અને આશ્ચર્ય પામ્યો, પણ તો સારું અને યોગ્ય શું હતું?' ત્યારે જ તેનો શાળાએ જતો નાનો દીકરો જે તેના પિતાની અચાનક બીમારીથી દુ:ખી હતો તે ધીમેથી તેના ઓરડામાં આવ્યો અને તેની પથારીની બાજુમાં ઉભો રહ્યો. જેવું બાળક રડવા માંડયું કે તેના પિતાએ ધ્રુજતો હાથ તેના માથે મૂકયો. તે જ ક્ષણે ઇવાન ઇલીચને શાશ્વત સત્ય સમજાયું. જે ઘણાં લોકો શોધી શકતા નથી. તેને સમજાયું કે તેણે તેની જીંદગી જે રીતે જીવવી જોઇતી હતી તે રીતે જીવી નથી, પણ **આ ભૂલ સુધારવાનું હજી મોડું થઇ ગયું નથી.** તેને સમજાયું કે તેની આજુબાજુના બધાની સેવા કરવાની એની ફરજ હતી. એને તેમનાં જીવન તૃપ્તિથી ભરવાં જોઇતાં હતાં. તે સમજી ગયો કે પોતાની હાજરીથી બીજાના જીવનમાં ખુશી લાવવી તે જ જીવનનું લક્ષ્ય હોઇ શકે. જો એક પણ જીવન સારી રીતે જીવાય તો જીવવું સફળ છે. તેથી એક છેલ્લું કામ તેણે કર્યું અને કહ્યું કે મારા પુત્રને બહાર લઇ જાઓ જેથી તેના પિતાના દુ:ખથી તે દુ:ખી ન થાય. પછી તેણે તેની આંખ બંધ કરી ને મરી ગયો.

મને આ વાર્તાથી ખૂબ અસર થઇ. જુલીયને મને કહેલો સંદેશો મને ખોઇ શકયો નહી. મેં ઉપર આકાશમાં જોયું. શ્વાસમાં તાજી હવા ભરી અને કુદરતની વિપુલતા સામે તાકી રહ્યો. મેં મારો વિતાવેલો સમય અને જીવન યાદ કર્યાં. અને જે વસ્તુઓ મેં કરી નથી તેને નજરમાં રાખી. મેં ઘણાં સ્ત્રીઓ અને પુરુષો મારા ઉપર આધાર રાખતા હતા તે વિચાર્યું અને તેમના પ્રત્યે મારી ફરજ યાદ કરી. મેં મારી કંપનીની પુષ્કળ આંતરિક શકિતઓનો વિચાર કર્યો અને જે તકો અમે ગુમાવી તેને માટે દુ:ખ કર્યું. પછી મારા વિચારો મારા કુટુંબ તરફ વળ્યા. મારા ગળામાં ડચૂરો બાઝી ગયો. જ્યારે મારા બંને બાળકો સાથેના ખાસ ખાસ સમયે હું નહોતો તે વિચારીને બાળકોની બેઝ-બોલ રમત, ક્રિસમસની સંગીતભરી સાંજ, તડકાવાળી બપોર, બગીચામાં હસવું વગેરે બધું મેં ગુમાવ્યું હતું કારણ કે મારી જીંદગી સારી રીતે પસાર કરવાની હિંમત મારામાં નહોતી. મારી નાની દીકરીની ફકત એક જ વિનંતી હતી કે તેની સાથે થોડું વધારે રમવું અને હસવું એ વિષે મેં વિચાર્યું. ઘણા મહિનાઓથી તેના મોટાભાઇ સાથે એક શાંત સાંજ મેં પસાર કરી નહોતી તે પણ મેં વિચાર્યું. સમન્થાને આપેલાં બધા પ્રણયના વચનો મેં પાળ્યા નથી તે વિચાર્યું. મેં ખરેખર મારે જેવું જીવન જીવવું જોઇએ તેવું જીવન જીવ્યું નથી.

પણ ઇવાન ઇલીચની જેમ યોગ્ય અને ભરપૂર જિંદગી જીવવા માટે કયારેય મોડું થતું નથી. તે ક્ષણે મેં મારામાંની વ્યકિતને બદલવાની પ્રતિજ્ઞા કરી. મારું હૃદય મને કહેશે તે પ્રકારનો નેતા બનવાની શકિત હું કેળવીશ. મેં મને વચન આપ્યું કે મારામાં જે બનવાની શકિત છે તેવા પ્રકારનો પતિ અને પિતા હું બનીશ. અને હું

જાણતો હતો કે મારે યોગ્ય વધતી જતી તીવ્રતાથી હું જીવીશ. તે ક્ષણે મેં જુલીયન સામે જોયું. તેની આંખમાં પણ આંસુ હતા.

"મને લાગે છે કે હું જે કહેતો હતો તે તું હવે સમજ્યો છે. મારા દોસ્ત, તમારા ભાગ્યમાં જે બનવાનું લખ્યું છે તેવા બનવું અને તમારા અનુયાયીઓ માટે ખાસ કંઇ છોડી જવું એ જ જીવન છે. એ જ વારસો છોડી જવાનો છે. જેમ યોગી રમણ કહે છે, " **મહાનતા એ છે કે કંઇ એવું શરૂ કરો જે તમારા સાથે મૃત્યુને ન પામે.!** '

"તું જાણે છે, જુલીયન." મારી આંખો લૂછતાં મેં કહ્યું. """મારા પિતા કહેતા કે જીવનનાં પહેલાં પચાસ વર્ષ પોતાની આબરૂ બાંધવામાં જાય ત્યારે બાકીનાં પચાસ વર્ષ વારસો બનાવવામાં જાય." અત્યાર સુધી હું સમજ્યો નહોતો કે તેઓ શું કહેવા માંગે છે.

"તારા પિતા પોતાના ડહાપણથી જે મુદ્દો પકડયો છે તે જ સંન્યાસીઓ કહે છે."

"તે શું છે?"

"તેઓ મને કહેતા કે, "જ્યારે તમે જન્મો અને રડો ત્યારે દુનિયા આનંદમાં આવે છે. તમારું જીવનનું ધ્યેય એવું હોવું જોઇએ કે જ્યારે તમે મૃત્યુ પામો ત્યારે દુનિયા રડે અને તમે આનંદ કરો.' ત્યારે જ તમે ઇચ્છા કરી હોય તેવો બદલાવ તમારા જીવનથી દુનિયામાં થયો એમ માની શકાય?"

"તેથી હવે મને સંપૂર્ણ ખ્યાલ આવી ગયો છે. જુલીયન, મારો વારસો અને પછી મારું ધ્યેયએ મારા જીવનમાં એક નેતા તરીકે મેળવવાનું છે?"

"તારો વારસો તેના કરતાં વધારે હોવો જોઇએ. તારો વારસો તારા અંતરમનમાંથી ઉદ્ભવવો જોઇએ અને તું જીવનને સૌથી સારું આપી જાય. તું અત્યારે જે છે તેનું એ પ્રતિબિંબ હશે અને તું જે બનવા માંગે તેનું પણ. વારસો છોડવો એટલે તારા મિત્રને પ્રભાવિત કરવો અથવા ઉંચાઇ પર પહોંચવું નથી. સારું કર્યા વગર સારું દેખાવું એ નથી. તે તમારી ફરજ બજાવવી અને માનવતા જાળવવી છે. વારસાના આધારવાળું નેતૃત્વ એ ખૂબ શક્તિશાળી નેતૃત્વ છે. તેની સાધના કરવાથી જે બહુ થોડા નેતાઓ કરી શકે તે તું કરી શકીશ."

"એટલે?"

" **સફળ વર્તમાન સર્જીને ઉત્તમ ભવિષ્ય બનાવવું.** અને હું એમ કહું, પીટર. દરેક નેતા, દરેક ક્ષેત્રમાં કંઇ ઓછો ઉત્સાહિત નથી હોતો."

પછી હું અને જુલીયન વેધશાળાના દરવાજે પહોંચ્યા. પગથિયાંની નીચે એક લાકડાની પેટી હતી જે સ્વચ્છ સફેદ કપડાંથી ઢંકાયેલી હતી. જુલીયન નીચે ગયો અને એ પેટી ઉપાડી. તેણે ખૂબ કાળજી લીધી કે એની અંદરની કિંમતી વસ્તુને પુરતું સન્માન મળે.

“લે આ તારા માટે છે. છેવટે મારા માટે સમય આવી ગયો છે કે હું જાઉં અને ધ્યેયનિષ્ઠ નેતાના આ આઠ નિયમો તારે અમલમાં મૂકવાના છે. મને આનાથી સારો વિદ્યાર્થી અને સન્માનનીય મિત્ર ન મળ્યો હોત. જે દિવસે હું તને મળ્યો અને આપણી ગોલ્ફ કલબમાં નેતૃત્વનું ડહાપણ મેં તને કહ્યું ત્યારથી અહી વેધશાળામાં આજની રાતે મેં તને જે કહ્યું તે ખુલ્લા મને અને પ્રામાણિક હૃદયે તે શીખ્યું છે.

“અને તેથી યોગી રમણને મેં આપેલા વચનને પૂરું કરવામાં અને આ શીખ આપણા તરફની દુનિયામાં ફેલાવવામાં મદદ કરવા માટે તારો વિશેષ આભાર માનવા માટે મારા તરફથી તને આ નમ્ર ભેટ. આનો મારા માટે ઘણો અર્થ છે અને મેં હિમાલય છોડયો ત્યારથી સતત મારો મિત્ર બનવા માટે. તારી સાથે મને ઘર જેવી લાગણી થાય છે. તારા સમગ્ર વ્યવસ્થાપનના સંશોધન માટે ધ્યેયનિષ્ઠ નેતાના આ આઠ નિયમો જે મેં તને શીખવ્યા છે તે પૂરી પ્રામાણિકતાથી તું લોકોને શીખવજે અને તેનો અમલ કરજે. આ રીતે તારું નેતૃત્વ વધારે યોગ્ય બનશે સાથે સાથે તારી આગળપાછળના લોકોને પણ તેનો ફાયદો મળશે.”

અને એ છેલ્લા શબ્દો સાથે જુલીયન એક અંતરંગ મિત્રની જેમ મને ભેટી પડયો, પછી અંધારામાં ગરક થઇ ગયો. પાછળ તેના કિંમતી ભરતકામવાળો ઝભ્ભો લહેરાવતો ગયો. જેવી મેં પેટી ખોલી તો મેં સુંદર રીતે વીંટાળેલું ઘરમાં બનાવેલું કંઇ જોયું. મેં તે તરત જ ખોલી નાંખ્યું. જુલીયને મૂકેલી ખાસ વસ્તુ જોવા માટે હું ખૂબ આતુર હતો.

જેવું મેં અંદર જોયું તો પેટીમાં કોઇ ચળકતો પદાર્થ હતો. હું સમજી ગયો એ શું છે જેથી મારા ચહેરા પર એક સ્મિત આવી ગયું. બાસ્કેટ બોલની રમત વખતે જુલીયન જે લટકાવીને ફરતો હતો તે નાનકડું દૂરબીન હતું. હું માની શક્યો નહી કે આટલી કિંમતી વસ્તુ તે મને આપી શકે. મને ખબર હતી કે તારા જોવા એટલે એને માટે શું હતું.

તેને ફરી વિંટાળતા દૂરબીન પર સુંદર, અક્ષરોનું કોતરામણ મેં નોંધ્યું. જે આમ હતું: “ **મારા નવા ડાહ્યા મિત્રને, પીટર. જેને હું જાણું છું કે ઘણાંની જીંદગી બદલી શકે છે. હું પ્રાર્થના કરું છું કે તારા નેતૃત્વનો ચમકારો ઘણાંના ડરને શક્તિમાં ફેરવે અને અંધકારને પ્રકાશમાં ફેરવે. તારો જીગરી જુલીયન.** ’

પ્રકરણ ૧૨ જ્ઞાન સારાંશ શ્રી જુલીયનનું ડહાપણ ટુંકમાં

નિયમ

તત્ત્વ સહયોગ અને મહત્વનો નિયમ

ઉદાહરણ

- જીવનનું ધ્યેય એ ધ્યેયનું જીવન છે.
- સારાં કાર્યો છોડી જવાં અને દુનિયામાં થોડો ફેરફાર કરવો એ વસ્તુ પર એકાગ્ર રહેવું.
- એવું કંઈ શરૂ કરવું જે તમારા મૃત્યુ સાથે પુરું ન થાય એમાં જ નેતૃત્વની મહાનતા છે.

સાધના

- સફળ વર્તમાન સર્જી, ઉત્તમ ભવિષ્ય ઘડો.
- વારસાના આધારવાળું નેતૃત્વ.

સુવાક્ય તમારો વારસો છેવટે તો તમારા આંતરમનમાંથી ઉદ્ભવે છે અને જીવનમાં તમારે જે સારું આપવાનું છે, તેમાંથી પણ તમે અત્યારે જે છો અને તમારે જેવા બનવું છે તેનું એ પ્રતિબિંબ છે. વારસો છોડવો એટલે તમારા મિત્રોને પ્રભાવિત કરવા અથવા ઉચ્ચ પદવી પર પહોંચવું નથી કે સારા દેખાવું નથી પણ સારું કાર્ય કરવું છે. તે તમારી ફરજો પૂરી કરી માનવતાવાદી બનવું છે.

સંન્યાસી જેમણે પોતાની સંપત્તિ વેચી નાખી


વળતરને ધ્યેય સાથે જોડો™
મનથી સંચાલન કરો હૃદયથી દોરવણી આપો™
બદલાવને શરણે થાઓ™
યોગ્ય ઉપર ધ્યાન કેન્દ્રિત કરો™
ધ્યેયનિષ્ઠ નેતાઓ ના આઠ નિયમો
નેતા પોતાની જાતને દોરે™
બધા જુએ એ જુઓ કોઇ ન વિચારે એવું વિચારો™
નિયમિત વળતર આપો અવિરત વખાણ કરો™
નેતૃત્વને વારસા સાથે જોડો™

૧. **વળતરને ધ્યેય સાથે જોડો** TM
(દબાણવાળા ભવિષ્ય પર એકાગ્ર થવુંનો નિયમ)

૨. **મનથી સંચાલન કરો, હૃદયથી દોરવણી આપો** TM
(માનવ સંબંધોનો નિયમ.)

૩. **નિયમિતપણે વળતર આપો અવિરતપણે વખાણ કરો**
(સંઘ એકતાનો નિયમ.)

૪. **બદલાવને શરણે થાઓ** TM
(સ્વીકારવું અને બદલાવના સંચાલનનો નિયમ.)

૫. **યોગ્ય ઉપર ધ્યાન કેન્દ્રિત કરો** TM
(વ્યક્તિગત અસરકારકતાનો નિયમ.)

૬. **નેતા પોતાની જાતને દોરે** TM
(સ્વ-નેતૃત્વનો નિયમ.)

૭. **બધા જુએ એ જુઓ, કોઇ ન વિચારે એવું વિચારો** TM
(સર્જનાત્મકતા અને સંશોધનનો નિયમ.)

૮. **નેતૃત્વને અને વારસાને જોડો** TM
(સહયોગ અને મહત્વનો નિયમ.)

ચાવીરૂપ નોંધ અને શિબિરો

રોબિન શર્મા, એલ.એલ.એમ. સાથે.

રોબિન શર્મા એલ.એલ.એમ. ઉત્તર અમેરિકાના સૌથી વધારે બદલાવલક્ષી વિચારો ઉત્પન્ન કરવાવાળા તથા તેજતર્રાર વ્યવસાયિક વક્તા છે. આજના ઝંઝાવાતી સમયમાં તેમનું શક્તિથી ભરપૂર ડહાપણ અને નેતૃત્વ માટેની પાયાની આંતરદષ્ટિ, બદલાવનું ઝડપી સંચાલન, વ્યક્તિગત અસરકારકતા અને જીવનને ફરી નાવિન્યપૂર્ણ બનાવવા માટે વ્યવસ્થાપનોને જ્યારે શ્રેષ્ઠકક્ષાના મુખ્ય વક્તાની જરૂર હોય અથવા શિબિરનું નેતૃત્વ કરવા માટે પહેલી પસંદગી બની રહ્યા છે. જેમના સંદેશાઓથી જીવનમાં આમૂલ પરિવર્તન આવે છે અને કામ પૂરું કરવાની ઇચ્છા પ્રસ્થાપિત થાય છે. રોબિન શર્માના અત્યંત ઉત્સાહવર્ધક વ્યક્તવ્યો સંશોધન પછી ગ્રાહકની વિશિષ્ઠ જરૂરિયાતો પૂરી કરે છે. તેમના વક્તવ્યો પ્રયોગોથી સમૃદ્ધ અને તમારા લોકોને મદદ કરનારા, કાર્યક્ષમતા, જીજ્ઞાસા, સર્જનાત્મકતા અને વ્યક્તિગત સંતોષના નવા શિખરો સર કરનારા છે. જે પણ શિબિરમાં તેઓ મુખ્ય વક્તા રહ્યા છે તેમાં તેઓ સતત પ્રથમ ક્રમાંકે જ રહ્યા છે. અને હમણાં જ દેશના સૌથી પ્રખ્યાત પ્રકાશન તરફથી તેમને નેતૃત્વ ઉપર વ્યક્તવ્ય આપનારા દેશના 3 ઉચ્ચ વક્તાઓમાંના એક તરીકે નવાજ્યા છે.

તેમના વિશિષ્ઠ ગ્રાહકો : આર્થર એન્ડરસન શ્ર્ શોપર્સ ડ્રગ માર્ટ શ્ર્ લંડન લાઇફ શ્ર્ નોર્ટલ નેટવર્કસ્ શ્ર્ મેરીલ લીન્ચ શ્ર્ મીનોલ્ટા શ્ર્ ધ ન્યુ જર્સી ઇકોનોમિક ડેવલપમેન્ટ ઓથોરીટી શ્ર્ ધ કોલોરાડો હ્યુમન રીસોર્સ એસોસિયેશન શ્ર્ સીએનઆઇબી શ્ર્ ધ ઓન્ટારીઓ હોસ્પીટલ એસોસિયેશન શ્ર્ ઇન્ફીનીટી મ્યુચ્યુઅલ ફંડસ શ્ર્ સેસ્કટેલ શ્ર્ મેપલ લીફ સ્પોર્ટસ અને એન્ટરટેઇનમેન્ટ શ્ર્ નેડબીટ બન્સ્ શ્ર્ ઓન્ટારીઓ હાઇડ્રો શ્ર્ ઇન્ટસ્ટ્રીયલ એલાયન્સ લાઇફ ઇન્સયોરન્સ કું. શ્ર્ એએમજે કેમ્પબેલ વૅન લાઇન્સ કોમ્પ્યુસર્ચ શ્ર્ મની કોન્સેપ્ટસ શ્ર્ કેનેડિયન ફેડરેશન ઑફ ઇન્ડીપેન્ડન્ટ ગ્રોસર્સ શ્ર્ ઇન્ટેલટેક, ઓમ્નીલોજીક શ્ર્ વીમેન ઇન કેપીટલ માર્કેટસ.

રોબિન શર્માના સંપૂર્ણ પ્રોગ્રામોની યાદી, ઉત્તમ વેચાણવાળા પુસ્તકો, ઓડિયો પ્રોડકટસ્, ઉચ્ચ કક્ષાના ગ્રાહકો અને વક્તવ્યોના સમયપત્રક માટે શર્મા લીડરશીપ આંતરરાષ્ટ્રિય વેબસાઇટ www.robinsharma.com નિહાળો.

રોબિન શર્માની આગામી શિબિર અથવા પ્રયોગોમાં ભાગ લેવા માટે સંપર્ક કરો:

શશી ટાનગ્રી

નેશનલ પ્રોગ્રામ ડાયરેકટર

શર્મા લીડરશીપ ઇન્ટરનેશનલ

૯૨, સ્કોલાર્ડ સ્ટ્રીટ, ટોરોન્ટો, ON M5R 1G2, કેનેડા

દૂરધ્વનિ : 905 - 780 - 0707

ટોલ ફ્રી : 1- 888 - RSHARMA (774-2762)

ઇમેઇલ : wisdom@robinsharma.com

બુક & મેગેઝિન શ્રેષ્ઠ ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, પુસ્તકો વાંચવા માટે એક માત્ર વૉટ્સએપ ગ્રુપ

🇮🇳 Only Book & Magazine 🇮🇳

આ ગ્રુપ માં જોડાવવા માટે જય હિન્દ લખી ને મેસેજ કરો

વૉટ્સએપ : 9687042373

રોબિન શર્માનું વ્યક્તિગત શિક્ષણ

તમને રોબિન શર્મા તમારા વ્યક્તિગત જીવનના શિક્ષક તરીકે મેળવવા ગમશે જેથી કરીને તમે સકારાત્મક બદલાવ આણી તમારા જીવનમાં તમે ઇચ્છતા સફળતા, સમતોલન અને આત્મસંતોષ મેળવી શકો? શર્મા લીડરશીપ ઇન્ટરનેશનલ હવે પછી નીચેના બે પ્રકારના વર્ગો ચલાવે છે:

૧) રોબિન શર્માની જીવનની શિક્ષણ પધ્ધતિ

દેશના મહત્વના કેન્દ્રોમાં અત્યારે ઉપલબ્ધ છે. આ પ્રોગ્રામમાં એક વર્ષના સમયમાં નાના સમૂહમાં રોબિન શર્મા વ્યક્તિગત શીખવવાની તક પૂરી પાડે છે. આ પ્રશિક્ષણ તમારી કારકિર્દીની સફળતા અને જીવનનો આત્મસંતોષ મેળવવા માટેની સિદ્ધ થયેલી યુક્તિઓ શીખવે છે. જેથી કરીને તમારી કામ કરવાની પધ્ધતિમાં તમારાં સંવેદનોની પધ્ધતિમાં અને તમારી જીવન પધ્ધતિમાં તમે મહત્વનો સુધારો અનુભવો છો.

૨) રોબિન શર્માની નેતૃત્વ શિક્ષણ પધ્ધતિ

આ ખાસ પ્રકારના શિક્ષણ આયોજનમાં ખૂબ થોડા ચુનંદા નેતાઓને રોબિન શર્માને વ્યક્તિગત રીતે મળીને નિયમિતપણે દીર્ઘદષ્ટિવાળા નેતાના આઠ (૮) નિયમો નેતૃત્વનું ડહાપણ સાધુ જેણે પોતાની સંપત્તિ વેચી દીધીમાંથી શીખવી ધંધાકીય અને વ્યક્તિગત જીવનનો સુમેળ કરાવે છે. આ પ્રશિક્ષણ સિનિયર અધિકારીઓ પૂરતું મર્યાદિત છે. જેઓ પોતાના વ્યવસાયિક જીવનમાં સારાં પરિણામો ઇચ્છે છે અને જીવનમાં સમતોલન માંગે છે, જેથી આ પ્રશિક્ષણ લાંબા સમય માટેનું પરિવર્તન પૂરું પાડે છે.

આ માટે વધુ માહિતી મેળવવા મહેરબાની કરીને નીચેના સરનામે સંપર્ક સાધો.

શશી ટાનગ્રી, નેશનલ પ્રોગ્રામ ડાયરેક્ટર

શર્મા લીડરશીપ ઇન્ટરનેશનલ

૯૨, સ્કોલાર્ડ સ્ટ્રીટ, ટોરોન્ટો, ON M5R 1G2,, કેનેડા

દૂરધ્વનિ : 905 - 780 - 0707 ટોલ ફ્રી : 1- 888 - RSHARMA (774-2762)

ઇમેઇલ : wisdom@robinsharma.com

Website : www.robinsharma.com

"આ વર્ષનું સૌથી સારું ઘંધાકિય પુસ્તક છે."
પ્રોફીટ મેગેઝીન

"દરેકે દરેક વ્યક્તિના જીવનને ઉન્નત અને સમૃદ્ધ બનાવનાર શાણપણનો ખજાનો..."
બ્રાયન ટ્રેસી, મેક્ષીમમ અચીવમેન્ટના લેખક

"બુદ્ધિ સુન્ન કરી નાખે તેનાથી કંઇ ઓછું નહીં."
માર્ક વિક્ટર હેનસન, ચીકન સુપ ફોર ધ સૉલ ના સહ-લેખક

સંન્યાસી, જેમણે પોતાની સંપત્તિ વેચી નાખીની આતુરતાપૂર્વક રાહ જોવા સમાંતર પુસ્તક જે દેશમાં ધૂમ વેચાય છે. જેઓ નેતૃત્વના ગુરુ અને વ્યવસાયિક વક્તા છે. રોબિન શર્મા એક એક ધ્યાન દોરે એવી પદ્ધતિથી શ્રધ્ધા ઉત્પન્ન કરે છે. ધ્યેય પ્રત્યે વફાદારી અને આત્મશક્તિ તમારામાં જ્યારે તમે તમારું વ્યવસ્થાપન અને જીવન બદલવા માંગતા હોવ ત્યારે ઉત્પન્ન કરે છે, જેની સાથે તમે આંતરદૃષ્ટિ કેળવો છો અને ઉત્તમ સાદાઇ મેળવો છો.

આ ઉલટ-પુલટ દુનિયામાં લેખક અમર્યાદિત શાણપણ દીર્ઘદૃષ્ટિવાળા નેતાઓ માટે નિસ્યંદિત કરે છે. તેમના સતત અપાતા પ્રયોગાત્મક પાઠો નેતાઓ, સંચાલકો અને વ્યાપારીઓની તરત જ કામ પ્રત્યે સજાગતા, વધારે વફાદારી અને વધતી જતી ઉત્પાદન શક્તિ આપે છે, જ્યારે વધારે સંતોષકારક વ્યક્તિગત જીવન પણ બક્ષે છે.

આ મહાનિબંધ વાંચવામાં સરળ છે અને નેતૃત્વનું શાણપણ એ પુસ્તક તમને ઊંડે ઊંડેથી હચમચાવે છે. જે તમને એવા નેતા બનાવવા પ્રોત્સાહિત કરે છે જે બીજાની જિંદગીને સ્પર્શી શકે અને જીવનના ખરાં મૂલ્યો દુનિયામાં વધારી શકે અને પાછળ અનુવાંશિકતામાં કાયમ માટે છોડી શકે.

રોબિન શર્મા આજની દુનિયામાં સૌથી બહોળા પ્રમાણમાં વંચાતા લેખક છે. તેમના અગિયાર # ૧ આંતરરાષ્ટ્રીય રીતે શ્રેષ્ઠ વેંચાણ ધરાવનાર પુસ્તકોની ૬૦ થી વધુ દેશો અને ૭૦ ભાષાઓમાં લાખો નકલો વેંચાઈ છે. એક અતિશય પ્રભાવક બ્લોગર અને સામાજિક માધ્યમના સેલીબ્રીટી એવા રોબિન એક ખાસ્સા વખણાયેલા વક્તા પણ છે.

www.robinsharma.com

પ્રેરણાનું સતત વહેતું ઝરણું મેળવવા માટે રોબિન શર્માને ફેસબુક પર અનુસરો.

Elevate Your Life. Transform Your World.
JAICO BOOKS
www.jaicobooks.com
Self-Help